आचरणस्थपरमभगवदीयमाणिकबाई अने तेमना सत्पुत्र सपत्नीक सुवर्णकार रणछोडलीलाधरना भगवत्स्मरणपूर्वक

॥ श्रीवेणुगीतसुबोधिनीजीनो अनुवाद ॥

અનુવાદક,

મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી. એમ, એ.

સંશોધક,

વૈ. મોહનલાલ ગુલાબચન્દ જરીવાલા.

પ્રોત્સાહક અને પ્રસિદ્ધકર્તા,

વૈ. રણછોડ લીલાધર સુવર્ણકાર,

વડની ગાદી, મુંબઈ. ૩.

મુદ્રક,

ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક,

અનાવિલબન્ધુમુદ્રાલય,

બરાનપુરી ભાગલ, ભાજીવાલી પોલ, સુરત.

પ્રતિ. ૨૨૫૦. અમૂલ્ય. સંવત ૧૯૮૬.

શુદ્ધિપત્ર.

પત્ર.	પઙ્ક્તિ.	શોધ.
૨	૧૨	આ
૩	૩	અદ્ભુત વૃત્ત
	૧૨	ક્રીડાર્થ
	૧૫	અન્તરઙ્ગ—
૪	૩૩	°કૃત
	૪૦	સર્વથા
૫	૧૫	પુરુષોત્તમ
૬	૮	શરત
	૧૪	ધર્મત્વે યુક્ત
	૧૭, ૧૯	ભાવિકા
૭	૧૪	સમાધાન
૯	૨	આધિદૈવિક
	૨૮	°શ્વર
	૪૦	°मानवा:
૧૦	૨૦	°ત્વાદિ સ્વરૂપત:
૧૧	૧	વપુ:
	૯	°શ્લોકોક્ત
	૩૧	સમાપ્તિમાં
	૩૫	ચિકીર્ષિતા
	૩૭	પૂર્ણ
૧૨	૩૨	અનિબધ્ધ
૧૩	૩૦	ગુણનું
૧૪	૧૪	શૃંગારરસ
	૩૨	°માર્ગીય
	૩૩	°જનને
૧૫	૬	°પ્રાકટ્ય
•	૮	ઉચિત છે
	૧૦	વપુઃસ્વરૂપનું
	૩૦	ક્લિષ્ટ
	૩૬	कर्णिकारम
૧૬	૫	આચ્છાદનાર્થ
	૮	તો—……હતું—
	૨૭	°કપિશ
	૩૦	કીર્તિમયી
	૩૧	'વૈજયન્તી'નો
૧૭	૨૦, ૨૧	તેથી—…હોવાથી—
	૩૪	°દૈવિક
૧૮	૨૮	અસમસ્ત
	૩૦	હૃદયમાં
૧૯	૧૪	°ગોપાદિ
	૨૦	ભક્તિના
	૨૪	नैष्कर्म्य—
૨૦	૨	આવશ્યક
	૧૯	ભોક્ત્રી
	૨૪	પ્રકારે
૨૧	૨૧	ભગવત્કર્તૃક
	૩૨	°પ્રસઙ્ગે
૨૨	૩૩	ભોક્તા
	૩૬	°માર્ગમાં
૨૩	૪	°પન્ન

પત્ર.	પઙ્ક્તિ.	શોધ.
	૨૨	°રવં'
	૩૨	ઉભયે
	૩૭	પ્રકારે
૨૬	૯	°શુપયોગ
	૩૮, ૩૯	કાર્ય
૨૮	૧૧	°ણાત્મક
	૧૩	બાધકનો
૩૨	૧૬	કામભાવે અવલોકયિત્રી
	૨૯	મધ્યમાં જેમ રઙ્ગમાં તેમ
૩૩	૩૬	આશઙ્કીને
૩૬	૬	°કારિકા
	૨૩	પ્રતિભા ત્રયમાં…ઉત્પલમાં
	૨૪	આગન્તુક
	૩૩	બોધાર્થ
	૩૪	°સ્વાદ
૩૭	૨	ધર્મિ
	૧૦	તેમ
	૧૧	અને…નત્વ
	૧૫	વિવક્ષિત
૩૮	૨૨	હાનિ
૩૯	૬	રસ
	૧૨	આશયે
	૧૪	°કતા
	૧૮	આશઙ્કીને
	૨૩	દેશવિશેષમાં જ
	૩૨	અવિવાદ
	૩૪	સમ્પાદક…દૂર કરીને
૪૦	૨	°કતાસમ્પાદિકા
	૧૬	સમ્બન્ધિત્વ
	૨૭	પ્રકારે
	૩૦	°પર્યવ—
૪૧	૪	બાધક
	૮	સિદ્ધાન્ત
	૧૮	વેણુ
	૨૪	સૂચિત
	૩૯	માતાપિતા
૪૪	૩૫	હોત
૪૭	૨૭	ભગવાનની
૪૮	૧૮	ભૂમિકતા
	૨૯	સ્થિતિએ—…પ્રાપ્તિએ—
૪૯	૪	ત્યારે
	૧૪	વીર્ય
	૨૧	સાત્ત્વિક
૫૦	૩૧	હરિમાં
	૩૨	°શુપચાર
	૩૩	°સિદ્ધાન્ત
૫૧	૩	તે—હારનો
	૭	હરિના
	૧૮	જાણવું. ૧૦.
	૨૯	ક્રિયાનો

પત્ર.	પઙ્ક્તિ.	શોધ.
૫૨	૯	°વ્યતિરિક્ત
	૧૧	વ્યર્થ'
૫૩	૧૦	પરિહાર
૫૪	૨૫	°નાદના
	૨૬	કયા
	૩૧	જ્હારાર્થ
૫૫	૩	°विमान०, °विनीष्य
	૧૧	°વિષય
૫૬	૩૦	સર્વ રસ
૫૭	૧૮	પ્રસિદ્ધ
	૧૯	દેવલોકસ્થા
૫૮	૩૯	સાહજ
૫૯	૨	વિશેષ
	૭	°નિર્ગત
	૮	કિમર્થ
	૧૦	કર્ણ…રસે
	૧૩	વિના
	૧૮	નિત્યે—
	૨૦	કારિકા—
	૨૩	પ્રૌઢ
	૨૬	અશક્તિ
	૨૮	°ક્રિયા
	૨૯	સન્દિગ્ધ
	૩૪	પરન્તુ
	૩૮	ગોવિન્દ
	૩૯	કિઞ્ચિ—
	૪૦	અન્યને—ગોને
	૪૧	સ્ફૂર્તિ—
	૪૩	°તુલ્યતા…અશ્રુ—
	૪૪	ગો,
૬૦	૬	સ્વામિની
	૭	°દિમાં
	૧૦	પ્રયોજન
	૧૨	ઇત્યાદિ
	૧૮	અગ્રિમ
	૨૨	નિ…°સ્થિતિ
	૨૭	°ન—
	૨૮	°દિ
	૨૯	કિઞ્ચ
	૩૫	°સ્ફૂર્તિ
	૩૭	।સદ્ધ
	૪૧	ઇત્યાદિ
	૪૪	°વિત
૬૧	૨૬	ભગવાનના
	૨૮	ગયા
૬૨	૩	°દિનું
	૪	દષ્ટિ—
	૬	°ભાષણ
	૭	વિહગ—
	૧૧	આરોહણ…પણ

॥श्रीवेणुगीतनां श्रीसुबोधिनीजीनो अनुवाद॥

અભિસન્ધિ. નામ અને રૂપ એમ ઉભય પ્રકારે ક્રીડાકર્તા પુરુષોત્તમનું સૂક્ષ્મ બીજરૂપ નામાત્મક સ્વરૂપ તે ગાયત્રી, વૃક્ષરૂપ નામાત્મક સ્વરૂપ તે વેદ, અને ફલરૂપ રસરૂપ નામાત્મક સ્વરૂપ તે શ્રીમદ્‌ભાગવત. આસ્વાદ્યતાના પ્રતાપે કરીને બીજથી અને દ્રુમથી પણ રસાત્મક ફલનો સમુત્કર્ષ સર્વાનુભવગોચર છે, તેથી એક પ્રકારે બીજાત્મક ગાયત્રીથી અને કલ્પદ્રુમાત્મક વેદથી પણ નિર્ગલિત તત્ફલ રસાત્મક શ્રીમદ્‌ભાગવતનો સમુત્કર્ષ સહજ સિદ્ધ થઈ રહે છે. આ અભિસન્ધિથી પરામર્શ કરતાં તો ગાયત્રીમૂલક વેદાર્થરૂપ શ્રીમદ્‌ભાગવતશાસ્ત્રના બ્રહ્માનન્દાધિક ફલાત્મક ભગવદ્રસનું જ યથાધિકાર મુહુઃપાન ઉત્તમોત્તમ જીવનનો સુમહાન્ ઉદ્દેશ છે એમ નૈસર્ગિકી પ્રતીતિ થઈ જાય છે. ગાયત્રીભાષ્યાદિદ્વારા વેદનું, સપ્રકાશ તત્ત્વાર્થદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણદ્વારા ગીતાનું, અને શ્રીમદણુભાષ્યાદિદ્વારા બ્રહ્મસૂત્રનું સ્વારસ્ય સુવિસ્પષ્ટ કરવાના મહામંગલ પ્રસંગમાં જ પ્રસ્થાનત્રયીની સર્વાન્તર રસાત્મક ભજનાનન્દની અનુરૂપા રૂપરેખાનાં સર્વોપ્યાયક દર્શન કરાવી લીધા પછી ચતુર્થ પ્રસ્થાન શ્રીમદ્‌ભાગવતશાસ્ત્રમાં ત્રિવિધદુઃખહરણશીલ હરિ આનન્દૈકસ્વરૂપ મધુરાધિપતિ શ્રીકૃષ્ણના અગાધ લીલાવારિધિમાં જ શ્રીમદ્વલ્લભાધીશ્વરનો આત્યન્તિક નિરોધ આ પ્રકારે અત્યન્ત કમનીય છે. નામરૂપક્રીડાશીલ પુરુષોત્તમના ગાયત્રીમૂલક નિગમાર્થરૂપ પ્રસ્થાનચૂડામણિ રસાત્મફલરૂપ શ્રીમદ્‌ભાગવતમાં પ્રતિપદ અનુભૂયમાન પરમમધુર કૃપાનન્દનો શ્રીસુબોધિનીજીસ્વરૂપે પ્રાદુર્ભાવ અત્યન્તાંતરંગકોટિમાં વિરલ શ્રીપદ્મનાભદાસાદિ નિજજનને જ અર્થે કેવલ થયલો છે, અર્થાત્ શ્રીમદ્વલ્લભાધીશ્વરનાં સર્વસ્વભૂતશ્રીસુબોધિનીજી ગાયત્રીની પણ ગાયત્રી છે, વેદનો પણ વેદ છે, ગીતાની પણ ગીતા છે, સૂત્રનું પણ સૂત્ર છે, એટલું જ નહિ પરન્તુ દર્શનનું પણ દર્શન છે, ફલનું પણ ફલ છે, રસનો પણ રસ છે. આ મહામહિષ્ઠ સકલદર્શનૈકમંડન સુધાસિન્ધુના સ્વરૂપમધુરિમાના આસ્વાદાર્થે શ્રીવેણુગીતસદૃક્ષ[1] એક પણ અધ્યાયના ભાષ્યમાં સહૃદય અવગાહન સુપર્યાપ્ત છે.

પ્રકરણાર્થ. પૂર્વવિશેષણવિશિષ્ટ દ્વાદશસ્કન્ધાત્મક શ્રીમદ્‌ભાગવતશાસ્ત્રના ૩૩૨ અધ્યાયમાં પુરુષોત્તમની અનન્તા પરન્તુ દશવિધા સર્ગાદિ આશ્રયાન્તા લીલાનું સુનિપુણ પ્રતિપાદન છે. અનન્તા તથાપિ દશવિધા લીલાએ કરીને પણ વિશિષ્ટ શુદ્ધ પુરુષોત્તમનું હૃદય તો નિરોધલીલા[2] જ છે, તેથી નિરોધલીલાપ્રતિપાદક દશમ સ્કન્ધ હૃદયવત્ પરમનિગૂઢ છે. ૮૭ અધ્યાયના આ હૃદયાત્મક પરમનિગૂઢ નિરોધસ્કન્ધમાં જન્માદિ પંચ પ્રકરણ છે. ભક્તિથી પણ ઉત્કૃષ્ટ નિરોધદાનમાં સાક્ષાત્ સ્વરૂપે કરીને પ્રાદુર્ભાવની અપેક્ષા છે, તેથી ચાર અધ્યાયના પ્રથમ પ્રાદુર્ભાવપ્રકરણમાં સ્માર્ત ત્રિમૂર્તિથી પણ અધિક ચતુર્મૂર્તિ પરિપૂર્ણ પુરુષોત્તમના પ્રાકટ્યની પરિકીર્તના છે. શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ જ ફલ છે, તદતિરિક્ત કાંઇ ફલ જ નથી, એમ આ ભક્તિમાર્ગમાં મુખ્ય સિદ્ધાન્ત છે, અન્યત્ર ફલત્વનો વ્યપદેશ પણ ફલાત્મકસ્વરૂપ પુરુષોત્તમના કેવલ સમ્બન્ધમાત્રથી જ ઘટે છે. પુરુષોત્તમનો ફલાત્મક સાક્ષાત્સ્વરૂપસમ્બન્ધ જેવો પારિભાષિક તામસને થાય છે તેવો ઇતર કોઇને પણ થતો નથી, તેથી अधो गच्छन्ति तामसाःની પણ કવચિત્ સ્થલવિશેષમાં તો અવ્યાપ્તિ પણ રમણીયા થઈ રહે છે. સાત્ત્વિક જીવની અભિરુચિ વિહિત જ્ઞાનાદિ માર્ગને વિષે અને વિક્ષેપાત્મક રાજસ જીવનો તો વ્યાસંગ કર્મને વિષે હોય છે, તેથી સ્વભાવનો અન્યથાભાવ ન થયલો હોવાથી વિહિત જ્ઞાનાદિમાર્ગમાં અભિરુચિમાન્ સાત્ત્વિકને અને લૌકિકાલૌકિક કર્મમાં વ્યાસક્ત વિક્ષેપવાન્ રાજસને ફલાત્મક પુરુષોત્તમસ્વરૂપની વિસ્મૃતિનો સંભવ હોવાથી તાદૃશ મહારસરૂપ ફલમૂર્ધન્ય નિરોધ જ સિદ્ધ થઈ શકતો નથી, પ્રત્યુત તામસ જીવમાં તો મૌઢ્ય હોય છે તેથી યત્ર આગ્રહ પડે છે તત્રથી કોઇ પણ પ્રકારે તે જતો જ નથી એમ લોકમાં પણ દૃષ્ટિગોચર થાય છે. ફલરૂપ ભગવત્સ્વરૂપને વિષે શ્રીવ્રજજનનો એવો તો સહજ સ્નેહ થઈ ગયો કે ધર્મનો પણ ઉપદેશ સાક્ષાદ્ ભગવાને કર્યો તથાપિ તે ભગવત્સ્વરૂપાતિરિક્ત ધર્મનો અંગીકાર ન જ કર્યો અને અગ્રે પ્રભુસ્વરૂપાતિરિક્ત જ્ઞાનનો પણ સ્વીકાર ન જ કર્યો, અર્થાત્ સર્વાત્મતાએ

---

૧. શ્રીસુબોધિનીજીમાંથી જ શ્રીમદ્વલ્લભાધીશ્વરના સિદ્ધાન્તસ્વારસ્યના કોમલ જિજ્ઞાસુને અર્થે શ્રીવેણુગીતાધ્યાય ઉત્કૃષ્ટ છે.

૨. 'નિરોધ'શબ્દનું વ્યાખ્યાન શ્રીસુબોધિનીજીના દશમ સ્કન્ધના પ્રથમ અધ્યાયના વ્યાખ્યાનપ્રસંગે થયલું છે.

નિરોધ તો કેવલ શ્રીવ્રજજનને જ વિષે ફલીભૂત થયો. તામસ ધર્મના આ સામ્યે કરીને અને પુષ્ટિમાર્ગની[૧] ગતિ મર્યાદાથી વિપરીતા જ છે એ પણ જણાવવાને જન્મપ્રકરણથી અગ્રિમ ૨૮ અધ્યાયના પ્રકરણને 'તામસ' સંજ્ઞા અર્પવામાં આવે છે. વસ્તુતઃ તો આ પ્રકરણ તામસ નથી પરન્તુ નિર્ગુણ જ છે, અને જે નિરસાધન[૨] ભાગ્યવાનના નિરોધદાનાર્થ પરિપૂર્ણ શ્રીપુરુષોત્તમનો અત્ર સાક્ષાત્ પ્રાદુર્ભાવ થયો તે શ્રીવ્રજજન પણ તામસ નથી પરન્તુ નિર્ગુણ જ છે, 'તેથી મદ્ભક્તિયુક્ત મદાત્મક યોગીને પ્રાયઃ નથી અત્ર જ્ઞાન હિતકર કે નથી વૈરાગ્ય હિતકર' ઇત્યાદિ ભગવદ્વાક્યથી અને 'સ્વર્ગને અપવર્ગને અને નરકને વિષે તુલ્યાર્થદર્શી' એ વાક્યથી જ્ઞાનવૈરાગ્યે સાધ્ય મોક્ષની પણ નરકતુલ્યા ગણના હોવાથી ભક્તિમાર્ગથી જ્ઞાનાદિમાર્ગની હીનતા અને ભગવદેકનિષ્ઠ વિશુદ્ધભાવવાન્ શ્રીવ્રજજનનું સર્વાધિકત્વ ભક્તિશાસ્ત્રમાં પ્રસિદ્ધ જ હોવાથી પ્રાકટ્યથી અનન્તર ત્વરિત જ નિરોધદાનમાં મુખ્ય અધિકારી શ્રીવ્રજજનનો જ પ્રસંગ આ પારિભાષિકતામસ–પરન્તુ વસ્તુતઃ નિર્ગુણ જ–પ્રકરણમાં પ્રશંસાયો. વસ્તુતઃ તો પુષ્ટિમાર્ગીય પ્રભુનો પ્રાદુર્ભાવ જ સાધનનિષ્ઠને અર્થે નથી, પરન્તુ કેવલ નિરસાધનને જ અર્થે છે, તેથી કેવલ–નિરસાધન સ્વરૂપાકાંક્ષી અર્થાત્ શ્રીવ્રજજનનાં પ્રમાણ પ્રમેય સાધન અને ફલ પણ સર્વેશ્વર સર્વાત્મ પ્રાદુર્ભૂત પ્રભુસ્વરૂપ[૩] સ્વતઃ જ થઈ જાય છે એ સિદ્ધાન્ત સ્પષ્ટ કરવાને આ તામસપ્રકરણના પ્રમાણ પ્રમેય સાધન અને ફલ એમ ચાર અવાન્તર વિભાગ છે. નિજ સ્વરૂપપ્રાકટ્યથી અનન્તર પ્રમાણાત્મકબાલલીલાનો સ્વીકાર કરીને શ્રીવ્રજજનને પ્રેમનું દાન કરે છે, પ્રમેયાત્મકગોચારણાદિલીલાનો અંગીકાર કરીને શ્રીવ્રજજનને આસક્તિનું દાન કરે છે, અને સાધનાત્મકશ્રીગોવર્ધનોદ્ધરણાદિલીલાનો ઉરીકાર કરીને શ્રીવ્રજજનને વ્યસનનું દાન કરે છે. નિરસાધન શ્રીવ્રજજનને આ સ્પૃહણીય પ્રકારે પ્રમાણરૂપ પ્રેમ પ્રમેયરૂપા આસક્તિ અને સાધનરૂપ વ્યસનનું–સર્વાત્મભાવનું–પણ સ્વરૂપતઃ જ દાન કરીને બ્રહ્માનન્દથી પણ અધિક પરમવિમલભજનાનન્દાત્મક પુષ્ટિમહારસરૂપ શ્રીરાસોત્સવાદિ અવિચલનિત્યલીલામાં મધ્યપાતાત્મક પ્રવેશરૂપ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ફલનું સહજ દાન કરે છે. પારિભાષિકતામસ પ્રકરણની અને સાક્ષાત્સ્વરૂપે કરીને નિરોધમહાફલદાનાર્થ સારસ્વત કલ્પમાં પ્રાદુર્ભૂત પ્રભુની એકાદશ સમાની–વર્ષની–શુદ્ધપુષ્ટિમાર્ગીયા રસપ્રચુરા લીલાવર્ણનાની પણ ઉપસંહૃતિ અત્ર જ થઈ જાય છે. નિરોધસ્કન્ધના આ પ્રકારના દ્વિતીય તામસપ્રકરણના મધ્યમાં મધ્યમણિવત્[૪] દ્વિતીય અવાન્તર પ્રમેયપ્રકરણના અન્તમાં સર્વાન્તર મધ્યનાયક[૫] અસ્મત્સર્વસ્વ શ્રીવેણુનિનાદનો સર્વોપકારક પ્રાદુર્ભાવ થાય છે, જે સ્વરૂપાત્મકસુધાના સંવલનના વિના પુષ્ટિમાર્ગીય પ્રભુના પણ રસાત્મ સ્વરૂપમાં આધિદૈવિકતા ન સમર્પાતાં અગ્રિમા સર્વા જ લીલાનો આવિર્ભાવ સુદુર્ઘટ થઈ જાય.

અધ્યાયાર્થ.

શ્રીમદ્વલ્લભાધીશ્વરે આદૃત ક્રમથી શ્રીદશમસ્કન્ધના પૂર્વાર્ધના ૧૮મા અધ્યાયમાં શ્રીવેણુગીતનો પ્રસંગ છે. આ નિખિલ અવાન્તર પ્રમેયપ્રકરણમાં પ્રેમોત્તરા આસક્તિની વર્ણના છે એ સ્પષ્ટ કરવાનું છે, તેથી પ્રમેયપ્રકરણના આ અન્તિમ સપ્તમ અધ્યાયમાં શ્રીગોપીજનની આસક્તિનું સ્ફુટ વર્ણન કર્યું છે. ગત ૧૭મા અધ્યાયના 'जनास्तापं जहुर्गोप्यो न कृष्णहृतचेतसः' પર્યન્તના ૪૫મા શ્લોકમાં અને તેથી પણ પૂર્વે શ્રીગોપીજનની આસક્તિનું અસ્ફુટ–સામાન્ય–વર્ણન તો યદ્યપિ છે જ, તથાપિ આ અધ્યાયમાં તો શ્રીગોપીજનની આસક્તિનું સ્ફુટ–વિશેષ–નિરૂપણ છે. વર્ણને આસક્તિ સ્ફુટા થાય છે, પૂર્વે પણ આસક્તિ તો હતી જ પરન્તુ જ્ઞાપક–ગમક–વર્ણન બહિઃ ન હતું તેથી આસક્તિ અસ્ફુટા હતી, પરન્તુ આ અધ્યાયમાં તો તે વર્ણન પણ છે તેથી આસક્તિ સ્ફુટા છે, અર્થાત્ પ્રકરણની અને આ અધ્યાયની સામાન્ય–વિશેષભાવરૂપા સંગતિ છે. ભગવચ્ચરિત્ર જ વર્ણ્ય છે, અને ભગવાનનું દિવસચરિત્ર અને રાત્રિચરિત્ર એમ તે વર્ણ્ય ચરિત્રનો જેમ દ્વિવિધ ભેદ છે તેમ શ્રીગોપીજન અને ગોપવર્ગ એમ વર્ણકનો–વર્ણનકર્તાનો–પણ દ્વિવિધ ભેદ છે. ભગવત્કૃત દિવસચરિત્રનું ગાન શ્રીગોપીજન કરે છે તેમ જ ભગવત્કૃત રાત્રિચરિત્રનું ગાન ગોપવર્ગ પણ કરે છે,

---

૧. सर्वसाधनराहित्यं फलाप्तौ यत्र साधनं फलं वा साधनं यत्र पुष्टिमार्गः स कथ्यते ઇત્યાદિ સુલક્ષણે કરીને લક્ષિત.

૨. अहन्यापृतं निशि शयानमतिश्रमेण શ્લોકે કરીને સુવર્ણિત.

૩. ઇતરત્ર તો પ્રમાણપ્રમેયસાધનફલનિર્વાહ ધર્માદિ સ્વરૂપે પણ સુશક્ય જ છે.

૪. પાર્શ્વસ્થ મણિની પણ અતિશયિતશોભાના નિદાનભૂત.

૫. શ્રીનન્દાલયમાં શ્રીવેણુગીતપ્રસ્તાવમાં અને શ્રીરાસોત્સવપ્રસ્તાવમાં એમ ત્રિવિધ સ્વરૂપાત્મક પ્રાદુર્ભાવમાં પણ સુમધ્યમ.

તેથી શ્રીગોપીજનનો જ નિરોધ તો મુખ્ય હોવાથી પૂર્વે આ પ્રકરણના પંચ અધ્યાયમાં ગોપવર્ગને પણ નિરોધનું દાન થયું છે તે પણ ગોપિકા[1]ર્થે જ છે અર્થાત્ ગોપનિરોધ પણ ગોપિકાકૃત વર્ણનમાં પ્રયોજક હોવાથી ગોપિકાર્થે જ છે એમ સિદ્ધ થાય છે. બાલકો જે કાંઇક વૃત્ત અનુભવે છે તે નિજ બાલ્યસ્વભાવથી જ ઉત્સાહપૂર્વક સર્વસમક્ષ કથે છે તેમ ગોપવર્ગ કાંઇ બાલ્યસ્વભાવથી જ સર્વસમક્ષ ભગવચ્ચરિત્રનું કથન કરતો નથી, પરન્તુ પ્રભુવિષયિણી આસક્તિથી જ કથન કરે છે, અને આસક્તિનો તો આ સ્વભાવ જ છે કે જે પ્રભુચરિત્રનું સર્વસ્વતાએ જ્ઞાન થયું છે તેનું વ્યક્ત કથન સર્વસમક્ષ જ નહિ પરન્તુ કેવલ સ્વસમાનશીલસમક્ષ જ તે આસક્તિ કરાવે છે. પ્રભુને વિષે ગોપવર્ગ આસક્ત છે તેવાં જ આસક્ત શ્રીગોપીજન પણ છે, તેથી ગોપવર્ગ સ્વસમાનશીલ શ્રીગોપીજનસમક્ષ જ સ્વસ્વગેહમાં સ્વસર્વસ્વ ભગવચ્ચરિત્રનું સુંદર કથન કરે છે, સમાનશીલના જં સમક્ષ નિજ સર્વસ્વનું આ પ્રકારે આસક્તિપૂર્વક વ્યક્ત કથન થાય છે, તેથી તે કથન સુન્દર છે. આથી સુવ્યક્ત થઈ રહે છે કે જેમ દિવસે શ્રીગોપીજન ગુણગાન કરે છે તેમ રાત્રિએ ગોપવર્ગ પણ સમાનશીલ શ્રીગોપીજનના સમક્ષ ગુણગાન કરે જ છે, અને તેથી ગોપવર્ગની પણ આસક્તિ સ્ફુટા જ છે, અને પ્રમેયપ્રકરણના પ્રારંભમાં પણ આ॰ જણાવ્યું જ હતું, તેથી આ પ્રકરણના અન્તમાં અત્ર પણ અન્તરંગક્રીડાર્થ વનપ્રવેશપ્રસંગમાં सगोगोपालकः અને गोपवृन्दैः ઇત્યાદિથી ગોપવર્ગનો સહભાવ કથીને તેનું પુનઃ સ્મરણ કરાવ્યું, અન્યથા જેમ વ્રતવરદાનપ્રસ્તાવમાં પ્રભુ પધાર્યા ત્યારે ગોપવર્ગને સંગમાં ન લેતાં અભીષ્ટ કાર્યની સમાપ્તિથી અનન્તર જ ગોપસહિત[2] થઈ ગયા તેમ અત્ર પણ પ્રભુ એકાકી જ પધારત, અર્થાદ્ અન્તરંગક્રીડાર્થ વૃન્દાવનપ્રવેશપ્રસંગમાં ગોપનો સહભાવ જ ગોપવર્ગની પ્રભુવિષયિણી આસક્તિને સંસાધે છે. શ્રીગોપીજન ભગવચ્ચરિત્રનું વર્ણન દિવસે આસક્તિપૂર્વક કરે છે એ તો આ અધ્યાયમાં સ્પષ્ટ જ છે. દિવસે સમસ્તશ્રીસ્વામિનીજીની શ્રીમદ્ગોકુલમાં નિજ ગેહમાં સ્થિતિ છે, તથાપિ ભગવાન્ વનમાં જે જે લીલા કરે છે તે સર્વા લીલાને ભગવદ્ભાવના અનુભાવે–સામર્થ્યે–નિજ હૃદયમાં અનુભવીને જેમ શ્રીગોપીજન ગાન કરે છે તેમ સમસ્ત ગોપવર્ગ પણ રાત્રિગતભગવલ્લીલાને અતિશયિતા આસક્તિના અનુભાવે સ્વસ્વહૃદયમાં અનુભવીને ગાન કરે છે, પરન્તુ ભગવત્કૃતા ગોપવર્ગગેયા રાત્રિલીલા અતિગોપ્યા હોવાથી શ્રીશુકે શ્રીમદ્ભાગવતમાં તે લીલાનું સ્પષ્ટ કથન ન કર્યું, શ્રીગોપીજને દિનલીલાનું ગાન કર્યું એમ કથનમાત્રથી જ ગોપવર્ગે પણ રાત્રિલીલાનું ગાન કર્યું એમ કથાઈ જ રહે છે, અર્થાદ્ અત્ર શ્રીસ્વામિનીજીકૃત ગુણગાનના કથને કરીને જ अन्ये तदनुरूपाणि શ્લોકમાં પ્રસિદ્ધ ગોપવર્ગકૃત ગુણગાનનું સહજ સંસૂચન થઈ જાય છે, કારણ કે ભગવલ્લીલાના ગાનનું કારણ આસક્તિ તો ઉભયત્ર સમાના જ છે, આસક્તિ કારણ છે, લીલાગાન કાર્ય છે, યત્ર યત્ર આસક્તિ સિદ્ધા છે, તત્ર તત્ર તે આસક્તિનું કાર્ય ગુણગાન પણ સિદ્ધ જ છે, શ્રીગોપીજન આસક્ત છે તેથી ગુણગાન કરે છે, ઉભયની–શ્રીગોપીજનની અને ગોપવર્ગની—પ્રભુને વિષે આસક્તિ તો સમાના છે, ગોપવર્ગની પણ પ્રભુને વિષે આસક્તિ સમાના છે જ એ તો પૂર્વે જણાવ્યું છે, તેથી ગોપવર્ગની આસક્તિનું કાર્ય લીલાગાન પણ પ્રકરણારંભમાં સુતરાં જણાવી જ દીધું છે, કેવલ એટલો જ વિશેષ કે ગોપગેય રાત્રિચરિત્ર નિતાન્તગોપ્ય હોવાથી તે ગોપગેય રાત્રિચરિત્રનું માત્ર સ્પષ્ટ કથન શ્રીશુકે ન કર્યું. (૧.) આ આસક્તિવર્ણનપ્રસ્તાવમાં શ્રીવેણુગીતાધ્યાયમાં ૨૦ શ્લોક છે, તેમાંના પ્રથમ શ્લોકમાં વર્ણિત વૃન્દાવનપ્રવેશ અને દ્વિતીય શ્લોકમાં વર્ણિત શ્રીવેણુકૂજનરૂપ બોધન શ્રીગોપીજનની આસક્તિના ઉદ્બોધનને–ઉદ્દીપનને–અર્થે છે, યદ્યપિ પૂર્વાધ્યાયમાં गोपैस्तयोस्तदद्भुतं શ્લોકમાં ગોપવર્ગની પણ અને આ અધ્યાયમાં શ્રીગોપીજનની ભગવદ્ગુણમાત્રમાં જ આસક્તિ સ્ફુટા છે, તથાપિ અત્ર કાર્યથી કારણનું જ્ઞાન અનુમાને થાય છે, ભગવદ્ગુણને વિષે આસક્તિ એ કાર્ય છે, અને ભગવાનને વિષે આસક્તિ એ કારણ છે, ભગવાનને વિષે આસક્તિરૂપ કારણ હોય તો જ ભગવદ્ગુણરૂપ કાર્યને વિષે આસક્તિ સંભવે, કારણ વિના કાર્ય સંભવે નહિ, ભગવાનના ગુણ વિષે આસક્તિરૂપ જે કાર્ય તે તો સ્ફુટ છે જ, તેથી ભગવાનને વિષે આસક્તિરૂપ જે કારણ તે પણ વિદ્યમાન છે એમ નિશ્ચય થાય છે,

---

૧. પ્રકાશની એક પ્રતિમાં तदर्थत्वं નો પર્યાય કોઇક વાચકે गोपिकार्थत्वं ટિપ્પનીત્વે દર્શાવ્યો છે, તેને અનુરોધીને આ પ્રકારે અર્થ કર્યો.

૨. અગ્રે अथ गोपैः परिवृतः ઇત્યાદિથી શ્રીશુક આ કથશે.

ભગવદાસક્ત જ ગુણાસક્ત હોય છે તેથી ગુણાસક્તિએ ભગવદાસક્તિ જ્ઞાપિતા થાય એ યુક્ત જ છે. (૨.) 'યત્ર યત્ર ગુણમાં આસક્તિ હોય તત્ર તત્ર ગુણીમાં પણ આસકિત હોય જ એવો કાંઇ નિયમ નથી' એમ અનિયમ કલ્પીને ભગવદાસક્તિ કદાચિદ્ ગુણસમ્બન્ધથી થયલી ગૌણી વા ઐાપચારિકી હશે એમ પણ ન માનવું, કારણ કે પ્રેમનો પ્રાદુર્ભાવ પ્રથમ થાય, અને તદનન્તર જ આસક્તિનો આવિષ્કાર થાય, આથી ભગવદાસક્તિ ગૌણી નથી પરન્તુ મુખ્યા જ છે, પ્રેમપૂર્વિકા જ છે, પ્રેમ જ ન હોત તો सगोपालकः પદે સખિમંડલનો સહભાવ જ ન કથત. પ્રેમ પૂર્વભાવ છે અને આસક્તિ તો ઉત્તરભાવ છે, પૂર્વભાવના નિરૂપણ વિના ઉત્તરભાવનું નિરૂપણ ન સંભવે, તેથી આસકિત-નિરૂપણે અત્ર પ્રથમ શ્લોકમાં પ્રેમનું પણ નિરૂપણ છે જ, વૃન્દાવનપ્રવેશરૂપ પ્રથમ શ્લોકમાં તે જ પૂર્વભાવ પ્રેમનું નિરૂપણ છે, અને તે પ્રેમ તો ઉદ્બુદ્ધ થાય ત્યારે તેવા ઉદ્બુદ્ધ જ પ્રેમમાંથી આસકિતનો આવિષ્કાર થાય છે, તેથી દ્વિતીય શ્લોકમાં વેણુકૂજનરૂપ ઉદ્બોધનનું નિરૂપણ કર્યું છે. લૌકિક પ્રેમ હોય તો કોકિલાદિના કૂજનથી પણ તેવા પ્રેમનો ઉદ્બોધ થઈ જાય, પરન્તુ અલૌકિક ભગવદ્વિષયક પ્રેમનું ઉદ્બોધન તે પ્રકારે થઈ શકતું નથી, તેથી અલૌકિક પ્રેમના ઉદ્બોધનાર્થ અલૌકિક ભગવત્કૃત પ્રવેશનું અને વેણુકૂજનનું કથન થયું. વેણુનું કૂજન પણ યઃકૃશ્ચન કરી લે તો અલૌકિક પ્રેમનો ઉદ્બોધ ન થાય તેથી વેણુકૂજન પણ પ્રભુએ સ્વતઃ જ કર્યું. વેણુકૂજનરૂપ માત્ર ઉદ્બોધન જ પ્રભુએ સ્વતઃ કર્યું અને પ્રેમ તો જીવવિહિત શ્રવણાદિ સાધને જ કરીને પ્રાક્ સિદ્ધ થઈ જ ગયો હતો એમ પણ નથી, પ્રેમ તો આસક્તિની કેવલપૂર્વાવસ્થા છે, અને તેથી તે પ્રેમનું પણ દાન હરિએ જ સ્વતઃ જ કર્યું. પ્રમાણપ્રકરણીયા લીલા પ્રકટા કરીને પ્રભુએ સ્વસ્વરૂપ વિષે પ્રેમનું અને પ્રમેયપ્રકરણીયા લીલા પ્રકટા કરીને આસકિતનું દાન શ્રીવ્રજજનને સ્વતઃ જ કર્યું. વૃન્દાવનમાં સગોગોપાલપ્રવેશપૂર્વક વેણુકૂજન થયું, અને તત્ર આસકિતના ઉદ્બોધનાર્થ થયલું વેણુકૂજન પણ અન્ય કોઇએ નહિ પરન્તુ હરિએ જ સ્વતઃ કર્યું. પ્રેમ આસકિત અને ઉદ્દીપક વેણુકૂજન એટલું જ માત્ર ભગવત્કૃત છે એમ પણ નથી, પરન્તુ અત્ર તો સર્વા જ સામગ્રી ભગવત્કૃતા છે, કારણ કે પ્રભુ નિજ અંગીકારમાત્રથી જ સર્વ સિદ્ધ કરે છે, સાધનની સંપત્તિ પણ સ્વતઃ જ કરી લઈને પ્રભુ ફલદાન કરે છે, તેથી પુષ્ટિમાર્ગમાં પ્રભુ જ સાધન છે. यमेवैष वृणुते ઇત્યાદિ શ્રુતિરૂપાનું યૂથ અત્ર પ્રમાણાકાંક્ષીને પણ પરિપૂર્ણ સંતોષ સમર્પે છે. પ્રેમ આસકિત ઉદ્દીપક કૂજન એમ સર્વા જ સામગ્રી ભગવત્કૃતા અલૌકિકી છે, તેથી અત્ર લોકવત્ કોકિલાદિકના ઉદ્દીપનના નિષેધથી સર્વ જ દૃષ્ટ લૌકિક જીવવિહિત પ્રકારમાત્રનો અર્થાદ્ જ નિષેધ થઈ ગયો. શ્રીગોપીજનને વિષે ભગવાનનો પ્રેમ જ ન હોત તો પ્રભુ વૃન્દાવનપ્રવેશ જ ન કરત અથવા પ્રવેશ કર્યા પછી ઉદ્બોધન ન કરત, પરન્તુ પ્રભુએ જ વૃન્દાવનમાં પ્રવેશ તો કર્યો એટલું જ નહિ પરન્તુ ઉદ્બોધન પણ કર્યું, અર્થાત્ વૃન્દાવનપ્રવેશના અને કૂજનના એમ ઉભયના ઉદ્બોધક પ્રભુ જ સ્વતઃ જ થયા, તેથી શ્રીગોપીજનને વિષે ભગવાનનો પ્રેમ છે એમ નિશ્ચય થઈ જાય છે. 'ભગવાનનો પણ આપણે વિષે પ્રેમ છે' એમ જાણ્યા પછી જ શ્રીગોપીજનનો પ્રેમ ઉદ્બુદ્ધ થયો અને એવી જ રીતિએ ઉદ્બુદ્ધ પ્રેમ મુખ્ય છે અને ઇતર–સાધનસાધ્ય–પ્રેમ તો માત્ર ગૌણ જ છે એમ આદ્ય શ્લોકદ્વયે સૂચવીને અગ્રિમ સર્વ જ વર્ણન આસકિતપૂર્વક–મુખ્યભગવદ્દત્ત ભગવદાસકિતપૂર્વક–જ થાય છે એમ શ્રીશુકે વિશદ કર્યું. (૩.) कुसुमितवनराजि શ્લોકમાં યદ્યપિ ઉદ્બોધકાન્તરની પણ ઉક્તિ હોવાથી ઉદ્બોધકાન્તર પણ કલ્પી શકાય તથાપિ વસ્તુતઃ અત્રત્ય સર્વ ઉદ્બોધનમાત્ર ભગવત્કૃત જ છે, કારણ કે આ સર્વ જ વર્ણન ભગવદ્ગુણગાનમાં આસક્ત શ્રીશુક કરે છે. આસકિતપર્યન્તનું અલૌકિક દાન થયું હોય તથાપિ યત્રપર્યન્ત ભગવાન્ સ્વયં વિદ્યાનું દાન ન કરે તત્રપર્યન્ત પ્રભુના સ્વરૂપનું પ્રભુના ગુણનું અને પ્રભુની લીલાનું જ્ઞાન જ થઈ શકતું નથી એ यमेवैष वृणुते શ્રુતિનું સ્વારસ્ય છે, તેથી વૃન્દાવનપ્રવિષ્ટપ્રભુકૃત વેણુકૂજનનું શ્રવણ કરીને શ્રીગોપીજને વર્ણન કરવાનો ઉપક્રમ કર્યો તથાપિ તે આસકિત તો કેવલા–આસકિતમાત્ર–જ હતી પરંતુ વિદ્યાસહિતા આસકિત તે ન હતી, તેથી વર્ણનના–ગાનના–ઉપક્રમને અન્તે तद् वर्णयितुमारब्धाः શ્લોકને અન્તે बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं એ એક શ્લોકે કરીને વિદ્યાનું–બ્રહ્મસ્વરૂપજ્ઞાનનું–સ્ફુટ–સપરિકર–વર્ણન છે. પ્રભુદત્તા પણ કેવલા આસકિતમાત્રવશાદ્ ગાનનો ઉપક્રમ થયો, તથાપિ સ્મરવેગે મન વિક્ષિપ્ત થઈ ગયું, ગાન જ ન થઈ શક્યું, તેથી અન્તે પ્રભુએ સ્વતઃ શ્રીગોપીજનને વિદ્યાનું પણ દાન કર્યું, જે બ્રહ્મસ્વરૂપાત્મકવિદ્યાનું સપરિકર વર્ણન बर्हापीडं શ્લોકમાં સ્ફુટ છે, અર્થાદ્ ગુણગાનમાં અપેક્ષિત પ્રેમ આસકિત અને વિદ્યા એ સર્વા જ સામગ્રી સર્વથા ભગવદધીના જ છે. વિદ્યા પણ દ્વિવિધા છે, અમૂર્તા અને મૂર્તા, તેથી નાદબ્રહ્માત્મિકા અમૂર્તા વિદ્યા

અન્તઃકરણમાં અનુભવાવીને તદ્વિદ્યાફલભૂત સ્વરૂપાનુભવ પણ પ્રથમ આ વેણુગીતમાં તો ગાનદ્વારા અન્તઃકરણમાંજ કરાવ્યો, અગ્રે રાસોત્સવપ્રસ્તાવમાં તો સ્વલોકાત્મક વ્યાપિવૈકુંઠના બાહ્યાનુભવાત્મિકા મૂર્તા વિદ્યાએ કરીને તે મૂર્તા વિદ્યાના ફલભૂત સ્વરૂપાનન્દાનુભવનું દાન બહિરંગસંગદ્વારા કરશે, અત્ર દત્તા વિદ્યા અને તત્ફલ ઉભયે પણ અમૂર્ત છે, મૂર્તા[1] વિદ્યા અને તત્ફલનો પ્રસંગ તો અગ્રે ફલપ્રકરણમાં જ કથાશે, અર્થાદ્ 'વિદ્યા'શબ્દનો પ્રયોગ જેમ 'ઉપાસના' અર્થમાં થાય છે તેમ 'સાક્ષાત્કાર' અર્થમાં પણ શક્ય જ છે, અથવા 'વિદ્યા'નો અર્થ 'વિદ્યાશકિત' જ થાય છે, વિદ્યા વિના ભગવત્પ્રાપ્તિ નથી એમ विद्ययामृतमश्नुते શ્રુતિનું મર્મ છે, તેથી શ્રીવ્રજજનમાં પણ અત્ર વિદ્યાનું નિરૂપણ થાય છે. આ અધ્યાયના પ્રારંભથી પંચમ बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं શ્લોકપર્યન્ત વૈરાગ્ય સાંખ્ય યોગ તપ અને ભક્તિ એ પ્રકારે પંચ પર્વે યુક્તા વિદ્યાનું પ્રતિપાદન છે, પંચપર્વા વિદ્યાનું દાન થયું તદનન્તર જ શ્રીગોપીજનને ભગવદ્ગુણવર્ણનરૂપભગવત્પ્રાપ્તિ સિદ્ધા થઈ. પંચપર્વાત્મક-વિદ્યાના નિરૂપણથી અનન્તર જ વિદ્યાને અન્તે ગાનનો પણ ફલોન્મુખ ઉપક્રમ થયલો છે, તેથી આ વિદ્યા બ્રહ્મવિદ્યાથી પણ અધિકા છે, બ્રહ્મવિદ્યાનું પણ ફલ છે, એમ નિશ્ચય થઈ રહે છે. પંચપર્વાત્મકવિદ્યાને અન્તે તત્ફલ ગાનનો પ્રારંભ કર્થ્યો, તેથી બ્રહ્મવિદ્યાથી પણ ગુણગાન અધિક છે, બ્રહ્મવિદ્યાનું પણ તે ફલ છે. વસ્તુતઃ લીલાસ્થ જીવની વિદ્યા પણ અલૌકિકી છે, અને શ્રીવ્રજસીમન્તિનીજીને જ તે અલૌકિકી વિદ્યાસમ્પત્તિનું દાન થયલું છે. આ અલૌકિકી ભગવદ્દત્તા લીલોપયોગિની વિદ્યાનાં વૈરાગ્યાદિ પંચ પર્વનાં સ્વરૂપ પણ તેવાં જ વિલક્ષણ છે. ભગવદતિરિકત પદાર્થમાત્રમાંથી અનુરાગની નિવૃત્તિ એ અત્ર વૈરાગ્ય છે, પુરુષોત્તમ રસાત્મક છે એવું જ્ઞાન અત્ર સાંખ્ય છે, ચિત્તની ભગવદેકપરતા અત્ર યોગ છે, ભગવદ્વિરહમાં આત્યન્તિક તાપક્લેશનો અનુભવ એ અત્ર તપ છે, અને ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની આકાંક્ષાથી રહિતા ભગવદાસકિત એ અત્ર ભકિત[2] છે. આ પંચપર્વા પુષ્ટિમાર્ગીયા વિદ્યાનું દાન શ્રીવ્રજસુન્દરીને થયલું છે, પુષ્ટિમાર્ગીયા ભગવદ્દત્તા વિદ્યાનું પંચમ પર્વ જે ભગવદાસકિતરૂપભકિત તે ભકિતનું–ભગવદાસકિતનું–નિરૂપણ આ અધ્યાયમાં છે, અર્થાત્ શ્રીગોપીજનની આ પ્રકારની ભગવદાસકિત આ અષ્ટાદશ અધ્યાયનો–શ્રીવેણુગીતાધ્યાયનો–અર્થ છે. बर्हापीडं नटवरवपुः कर्णयोःकर्णिकारं શ્લોકમાં ઉકત ભગવત્સ્વરૂપાનુભવ તો બ્રહ્મભાવની પણ ઉત્તરા દશા છે, આ અવસ્થા ભકિતએ કરીને જ પ્રાપ્યા છે, भक्त्या मामभिजानाति શ્લોકમાં પ્રોકતા ભકિતએ કરીને પ્રાપ્ય અભિજ્ઞાન તે જ આ बर्हापीडंશ્લોકોકત ભગવત્સ્વરૂપાનુભવ. શ્રીગોપીજનને આ અભિજ્ઞારૂપ ભગવત્સ્વરૂપાનુભવનું દાન થયું એમ अक्षण्वतां फलमिदं ઇત્યાદિ શ્લોકમાં સુવ્યકત છે, તેથી આ અધ્યાયમાં જે વર્ણન છે તે આસકિતપૂર્વક જ છે એમ નિશ્ચય થઈ રહે છે. ભકિતએ અભિજ્ઞાન–સ્વરૂપાનુભવ–નિશ્ચિત કરી લીધા પછી જ અભિજ્ઞ શ્રીગોપીજન ગાનદ્વારા તે સ્વરૂપાનુભવને પ્રકટ કરે છે. વર્ણન તો अक्षण्वतां फलमिदं શ્લોકથી અનન્તર જ પ્રારંભાય છે, અને એ વર્ણન આસકિતપૂર્વક જ થાય છે, તેથી કેવલ સાધનરૂપ જ નથી પરન્તુ ફલરૂપ જ છે, અને ફલરૂપ છે તેથી જ તે વર્ણન પંચપર્વા વિદ્યાના પણ અન્તમાં જ થયલું છે. અત્રપર્યન્ત આ અધ્યાયના પ્રારંભના શ્લોકષટ્કનું સ્વારસ્ય સ્પષ્ટ થયું. (૭-૧૯.) અગ્રે ત્રયોદશ શ્લોકે કરીને શ્રીગોપીજનકૃત ભગવદ્ગુણવર્ણન છે, અને અન્તિમ ૨૦મા શ્લોકમાં આ આસકિતપ્રતિપાદક પ્રમેયપ્રકરણનો ઉપસંહાર છે. શ્રીગોપીજનગેય શ્રીવેણુગીતના શ્લોકની ત્રયોદશ સંખ્યામાં પણ મર્મ છે. પ્રવાહી જીવ દ્વાદશમાસાત્મક કાલને ઉપાસે છે અને માર્યાદિક જીવ દ્વાદશાંગ પુરુષને ઉપાસે છે, પ્રવાહિજીવોપાસ્ય દ્વાદશમાસાત્મક કાલથી અધિક અને મર્યાદાજીવોપાસ્ય દ્વાદશાંગ પુરુષથી પણ ઉત્તમ શ્રીગોપીજનગેય પદાર્થ તો ત્રયોદશાંગ છે, શ્રીગોપીજનગેય શુદ્ધપુષ્ટિમાર્ગીય આ ત્રયોદશાંગ વસ્તુ પ્રલાયક કાલથી પણ અધિક કાલાધિક–નિત્યલીલાસ્થ–હરિ છે, અને ક્ષરાક્ષર પુરુષથી પણ ઉત્તમ–પુરુષોત્તમ–છે, અક્ષણ્વતાનનું ફલ જ છે, અર્થાત્ શ્રીવ્રજસીમંતિનીસંગીત નિત્યલીલાસ્થ પુરુષોત્તમનું સ્વરૂપ ગુણ અને લીલા સર્વ જ નિત્ય વા કાલાતીત છે એમ સહજ સિદ્ધ થઈ રહે છે, અને તેથી જ અત્ર ભકતવાકયમાં કાલાધિક હરિનું અને પુરુષદ્વયથી ઉત્તમ પુરુષોત્તમનું વર્ણન થાય છે, અને તેથી જ કાલાતીતા ક્ષરાક્ષરોત્તમા ત્રયોદશવિધા લીલાનું પૃથક્ પૃથક્ કથન છે.

---

૧. અમૂર્તા વિદ્યામાં શ્રીલક્ષ્મણભટ્ટભૂપકુમાર શ્રીમદ્વલ્લભાધીશ્વરના સ્વરૂપનું અને મૂર્તા વિદ્યામાં શ્રીમદ્વલ્લભરાજકુમાર શ્રીમદ્વિઠ્ઠલવરના સ્વરૂપનું પણ ચિન્તન ફલપ્રદ થશે.

૨. નવમસ્કન્ધાર્થરૂપ ભક્તિથી તો આ ભક્તિ વિલક્ષણા જ છે.

પૂર્વ-૧૭મા-અધ્યાયના અન્તમાં ભગવલ્લીલાર્થ શરદ્‌નું વર્ણન થયું, હવે આ અધ્યાયમાં વૃન્દાવનમાં ભગવાન્‌નો લીલાર્થ પ્રવેશ કથાય છે.

इत्थंशरत्स्वच्छजलं पद्माकरसुगन्धिना ।
न्यविशद् वायुना वातं सगोगोपालकोच्युतः ॥ १ ॥

अक्षरार्थ—આ પ્રકારની શરદે કરીને સ્વચ્છ છે જલ જેમાં એવા અને પદ્માકરના સુગન્ધે યુક્ત વાયુએ વાત (વૃન્દાવનમાં) ગાયોએ અને ગોપાલે સહ અચ્યુતે નિવેશ કર્યો. ૧.

व्याख्यान—'આ પ્રકારની જે શરત તે શરદે કરીને સ્વચ્છ છે જલ જેમાં એવા વૃન્દાવનમાં અચ્યુતે પ્રવેશ કર્યો' એમ શ્લોકના પદનો સમ્બન્ધ છે. યદ્યપિ આ શ્લોકમાં 'વૃન્દાવન' પદનું સ્પષ્ટ કથન નથી, તથાપિ પૂર્વ અધ્યાયમાં લીલાના અધિકરણદેશત્વે વનનું કથન છે, આ અધ્યાયમાં પણ દ્વિતીય શ્લોકમાં कुसुमितवनराजि પદમાં તે વનનું ગમક પણ છે, અને પંચમ શ્લોકમાં તો वृन्दारण्यं×××प्राविशत् એમ સ્પષ્ટા ઉક્તિ જ છે, તેથી અત્ર પ્રવેશસ્થલ વૃન્દાવન જ છે એમ નિશ્ચય થઈ રહે છે. અત્ર-આ અધ્યાયમાં-પણ પૂર્વવત્ આધિદૈવિકી શક્તિઓએ સહ લીલા વક્તવ્ય છે, ભગવાનની શક્તિઓમાં પણ ભગવદ્‌વદ્ અલૌકિકત્વ નિત્યત્વ સ્વાભાવિકધર્મત્વ છે એ જણાવવાને. અને ભગવદ્‌ભોગ્યા શ્રીવ્રજસીમંતિનીજીના અલૌકિકત્વનિત્યત્વસહજધર્મત્વયુક્ત સ્વરૂપનું જેમને અભિજ્ઞાન જ નથી તેવા અનભિજ્ઞથી શ્રીસ્વામિનીજીઓનું સ્વરૂપ ગુપ્ત રક્ષવાને, અત્ર 'શક્તિ'પદનો પ્રયોગ થયો છે. તત્ર-લીલામાં-નાયક ઉત્કૃષ્ટ છે એ જણાવવાને પ્રભુને अच्युत કથ્યા, સ્વરૂપથી જેમની કદાપિ ચ્યુતિ જ ન થાય એવા ઉત્કૃષ્ટ નાયકની લીલામાં ગાયો અનુભવિકા પણ છે, લીલારસની અનુભવકર્ત્રી ગાયો છે, તેથી પણ નાયકનો નિર્દોષ ઉત્કર્ષ સિદ્ધ થાય છે. ગોસદૃશ ભગવદ્‌ભક્ત જ આ લીલાના અનુભાવક હોય છે. જેમ ગાયો અનુભવિકા છે તેમ ગોપવર્ગ લીલામાં સેવક છે, શક્તિઓની-શ્રીવ્રજસીમંતિનીજીઓની-નિર્ભયતા સિદ્ધ કરવામાં એ ગોપરૂપ સેવકનો વિનિયોગ છે. આ ગોપવર્ગ દેવ છે. ૧૬મા અધ્યાયમાં आसन् सुविस्मिताः ના વ્યાખ્યાનમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે એમનું ઇન્દ્રિય નિર્દોષ છે, તેથી આ ગોપવર્ગ દેવ છે. શ્રીવ્રજસીમંતિનીજીએ સહ ભગવલ્લીલામાં નિર્ભયતાસમર્પક નિર્દુષ્ટેન્દ્રિયવાન્ દેવસ્વરૂપ ગોપવર્ગ સાક્ષી છે. પૂર્વોક્ત નિર્દુષ્ટા ભગવલ્લીલામાં દેવના સાક્ષિત્વથી દિવ્યત્વ પણ સિદ્ધ થઈ રહે છે. સાક્ષી (૧) સ્વાર્થથી અને સ્વાર્થની અપેક્ષાથી પણ રહિત (૨) ફલભોગસમર્પક અને (૩) ફલભોગમાં યથાધિકાર પ્રવર્તક હોય છે, આ સર્વ ધર્મ અત્ર નિજ અન્તરંગ ગોપવર્ગમાં છે, તેથી ઉપનિષદાદિમાં જેમ પરમાત્માને સાક્ષી કથ્યા છે તેમ અત્ર ગોપને 'સાક્ષી' કથ્યા, પ્રભુની નિર્દોષા અને પૂર્ણગુણા લીલામાં રમણ પણ જલના અને સ્થલના ભેદે કરીને દ્વિવિધ છે, તત્ર નિર્ભર રમણમાં પવનની અપેક્ષા રહે છે. જલક્રીડામાં તો નિર્મલતાની અને શૈત્યના અભાવની પણ અપેક્ષા રહે છે, જલ અતિશય શીતલ ન હોય અને નિર્મલ હોય તો જ જલક્રીડા પણ રસાલ થાય. ઋતુ શરત્ છે, તેથી જલ નિર્મલ છે અને તે અતિશય શીતલ પણ નથી. શરદે કરીને જ યત્ર જલ સ્વચ્છ છે તત્ર પ્રવેશ કર્યો, કર્મનો[1]-કયા સ્થલમાં શે અર્થે પ્રવેશ કર્યો એનો-નિર્દેશ આ શ્લોકમાં વિશેષતઃ નથી તેથી, અને જલપ્રવેશ કથ્યો છે તેથી, આ પ્રવેશ સામાન્યતઃ ક્રીડાર્થ છે. પદ્માકરનો જે સુષ્ઠુ-શૈત્યસહિત-ગન્ધ તે પદ્માકરસુગન્ધ, પદ્માકરસુગન્ધે કરીને યુક્ત તે પદ્માકરસુગન્ધિ, એવા પદ્માકરસુગન્ધિ વાયુએ વાત વનમાં અચ્યુતે નિવેશ કર્યો. પવન ગન્ધવાન્ છે, તેથી જ ગન્ધભરે કરીને તે મન્દ પણ છે. ક્રીડામાં એટલું-શીત મન્દ સુગન્ધિ એમ ત્રિવિધ પવન અને અનતિશીત સ્વચ્છ જલ-જ અપેક્ષિત છે. આ શ્લોકમાં વિશેષણભૂત ધર્મનું-જલનું અને વાયુનું-જ પ્રાધાન્ય છે, તેથી સ્થલરૂપ વિશેષ્યનો નિર્દેશ નથી. અચ્યુતે નિવેશ કર્યો, આધિદૈવિકપર્યન્ત પ્રવેશ કર્યો, યત્ર આવીને મલેલી દેવતાઓ સ્વસ્વકૃત કાર્ય નેત્રભ્રુકુટિના વિલાસે કરે છે તત્રપર્યન્ત પ્રવેશ કર્યો. સગોગોપાલ અચ્યુતે નિકુંજપ્રદેશપર્યન્ત પ્રવેશ કર્યો એમ દેવપ્રિયા પરોક્ષા રીતિએ જણાવવાને 'આધિદૈવિક'પદનો પ્રયોગ છે, જેનો સંકેત નિ ઉપસર્ગે શ્રીશુકે જ કર્યો છે. (૧.)

પ્રથમ શ્લોકમાં આ પ્રકારે પ્રભુકૃતવન પ્રવેશ કથીને દ્વિતીય શ્લોકમાં દેવતાના ઉદ્‌બોધનું નિરૂપણ કરે છે.

---

૧. 'કર્મ'નો અર્થ 'ભગવત્કૃતા લીલા' પણ અત્ર થાય જ છે.

कुसुमितवनराजिशुष्मिभृंगद्विजकुलजुष्टसरःसरिन्महीध्रम् ।
मधुपतिरवगाह्य चारयन् गाः सहपशुपालबलश्चुकूज वेणुम ॥ २ ॥

अक्षरार्थ—કુસુમિત વનરાજિએ કરીને મત્ત ભૃંગોનાં અને પક્ષીઓનાં કુલોએ સેવિત સરોવરોને સરિતાઓને અને પર્વતોને અવગાહીને ગોપે અને બલદેવે યુક્ત ગોચારણકર્તા મધુપતિએ વેણુકૂજન કર્યું. ૨.

व्याख्यान—ગાયોને ચરાવતા મધુપતિએ વેણુનું કૂજન કર્યું, 'મધુપતિ'પદમાં 'મધુ'નો અર્થ કોઈક ટીકાકાર 'યાદવ' કરે છે, પરન્તુ તેવા અર્થમાં સ્વારસ્યનો લેશ પણ નથી, તેથી 'મધુ'નો અર્થ 'વસંત' જ કરવો, અને તે શૃંગારાત્મા રસે અથવા સરસ શૃંગારાત્માએ–વસંતાધિપતિએ–વેણુકૂજન કર્યું એમ અર્થસ્વારસ્ય અનુભવવું. તે રસ વા સરસ सरसः શૃંગારરસાત્મા છે, તેથી જ મધુના–વસંતના–અધિપતિ છે. લોકસિદ્ધ કાર્યાન્તરના વિના વૃન્દાવનમાં ગમન અને ચિરસ્થિત્યાદિક લોકવિરુદ્ધ છે, અને ચિકીર્ષિતલીલાનું લોકજ્ઞાન રસવિરુદ્ધ છે, આ પ્રકારના લોકજ્ઞાનનું અને રસવિરોધનું સમાધાન કરીને સર્વસંપાદન કરવાનું સામર્થ્ય ગોચારણરૂપ ધર્મમાં છે, કારણ કે સાક્ષાત્ અને પરંપરાના ભેદે કરીને ધર્મ ચતુર્વર્ગને પણ સિદ્ધ કરે છે, ગોચારણરૂપ ધર્મ કરતાં કરતાં મધુપતિએ વેણુકૂજન કર્યું તેથી સાક્ષાત્ અને પરંપરાએ ચતુર્વર્ગસાધક ભગવત્સમ્બન્ધી ગોચારણરૂપ ધર્મે જ લોકના અને રસના પરસ્પર સકલ વિરોધનું સમાધાન કરી લઈને ધર્માદિ મોક્ષાન્ત ચતુર્વર્ગનું સમ્પાદન કરી દીધું. ગોપ ક્રિયાશક્તિરૂપ છે, કારણ કે અંતરંગ કાર્યને અર્થે પ્રભુની ક્રિયાશક્તિ તત્ર સ્થાપિતા છે, અને બલદેવ જ્ઞાનશક્તિરૂપ પ્રતિબન્ધનિવૃત્ત્યર્થ છે. યદ્યપિ ક્રિયાશક્તિનું પણ સ્થાપન બલદેવમાં છે, તથાપિ અંતરંગલીલામાં બલદેવનો તેવો અધિકાર નહિ હોવાથી અત્ર જ્ઞાનશક્તિમાત્રનું જ સ્થાપન કથ્યું. ગોચારણરૂપ ધર્મમાં ક્રિયાશક્તિસહિત પશુપાલ ગોપનો અને જ્ઞાનશક્તિસહિત બલદેવનો પણ સહભાવ સાર્થક છે, ગોચારણાદિ ક્રિયામાં અંતરંગ કાર્યાર્થે ભગવત્ક્રિયાશક્તિમાન ગોપનો ઉપયોગ છે, અને પ્રતિબન્ધકાસુરસમ્પત્તિની નિવૃત્તિપૂર્વક ભક્તોએ સહ સ્વચ્છન્દલીલાક્રીડાપ્રસંગમાં ભક્તરક્ષામાં ભગવજ્જ્ઞાનશક્તિમાન્ બલદેવનો વિનિયોગ છે. ભગવત્ક્રિયાશક્તિએ સહિત પશુપાલના અને ભગવજ્જ્ઞાનશક્તિએ સહિત બલદેવના સહભાવથી મધુપતિનું यः सर्वज्ञः सर्वशक्तिः શ્રુતિએ ઉક્ત સર્વશક્તિમત્ત્વ પણ સ્પષ્ટ થયું, અર્થાત્ પરબ્રહ્મમાં ક્રીડાર્થ ક્રિયાજ્ઞાનશક્તિ સર્વદા જ અપેક્ષિત છે એ વિશદ થયું,[1] અન્યથા સધર્મક સર્વશક્તિમાન્ સરસ શૃંગારરસાત્મા મધુપતિના નિર્ધર્મકત્વના અને અકર્તૃત્વાદિના વિવર્તથી તો રસનિષ્પત્તિમાં જ વિપ્લવ થાય. સરોવરના સરિત્‌ના અને ગિરિના નૈકટ્યમાં વસતી ત્રિવિધા દેવતાના–શ્રીવનસુન્દરીના–ઉદ્બોધનાર્થ મધુપતિએ અસ્પષ્ટ વેણુકૂજન કર્યું, વેણુનાદ પણ કર્યો. અભીષ્ટકાર્યપરત્વે બોધકનું સ્થાપન તેજ ઉદ્બોધન, દેવતાનો પણ ઉદ્બોધ થાય તથાપિ સરસત્વરૂપસામગ્રીનો જ નાયકમાં અભાવ હોય તો ઉદ્બુદ્ધા પણ દેવતાની તત્ર રતિ સિદ્ધા ન થાય. આ અનુપપત્તિના પરિહારાર્થ ભગવાનને સરસ શૃંગારાત્મા મધુપતિ કથ્યા. કુસુમિત જે વનરાજિ[2] તેમણે કરીને જે મત્ત ભ્રમર અને વિહંગમ તેમના જે અવાન્તર જાતિભેદ તેમણે સેવ્યાં છે સરોવર સરિત્ અને ગિરિ યત્ર એવા વનને, અથવા તેમણે જુષ્ટ–સેવિત–સરોવરને સરિત્‌ને અને ગિરિને[3] જ, તે તે સ્થલે તે તે પ્રકારે લીલાકરણાર્થ અવગાહીને સરોવરસરિત્પર્વતસ્થા અર્થાત્ તત્ત્રયનિકટસ્થા એમ ત્રિવિધા શ્રીવનસુન્દરીના ઉદ્બોધનાર્થ કેવલશૃંગારરસાર્થ જ વેણુકૂજન કર્યું. આ સર્વ નિરૂપણ વિભાવાદિનું[4] થયું. મધુપતિના કૂજને કરીને રત્યાત્મક પ્રેમાત્મક શૃંગારરસનું ઉદ્બોધન–પ્રાદુર્ભાવ–સર્વથા ઉપપન્ન જ છે, કેવલ અને ધર્મસહિત એમ દ્વિવિધ શૃંગારરસમાં પણ અત્ર કૂજનનું કથન કેવલ[5] શૃઙ્ગારરસની જ નિષ્પત્તિને અર્થે

---

૧. અગ્રે प्रेमप्रवृद्धमुदितः શ્લોકમાં गौवैर्गोचारणं बलभद्रेण रक्षा અને ફલપ્રકરણીય પ્રથમાધ્યાયના પ્રથમ જ શ્લોકમાં यथा प्रमाणे रक्षायां बलभद्रोपयोगः એમ કથાશે.

૨. શ્રીસુબોધિનીજીમાં कुसुमिता ये वनराजयः એમ પુલ્લિંગવાચક ये કથીને ताभिः એમ સ્ત્રીલિંગનિર્દેશથી વનસ્થ વૃક્ષાદિનું સ્ત્રીત્વ ધ્વનિત કરીને ચિદ્રૂપત્વ કથ્યું.

૩. આ પક્ષમાં સમાહારદ્વન્દ્વથી એકવદ્ભાવ જાણવો.

૪. આ પારિભાષિક શબ્દનું સ્પષ્ટીકરણ અષ્ટમ શ્લોકમાં થશે.

૫. વિપ્રયોગશૃંગારરસ તે જ કેવલ શૃંગારરસ, જે નાટ્યમાં પ્રસિદ્ધ છે, ધર્મસહિત સર્વસામગ્રીયુક્ત સંયોગશૃંગારરસ તો સમ્ભોગદશામાં અનુભવાય છે.

કર્યું, ધર્મસહિત યાવદ્ગુણલીલાવિશિષ્ટ સ્વરૂપાનુભાવક તો કૂજન કાંઇ નથી પરન્તુ સુધાસંવલિત નાદ જ છે, જે बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं અથવા अक्षण्वतां फलमिदं न परं विदामः શ્લોકમાં વિશદ કથાશે. (૨.)

આ પ્રકારે પ્રથમ શ્લોકમાં ભગવત્કૃત વૃન્દાવનપ્રવેશનું અને દ્વિતીય શ્લોકમાં ભગવત્કૃત દેવતોદ્બોધનનું કથન કરીને શ્રીશુક તૃતીય શ્લોકમાં શ્રીવ્રજસુન્દરીકૃત ભગવદ્ગુણગાનનો વર્ણનારમ્ભ કથે છે. શ્રીવનસુન્દરીએ સહ ભગવત્કૃતરમણના અવસરમાં શ્રીવ્રજસુન્દરીનો પણ કામ અર્થાત્ અભિલાષ રતિ વા પ્રેમ ઉદ્બુદ્ધ થઇ ગયો, ઉદ્બુદ્ધ પ્રેમ જ આસક્તિ હોવાથી શ્રીવ્રજભક્તની પણ આસક્તિ પ્રકટા થઇ. પ્રભુએ વેણુકૂજનદ્વારા શ્રીવનસુન્દરીના શૃંગારરસનું મુખ્ય અને શ્રીવ્રજસુન્દરીના શૃંગારરસનું તો પ્રાસંગિક જ ઉદ્બોધન કર્યું. ભગવત્કૃત વેણુકૂજન કામિનીના કામનું ઉદ્બોધક છે, તેથી પ્રસંગવશાત્ કૂજનદ્વારા શ્રીવ્રજસુન્દરીની પણ ઉત્કણ્ઠા પ્રકટા થઈ. શબ્દથી કામને ઉદ્બુદ્ધ કરીને શ્રીવ્રજસુન્દરીએ પણ 'अन्तःप्रविष्टो भगवान्'કારિકોક્તપ્રકારવદ્ અન્તઃપ્રવિષ્ટ–નિજ હૃદયમાં વિરાજમાન–ભગવાનના વર્ણનદ્વારા શબ્દથી જ બહિરુદ્બોધનાર્થ જેમ ભગવાને વેણુનાદે કરીને વ્રજસ્રીનો ઉદ્બોધ કર્યો તેમ ગુણગાને કરીને વ્રજસ્રીઓએ ભગવાનનો ઉદ્બોધ કર્તવ્ય તેથી–ભગવાન્માં અને ભક્તમાં ઉભયત્ર શબ્દ જ ઉદ્બોધક છે તેથી–સ્વસમાન શીલવ્યસન નિજસખીજનના સમક્ષ ભગવદ્ગુણની વર્ણનાનો પ્રારમ્ભ કર્યો એ પ્રસંગ શ્રીશુક તૃતીય શ્લોકે કરીને કથે છે.

तद् व्रजस्त्रिय आश्रुत्य वेणुगीतं स्मरोदयम् ।
काश्चित् परोक्षं कृष्णस्य स्वसखीभ्योऽन्ववर्णयन् ॥ ३ ॥

अक्षरार्थ—વ્રજસ્રીઓએ તે સ્મરોદ્દીપક કૂજનનું અને વેણીગીતનું સમન્તાત્ આશ્રવણ કર્યા પછી કોઇકે કૃષ્ણના (ગુણનું) પરોક્ષમાં સ્વસખીજન પ્રતિ અનુવર્ણન કર્યું. ૩.

વ્યાખ્યાન—પ્રભુએ વૃન્દાવનમાં પ્રવેશ કરીને પ્રથમ અસ્પષ્ટ વેણુકૂજન કર્યું તદનન્તર વેણુદ્વારા લીલાવિશિષ્ટ સ્વરૂપનું સ્પષ્ટાર્થક રસનિરૂપક ગાન કર્યું, તે વૃન્દાવનીય આધિદૈવિક વેણુકૂજનનું અને તદનન્તર વેણુગીતનું પણ આશ્રવણ–સમન્તતઃ શ્રવણ–શ્રીગોપીજને કર્યું. વેણુનાદ આધિદૈવિક ન હોય તો વેણુનાદનું આશ્રવણ કેવલ વ્રજસ્થિત શ્રીગોપીજન જ કેમ કરે ? વેણુનાદનું આશ્રવણ કેવલ વ્રજસ્થ શ્રીગોપીજન જ કરી શક્યાં, ઇતર નહિ, તેથી વેણુનાદ આધિદૈવિક છે એમ સિદ્ધ થઈ રહે છે. ભગવાન્ જે જે કાર્ય કરે છે તે તે કાર્ય સપ્રયોજનક કરે છે, જીવવત્ વ્યર્થ નિષ્પ્રયોજનક પણ કાર્ય ભગવાન કરતા નથી. રમણાર્થ ભાવનું ઉદ્દીપન જ કૂજનનું પ્રયોજન હોવાથી જેમના પ્રતિ ભગવાનની રમણેચ્છા જ નથી તેઓ પણ તે શ્રવણ કરી લે ત્યારે તો તે ભગવત્કારિત શ્રવણ નિષ્પ્રયોજક–વ્યર્થ–થઈ જાય તેથી જીવવત્ તેવું નિષ્પ્રયોજનક વ્યર્થ શ્રવણ પ્રભુ કરાવતા જ નથી એ સિદ્ધાન્તનો જ અંગીકાર કરવો, 'શ્રવણ તો સર્વેએ જ કર્યું પરન્તુ રત્યાત્મક સ્થાયી ભાવ વ્રજસ્થ શ્રીગોપીજનને જ વિષે હોવાથી તેમના જ–અન્યના નહિ–ભાવનું ઉદ્દીપન થયું' એ દોષવત્ મતનો નિરાસ તો પૂર્વોક્ત સિદ્ધાન્તથી જ થઈ ગયો, કારણ કે સર્વજ્ઞ હોવાથી ભગવાનને વિષે જીવવત્ તેવી વ્યર્થા નિષ્પ્રયોજનિકા કૃતિ સંભવતી જ નથી, એટલું જ નહિ પરન્તુ વેણુનાદ શુષ્કનાદમાત્ર જ નથી, વસ્તુતઃ તો તે વેણુનાદ સુધાસંવલિત છે, વેણુનાદમાં સુધાની નિષ્ઠા છે, અન્યથા **'વેણુનાદનિષ્ઠા સુધા નિજ પ્રવેશમાત્રથી જ ભગવદીયત્વસમ્પાદન** કરે છે' એ ભગવદીયત્વ-સમ્પાદનરૂપ સુધાસ્વભાવની જ હાનિનો પ્રસંગ પ્રાપ્ત થઈ જાય, અર્થાત્ 'શ્રવણ તો સર્વેએ જ કર્યું પરન્તુ જેમને વિષે રત્યાત્મક સ્થાયી ભાવ છે તેમના જ ભાવનું ઉદ્દીપન થયું' આ પ્રકારના નિષ્પ્રયોજનક જીવતુલ્યતાપાદક પક્ષનો પરિત્યાગ કરીને નિજ પ્રવેશમાત્રથી જ વેણુનાદનિષ્ઠા સુધાનો ભગવદીયત્વસમ્પાદનરૂપ સ્વભાવ લક્ષમાં રક્ષીને સપ્રયોજનક ભગવદુત્કર્ષસમ્પાદક સિદ્ધાન્તનો જ સમાદર કરવો. જે સ્વામિનીભાવવાન્ ભક્તોને દૂરતઃ પણ શ્રવણ કરાવવાની નિજેચ્છા છે તેમને જ વિષે સપ્રયોજનક વેણુકૂજનના આશ્રવણની સિદ્ધિ સ્થાપી, અને જેમણે આશ્રવણ કર્યું તે સર્વના જ ભાવનું રમણાર્થ ઉદ્દીપન પણ થયું જ, ભાવોદ્દીપન પણ થયું જ, કારણ કે ભાવોદ્દીપન તો કૂજનનો સ્વભાવ જ છે. જીવકૃતિતઃ ભગવત્કૃતિનો આ પ્રકારે સનાતન ઉત્કર્ષ વેણુકૂજનનું આધિદૈવિકત્વ સંસિદ્ધ કરે છે. વેણુકૂજનના આશ્રવણાદિના ભગવદ્વિચારિત અધિકારી સ્વામિનીભાવે અંગીકૃત હોવાથી સુદૂરતઃ પણ સ્વરૂપનું દર્શન અને વેણુનિનાદનું શ્રવણાદિ પણ કરી શકે અને તેના અનધિકારી તો નિતાન્ત સામીપ્યમાં પણ દર્શનશ્રવણાદિ ન જ કરી શકે એ વૈલક્ષણ્ય સપ્રયોજનિકા ફલસમર્પિકા આધિદૈવિકતામાં

સર્વથા સૂપપન્ન હોવાથી તેનું સુનિપુણ નિરૂપણ ધન્યવાદાર્હ છે. ભગવત્કૃત ઉદ્દીપનવિભાવાત્મક વેણુકૂજનથી સર્વા લીલોપયોગિની વ્રજસીમન્તિનીપ્રભૃતિ દેવતાનો ઉદ્બોધ થયો તેમ સ્મરનો પણ થયો, કારણ કે આધિદૈવિક સ્મર પણ લીલોપયોગિત્વે દેવતા છે. 'ઉદય' 'ઉદ્બોધ' 'ઉત્થાન' એ સર્વ જ પદનો અર્થ 'અભીષ્ટકાર્યપરત્વે ઉદ્બોધકનું સ્થાપન' વા 'સ્વસ્વસેવાસમયને અવધારીને સેવાર્થ સાવધાનતા.' સ્વસ્વસેવાસમય પ્રાપ્ત થઈ ગયો એમ અવધારીને લીલોપયોગિશ્રીવ્રજસીમન્તિનીપ્રભૃતિ સર્વ સાવધાન થઈ ગયાં તેમ લીલાસામગ્રીમધ્યપાતી આધિદૈવિક સ્મર પણ તત્રત્ય ભક્તસમાજના માનાપનોદનાદિકાર્યાર્થ તે સમાજની માનસી ઉત્કણ્ઠાનું સમ્પાદન કરીને નિજ સેવાસમયમાં સાવધાન થઈ ગયો. નાદ ઉદ્દીપનવિભાવ છે, તેથી નાદથી સ્મરનો ઉદય યુક્ત છે. વેણુનાદશ્રવણકર્ત્રી શ્રીવ્રજસીમન્તિનીમાં પણ કોઇક તો સ્મરોદયે મૂર્છિતા થઈ ગયાં પરન્તુ પુનઃ ભગવદ્ગીતશ્રવણાનન્તર કૃપાથી કોઇકને અન્તઃસ્થિત ભગવાનનો આન્તર સમાગમ પણ પ્રાપ્ત થઈ ગયો. જેમને મૂર્છા પ્રાપ્ત થઈ ગઈ તેમને તો તત્ત્વાનવધારણરૂપ અજ્ઞાન[૧] જ રહ્યું અને તેથી તેમનાથી ભગવદ્ગુણવર્ણન ન જ થઈ શક્યું, પરન્તુ ગીતશ્રવણાનન્તર કૃપાવિશેષથી પણ જેમને પ્રભુનો આન્તર સંગ પ્રાપ્ત થઈ ગયો, તેમણે તાદૃશ સંગ પ્રાપ્ત કરીને કૃષ્ણના પરોક્ષમાં વિદ્યમાન સમાનશીલવ્યસન નિજસખીજનના સમક્ષ અનુવર્ણન—ભગવત્કૂજનાનન્તર જ વર્ણન—કર્યું. આ પ્રકારે વેણુગીતશ્રોત્રીઓમાં પણ મૂર્છિતા અને અનુવર્ણયિત્રી એમ ઉભયે રસપોષક જ ભેદ છે. વેણુકૂજનગીતશ્રવણાનન્તર મૂર્છા જ ન થતાં આન્તર ભગવત્સંગ પ્રાપ્ત થાય અને તાદૃશ ભગવત્સમાગમ પ્રાપ્ત કરીને કૃષ્ણના પરોક્ષમાં નિજ સમાનશીલવ્યસન સખીજનના સમક્ષ ભગવદુદ્બોધાર્થ અનુવર્ણન કરવું એ કૃપાવિશેષનું કાર્ય છે, તેથી સર્વા જ શ્રોત્રીએ અનુવર્ણનનો આરમ્ભ ન કર્યો, પરન્તુ શ્રોત્રીમાં પણ વિશિષ્ટકૃપાપાત્ર કોઇક જ વ્રજસીમન્તિનીએ अक्षण्वतां फलमिदं न परं विदामः ઇત્યાદિ ત્રયોદશ શ્લોકે કરીને અનુવર્ણનનો ઉપક્રમ કર્યો, અને એથી જ अक्षण्वतां શ્લોકના આભાસમાં 'અનુવર્ણન' પદ જ કથ્યું છે. અત્ર આ બોધયોગ્ય છે. શ્રીવ્રજસુન્દરીકૃત अक्षण्वतां फलमिदं न परं विदामः ઇત્યાદિ ત્રયોદશ શ્લોકે કરીને વર્ણન તૃતીય શ્લોકની સમાપ્તિમાં अन्ववर्णयन् પદે શ્રીશુકે કથ્યું, તદનન્તર તે તે શ્રીવ્રજસુન્દરીએ કયે પ્રકારે વર્ણન કર્યું એમ વર્ણનપ્રકારની જિજ્ઞાસા થતાં શ્રીશુકે ચતુર્થ तद् वर्णयितुमारब्धाः શ્લોકે આરમ્ભદશામાં સ્મરવેગકૃત પ્રતિબન્ધ કથ્યો. આ સ્મરવેગકૃત પ્રતિબન્ધની નિવૃત્તિ કરવાનું સામર્થ્ય નિતાન્તનિસ્સાધનશ્રીવ્રજસુન્દરીમાં નથી, તેથી बर्हापीडं नटवरवपुः कर्णयोःकर्णिकारं ઇત્યાદિપંચમશ્લોકોક્ત-ગુણલીલાવિશિષ્ટસ્વરૂપબલે તે પ્રતિબન્ધ નિવૃત્ત કરીને પ્રભુએ વેણુરવસુધાદ્વારા ભગવદ્ગુણનું વર્ણન કરવાની શક્તિનું દાન શ્રીવ્રજસીમન્તિનીને કર્યું. પંચમશ્લોકોક્ત बर्हापीडपદાર્થભૂત ઉદ્બુદ્ધશૃંગારરસસ્વરૂપ, नटवरवपुःપદાર્થરૂપ વિપ્રયોગશૃંગારરસાત્મ અને સંયોગશૃંગારરસાત્મ એમ દલદ્વયે વિશિષ્ટયે. कर्णयोःकर्णिकारंપદાર્થાત્મક શૃંગારરસમધ્યપાતી ઉચ્છલિતરસભાવે વિશિષ્ટ, वासः कनककपिशं પદતત્ત્વ ગોપ્યત્વે સમ્પાદિત શૃંગારરસતાક ગોપ્યરસે વિશિષ્ટ, वैजयन्तीं च मालाम् પદવાચ્ય ઉભયના—વૈજયન્તીના અને વનમાલાના—વૈશિષ્ટ્યે શૃંગારરસોપયોગિયાવદ્રસસમ્બન્ધિયશોદ્યોતક, અને रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् પદસ્વારસ્યભૂત સ્વીયભોગ્યત્વસૂચિત પરમનિગૂઢ પુષ્ટિમાર્ગૈકતત્ત્વ સ્ત્રીભાવ, અને તે સ્ત્રીભાવે સૂચિત ભક્તૈકવશ્ય શુદ્ધપુષ્ટિમાર્ગીયરસસ્વરૂપનું બોધન વેણુરવે કર્યું ત્યારે શ્રીવ્રજસીમન્તિનીજીમાં નાદનો પ્રવેશ શ્રોત્રદ્વારા થયો અને નાદનિષ્ઠ સુધાના સમ્બન્ધમાત્રથી તેમના દેહમાં ઇન્દ્રિયમાં પ્રાણમાં અન્તઃકરણમાં અને જીવમાં પણ પૂર્વોક્તપ્રકારક શુદ્ધપુષ્ટિમાર્ગીય રસાત્મક સ્વરૂપનો પરિપૂર્ણ પ્રાદુર્ભાવ થયો. આ સર્વ પંચમ શ્લોકમાં કથીને ગાનપ્રતિબન્ધનિવૃત્ત્યર્થ અલૌકિકસામર્થ્યદાનનું પ્રતિપાદન શ્રીશુકે કર્યું. પંચમ શ્લોકમાં वृन्दारण्यं प्राविशत् પદે કરીને શ્રીશુકે પ્રભુના વૃન્દાવનપ્રવેશનું કથન કર્યું તત્ર પણ 'વૃન્દાવન'પદે શ્રીવ્રજસીમન્તિનીજીનાં હૃદયનો બોધ થઈ રહે છે, કારણ કે એમનાં હૃદય વૃન્દાવનૈકસ્વરૂપ છે, અને वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिं શ્લોકના વ્યાખ્યાનમાં વૃન્દાવનનું યથાર્થ સ્વરૂપ તે જ પ્રકારે વિશેષતઃ પણ આલેખાશે. આ પ્રકારે સુધાસંવલિત-વેણુનાદદ્વારા શુદ્ધપુષ્ટિમાર્ગીયરસાત્મકભગવત્સ્વરૂપનો પ્રવેશ નિતાન્તનિસ્સાધનશ્રીવ્રજસીમન્તિનીજીનાં હૃદયમાં થયો તદનન્તર તે વેણુનાદનિષ્ઠ સુધાના પ્રતિક્ષણ વર્ધમાન અતિરેકથી ગલનરૂપ—ઉદ્ગારરૂપ—વર્ણન થયું. इतिवेणुरवं राजन् શ્લોકમાં વેણુરવના આ સર્વ પ્રકારનું કથન શ્રીશુકે કર્યું. આ પ્રકારના સમન્વયથી સિદ્ધ થઈ રહે છે કે स्वसखीभ्योन्ववर्णयन्માં જે અનુવર્ણન શ્રીશુકે કથ્યું તે અનુવર્ણનના પ્રકારની જિજ્ઞાસા થતાં ચતુર્થ तद् वर्णयितुमारब्धाः શ્લોકમાં વર્ણનારમ્ભમાં પ્રતિબન્ધનું કથન કરીને પંચમ बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं શ્લોકમાં

૧. મૂર્છા રસાન્તઃપાતી વ્યભિચારિભાવ છે, તેથી રસમધ્યપાતિ મૂર્છાજન્ય તત્ત્વાનવધારણરૂપ અજ્ઞાન પણ સરસ જ છે.

નિતાન્તનિસ્સાધન વ્રજભક્તના પ્રતિબન્ધની નિવૃત્તિપૂર્વક વર્ણનશક્તિહેતુનું–ગુણલીલાવિશિષ્ટ ઉદ્બુદ્ધશૃંગારરસરૂપ સ્વરૂપાત્મક વેણુનાદનું–વર્ણન કરીને પદ્યશ્લોકસ્થ इतिवेणुरवं પદે કરીને અનુવર્ણનનું પૂર્વોક્ત જ સમર્થન શ્રીશુકે કર્યું. (૩)

આ પ્રકારે તૃતીય શ્લોકમાં સ્મરોદ્દીપક વેણુગીતનું વ્રજસ્ત્રીકૃત આશ્રવણ અને વ્રજસ્ત્રીમાં પણ કોઇકનો જ વર્ણનારમ્ભ કથીને તેમનો પણ પુનઃ કામોદ્બોધ થયો તેથી વિશેષતઃ વર્ણનની શક્તિ ન રહી. મૂર્છિતા વ્રજસ્ત્રીને તો પ્રથમથી જ અશક્તિ હતી પરન્તુ કૃપાવિશેષતઃ જેમને મૂર્છા ન થતાં આન્તર ભગવત્સંગ પ્રાપ્ત થયો હતો અને તાદશ સંગ પ્રાપ્ત કરીને જેમણે અનુવર્ણનનો પ્રારમ્ભ કર્યો તેમને પણ[1] ભગવલ્લીલાના સ્મરણથી પુનઃ કામનો ઉદ્બોધ થયો, ભગવાનના વેણુકૂજનથી અને વેણુગીતથી કામનો પ્રથમ ઉદ્બોધ તો આરમ્ભમાં જ થયો હતો તેમાં પણ કૃષ્ણલીલાની વર્ણનાર્થકૃતા સ્મૃતિથી પુનઃ વિશેષતઃ કામનો ઉદ્બોધ થયો, અને તેથી તેમની પણ વિશેષતઃ વર્ણનની શક્તિ ન રહી એ પ્રસંગ શ્રીશુક ચતુર્થ શ્લોકમાં કથે છે.

तद् वर्णयितुमारब्धाः स्मरन्त्यः कृष्णचेष्टितम् ।
नाशकन् स्मरवेगेन विक्षिप्तमनसो नृप ॥ ४ ॥

अक्षरार्थ—તેનું વર્ણન કરવાનો આરમ્ભ કર્યો, હે નૃપ, કૃષ્ણની લીલાને સ્મરતાં સ્મરવેગે તેમનાં મન વિક્ષિપ્ત થઈ ગયાં, વર્ણન ન કરી શક્યાં. ૪

व्याख्यान—લીલામાં તે સ્વાનુભૂત ભગવત્સ્વરૂપનું અથવા[2] વેણુગીત ભગવત્સ્વરૂપનું વર્ણન–કાર્યતઃ કારણતઃ ફલતઃ અને સ્વરૂપતઃ એમ ચતુર્ધા નિરૂપણ–કરવાનો આરમ્ભ કર્યો તત્ર મધ્યમાં વર્ણનાર્થ કૃષ્ણની લીલાનું સ્મરણ કર્યું, તે સ્મરણથી સ્મરનું ઉદ્દીપન થયું, સ્મરણોદ્દીપ્ત સ્મરથી ચિત્તચાંચલ્યરૂપ વેગ પ્રકટ થયો, અને તે વેગથી વર્ણનકર્ત્રીનાં મન વિક્ષિપ્ત થઈ ગયાં. શ્રીવ્રજસીમન્તિનીજીએ લીલામાં અનુભૂત ભગવત્સ્વરૂપનું અથવા[2] શ્રીવનસુન્દરીએ સહ લીલાકર્તૃ અને પ્રભુએ જ શ્રીવ્રજસીમન્તિન્યુદ્બોધકત્વે વેણુને વિષે ગીત ભગવત્સ્વરૂપનું અથવા પ્રસ્તુતવેણુગીતાત્મક જ ભગવત્સ્વરૂપનું વર્ણન-આશ્લેષાદિરૂપ કાર્યતઃ ભગવદ્ભાવોદ્બોધરૂપ કારણતઃ સ્વરૂપાનન્દસ્થાપનરૂપ ફલતઃ અને વિવૃતાવયવત્વાદિસ્વરૂપતઃ એ પ્રકારે ચતુર્ધા નિરૂપણ–કરવાનો ઉપક્રમ કર્યો. તત્ર મધ્યમાં વર્ણનાર્થ કૃષ્ણની લીલાનું સ્મરણ થયું, તે સ્મરણરૂપ વ્યાપારથી જ કાર્યસ્મૃતિનું અથવા સ્મરનું જ ઉદ્દીપન થયું. સ્મરણરૂપ વ્યાપારે કરીને ઉદ્દીપ્ત સ્મૃતિથી વા સ્મરથી ચિત્તચાંચલ્યસ્વરૂપ વેગ પ્રકટ થયો, અને તે વેગથી વર્ણનકર્ત્રી શ્રીવ્રજસીમન્તિજીનાં મન વિક્ષિપ્ત થઈ ગયાં કાર્યતઃ કારણતઃ ફલતઃ અને સ્વરૂપતઃ એમ ચતુર્ધા વેણુગીતવર્ણનના ઉપક્રમમાં પ્રતિબન્ધ થયો, તથાપિ પૂર્વોક્ત પ્રકારે જ્યારે તે પ્રતિબન્ધ નિવૃત્ત થઈ ગયો ત્યારે ચતુર્ધા વેણુગીતવર્ણન થયું જ. ઉક્ત ચતુર્ધા વર્ણનમાં वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिम् ઇત્યાદિ શ્લોકોમાં કાર્યતઃ વેણુગીતનું નિરૂપણ છે, अक्षण्वतां फलमिदं न परं विदामः ઇત્યાદિ શ્લોકમાં કારણતઃ વેણુગીતનું નિરૂપણ છે, કારણ કે વેણુગીતનું કારણ ભગવન્મુખારવિન્દ છે અને તે ભગવન્મુખારવિન્દનું નિરૂપણ એ શ્લોકમાં છે, गोप्यः किमाचरदयं कुशलं स्म वेणुः શ્લોકમાં સ્વરૂપતઃ વેણુગીતનું નિરૂપણ છે, અને गा गोपकैरनुवनं नयतोः શ્લોકમાં સ્વરૂપતઃ વેણુગીતનું નિરૂપણ છે. સ્મરવેગે ચિત્તચાંચલ્યવશાત્ શ્રીગોપીજન આ પ્રકારે વિક્ષિપ્તમના થઈ ગયાં, હે નૃપ ! હે પરીક્ષિત્ ! તું તો ધર્મવાન્ છે, જિતેન્દ્રિય છે, ધીર છે, એતદ્રસાનભિજ્ઞ છે. (૪)

શ્રીગોપીજનથી જે વર્ણન ન થઈ શક્યું તે વર્ણન શ્રીગોપીજનની વર્ણનાશક્તિ જણાવવાને શ્રીશુક સ્વયં જ પઞ્ચમ શ્લોકમાં કરે છે.

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद् वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै—
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥ ५ ॥

अक्षरार्थ—બર્હાપીડ નટવરવપુને કર્ણને વિષે કર્ણિકારને કનકકપિશ વસ્ત્રને વૈજયન્તી માલાને ધરતાં અધરસુધાએ વેણુરન્ધ્રને પૂરતાં અને ગોપવૃન્દે ગીતકીર્તિ સ્વરૂપે સ્વપદરમણ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો. ૫

---

૧ પૂર્વમૂર્છિતા તો વર્ણનાશક્તા હતાં જ. ૨. અત્ર લેખકાર वा ને સ્થલે च વાચે છે.

असङ्गति. *અત્ર આ પ્રકારે શઙ્કા ઉદ્ભવે છે. આ પઞ્ચમ बर्हापीडं नटवरवपुः कर्णयोःकर्णिकारं શ્લોકનો સમ્બન્ધ જ પૂર્વ તેમ જ ઉત્તર શ્લોકે સહ નથી, પૂર્વ ચતુર્થ શ્લોકમાં वर्णयितु नाशकन्‌થી શ્રીગોપીજનની વર્ણનાશકિત કથીને પ્રસ્તુત પઞ્ચમ શ્લોકમાં वृन्दावनं प्राविशत्‌થી વૃન્દાવનપ્રવેશ કથીને અગ્રિમ ષષ્ઠ શ્લોકમાં इतिवेणुरवं श्रुत्वा वर्णयन्त्योभिरेभिरेथી વેણુરવનું શ્રવણ કરીને વર્ણનનો અભિરમ્ભ–આરમ્ભ–કર્યો એમ શ્રીશુક કથે છે, અત્ર મધ્યશ્લોકોકત વૃન્દાવનપ્રવેશ નથી પૂર્વશ્લોકોક્ત વર્ણનાશકિતનું કાર્ય કે નથી ઉત્તરશ્લોકોકત વર્ણનાભિરમ્ભનું કારણ, તેથી મધ્યમાં આ પઞ્ચમ અસમ્બદ્ધ અનન્વિત શ્લોકની સ્પષ્ટા જ કાર્યકારણાભાવરૂપા અસંગતિ છે. અથવા, જો સ્મરવેગ અને તત્કારણ કૃષ્ણચેષ્ટિતસ્મરણ જ વર્ણનાશકિતમાં હેતુભૂત છે ત્યારે તો તે સ્મરણ પઞ્ચમ શ્લોકથી અગ્રે પણ આવશ્યક હોવાથી વિદ્યમાન જ છે, તેથી ચતુર્થ શ્લોક્ત કૃષ્ણચેષ્ટિતે સ્મરણથી કૃષ્ણવિષયક સ્મરવેગે વર્ણનાશકિત તો પઞ્ચમશ્લોકાનન્તર અગ્રે પણ છે જ તથાપિ શ્રીસ્વામિનાજી વર્ણન કરી શકયાં એમ પણ આ શ્લોકની સ્પષ્ટા જ બાધાત્મિકા અસઙ્ગતિ છે.

समाधि. • ઉકતા અસઙ્ગતિના સમાધિનો પ્રકાર આ છે. આ અધ્યાયના પ્રથમ શ્લોકમાં न्यविशत् પદથી પ્રવેશમાત્ર કથ્યો પરન્તુ પ્રવેશાનન્તર ઈપ્સિતતમ કર્મનું અથવા ભગવત્કૃત જ કર્મનું–લીલાનું–કથન નથી, તેથી न्यविशत्‌ના કર્મનિશ્ચાયકત્વે આ પ્રકૃત પઞ્ચમ શ્લોકની સંગતિ છે. દ્વિતીય શ્લોકમાં चुकूज वेणुम्‌પદથી વેણુકૂજનનું કથન થયું, તદનન્તર તૃતીય શ્લોકમાં तद् व्रजस्त्रिय आश्रुत्य પદથી શ્રીવ્રજજને તે કૂજનનું શ્રવણ કર્યું એમ અનુવાદ થયો તેથી કૂજનના જ સ્વભાવમાત્રથી શ્રીગોપીજનના ભાવનું ઉદ્દીપન થઈ ગયું એમ પ્રાપ્ત થાય છે, તદનન્તર અગ્રિમ વર્ણનાદિકાર્યાર્થે પ્રિયતમે લીલાવિશિષ્ટસ્વરૂપનું વેણુદ્વારા કૂજનાતિરિકત જે ગાન કર્યું તે ગાનનું પણ આશ્રવણ શ્રીગોપીજને કર્યું એમ તૃતીયશ્લોકોકત वेणुगीतम् પદથી સ્પષ્ટ જણાય છે તેથી તૃતીયશ્લોકસ્થ आश्रुत्य પદની શ્રોતવ્ય કૂજનના અને વેણુગીતના ભેદથી અર્થાદ્ જ આવૃત્તિ જાણવી, કૂજનનો અને નાદનો આ ભેદ જ आश्रुत्यપદની આવૃત્તિમાં બીજ છે. તેથી શ્રીગોપીજને પ્રથમ પ્રિયતમકૃત કૂજનનું આશ્રવણ કર્યું અને તદનન્તર સ્મરોદય વેણુગીતનું પણ આશ્રવણ કર્યું એમ ફલિત થઈ રહે છે, દ્વિતીય શ્લોકમાં તો जगौ પદ નથી, કેવલ चुकूज પદ જ છે તથાપિ તૃતીય શ્લોકમાં आश्रुत्य वेणुगीतम् પદમાં गीतम् પદ કેમ કથ્યું એ શઙ્કાનો પણ પરિહાર आश्रुत्य પદની આવૃત્તિથી થઈ જાય છે. તૃતીય શ્લોકમાં तत् પદે પૂર્વશ્લોકસ્થ કૂજનનો અનુવાદ કરીને તદનન્તર आश्रुत्य वेणुगीतं स्मरोदयम् એમ વિશેષ કથ્યો તેથી ભગવત્કૃતા દ્વિતીયા ગાનક્રિયા પણ અર્થાપત્તિથી આક્ષિપ્તા જ થઈ રહે છે. પ્રથમ કૂજનક્રિયાથી જે સ્મરોદય થયો તે તો પ્રાસઙ્ગિકમાત્ર છે, પરન્તુ દ્વિતીયા ગાનક્રિયાથી જે સ્મરોદય થયો તે તો વસ્તુતઃ વિશિષ્ટ ઉદ્દેશ જ છે, પ્રસઙ્ગતઃ વેણુકૂજનાનન્તર 'સ્મરોદય થાય' એમ ઉદ્દેશપૂર્વક જ પ્રિયતમે આ દ્વિતીયા ગાનક્રિયા આચરી છે, કૂજનથી ગીત ભિન્ન છે, ગીત તો સ્પષ્ટાર્થક અને રસનિરૂપક હોય છે, તેથી–કૂજન અને ગીત ભિન્ન હોવાથી–ગીતાશ્રવણે લીલાવિશિષ્ટ સ્વરૂપનો શાબ્દ અનુભવ હૃદયમાં થયો, અને તેથી જ ગીતશ્રવણજન્ય લીલાવિશિષ્ટસ્વરૂપના શાબ્દાનુભવાનન્તર પ્રિયતમના ચેષ્ટિતના અનુભવથી કૃષ્ણચેષ્ટિતનું સ્મરણ થયું એમ કથ્યું, કારણ કે સ્મરણકાલે કાંઇ અપરોક્ષ અનુભવ ન હતો, પ્રિયતમચેષ્ટિતસ્મરણાનન્તર શ્રીગોપીજન તાદશ સ્વરૂપ વિના રહી જ ન શકયાં, તેથી તદ્ભાવના સ્વભાવથી જ તે ચેષ્ટિતનું અનુવર્ણન તેમણે આરમ્ભ્યું એમ તૃતીય શ્લોકની સમાપ્તમાં કથ્યું. ગુણલીલાવિશિષ્ટ સ્વરૂપનો સર્વાંશે અનુભવ થાય ત્યારે જ આ વર્ણન થઈ શકે, પરન્તુ પ્રકૃત પ્રસઙ્ગમાં તો પ્રિયતમે જે ગાનક્રિયા કરી તે સ્મરોદયને જ ઉદ્દેશીને કરી હતી તેથી, પ્રિયતમે શાબ્દ અનુભવ કરાવ્યો તે અપરોક્ષાનુભૂત્યર્થ નહિ પરન્તુ માત્ર સ્મરણસિદ્ધ્યર્થ જ હતો તેથી, શ્રીગોપીજનને સર્વાત્માએ–સર્વાંશે–પ્રિયતમનો સ્વરૂપાનુભવ ન થયો, અને તેથી જ તેમને વર્ણનાશકિત પ્રાપ્ત થઈ[1]. શ્રીગોપીજનની વર્ણનશકિત જ ન રહી ત્યારે ચિકીર્ષિતા લીલા પણ સિદ્ધા થઈ શકશે નહિ એમ જોઈને પ્રભુએ એવા તો અપૂર્વ નાદનું પ્રાકટ્ય કર્યું કે જે નાદના શ્રવણે કરીને ગુણલીલાવિશિષ્ટ ઉદ્બુદ્ધરસાત્મકસ્વરૂપનો સર્વેન્દ્રિયમાં[2] પ્રાણમાં અન્તઃકરણમાં અને જીવમાં પણ પૂર્ણ

---

* આ પ્રકારનાં ચિહ્નદ્વયના મધ્યનો ભાગ શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયે શ્રીગુસાંઇજીના સ્વતન્ત્ર લેખદ્વયને અનુસરે છે.

૧. અત્રપર્યન્ત ચતુર્થશ્લોકોક્તા વર્ણનાશકિત વિશદ કરી.

૨. આન્તર રમણમાં પ્રભુપ્રાદુર્ભાવ દેહમાં ન હોવાથી અત્ર દેહનું કથન નથી.

પ્રાદુર્ભાવ થયો, ત્યારે શ્રીગોપીજન તદ્વર્ણન અને અભિતઃ રમણ પણ કરી શકયાં. પ્રકાર એમ હોવાથી શ્રીશુકે પ્રથમ ચતુર્થ શ્લોકમાં વર્ણનાશક્તિ કથી, પ્રકૃત મધ્ય પઞ્ચમ શ્લોકમાં વર્ણનશકિતનું કારણ કથ્યું, અને અગ્રિમ ષષ્ઠ શ્લોકમાં इतिवेणुरवंપદને इतिવિશેષણ સમર્પીને આ નવ્ય પઞ્ચમશ્લોકોકત વેણુરવ કાંઇ પૂર્વવત્ કેવલ જ વેણુરવ નથી પરન્તુ સ્વરૂપાત્મક છે એમ સિદ્ધ કરીને વેણુરવનું પૂર્વ કૂજનનાદથી વૈશિષ્ટ્ય પ્રકટ કર્યું. પ્રથમનો વેણુનાદ આવો ન હતો તેથી શ્રીગોપીજન તે વેણુનાદનું શ્રવણ કરીને વર્ણન કરી શકયાં નહિ, પરન્તુ આ वर्हापीडશ્લોકોકત વેણુરવનું શ્રવણ કરીને તો વર્ણન અને અભિતઃ રમણ પણ કરી શકયાં, તેથી આ શ્લોકની સંગતિ નિષ્પ્રત્યૂહા સિદ્ધા થઈ, અર્થાદ્ આ અધ્યાયના પ્રથમ શ્લોકમાં પ્રવેશમાત્રનું જ કથન છે વિશેષતઃ કર્મનું કથન નથી, તેથી કર્મનિશ્ચયાત્મક આ પંચમ શ્લોક સુસંગત જ છે. પરંતુ પ્રથમ વેણુકૂજન તદનન્તર કેવલ વેણુનાદ અને સર્વાન્તે ગુણલીલાવિશિષ્ટ ઉદબુદ્ધરસાત્મકસ્વરૂપનો સર્વેન્દ્રિયાદિમાં આવિર્ભાવક વેણુરવ આ પ્રકારનો ક્રમ પ્રભુએ શા ઉદ્દેશે આદર્યો? તારતમ્યે કૂજનના ગીતના અને રવના વિવિધ રસના ક્રમિક આવિર્ભાવથી મહાન્ રસ નિષ્પન્ન થાય છે તેથી પ્રભુએ આ પ્રકારે ક્રમ આદરીને આ આસ્વાદ્ય રસની દુર્લભતા જણાવી દીધી. પરમકાષ્ઠાપન્ન સ્વતન્ત્ર મહાફલની દિત્સાથી[1] જ પ્રભુએ આ સર્વ કર્યું, અન્યથા[2] શક્રશર્વાદિને[3] અજ્ઞાન થયું ત્યારે જેમ તેમની ઉપેક્ષા કરી તેમ અત્ર પણ ઉપેક્ષા જ થાત. આ પ્રસંગમાં અન્ય વકતવ્યવિશેષ અગ્રિમ વ્યાખ્યાનમાં જ વિશદ થશે. પંચમ શ્લોકની સંગતિમાં બીજનો આવિષ્કાર આ સ્વતન્ત્ર લેખનું પ્રયોજન છે.

प्रकारान्तर.

અત્રપર્યન્તની અસંગતિ અને તત્સમાધાન स्मरवेगेन પદમાં स्मरનો અર્થ 'કામ' માનીને કર્યું, પરન્તુ તેમ માની લેવાથી આ વર્ણન સર્વાત્મભાવવતી શ્રીસ્વામિનીજીકૃત[4] નથી એમ શંકા રહી જાય તેથી હવે સ્મરનો અર્થ 'સ્મરણ' જ કરવામાં આવે છે, અધિકારિભેદે ઉભયે અર્થ ગ્રાહ્ય જ છે. સ્મરનું–ભાવનું–ઉદ્દીપન કરવું એટલો જ કૂજનનો–અને કેવલ વેણુગીતનો પણ, કારણ કે કૂજનને અને કેવલ વેણુગીતને એમ ઉભયને જ 'સ્મરોદય' પદ મૂલમાં સમર્પ્યું છે–ધર્મ સ્મરોદય હોવાથી ભાવોદ્દીપકમાત્રથી જ– નહિ કે ઇન્દ્રિયાદિને વિષે वर्हापीडશ્લોકોક્ત સ્વરૂપાવિર્ભાવથી–ભાવોદ્દીપન વર્ણનોપક્રમ થતાં જ સ્મરવેગજન્ય ચિત્તચાંચલ્યજનિત ચિત્તવિક્ષેપ પ્રતિબન્ધ કથ્યો, અને વર્ણનાશક્તિનું અને સ્મરવેગનું–સ્મરકૃત ચિત્તચાંચલ્યનું–પણ કારણ કૃષ્ણચેષ્ટિતસ્મરણ છે એમ શ્રીશુકે કથ્યું. હવે 'અગ્રે પણ સ્મરવેગ અને તદ્ધેતુભૂત ભગવત્સ્મરણ તો આવશ્યક હોઇને સાર્વદિક જ છે તેથી પૂર્વવત્ અગ્રિમ પણ વર્ણન નહિ જ થઈ શકે' આ શંકાનો પરિહાર કરીને અગ્રિમ વર્ણનમાં ઉપપત્તિ[5] પણ શ્રીશુક આ એક પંચમ શ્લોકે કરીને કથે છે. અત્ર આમ જાણવું શ્રીસામોપનિષદ્‌માં 'સ્મર આકાશથી ભૂયઃ–ઉત્કૃષ્ટ[6] છે, તેથી યદ્યપિ બહુ બેસે તથાપિ સ્મર વિના કોઇનું શ્રવણ ન કરી શકે, મનન ન કરી શકે, વિજ્ઞાન ન કરી શકે, જ્યારે તેઓ સ્મરે ત્યારે શ્રવણ કરી શકે' ઇત્યાદિમાં स्मरનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ જેમ 'સ્મરણ' થાય છે, તેમ તૃતીય શ્લોકમાં स्मरवेगेन પદમાં स्मरનો અર્થ 'સ્મરણ' જ થાય છે, કારણ કે પ્રકૃત પ્રસંગમાં પણ ભગવદ્ભોગ્યસુધાભોગયોગ્યતાસિદ્ધિરૂપ અગ્રિમપ્રયોજનાર્થે શ્રીસ્વામિનીજીનાં મુખારવિન્દને વિષે નિજ અધરસુધાનો સમ્બન્ધ પ્રભુએ અવશ્ય કરાવવાનો જ છે આ સુધસમ્બન્ધ કેવલ વર્ણને કરીને જ થઈ શકે, અને વર્ણન તો સુધાસંવલિત નાદના અન્તઃપ્રવેશ વિના થઈ શકે નહિ, નાદનો અન્તઃપ્રવેશ પણ થઈ જાય તથાપિ પૂર્વવત્ કૃષ્ણચેષ્ટિતસ્મરણ થતાં તે વર્ણન જ સમ્ભવે નહિ, તેથી નદીવેગવત્ સ્મરવેગ અન્યાપ્રતિબન્ધ્ય છે એમ જણાવવાને જ स्मरवेगेन પદ કથ્યું, અન્યથા 'કૃષ્ણચેષ્ટિતને સ્મરતાં વર્ણન ન કરી શકયાં' એટલાથી જ ચારિતાર્થ્ય હોવાથી શ્રીશુક स्मरवेगेन પદ જ ન કથત, તેથી નાદપ્રાધાન્યે જ નાદનું સ્મરણ અને નાદના હેતુમાત્ર પ્રભુ છે તેથી જ નાદહેતુત્વમાત્રે પ્રભુનું પણ સ્મરણ થાય–પરન્તુ પ્રભુપ્રાધાન્યે નહિ–ત્યારે જ સર્વસમ્પત્તિ સિદ્ધા થાય એમ પ્રભુએ સ્વયં વિચારીને પ્રથમ જ તાદશ નાદપ્રધાન નાદપ્રાકટ્ય ન કર્યું, તથાપિ જ્યારે

---

૧. દાન કરવાની ઇચ્છાથી. ૨. નહિ તો.

૩. પુષ્ટિસ્થપ્રભૂપેક્ષિત અત એવ પુષ્ટિલીલાબાહ્ય શર્વાદિને રસાત્મક પુષ્ટિમાર્ગના આચાર્ય માનવાની બુદ્ધિ પણ તાદશની જ થાય, ભગવત્કૃપાપાત્રની તો કદાપિ ન જ થાય.

૪. શ્રીગુસાંઇજી સર્વ જ ભગવદંગસંગિશ્રીગોપીજનના અર્થમાં આ પદ પ્રયોજે છે.

૫. યુક્તિ.

૬. કારણ કે સ્મર આકાશનિયામક અને અભ્યધિક છે, भूयान्પદમાં છાન્દસ વિભક્તિલોપથી આ પદ સિદ્ધ થયું જાણવું.

પ્રભુએ વર્ણનાશક્તિ દેખી ત્યારે જ ઉક્તકાર્યાર્થે ઉદ્બુદ્ધપૂર્ણશૃંગારરસાત્મક ઉદ્બોધકાચ્છાદકવિક્ષેપશક્તિમાન્ અત એવ અખિલાંગયુક્ત પણ સ્વરૂપનો અનુભવ[1]–સ્મરણ નહિ જ–અનુભૂયમાન[2] નાદમાં જ, પૃથક્[3] નહિ, થઈ જાય, એવો નાદ પ્રકટ કરીને શુદ્ધિપુષ્ટિસ્થાન વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, અને પુષ્ટિમાર્ગાંગીકાર પણ પ્રકટ કર્યો. અનુભૂયમાન નાદને જ વિષે પૃથક્ નહિ, સ્વરૂપનો અનુભવ જ થયો, સ્મરણ નહિ, ભગવદ્વિયુક્તા ભગવદ્વિરહિણી ગાનકર્ત્રી દૂર વ્રજમાં છે, તેથી અત્ર તો જે સ્વરૂપાનુભવ થયો તે પણ નાદદ્વારા જ થયો એમ જાણવું. આ પ્રકારનો સ્વરૂપાત્મક નાદ પ્રકટ કરીને શુદ્ધપુષ્ટિસ્થાનમાં પ્રવેશ કરીને પુષ્ટિમાર્ગાંગીકાર પ્રકટ કરે ત્યારે જ અંશાવતારવત્ સત્ત્વગુણના વ્યવધાનસહિત નહિ પરન્તુ સાક્ષાત્ સંભોગ શ્રીસ્વામિનીજીને વિષે સમ્ભવે જ એ યુક્ત છે, અન્યથા[4] અત્રપર્યન્તની સર્વા જ ભગવત્કૃતિ નિષ્પ્રયોજનિકા થઈ જાય. જેમ વૃન્દાનો અંગીકાર કરીને દુષ્ટનું નિવારણ કર્યું તેમ શ્રીસ્વામિનીજીના અંગીકારથી[5] પણ પ્રભુ કીર્તિદ્વારા સર્વ જ વિશ્વનો દોષ દૂર કરશે તેથી આ પ્રકારે આ લીલા નિર્દુષ્ટા પણ છે એમ જણાવવાને गीतकीर्तिः વિશેષણ આ શ્લોકને અન્તે છે. આ પ્રકારે અનુભવથી સ્મરણ નિવૃત્ત થઈ ગયું, તેથી–સ્મરણ નહિ પરન્તુ અનુભવ જ હોવાથી–નિષ્પ્રત્યૂહ સ્વવર્ણન થઈ શક્યું, અને તેથી પૂર્વે ચતુર્થશ્લોકમાં વર્ણનાશક્તિ કથીને આ મધ્ય પંચમ શ્લોકમાં વર્ણનસાધનનું નિરૂપણ કરીને અગ્રિમ ષષ્ઠશ્લોકમાં વર્ણન કથ્યું, આથી આ પંચમ શ્લોકમાં વેણુરવના સ્વરૂપનું જ વર્ણન થાય છે. અને તેથી જ इतिवेणुरवम् એમ અગ્રિમ ષષ્ઠશ્લોકમાં કથ્યું, તેથી પૂર્વેના કૂજનાદિથી આ વેણુરવના સ્વરૂપની વિલક્ષણતા જણાવી. પ્રથમ અશક્તિજનક ભાવોત્પાદક કૂજનનાદમાં તો પ્રાધાન્યે પ્રભુનો જ આન્તર અનુભવ થયો હતો અને નાદનો અનુભવ તો માત્ર ગૌણતાએ જ થયો હતો તેથી તત્ર તો 'સ્મરોદય' પણ થયો હતો. અને આ વર્ણનીય દ્વૈતીયીક અનુભાવક રવમાં તો યદ્યપિ સર્વત્ર જ પ્રભુનો આવિર્ભાવ છે તથાપિ પૂર્વવત્ નાદની ગૌણતા નથી પરન્તુ પ્રધાનતા છે, આ પ્રકારે પ્રથમ નાદથી વિલક્ષણ રવનો સ્વરૂપતઃપરિચય આ દ્વિતીય સ્વતન્ત્ર લેખનું પ્રયોજન છે.*

व्याख्यान—વૃન્દાવનપ્રવેશ તો આદ્ય શ્લોકથી જ પ્રાપ્ત થયો છે અને અત્ર તેનો અનુવાદ છે, તેથી

वाक्यार्थ. સ્વરૂપમાત્ર જ વાક્યાર્થ નથી, પરન્તુ શ્રીગોપીજને વર્ણનીય સ્વરૂપે અને લીલાએ પણ સહિત વેણુરવ અત્ર 'बर्हापीड' શ્લોકમાં મુખ્યતઃ વાક્યાર્થ છે. આદ્ય શ્લોકે વૃન્દાવનપ્રવેશ પ્રાપ્ત જ હોવાથી તેના અનુવાદે આ–વર્ણનીય વેણુરવ–જ વાક્યાર્થ છે. વેણુરવ વાક્યાર્થ હોવાથી વેણુરવે પ્રતિપાદ્ય સ્વરૂપ વેણુનાદ અને ક્રીડા પણ પ્રતિપાદ્ય થાય, સ્વરૂપ વેણુનાદ અને ક્રીડા એ ત્રયેનું વર્ણન–પ્રતિપાદન–થાય, અને એ ત્રયેના પરસ્પર સમ્બન્ધમાં પ્રકારવિશેષનું પણ વર્ણન થાય, વેણુનાદ વાચક છે, રૂપ અને ક્રીડા તદ્વાચ્ય છે, નાદનો અને રૂપક્રીડાનો આ પ્રકારે વાચ્યવાચકસમ્બન્ધ છે, તેથી નાદમાં વાચ્યતાસમ્બન્ધે કરીને રૂપ અને ક્રીડા ઉભયે છે. અને તેથી પણ નાદવાચ્ય રૂપનો અને ક્રીડાનો પણ પરસ્પર સામાનાધિકરણ્યરૂપ સમ્બન્ધ સિદ્ધ થાય છે. નાદે સહિત રૂપનો અને ક્રીડાનો પણ અત્ર અનુભવ કથ્યો તેથી અનુભૂયમાનત્વે નાદ રૂપ અને ક્રીડા એ ત્રયેનો પણ પરસ્પર સામાનાધિકરણ્યરૂપ સમ્બન્ધ અર્થાત્ તે ત્રયેનું વેણ્વાધારત્વ પણ સિદ્ધ થઈ રહે છે. આવા વપુને ધરતાં–બહિઃ પ્રકટ કરતાં–વેણુના રન્ધ્રને પૂરતાં વૃન્દાવનમાં પ્રવેશ કર્યો એમ શ્લોકનો સમ્બન્ધ છે, આથી સ્વરૂપનું ગુણનું અને ક્રીડાનું કથન પણ ક્રમશઃ જ થયું 'વપુને બહિઃ પ્રકટ કરતાં' એ વિભાગથી સ્વરૂપનું 'વેણુના રન્ધ્રને પૂરતાં' એ વિભાગથી ગુણનું અને 'વૃન્દાવનમાં પ્રવેશ કર્યો' એ વિભાગથી ક્રીડાનું એમ ક્રમશઃ જ કથન થયું. અગ્રે વેણુ ષટ્ પ્રકારે વર્ણ્ય છે, તેથી તે સર્વ ષડ્ ગુણ વેણુના જ જાણવા

---

૧. અત્ર અનુભવ જ છે સ્મરણ નથી તેથી અત્ર સ્મરનો વેગ પણ નથી, સ્મરનો અર્થ 'કામ' કરવામાં આવે ત્યારે તો અનુભવથી પણ સ્મરવેગ થાય, તેથી 'સ્મર'પદનો વાચ્યાર્થ અત્ર 'કામ' નથી પરન્તુ 'સ્મરણ' જ વસ્તુતઃ છે.

૨. बिभ्रत્ના અને रन्ध्रान् वेणोरधरसुधया पूरयन्ના સમભિવ્યાહારથી નાદમાં જ સ્વરૂપની પણ પૂર્તિ સ્પષ્ટા છે.

૩. જો અનુભવ પૃથક્ થાય તો રમણ બાહ્ય જ થઈ જાય.

૪. પૂર્વોક્ત પ્રકારે યોગ્યતાસમ્પાદન કરી આપ્યા વિના જ ભોગમાં.

૫. विक्रीडितं व्रजवधूभिः વાક્ય અત્ર પ્રમાણ છે.

* "શ્રીગોપીજનથી જે વર્ણન ન થઈ શક્યું તે વર્ણન શ્રીગોપીજનની વર્ણનાશક્તિ જણાવવાને શ્રીશુક સ્વયં જ પંચમ શ્લોકમાં કરે છે" ઇત્યાદિમાં જે સંગતિ વિદ્યમાના છે તેના જ ઉદ્ઘાટનાર્થ અને નાદસ્વરૂપપરિચાયનાર્થ અત્રપર્યન્ત શ્રીગુસાંઇજીના સ્વતન્ત્ર લેખદ્વયને અનુસરીને વ્યાખ્યાન થયું.

बर्हापीडम्. बर्हनो अर्थ 'मयूरपिच्छ' थाय छे, ते ज छे आपीडं 'शिरोभूषण' जे वपुनुं एवा वपुने अर्थात् सुधापोपक श्रीअंगने आ बर्हापीडानुकरण नृत्यन्मयूरनुं छे, मयूरमां रसनो उद्‌बोध थाय छे त्यारे ज उद्‌बुद्धरस मयूर नृत्य करे छे, तेथी भगवान्नो पण रस उद्‌बुद्ध छे एम 'बर्हापीड' पदे सूचित थाय छे, मुकुटधारण शोभाधायक छे तेथी भूषणार्थ तेनुं धारण छे, अने आ मुकुटधारणमां नृत्यन्मयूरनुं अनुकरण छे, तेथी उद्‌बुद्धपूर्णरसात्मतानुं पण सूचन तद्धारणथी थाय छे, अर्थात् बर्हापीडं पदथी भगवान्नी शोभानुं अने उद्‌बुद्धरसात्मतानुं एम उभयनुं पण सूचन थाय छे. आवा स्वरूपनुं स्मरणमात्र ज थाय अने सर्वांशे अनुभव तो थाय नहि तेथी आवा स्वरूपनी सर्वांशे अनुभवेच्छा होवाथी श्रीगोपीजननुं तथात्व-वर्णनाशकित-युक्त ज छे.

नटवरवपुः. आ वपु पण नटवद् अने वरवद् एम द्विप्रकारक छे, कारण के रस पण द्विविध छे, १ केवल, अने २ धर्मसहित. 'केवल' रस नाट्यमां प्रसिद्ध छे, अने 'धर्मसहित' रस सम्भोगमां प्रसिद्ध छे. भगवान्नुं वपु 'केवल' अने 'धर्मसहित' एम उभयविध छे, तेथी 'नट'वद् अने 'वर' वद् पण 'वपु' कथ्युं. उद्दीपनादिसामग्रीरहित 'केवल' विप्रलम्भ-विप्रयोगशृंगाररस-नाट्यमां प्रसिद्ध छे, नाट्यमां अभिनेता हस्ताभिनये पुष्पादि सामग्रीनुं प्रदर्शन करावी ले छे, तेथी यद्यपि तत्र पुष्पादि सामग्री नथी तथापि तेमां-अभिनयमात्रमां-ज 'केवल' रसनी-उपलब्धि थाय छे, आ प्रकारे विप्रयोगशृंगाररस पुष्पादिसामग्रीरहित छे तेथी 'केवल' कथाय छे, अने संयोगशृंगाररस तो उद्दीपनादिसामग्रीसहित होय छे तेथी 'धर्मसहित' कथाय छे. यद्यपि भगवान्मां तो विप्रलम्भरस पण अलौकिक छे अने भाव्यमाना मानसी सामग्री पण सत्यरूपा ज छे, तथापि ते सामग्रीनो प्रकट प्रादुर्भाव नथी, तेथी ज ते रस 'केवल' कथाय छे, त्यारे तो हवे आविर्भूतसामग्रीए विशिष्ट ते संयोगरस अने अनाविर्भूतसामग्र्यभिन्नस्वरूप ते विप्रयोगरस एम संयोगशृंगाररसनो अने विप्रयोगशृंगाररसनो विशेष पण सिद्ध थयो आ ज विवेककथन शास्त्रीयपरिभाषामां करीए तो संयोगरस स्वसमानाधिकरणस्वप्रयुक्तक्रियाविशिष्ट छे, अने विप्रयोगरस स्वव्यधिकरणस्वप्रयुक्तक्रियाविशिष्ट छे. भगवान्नुं श्रीअंग तो उभयविध ज छे, तेथी 'नट'वद् अने 'वर'वद् पण कथ्युं. कारण के वर प्रत्यग्र-नव्य-अनन्यभुक्त-अनुच्छिष्ट-पदार्थना भोक्ता छे.अत्र आ अभिसन्धि छे लौकिक विरहमां पुरुषमां रस छे परन्तु पुरुष ज कांइ रसस्वरूप नथी, परन्तु अलौकिक होवाथी भगवान्मां तो रसो वै सः श्रुतिप्रमाणथी रसरूपत्व ज छे, तेथी प्रभु संयोगात्मक अने विप्रयोगात्मक पण छे. संयोग अने विप्रयोग ए उभये शृंगाररसनी प्रभुमां एककालावच्छिन्ना भगवद्वपुःस्थिति यद्यपि श्रुतिसिद्धा छे, युक्तिगोचर नथी, तथापि अत्र वनस्थभक्तसहिता होवाथी संयोगावस्था होवाथी संयोगरसात्मता अने व्रजस्थभक्तथी विप्रयोग होवाथी विप्रयोगरसात्मता पण घटी शके छे, तेथी युक्तिनो पण विरोध न रह्यो. रसनो अने भगवान्नो अभेद छे अने भगवान्नो अने भगवद्वपुनो पण अभेद छे, तेथी भगवद्वपु पण उभयविधशृंगाररसात्मक ज छे.

बिभ्रत्. भगवान् तो हृदयमां पण विद्यमान छे, तेथी तेटलामात्रथी हृदयमां भगवान्नी स्थितिमात्रथी पण 'ज्ञानिवद्' ज श्रीस्वामिनीजीनुं सुख हशे ए शङ्कानुं निवारण करवाने वपुनुं भरण-बहिःप्राकट्यकरण-पण कथ्युं, स्वस्वरूपथी अतिरिक्त वपु ज नथी तेथी 'वपुर्बिभ्रत् पदे जे वपुःप्राकट्य कथ्युं ते असङ्गत छे' एम ज्ञानमार्गीय शङ्कानुं, पण हवे समाधान थई गयुं, ज्ञानीने हृदयमां ज सुख थाय छे. अने श्रीगोपीजननो अर्थे तो स्वरूपनुं वपूरूपे प्राकट्य पण प्रभु करे छे.' पूर्वोक्त प्रकारे भगवद्वपु उद्‌बुद्धद्विविधरसात्मक छे एम सिद्ध थयुं छे, रस भावात्मक छे, अने अन्यत्र निज प्रियाथी व्यतिरिक्तामां-ते भावात्मक रसनुं प्राकट्य ज नथी तेथी यद्यपि रस अमूर्त-मूर्तिरहित-आकृतिरहित-छे एम लोकमां प्रसिद्ध छे, तथापि वपु धरे छे त्यारे तो निज स्वरूपनुं प्राकट्य बहिः पण करे छे, तेम प्रभुए पण निज मूर्त स्वरूपनुं बहिःप्राकट्य करतां वृन्दावनमां प्रवेश कर्यो. वेद शब्दात्मत्वे अमूर्त छे एम लोकमां प्रसिद्ध छे तथापि वेदा यथा मूर्तिधरास्त्रिपृष्ठे वाक्यमां जणाव्युं छे के त्रिपृष्ठमां वेद मूर्तिधर-सार्वदिकशब्दब्रह्मात्मकमूर्तिप्राकट्यवान्-छे, तेम अमूर्त पण ब्रह्म साकार ज छे. तेथी सार्वदिक-नित्य-ज रसात्मक वपुनुं प्राकट्य वृन्दावनमां कर्युं. ज्ञानिवद् हृदयमां ज प्राकट्य होय तो भोग केवल मनथी ज

થાય, અને બહિઃપ્રાકટ્યમાં તો સર્વે ઇન્દ્રિયે ભોગ થઈ શકે છે. જ્ઞાનીથી ભક્તના ભોગમાં પણ આ પ્રકારનો વિશેષ હોવાથી યદ્યપિ ભગવાન્ ચક્ષુરાદિના વિષય નથી તથાપિ પ્રિય પદાર્થ મનોમાત્રનો જ વિષય રહે ત્યારે તો સુખને સ્થાને દુઃખ થાય છે તેથી, પ્રિય પદાર્થની મનોમાત્રવિષયતા દુઃખદા છે એમ સહૃદયાનુભવસિદ્ધ છે, તેથી, સર્વેન્દ્રિયે ભોગેચ્છુ ભક્તને અર્થે નિજ સ્વરૂપનું શ્રીઅંગરૂપે બહિઃપ્રાકટ્ય પણ કરીને વૃન્દાવનમાં પ્રવેશ કર્યો. ભગવાન્ જ વપુ એમ જ્ઞાનમાર્ગીયા પ્રક્રિયા નહિ, પરન્તુ ભગવાને ભક્તસુખાર્થ આધેયરસથી ભિન્ન આધાર વપુનું બહિઃપ્રાકટ્ય પણ કર્યું એમ ભક્તિમાર્ગીયા જ પ્રક્રિયા અત્ર આદરવી.

* વપુર્ભરણનું બહિઃપ્રકટનનું અન્ય પણ તાત્પર્ય છે. જેમ પાત્રસ્થ રસનું પાન કરાવવાને ઉદ્યત પુરુષ તે પાત્રને નિજ હસ્તમાં ધરે છે તેમ સ્વરૂપાત્મક રસનું દાન શ્રીસ્વામિનીજીને કરાવવાને પ્રભુ ઉદ્યત છે એમ

बिभ्रतनुं द्वितीय व्याख्यान. એતાદૃશ વપૂરૂપપ્રાકટ્યે જણાય છે એમ જણાવવાને 'वपुर्बिभ्रत' કહ્યું જણાય છે. આવા બર્હાપીડ વપુઃસ્વરૂપનું બહિઃપ્રાકટ્ય કરીને સ્વરૂપાત્મક રસનું દાન શ્રીસ્વામિનીજીને કરવાને પ્રભુ ઉદ્યત થઈ ગયા છે એમ જણાવવાને શ્રીશુકે નટવરવપુર્બિભ્રત એમ કથન કર્યું પાત્રભરણરૂપકારણથી રસદાનકાર્યનું અનુમાન થાય છે તેમ અત્ર વપુઃપ્રાકટ્યરૂપ કારણથી ભક્તરસદાનરૂપ કાર્યનું અનુમાન થાય છે, તેથી બિભ્રત્‌પદનો અર્થ કામરસદાનના કારણત્વધર્મસામ્યે કરીને પ્રાકટ્ય કરતાં થાય છે. દૃષ્ટાન્તમાં જેમ પાત્ર તેમ દાર્ષ્ટાન્તિકમાં ધર્મિસ્વરૂપ ભગવાન્, દૃષ્ટાન્તમાં જેમ પાત્રસ્થ રસ તેમ દાર્ષ્ટાન્તિકમાં શ્રીગોપીજનને વિષે સ્થાપનીય ભાવાત્મક ભગવદ્રૂપ આનન્દ, જે આનન્દનું નિરૂપણ અગ્રિમ વ્યાખ્યાનમાં 'स्त्रीभावो गूढः पुष्टिमार्गे तत्त्वम्'થી થશે, અને દૃષ્ટાન્તમાં જેમ ભરણ તેમ દાર્ષ્ટાન્તિકમાં ધર્મિસ્વરૂપવપુનું બહિઃપ્રાકટ્ય. દૃષ્ટાન્તમાં બિભ્રત્‌પદમાંના 'ભરણ'નો અર્થ 'ધારણ' હોવાથી કર્તા અને કર્મ ભિન્ન છે, પરન્તુ દાર્ષ્ટાન્તિકમાં તો 'ભરણ'નો અર્થ 'પ્રાકટ્ય' હોવાથી स आत्मानं स्वयमकुरुतवत् સ્વરૂપ જ કર્તૃ અને સ્વરૂપ જ કર્મ પણ થાય છે. પ્રથમ પણ પ્રાકટ્ય તો હતું જ પરન્તુ તે માત્ર હૃદયમાં જ હતું તેથી વર્ણનાશક્તિ કથી હતી પરન્તુ હવે તો ચતુષ્ટયીમાં—સર્વ ઇન્દ્રિયમાં પ્રાણમાં અન્તઃકરણમાં અને જીવમાં—પણ પ્રાકટ્ય છે તેથી બિભ્રત્‌પદથી જ અગ્રિમા વર્ણનાશક્તિનું સૂચન થઈ જાય છે.*

प्रकारान्तरे वाक्यान्वय. +અત્રપર્યન્તના શ્લોકાન્વયથી 'નટ'વદ્ અને 'વર'વદ્ વપુને પ્રકટ કરતાં ભગવાને વૃન્દાવનમાં પ્રવેશ કર્યો એમ અર્થ પ્રાપ્ત થાય છે, તેથી ભગવાન્‌ની અને વપુની પૃથક્તાનો ભાસ થાય છે, આ ક્લેશ પણ નિવૃત્ત કરવાને 'નટવરવપુએ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો' એમ જ અન્વય કરવો, નટવદ્ અને વરવદ્‌વપુ જેમનું એમ કથનથી વપુનું સ્વરૂપથી ભિન્નત્વ પ્રસક્ત થાય તેના નિરાકરણાર્થ 'વપૂરૂપ' કહ્યું, આધેયરૂપ પ્રભુ જ ભક્તાર્થે આધારરૂપ થયા, અર્થાદ્ નટવરવદ્ વપુ જેમનું એવા ભગવાને નહિ—પરન્તુ નટવર વપૂરૂપે જ—નટવરરૂપ વપુઃસ્વરૂપે જ—વૃન્દાવનપ્રવેશ કર્યો એમ ફલિત થતાં સ્વરૂપનો અને વપુનો ક્લિષ્ટ ભેદાભાસ પણ નિવૃત્ત થઈ ગયો, હવે 'બર્હાપીડ'ને 'કર્ણિકાર'ને 'વસ્ત્ર'ને અને 'માલા'ને ધરતા નટવરવપુએ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો એમ સમ્બન્ધ-અન્વય-યોજાયાથી બર્હાપીડ કર્ણિકાર વસ્ત્ર અને માલા એ ચતુષ્ટય જ બિભ્રતનું કર્મ રહ્યું અને શત્રન્ત-વર્તમાનકૃદન્ત વિશેષણ—બિભ્રતનું વિશેષ્ય શ્લોકસ્થ જ નટવરવપુઃ થઈ ગયું +

कर्णयोःकर्णिकारम्. 'કર્ણ'દ્વયને વિષે છે 'કર્ણિકાર' કુસુમ જેને એવું નટવરવપુઃ, અથવા कर्णयोःकर्णिकारं કર્ણદ્વયને વિષે કર્ણિકારને બિભ્રત—ધરતું—નટવરવપુઃ, અથવા ધારણકર્તા ભગવાન્. પ્રથમ પક્ષમાં कर्णयोःकर्णिकारम्. સપ્તમ્યલુકૃતત્પુરુષ થયો. કર્ણિકારકુસુમ શૃંગારરસનું ઉદ્બોધક છે, સંયોગ અને વિપ્રયોગ એમ શૃંગારરસ દ્વિવિધ છે, અને પ્રભુના કર્ણદ્વય તે ઉભયે રસનું પ્રતિપાદન કરે છે, સંયોગમાં પ્રિયાનાં તે તે વચનના શ્રવણથી અને વિપ્રયોગમાં પ્રિયાકૃત ગુણના શ્રવણથી ઉભયે કર્ણ ઉભયવિધ શૃંગારરસના અનુભાવક છે. આ ઉભયશૃંગારરસપ્રતિપાદક કર્ણને કર્ણિકારનો સમ્બન્ધ થાય છે, તેથી પૂર્વનિરૂપિત રસ ઉચ્છલિત થાય છે, ઉભયશૃંગારરસાનુભાવક કર્ણને વિષે શૃંગારરસોદ્બોધક કર્ણિકારના સ્થાપને રસોદ્બોધથી પૂર્વનિરૂપિત સ્વરૂપાત્મક રસ ભગવાન્‌માં ઉચ્છલિત થાય છે, અને તેથી ભગવત્સ્વરૂપમાં જ અવયવવિકારાદિસમ્પત્તિ પણ થાય છે.

---

* શ્રીમત્પ્રભુચરણના તૃતીય સ્વતન્ત્ર લેખનું અનુસરણ આ છે.
+ આ ચિહ્નના મધ્યનું વ્યાખ્યાન શ્રીમત્પ્રભુચરણના ચતુર્થ સ્વતન્ત્ર લેખને અનુસરે છે.

તાદૃશ-સાકાર-નટવરવપુરવયવવિકારાદિમાન્ આલમ્બનરૂપ-રસ ગુપ્ત હોય તો જ રસત્વને પ્રાપ્ત કરે છે.

बिभ्रद् वासः कनककपिशम्.

કટાક્ષાદ્યનુભાવરૂપ રસ તો પ્રકટ હોય તથાપિ બાધ નહિ, પરન્તુ આ તો આલમ્બનરૂપ જ રસ છે અને આ આલમ્બનરસ જ પ્રકટ થઈ જાય તો રસાભાસજનક થઈ ને રસપોષકમાત્ર જ થાય પરન્તુ રસત્વને પ્રાપ્ત કરે નહિ, તેથી, આલમ્બનગુપ્તત્વ જ રસનું રસત્વ સંરક્ષે છે તેથી, 'કનકકપિશ' પીતામ્બર ધર્યું છે. રસના આવશ્યક આચ્છાદાનાર્થ આ કનકવત્ કપિશ પીત-કેસરિ-વસ્ત્ર કટિસ્થ જાણવું. રસ ઉદ્બુદ્ધ થયો એમ શ્રીગોપીજનને જ્ઞાન થાય તો તે પ્રસંગે સર્વે શ્રીસ્વામિનીજી પ્રભુના વસ્ત્રને પણ ન ગણે તેથી વસ્ત્રને 'કનક'વત્ કેસરિ કથીને વસ્ત્ર કેસરિકનકતુલ્ય વ્યામોહક છે એમ નિરૂપણ કર્યું. રસનો ઉદ્બોધ થયો એમ શ્રીગોપીજનને જ્ઞાન થાય તો સમયવિશેષે તેમ થયું પણ હતું તેથી અધુના પણ રસત્વસાધક વસ્ત્રને ન ગણીને શ્રીગોપીજન તે જ પ્રકટ રસાભાસ આલમ્બનનું વર્ણન કરે અને શ્લોકદ્વયે કરીને સંયોગવિપ્રયોગરસદ્વયનું વર્ણન કરે નહિ, તેમ ન થાય તેથી પ્રભુએ કટિસ્થ કનકતુલ્ય કેસરિ પીતામ્બરે કરીને શ્રીગોપીજનમાં વ્યામોહ કર્યો. રસના ઉદ્બોધે કરીને જ અત્યન્તાર્તિથી ભગવદ્વસ્ત્ર પીતામ્બરની પણ ગણના ન કરીને શ્રીગોપીજન શ્રીઅંગનું જ સમ્યગ્ અવલોકન કરી લે ત્યારે તો રસ પ્રકટ થઈ જવાથી રસાભાસ થાય તેથી રસગોપનાર્થ-રસાચ્છાદનાર્થ-પ્રભુએ કનકકપિશ કેસરિ વ્યામોહક પીતામ્બર ધર્યું. અત્ર વસ્ત્રની કનકકપિશતા માયા છે એ પાંચરાત્રસિદ્ધાન્ત પણ સમ્મત જ છે. કનકરૂપ ધનનું મોહજનકત્વ શાસ્ત્રસિદ્ધ છે, તેથી વસ્ત્રની કનકતુલ્યા કપિશતા કથીને શાસ્ત્રસમ્મતિપૂર્વક વસ્ત્રનો કેસરી વર્ણ પણ મોહજનક છે એમ સૂચન કર્યું. પ્રભુએ કેસરિ મોહજનક-વ્યામોહક-પીતામ્બર ધર્યું છે, તેથી શ્રીગોપીજન શ્રીઅંગનું સમ્યગ્ અવલોકન કરી શક્યાં નહિ, ભગવત્સાક્ષાત્કારમાં જવનિકાવદ્ જ માયા સ્થિતિ કરે છે, પ્રકૃત પ્રસંગમાં પણ આચ્છાદિકા માયા જવનિકાવદ્ રસાચ્છાદિકા જ થઈ એમ સૂચન કરવાને પીતામ્બર વ્યામોહકકનકતુલ્ય છે એમ નિરૂપણ કર્યું જવનિકાવત્ પીતામ્બર ભગવત્સ્વરૂપૈકદેશકટિમાત્રનું ગોપન-આચ્છાદન-કરે છે, તેથી કનકકપિશ કેસરિ પીતામ્બરનું આચ્છાદક માયાત્વ સિદ્ધ થાય છે. કનકકપિશ પીતામ્બર અથવા પીતામ્બરની કનકકપિશતા રસાચ્છાદિકા માયા છે, તેથી યત્ર વસ્ત્રની નિજ આકૃતિનું પણ સમ્યગ્ અવલોકન થઈ શક્યું નહિ તત્ર તાદૃશ વસ્ત્રે કરીને આચ્છન્ન આલમ્બનરસનું ઉદ્ઘાટન તો શ્રીગોપીજન કેવી રીતિએ કરી શકે ? પ્રભુએ કયી આકૃતિનું વસ્ત્ર ધર્યું છે તે પણ કનકકપિશતાવશાત્ યત્ર યથાર્થ જાણી શકાતું નથી તત્ર તાદૃશવસ્ત્રાચ્છન્ન આલમ્બનરસનું જ્ઞાન શ્રીગોપીજનને ક્યાંથી જ થઈ શકે ? નાદદ્વારા કટિસ્થ કેસરિ આવરણ પીતામ્બરના જ અનુભવમાં ભગવદિચ્છાથી એવો કોઇક અનિર્વચનીય મદ પ્રકટ થઈ ગયો, જેથી પીતામ્બરાન્તઃસ્થિત આલમ્બનાદિનો વિચારમાત્ર પણ શ્રીગોપીજનથી ન થઈ શક્યો એમ बिभ्रद् वासः कनककपिशम्નો નિર્ગલિત અર્થ છે.

वैजयन्तीञ्च मालाम्.

કનકકપિશ પીતામ્બરથી પણ અધિકાચ્છાદિકા 'વૈજયન્તી માલા' છે. વિક્ષેપ પણ વસ્તુના યાથાત્મ્ય-જ્ઞાનનું આચ્છાદન કરે છે, તેથી અત્ર પીતામ્બરથી પણ અધિકાચ્છાદિકા-વિક્ષેપિકા-માલા કથી, અન્યથા 'અને રૂપમાં વિક્ષેપક પણ નિરૂપ્યું' એમ અગ્રે કથન સમ્ભવે નહિ. ભગવત્સ્વરૂપમાં આ વિક્ષેપકત્વ અધુના જ અગ્રે સ્પષ્ટ થશે. વૈજયન્તી કીર્તિમયી માલા છે વૈનો અર્થ 'નિશ્ચયે કરીને' થાય છે, અને जयन्तीનો અર્થ 'જયકર્ત્રી' થાય છે, તેથી 'વૈજયન્તી'નો યૌગિક અર્થ 'સર્વજયપ્રકાશિકા' થાય છે. પ્રભુ સાક્ષાન્મન્મથમન્મથ છે, અર્થાત્ પ્રભુનું સ્વરૂપલાવણ્ય આધિદૈવિક પણ મન્મથનો પરાજય કરે છે અને નયન કમલાદિનો પરાજય કરે છે, આ પ્રકારે 'વૈજયન્તી' સર્વજયપ્રકાશિકા છે. મૂલમાં 'माला' પદ છે, તેથી વનમાલાનું પણ ધારણ કર્યું છે એમ જાણવું, અર્થાત 'કીર્તિમયી સર્વજય-પ્રકાશિકા વૈજયન્તીને અને વનમાલાને ધારણ કરતું નટવરસ્વરૂપ વા ભગવાન્ જ' એમ અર્થ થાય છે. અત્ર વૈજયન્તીમાલા નવરત્નમયી રત્નખચિતા નહિ પરન્તુ પુષ્પમયી જ છે, એથી આભાસમાં वनमालां वैजयन्तीं च એમ 'વનમાલા' પદ કથ્યું. विशेष आणदलम्बिनी माला वनमाला प्रकीर्तिता એ પ્રકારે વૈજયન્તીનું પુષ્પમયીત્વ ઉત્તરાર્ધમાં બલદેવની તીર્થયાત્રાના પ્રસંગમાં वैजयन्तीं ददुर्मालां श्रीधामाम्लानपङ्कजाम् એ પ્રકારે મૂલમાં અને શ્રીસુબોધિનીજીમાં પણ સ્પષ્ટ છે, તેથી પુષ્પમયી જ 'વૈજયન્તી માલા' સ્વીકારતાં કોઇ પણ વિરોધ રહેતો નથી. રૂપે અને ક્રીડાએ સહિત જ વેણુનાદ વાક્યાર્થ હોવાથી અત્રપર્યન્ત વશીકારક રૂપલીલાત્મક વેણુનાદનું પ્રતિપાદન કરીને તે 'બર્હાપીડ' રૂપમાં જ રસદ્વય રસોદ્બોધ આચ્છાદક અને વિક્ષેપક એમ પઞ્ચનું નિરૂપણ કર્યું, હવે रन्ध्रान् वेणोः ઇત્યાદિ ઉત્તરાર્ધે નામલીલારૂપ વેણુનાદનું નિરૂપણ શ્રીશુક કરે છે.

રન્ધ્રાન્ વેણોઃઇત્યાદિએ નામલીલારૂપ વેણુનાદને નિરૂપે છે. વેણુના રન્ધ્ર–છિદ્ર–સપ્ત છે, તેથી તે સપ્ત રન્ધ્ર ષડ્ગુણોએ સહિત ધર્મીના અનુભાવક છે, અર્થાદ્ વેણુરન્ધ્રની સપ્ત સઙ્ખ્યાના તાત્પર્યે કરીને પણ વેણુનાદને વિષે ષડ્ગુણોએ સહિત ધર્મિસ્વરૂપનું સ્થાપન જ્ઞાપિત થાય છે. વેણુના સપ્ત રન્ધ્રોને અધરસુધાએ કરીને પૂરે છે, સુધા દેવભોગ્યા ભગવદ્ભોગ્યા અને સર્વાભોગ્યા એમ ત્રિવિધા છે, પ્રસ્તુતા–અધરસુધા–તો આ ત્રિવિધા સુધામાં સર્વોત્કૃષ્ટા છે એમ પ્રતિપાદન કરવાને સુધાનું ત્રૈવિધ્ય કથ્યું. મૂલમાં સુધયાપદ એકવચનમાં છે,

રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ।

તેથી અન્ય સુધાદ્વયનું પણ સ્વરૂપ પ્રસઙ્ગતઃ નિરૂપણીય જ. અને તેથી સુધાના ત્રૈવિધ્યનું વિવરણ કર્યું, દેવ શબ્દ दिवु क्रीडायांમાંથી નિષ્પન્ન થયો છે, તેથી દિવે–ક્રીડે–તે દેવ, અને તે દેવોએ ભોગ્યા જે સુધા તે देवभोग्या સુધા, અર્થાત્ સચ્ચિદાદિને વિષે સ્થાપિતા મુખ્યાંશભૂતા ધર્મભૂતા જે સુધા અથવા દિવ્યરૂપાદિમાં સ્થિતા જે સુધા તે देवभोग्या સુધા, મુખ્યલીલામાં ભગવાને ભોગ્યા જે સુધા અર્થાત્ પૂર્વદલાત્મકસ્વરૂપભૂત જે સંયોગાનન્દ તે भगवद्भोग्या સુધા, અને મુખદ્વારા સર્વેએ પણ અભોગ્યા શ્રોત્રૈકપેયા જે સુધા અર્થાદ્ ઉત્તરદલાત્મકસ્વરૂપભૂત વિપ્રયોગાનન્દ તે सर्वाभोग्या સુધા. તત્ર–સુધાત્રૈવિધ્યમાં–પણ હેતુ अधरसुधयापદે કથે છે, આ અધરસુધા લોભાત્મક અધરને વિષે સ્થાપિતા છે, તેથી લોભાત્મક અધર વિવેકે કરીને યથાયોગ્ય સુધાદાન કરે છે, અને તેથી સુધાનું ત્રૈવિધ્ય ઉપપન્ન છે. મુખદ્વારા તે સુધાનો ભોગ થઈ શકતો નથી, તત્ર કારણ કથે છે કે તેનો–सर्वाभोग्या અધરસુધાનો–સાક્ષાદ્ અનુભવ ઉચ્છિષ્ટે કરીને સમ્ભવતો નથી, શ્રોત્રદ્વારા જ હૃદયમાં ઉત્તરદલાત્મક સ્વરૂપ પ્રથમ અનુભવાય છે તદનન્તર વર્ણનપ્રસ્તાવમાં મુખદ્વારા તે સ્વરૂપનું નિર્ગમન થાય છે એમ રસમર્યાદા છે, તેથી વર્ણનપ્રસ્તાવમાં સ્વરૂપનું નિર્ગમન મુખમાંથી થતું હોવાથી મુખ ઉચ્છિષ્ટ છે, અને એવા ઉચ્છિષ્ટ મુખે કરીને તે અધરસુધાનો સાક્ષાદ્ અનુભવ સમ્ભવતો નથી. યદ્યપિ અન્યના મુખમાંથી નિર્ગત સ્વરૂપનું શ્રવણ થાય છે, તથાપિ તે મુખ તો અનુભવમાં જે કરણ છે તે તો પરમ્પરામાત્રે જ છે, અનુભવમાં સાક્ષાત્ કરણ તો અન્યમુખ નહિ પરન્તુ સ્વશ્રોત્ર જ છે, તેથી અનુભવમાં સાક્ષાત્ કરણ અન્યમુખ નહિ પરન્તુ સ્વશ્રોત્ર જ હોવાથી પારમ્પર્યાનુભવ ન કથતાં અત્ર 'સાક્ષાદ્' જ અનુભવ કથ્યો. આથી તે–સર્વાભોગ્યા ઉત્તરદલાત્મિકા સુધા–શ્રોત્રૈકપેયા જ છે, તે સુધાનું પાન જો મુખદ્વારા શક્ય હોય ત્યારે તો તે સુધા પૂર્વદલાત્મિકા થઈ જાય, અને તેથી–તે સુધા તો શ્રોત્રૈકપેયા હોવાથી–જ 'न सम्भवति' કથીને 'શ્રોત્રપેયૈવ'માં एवપદ કથ્યું, અથવા ભગવત્કર્તૃક ભોગ થયા વિના તે અધરસુધાનો સાક્ષાદ્ અનુભવ જ સમ્ભવતો નથી, અને તેથી ફલપ્રકરણમાં ભક્તનિષ્ઠા સુધાનું પાન ભગવાન્ પ્રથમ કરશે અને ભગવત્કૃતભક્તનિષ્ઠસુધાપાનાનન્તર રસાધિક્ય–પુમ્ભાવ–પ્રાપ્ત થતાં પુમ્ભાવાપન્ન તે ભક્તો સાક્ષાદ્ ઉચ્છિષ્ટ ભગવત્સુધાનો ભોગ કરશે, આથી–સાક્ષાદ્ ઉચ્છિષ્ટે ભક્તકૃત ભગવત્સુધાભોગ તો ભગવત્કૃત ભક્તસુધાભોગથી પૂર્વે નહિ સમ્ભવતો હોવાથી–તે સર્વાભોગ્યા સુધા શ્રોત્રપેયા જ છે, કારણ કે પ્રકૃત પ્રકરણ તો કાંઇ ફલપ્રકરણ નથી પરન્તુ કેવલ પ્રમેયપ્રકરણ છે, તેથી આ પ્રકરણમાં વ્રજભક્તો કાંઇ ભગવન્નિકટ સાક્ષાત્ સ્થિત નથી, અને તેથી આ પ્રમેયપ્રકરણમાં તો તે ભક્તોને જે અધરસુધાપ્રાપ્તિ છે તે વેણુદ્વારા જ છે, અને તેથી આ પ્રકરણમાં તો સર્વાભોગ્યા અધરસુધા પણ કેવલશ્રોત્રપેયા જ છે, સુધા વેણુનાદસમ્બદ્ધા છે, અને નાદ શ્રોત્રમાત્રગ્રાહ્ય છે, તેથી વેણુનાદસમ્બદ્ધા સુધા પણ શ્રોત્રમાત્રપેયા જ છે, અને તેથી એમ નિષ્પન્ન થયું કે યદ્યપિ સંયોગાવસ્થામાં તો અધરસુધા સાક્ષાત્પેયા છે જ તથાપિ વિપ્રયોગાવસ્થામાં તો તે અધરસુધા પણ શ્રોત્રૈકપેયા જ રહે છે, કિઞ્ચ ભગવદ્ભોગ્યાધિદૈવિકસ્ત્રીવિગ્રહપ્રાપ્ત ભક્તોને જ આ સુધાનો સાક્ષાદ્ ભોગ છે, અન્ય સરિત્સરોલતાવૃક્ષમૃગીગોપમેઘાદિને તો તાદૃશ–ભગવદ્ભોગ્યાધિદૈવિક–સ્ત્રીવિગ્રહ જ નહિ હોવાથી વેણુનાદદ્વારા શ્રોત્રમાત્રે જ પાન છે, તેથી આ સુધા સર્વેએ શ્રોત્રમાત્રે જ પેયા છે. આથી–સર્વને સાક્ષાત્ પાન નહિ હોવાથી–સુધાત્રૈવિધ્યનિરૂપણપ્રસઙ્ગમાં જે સર્વાભોગ્યત્વ નિરૂપ્યું હતું તે સમર્થાયું. તે સુધા સર્વને ભગવદીયત્વ સમ્પાદિત કરી આપે છે, સર્વાભોગ્યા અને દેવભોગ્યા પણ સુધા ભોગ્યદેહેન્દ્રિયાદિને અને દેવને યથાક્રમ ભગવદીયત્વ સમ્પાદિત કરી આપે છે. તે અધરસુધા આનન્દ જ છે, આનન્દરૂપા જ છે, સર્વાંશે જ સમ્બન્ધ થાય એ અર્થે તે સુધાનું સર્વાંશે પ્રાકટ્ય દ્રવીભૂતત્વે–વિરલાવયવત્વે–થાય છે, તે અધરસુધા બ્રહ્માનન્દથી પણ અધિકા આનન્દસારભૂતા છે, આનન્દ જે ભગવાન્ તે ભગવાનની પણ સારભૂતા છે, અથવા તો સુધા આનન્દમાં–સામ્પ્રતવિયોગાવસ્થામાં–જ પ્રકટા છે, દ્રવીભૂતા છે,

બ્રહ્માનન્દથી પણ અધિકા છે, આનન્દની પણ સારભૂતા છે, 'आनन्दो ब्रह्मेति व्यजानात्' 'तस्माद् वा एतस्माद् विज्ञानमयादन्योन्तर आत्मानन्दमयः' ઇત્યાદિ અનેક શ્રુતિમાં પુરુષોત્તમ આનન્દરૂપ અને આનન્દમય છે એમ નિરૂપણ છે તત્ર આ વિવેક છે, સંયોગાવસ્થામાં પુરુષોત્તમ સર્વસામગ્રીસહિત હોવાથી અને સર્વસામગ્રી પણ આનન્દરૂપા હોવાથી ભગવાન્ આનન્દમય છે, પરન્તુ વિપ્રયોગાવસ્થામાં સર્વા જ સામગ્રી ભગવદ્ભેદે સ્થિતા હોવાથી પુરુષોત્તમ આનન્દરૂપ છે. અને તેથી એમ નિષ્પન્ન થયું કે સમ્પ્રતિ વ્રજસ્થિતગોપિકા ભગવદ્વિયુક્તા હોવાથી વ્રજસ્થિતગોપિકાના જે વિપ્રયોગાત્મક રસાત્મક ભગવાન્ આનન્દપદવાચ્ય છે તે આનન્દને વિષે જ તે સુધા પ્રકટી છે, વ્રજસ્થિતગોપિકા દૂરસ્થિતા હોવાથી તે પ્રકટા સુધા નાદદ્વારા જ—નહિ કે સાક્ષાત્—પેયા છે. આથી જ તે સુધા દ્રવીભૂતા—વિરલાવયવા—છે, આનન્દરૂપ ભગવદવયવસમ્બન્ધી ભોગ્ય પદાર્થોમાં પણ સારભૂતા છે, તે સુધા કોઇ પણ પ્રકારે સાધનતાને પ્રાપ્ત થતી નથી, સાધન થતી નથી, એથી નાદબ્રહ્મમાં તે સુધાને યોજવાને નાદોત્પત્તિસ્થાનવેણુમાં અને તત્ર પણ વેણુરન્ધ્રમાં પૂરી, કારણ કે તે સુધા અમૂર્તા—વિરલાવયવા—છે, અર્થાત્ તે સુધાની સ્થિતિ લોભરૂપ અધરમાં હોવાથી કોઇ પણ સ્થલે તે સુધા સ્વતઃ ગમન જ કરતી નથી, એથી ભગવાને જ તે સુધાને વેણુરન્ધ્રમાં યોજી, 'वेणुं वादयन्' એતાવન્માત્ર જ ચારિતાર્થ્ય સતે પણ મૂલમાં अधरसुधया पूरयन् કથ્યું તેનું આ સર્વ તાત્પર્ય, યદ્વા 'સર્વ જ ભગવદવયવસમ્બન્ધિભોગ્યપદાર્થ 'સાર' હોવાથી તત્ર સારાસારવિવેક-કથન અયોગ્ય હોવાથી आनन्दसारभूताकथन કયે પ્રકારે સમ્ભવે' એમ શઙ્કા થાય તો સ્વયં જ 'સાર'ત્વનું વ્યાખ્યાન કરે છે કે તે સુધા કોઇ પણ પ્રકારે સાધનતાને પ્રાપ્ત થતી નથી, અર્થાદ્ અન્ય ભગવત્સમ્બન્ધિ-ભોગ્યપદાર્થમાં સાધનત્વ અને ફલત્વ ઉભયે છે—જેમ કે ભગવાનનો શ્રીહસ્ત ભક્તાશ્લેષનમાં આનન્દસાધન છે પરન્તુ ભક્તના સ્પર્શમાં ફલરૂપ છે—પરન્તુ અધરસુધામાં કાંઇ તેમ સાધનત્વ અને ફલત્વ ઉભયે નથી પરન્તુ સદાસર્વદા કેવલફલત્વ જ છે, કારણ કે અધરસુધા કોઇ પણ અન્ય ફલનું સાધન નથી, યદ્યપિ 'મુખને પણ સ્વભોગયોગ્ય કરે છે' એ અગ્રિમોક્તિએ તે સુધા પણ સાક્ષાદ્ભોગયોગ્યતામાં સાધન છે તથાપિ તત્ર પણ શ્રોત્રપેયા જ અધરસુધા સાધન છે અને તત્ર પણ સ્વપ્રાપ્તિમાં જ—નહિ કે ઇતરત્ર—સાધન છે, સાક્ષાદુચ્છિષ્ટરીતિએ ભોગ્યા જે અધરસુધા છે તે તો કેવલ ફલ જ છે, આ જ સારત્વ, કારણ કે ભોગ્યાવસ્થાપન્ન નહિ પરન્તુ ભોક્તૃવ્યવસ્થાપન્ન શ્રીગોપીજનને જ આ અધરસુધા લભ્યા છે. वेणोःપદ અસમસ્ત—પૃથક્—છે, તેથી નિશ્ચિત થાય છે કે તે સુધા વેણુનો પણ સાક્ષાત્ સ્પર્શ કરતી નથી, रन्ध्रान्પદ દ્વિતીયાન્ત હોવાથી રન્ધ્ર—વેણુનો અન્તર્વર્તી આકાશ—'પૂરણ'ક્રિયામાં ઈપ્સિતતમ કર્મ છે એમ કથ્યું, અને તેથી રન્ધ્રદ્વારા પરમ્પરાએ તો સુધાનો સ્પર્શવેણુને સમ્ભવે જ છે તથાપિ સુધા વેણુનો સાક્ષાત્ સ્પર્શ કરતી નથી એમ ફલિત થાય છે, જે પદનો સમાસ કરવામાં આવે તે પદ પૃથક્ ન રહે પરન્તુ એકપદ થઈ જાય, યત્ર પદ પૃથક્ તત્ર તે પદોનો વાચ્ય અર્થ પણ પૃથગ્ જ, તેથી યદ્યપિ વેણુના રન્ધ્રદ્વારા પરમ્પરાએ તો વેણુને સુધાસ્પર્શ છે જ તથાપિ વેણુને સુધાનો સાક્ષાત્ સ્પર્શ નથી એમ સુનિશ્ચિત થઈ રહે છે. અસમસ્ત પદ પૃથક્ અને અસમસ્ત પદનો અર્થ પણ પૃથક્, તેથી તે સુધા વેણુના મધ્યમાં પણ નથી, અને તેથી જ્યારે વેણુનાદદ્વારા સુધા ગમન કરે છે ત્યારે નાદનો સમ્બન્ધ કરીને જ તે સુધા પણ બહિર્ગમન કરે છે, તેથી કર્ણદ્વારા હૃદયમાં પ્રવિષ્ટા સુધા વર્ણનસમયે જ્યારે મુખનો સમાગમ કરે છે ત્યારે મુખને પણ સ્વભોગયોગ્ય કરે છે, અર્થાદ્ ભગવદ્ભોગ્યસુધારૂપ જે સુધાસ્વરૂપ તે સુધાસ્વરૂપનો ભોગ મુખને થાય એ પ્રકારે મુખને ભોગયોગ્ય કરે છે, અધરસુધા તો નાદસમ્બદ્ધા જ અને નાદનું—શબ્દનું—ગ્રહણ કેવલ શ્રોત્રે કરીને જ થાય છે, તેથી નાદસમ્બદ્ધા અધરસુધાનો પ્રવેશ શ્રોત્રદ્વારા જ —નહિ કે મુખદ્વારા—થાય છે, અને તે જ પ્રકારે વર્ણનસમયે પણ અધરસુધાનો જે સમાગમ ભોગયોગ્ય મુખને થાય છે તે સમાગમ પણ નાદસમ્બદ્ધા અધરસુધાનો જ થાય છે, અને અત્ર હેત્વન્તરરૂપ વિશેષ પણ કથે છે કે તત્ર પણ યત્રપર્યન્ત રસના પૂરે કરીને તે પણ સુધાંશનો અન્તઃપ્રવેશ થતો નથી તત્રપર્યન્ત પણ મુખને સાક્ષાત્ તદ્ભોગયોગ્યતા પ્રાપ્ત થતી નથી, આ પણ એક વિશેષ છે, અત એવ એતદર્થ રસપૂરે કરીને તદંશપ્રવેશાર્થ જ વર્ણન, અત્ર આ અભિસન્ધિ છે. વેણુનાદ રસાત્મક છે, રસાત્મક વેણુનાદનો પ્રવેશ કર્ણદ્વારા હૃદયમાં ધારાવત્ થાય છે, કર્ણદ્વારા હૃદયમાં ધારાવત્ પ્રવિષ્ટ રસાત્મક વેણુનાદ જ ભગવદીયનાં સર્વ ઇન્દ્રિયને વિષે વિવિધ રસભાવે નિર્ઝરે જલપ્રવાહવત્ પુષ્ટ રસપૂરરૂપ થઈ જાય છે અને પુષ્ટરસરૂપપૂરે કરીને સમાનશીલવ્યસન-

ભક્તજનકૃતપરસ્પરનાદસ્વરૂપવર્ણનરૂપે બહિઃ પ્રકટ થાય છે. રસાત્મક વેણુનાદ શ્રોત્રદ્વારા હૃદયમાં ધારાવત્ પ્રવિષ્ટ થાય, ભગવદીયના સર્વેન્દ્રિયવિષયક વિવિધરસભાવે તે પુષ્ટ રસપૂરરૂપ થાય, અને તદનન્તર સમાનશીલવ્યસન-ભક્તકૃતપરસ્પરતદ્વર્ણનરૂપે તે બહિઃ પ્રકટ થાય એ સાર્વત્રિક જ છે, અને તત્ર ભક્તહૃદયસ્થિત અધરરસ ભગવાનના મુખસ્થ-મુખ્ય-અધરરસનો અંશ જ હોવાથી સર્વ શ્રીગોપીજનના હૃદયમાં સ્થિત તે અધરરસ વા મુખ્યાધરરસાંશ પર્યાયે-ક્રમે-જ્યારે સર્વ શ્રીગોપીજનના હૃદયમાં પ્રવિષ્ટ થાય ત્યારે અનિર્વચનીય ઉત્કટ-પ્રચુર-ભાવોદયે કરીને તે સુધાના સાક્ષાદ્ અનુભવની યોગ્યતા થતી હોવાથી યત્રપર્યન્ત ઉક્તરીતિએ તે અંશ અન્તઃપ્રવિષ્ટ ન થાય તત્રપર્યન્ત પણ સાક્ષાત્ તદ્ભોગયોગ્યતા ન જ થાય. અત એવ રસપૂરે કરીને તદંશપ્રવેશાર્થ જ વર્ણન, રસપૂરે તદંશ પ્રવિષ્ટ થયે ભક્તમુખ ભગવદધરસુધાના સાક્ષાદ્ભોગને યોગ્ય થાય એ જ સમાનશીલવ્યસન ભક્તોમાં પરસ્પર વર્ણનનું પ્રયોજન છે, વર્ણને કરીને સુધાભોગને યોગ્ય મુખમાં જ્યારે તે રસનો પ્રવેશ થાય ત્યારે જ નિરોધ-આસક્તિરૂપ નિરોધ-સિદ્ધ થાય છે, તત્ત્વદીપનિબન્ધમાં એમ કથન છે કે 'આ પ્રકૃત પ્રમેયપ્રકરણે કરીને પ્રેમાનન્તરભાવિની આસક્તિની પ્રાપ્તિ થાય છે,' તેથી અત્ર આ પ્રમેયપ્રકરણની સમાપ્તિમાં આસક્તિરૂપ નિરોધ સિદ્ધ થયો એમ આશય છે. આથી યત્કિઞ્ચિત્ પણ રસપ્રવેશ વિના આસક્તિરૂપ પણ નિરોધ જ સિદ્ધ થતો નથી તેથી, (૧) ગોપને વિષે (૨) ભોગ્યગોપીભિન્ના ગોપીને વિષે અને (૩) સર્વને જ વિષે-એમ 'દેવ'પદવાચ્યગવાદિત્રયેને વિષે-જે સુધાભોગ છે તે સુધાભોગ ભોગ્યગોપીના સુધાભોગની અપેક્ષાએ સ્વલ્પતર છે, અર્થાત્ તે ત્રિતયનો નિરોધ પણ ભોગ્યગોપીજનના નિરોધની અપેક્ષાએ અતિસ્વલ્પ જ છે, અને તેથી સુધાભોગે નિષ્પન્ન નિરોધનું પ્રાચુર્ય તો કેવલ ભોગ્યા ગોપીને જ છે અને ગોપાદિ ત્રિતયને તો સુધાભોગરૂપ નિરોધ અતિસ્વલ્પમાત્ર છે એમ સિદ્ધ થયું. આથી જ શ્રીમદ્ભાગવતશાસ્ત્રમાં અષ્ટમી નિરોધલીલાનું નિરૂપણ પણ દશમસ્કન્ધમાં નવમસ્કન્ધીયા સપ્તમી ભક્તિલીલાથી અનન્તર થયું, વિહિતશાસ્ત્રીયભક્તિમાનને પણ આ રસ ફલત્વે પ્રાર્થનીયમાત્ર જ રહે છે-નહિ કે વિહિતભક્તિએ કાંઇ આ ફલરૂપ રસ પણ પ્રાપ્ત જ થઈ જાય છે-તેથી નવમસ્કન્ધમાં સોમસૂર્યવંશસમ્બન્ધિની સપ્તમીલીલાના-ભક્તિના-નિરૂપણથી અનન્તર નિરોધનું નિરૂપણ અત્ર-દશમસ્કન્ધમાં-અષ્ટમીલીલાત્વે થયું. ભક્તિસ્કન્ધાનન્તર નિરોધસ્કન્ધનું તાત્પર્યાન્તર એ પણ છે કે ભગવત્સૃષ્ટ્યુત્પન્ન ભક્તોના ભક્તિરસભોગનું પર્યવસાન ભગવદધરસુધાના સાક્ષાદ્ ભોગમાં જ છે, અર્થાદ્ જો ભક્તને ભગવદધરસુધાનો સાક્ષાદ્ભોગ પ્રાપ્ત જ ન થાય ત્યારે તો સૃષ્ટિમાં ભક્તની ઉત્પત્તિ જ વ્યર્થ, આથી કરીને ભક્તવ્યતિરિક્ત જીવોના જન્મનું વૈયર્થ્ય તો કૈમુત્યન્યાયે જ '[illegible]ष्कर्म्यमप्यच्युतभाव' ઇત્યાદિ વાક્યે શ્રીમદ્ભાગવતમાં જ્ઞાપિત કર્યું. 'આ પ્રકારે દશમસ્કન્ધીયા અષ્ટમી લીલાએ જ જ્યારે નિરોધ સિદ્ધ થયો અને તે નિરોધે કરીને જ ભગવાને કરાવેલો સુધાનુભવ પણ જ્યારે સિદ્ધ જ થઈ ગયો ત્યારે હવે ફલ તો સિદ્ધ જ થઈ ગયું અને તેથી એકાદશદ્વાદશસ્કન્ધીય મુક્ત્યાશ્રયરૂપ અગ્રિમલીલાદ્વય વ્યર્થ જ' એમ જો શઙ્કા થાય તો તે અગ્રિમલીલાદ્વયનું તાત્પર્ય કથે છે કે એતદનન્તર-નિરોધલીલાનન્તર-વિમોચન અને સ્વાશ્રયપ્રાપ્તિ એ લીલાદ્વયનું જે નિરૂપણ અગ્રિમ સ્કન્ધદ્વયે છે તે તો પ્રત્યાપત્તિ-પૂર્વભાવસમ્પાદનરૂપ-છે, ફલ તો નિરોધ જ, નહિ કે મુક્તિ વા આશ્રય, કારણ કે લીલાર્થ સૃષ્ટ જે મુક્ત જીવો સમ્પ્રતિ ભગવદન્તઃકરણમાં જ સ્થિત છે તેમના પ્રતિ પરમ અનુગ્રહથી નિત્યલીલામધ્યપાતી ભક્તોએ સહ આ રસનો અનુભવ તેમને પણ કરાવીને પુનઃ પૂર્વભાવસમ્પાદન કરાવવો એ જ 'પ્રત્યાપત્તિ'પદનો અર્થ છે, આથી એમ નિષ્પન્ન થયું કે 'मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः' મુક્તિલક્ષણે કરીને 'મુક્તિ'નો અર્થ 'અન્યથા રૂપના ત્યાગપૂર્વક સ્વરૂપે કરીને વ્યવસ્થિતિ' હોવાથી લીલાર્થ સૃષ્ટ જીવોનું લીલોપયોગિત્વરૂપે જ વ્યવસ્થાન' જ 'મુક્તિ' હોવાથી ભગવદન્તઃસ્થિતિત્વરૂપમુક્તત્વભાવમાંથી મોચન એકાદશ સ્કન્ધનો અર્થ છે, અને आभासश्च વાક્ય-પ્રામાણ્યે જેમાંથી સૃષ્ટિસ્થિતિપ્રલય થાય અને જણાય તે 'આશ્રય,' અથવા આધિભૌતિકાદિરૂપત્રયવેત્તા 'આશ્રય,' અને તેવા આશ્રય તો ભગવાન્ જ છે, તેથી લીલાનુભાવનરૂપ મોચનથી અનન્તર પુનઃ ભક્તોની જે ભગવદ્રૂપતા તે 'આશ્રય' વા 'પ્રત્યાપત્તિ' દ્વાદશસ્કન્ધનો અર્થ છે, અને તેથી ન રહ્યું એકાદશદ્વાદશસ્કન્ધદ્વયનું વૈયર્થ્ય, ન રહી નિરોધના પરમફલત્વની હાનિ, અને ન રહ્યું મુક્તિના અને આશ્રયના લક્ષણવાક્યમાં કોઇ પણ પ્રકારે વૈરૂપ્ય. કે ન પ્રસક્તા થઈ લક્ષણા. લોકમાં આ રસ પ્રકટ કર્યાનું તાત્પર્ય કથતાં આવશ્યકત્વ પણ નિરૂપે છે કે અન્યથા સૃષ્ટિ જ વ્યર્થા થાય, આ જ રસ-નહિ કે મોક્ષ-પરમપુરુષાર્થ હોવાથી સૃષ્ટિમાં કોઇ પણ સ્થલે આ

રસ પ્રકટ કર્યાથી જ સૃષ્ટિનું સાર્થકત્વ, આ રસનું તાત્પર્ય પરમપુરુષાર્થ છે, અને પરમપુરુષાર્થ રસનું પ્રકટન સૃષ્ટિમાં કોઇ પણ સ્થલે સૃષ્ટિના સાર્થકત્વાર્થે આવશ્યક પણ છે, અન્યથા–આવશ્યક પણ એતદ્રસપ્રકટન જો સૃષ્ટિમાં કોઇ પણ સ્થલે ન જ કરવામાં આવે ત્યારે તો–પ્રાણસમ્બન્ધરહિતદેહસૃષ્ટિવદ્ લીલાસૃષ્ટિ જ વ્યર્થા થઈ જાય. 'જો આ રસની પ્રાપ્તિ ન થાય તો જ્યારે સૃષ્ટિનું વૈયર્થ્ય જ પ્રસક્ત થાય ત્યારે તો લીલાસૃષ્ટિમાં સર્વને જ આ ભોગ કેમ દશ્યમાન થતો નથી?' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર કરીને તે ભોગનું દુર્લભત્વ પણ કથે છે કે પરન્તુ ૧૯મા અધ્યાયમાં ઉક્ત પૂર્વે વસનદાને કરીને જ્યારે બ્રહ્માનન્દભાવ થાય અને તત્ર પણ ૨૫મા અધ્યાયમાં ઉક્ત પ્રવેશકૃત સ્ત્રીત્વ–બ્રહ્માનન્દભાવાત્મત્વથી અનન્તર શબ્દબ્રહ્મકૃત પૂર્વભાવસમ્પાદને અધિદેવક્રીડાયોગ્ય પૂર્વસિદ્ધપ્રસાદરૂપ–શક્તિપ્રવેશે કૃત આધિદૈવિક[1] રૂપ–સમ્પન્ન થાય ત્યારે જ બ્રહ્માનન્દરૂપા નાયિકા [2]લક્ષ્મીવદ્ આ નિરોધફલરૂપ મુખ્ય રસભોગ ઉચ્છિષ્ટરીતિએ સમ્ભવે છે, અત્ર પણ ધર્મદ્વયસમ્પાદને કરીને લક્ષ્મીતુલ્યત્વસમ્પાદનથી રસભોગમાં સામ્ય છે. 'જો એમ જ પરિસ્થિતિ હોય ત્યારે તો બ્રહ્માનન્દની પ્રાપ્તિ જ નહિ હોવાથી મહિષ્યાદિનો ભોગ સિદ્ધ ન થાય' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે અને ક્રમે કરીને લક્ષ્મ્યંશ મહિષ્યાદિને પણ રસભોગ સમ્ભવે છે, અર્થાત્ લક્ષ્મ્યંશમહિષ્યાદિને પણ કોઇક પ્રકારે બ્રહ્માનન્દાનન્તર રસભોગ સમ્ભવે જ છે, આથી–મુક્ત્યાશ્રયાત્મકલીલાદ્વય તો કેવલ પ્રત્યાપત્તિ હોવાથી–ફલિત થયું કે નિરોધ મહાફલ છે, નિરોધનું ફલ મહત્ છે. નિરોધના મહાફલત્વમાં ગમક કથે છે કે એથી જ અત્ર પ્રકરણને અન્તે સ્ત્રીઓનું નિરૂપણ છે, નિરોધ જ મહાફલ છે અને તે ફલ સ્ત્રીઓમાં જ સ્વરૂપાત્મકત્વે સિદ્ધ છે તેથી જ આ તામસપ્રકરણની અને તદવાન્તરપ્રમેયપ્રકરણની પણ સમાપ્તિમાં સ્ત્રીઓનું નિરૂપણ છે. ભગવદ્ભોગથી અનન્તર જ ભગવાન્ ભોગ્ય થાય છે, ભગવત્કર્તૃક ભોગથી અનન્તર રસાધિક્યે કરીને ભગવાનમાં સ્ત્રીભાવ પ્રકટ થાય ત્યારે ભગવાન્ ભોગ્ય થાય છે, અર્થાત્ ભગવદ્ભોગ્યસુધાભોગસમ્પન્ના પુમ્ભાવાપન્ના ભોગકર્ત્રી શ્રીગોપિકા ભગવત્કર્મક ભોગ કરે છે. આથી જ શુક પણ મુખ્યતાએ સ્ત્રીઓનું જ વર્ણન કરે છે, સ્ત્રીભાવાપન્ન ભોગ્ય ભગવાનનો ભોગ પુમ્ભાવાપન્ના ભોક્ત્રી શ્રીગોપિકા કરે છે તેથી શુક પણ સ્ત્રીઓનું જ માહાત્મ્યવર્ણન અત્ર મુખ્યતઃ કરે છે. અગ્નિકુમારોનું પણ સ્ત્રીત્વ આથી–પૂર્વોક્ત પુમ્ભાવાપન્ન ગોપીજનના માહાત્મ્યથી–જ, કારણકે પુરુષ ભોગ્ય જ નથી, ભગવત્કર્તૃક ભોગ પુરુષમાં સમ્ભવતો નથી અને અનુપદોક્ત મર્યાદાએ ભગવત્કર્મક પણ ભોગ પુરુષમાં સમ્ભવતો નથી, તેથી જ અગ્નિકુમારોનું પણ સ્ત્રીત્વ. પુરુષ નથી અન્યોપભોગ્ય કે નથી સ્વોપભોગ્ય, પુરુષ ભોક્તા હોવાથી નથી સ્ત્રીભોગ્ય–આ વિચાર શ્રીમદ્ભાગવતાર્થપ્રકરણના તૃતીયસ્કન્ધનિબન્ધમાં થઈ ગયલો છે અને તે અત્ર પણ સમ્મત છે–કે પુરુષ નથી પુરુષાન્તરે–અન્ય પુરુષે–પણ ભોગ્ય. 'પરન્તુ જ્યારે આ પ્રકારે નિરોધ જ સિદ્ધ થયે મહાફલની–મુખ્યરસભોગની–પ્રાપ્તિ થયલી જ છે ત્યારે ભ્રમરગીતમાં વક્ષ્યમાણ જ્ઞાનોપદેશલીલાનો પ્રયાસ શે અર્થે?' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે પરન્તુ પાન જ્ઞાનપૂર્વક થાય ત્યારે મહાન્ રસ આસ્વાદિત થાય છે, તેથી અથવા મુખ્યપ્રાપણાર્થ જ અને દુઃખદૂરીકરણાર્થ અગ્રે–ભ્રમરગીતમાં–ભગવાનનો જ્ઞાનોપદેશનિર્બન્ધ છે, જે રસનું પાન શ્રીગોપિકાને સિદ્ધ જ છે તે રસનું પણ જ્યારે સ્વરૂપજ્ઞાન થાય ત્યારે રસાસ્વાદ પણ તેમને મહાન્ થાય તેથી ભગવાન્ ભ્રમરગીતપ્રસ્તાવમાં શ્રીમદુદ્ધવદ્વારા શ્રીગોપીજનને જ્ઞાનોપદેશનો પણ નિર્બન્ધ–આગ્રહ–કરે છે, અથવા તો મુખ્ય અવતારી પુરુષોત્તમની–નહિ કે અવતારમાત્રની જ–પ્રાપ્તિ કરાવવાને ભગવાન્ સાગ્રહ જ્ઞાનોપદેશ કરે છે, અને આ શ્રીગોપીજનને અપેક્ષિત પણ તે જ પુરુષોત્તમ છે, તેથી તે મુખ્ય–પુરુષોત્તમ–જ શ્રીગોપીજનના આત્મા છે એમ જ્યારે ઉદ્ધવદ્વારા શ્રીગોપીજનને જ્ઞાનોપદેશ થાય ત્યારે તે મુખ્ય–પુરુષોત્તમ–પ્રાપિત થાય અને વિપ્રયોગમાં દુઃખ દૂર કરવું એ પણ તત્ર જ્ઞાનોપદેશનિર્બન્ધ છે. આથી જ અગ્રે–૧૯ મા અધ્યાયમાં–આધિદૈવિકી સ્ત્રીને–કાત્યાયનીને–પ્રાર્થશે, અત્ર મહાફલ નિરોધભોગમાં સ્ત્રીઓની જ યોગ્યતા છે તેથી જ અગ્રિમ જ અધ્યાયમાં અધિદેવની–ભગવાનની–સમ્બન્ધિની પ્રસાદરૂપા સ્ત્રીને–અથવા કુમારિકાની જ આધિદૈવિકરૂપા સ્ત્રીને–પ્રાર્થશે. આથી જ રૂપે વશ કરીને અધરામૃતનું પાન કરાવતા ભગવાન્ સ્વચ્છન્દતાસમ્પત્તિ

---

૧. લક્ષ્મીસમાન સ્ત્રીવિગ્રહ પ્રાપ્ત થાય ત્યારે. ૨. અત્ર 'લક્ષ્મી'નો અર્થ 'સાક્ષાત્પુરુષોત્તમની સ્વકીયારૂપ આલમ્બન' નહિ કે વ્રજસ્થા મુખ્યા વૃષભાનુજા થાય છે, કારણ કે શ્રીટિપ્પણીજીમાં અત્ર તદંશાનામ્‌નો અર્થ 'મહિષીઓનો' કર્યો છે, અને પતિત્વે અમારા પતિ થાઓ એમ કુમારિકાઓ પ્રાર્થે છે, તેથી લક્ષ્મીનું જ સામ્ય અત્ર વક્તવ્ય છે એમ આશય છે, અને તેથી 'વિવાહિતાન્યાયે રમણ થશે' એમ ૧૯મા અધ્યાયમાં કથાશે.

કરાવે છે, ભોગ્ય ભક્તમાં ભોક્તૃત્વસમ્પાદન કરાવે છે, મુખ્ય જ રસનું દાન કરવાની ઇચ્છા ભગવાનને છે તેથી ‘બર્હાપીડં નટવરવપુઃ’ ઇત્યાદિશ્લોકાર્ધે પ્રોક્ત સુધાસંવલિતવેણુરવના રૂપે કરીને શ્રીગોપીજનને વશ કરીને અધરામૃતપાન કરાવતા ભગવાન્ વૃન્દાવનમાં પ્રવેશ કરીને ‘क्लिष्यति कामपि’ ઇત્યાદિપ્રકારક નિજસ્વચ્છન્દતાસમ્પાદન કરે છે, જે સ્વચ્છન્દતા નન્દાલય શ્રીમદ્ગોકુલમાં સમ્ભવતી જ નથી.

गोपवृन्दैर्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः।

गोपवृन्दैःઇત્યાદિ સપાદચરણે એ સ્વચ્છન્દતાનું જ નિરૂપણ કરે છે કે ગોપવૃન્દનો સહભાવ કરીને વૃન્દાના-સ્ત્રીના-અરણ્યમાં પ્રવેશ કર્યો, અત્ર પરોક્ષ પણ અર્થ છે જ, સ્ત્રીના અરણ્યમાં અર્થાત સ્ત્રીજાતિના-વનમાં-સ્ત્રીસઙ્ગમમાં પ્રવેશ કર્યો, તત્ર સ્ત્રીવનમાં પ્રવેશે-આવેશે-ભગવત્કર્મક-ભોગકર્તૃત્વરૂપ પુમ્ભાવાત્મક સ્વાચ્છન્દ્ય શ્રીગોપીજનને સિદ્ધ થયું, પ્રથમ ગોપવૃન્દોને લઈને શ્રીમદ્વૃન્દાવનમાં સ્થિતિ કરી અને પશ્ચાત્-તદનન્તર-પૂર્વોક્તાર્થક શ્રીમદ્વૃન્દાવનમાં-સ્ત્રીસઙ્ગમરૂપવનમાં-પ્રવેશ કર્યો. **प्राविशत्**માં જે **प्र** ઉપસર્ગ છે તેનો જ અર્થ આ ‘સ્વચ્છન્દતા,’ સર્વ જ શ્રીગોકુલકાર્ય સમાપીને સ્વચ્છન્દતા સમ્પાદીને શ્રીમદ્વૃન્દાવનમાં ગોપવૃન્દે સહિત પ્રભુએ પ્રવેશ કર્યો, જેથી સ્વચ્છન્દતામાં અપેક્ષિતા નિર્ભયતા પણ સમ્પાદાય, પૂર્વે આથી જ કથાઈ ગયું છે કે ‘શક્તિઓના નિર્ભયત્વાર્થ આ દેવ-ગોપ-સાક્ષી છે,’ ગોપવૃન્દોને પણ વૃન્દાવનમાં સાથે જ લીધા છે, અન્યથા કોઇક વ્યાસઙ્ગ પ્રાપ્ત થતાં તે કાર્યને અધીન થઈ જતાં સમ્પાદિતા પણ સ્વચ્છન્દતા નિર્વહી શકે નહિ, આ અન્યથાનુપપત્તિએ गोपवृन्दैःપદનું સાર્થક્ય સિદ્ધ થયું ‘પરન્તુ ભગવત્પ્રાકટ્ય તો ‘तथा परमहंसानां’ ‘यदा यदा हि धर्मस्य’ ઇત્યાદિ વાક્યે ભક્ત્યાદિને અર્થે કથાયલું છે અને તે ભક્ત્યાદિનું તો જગદ્‌માં સ્થાપન અદ્યાવધિ થયું જ નથી ત્યારે કૃતકાર્યતા કયે પ્રકારે’? પરોક્ષ અર્થમાં जगत्પદનો અર્થ ‘સ્ત્રીસઙ્ગ’ અને भक्तिપદનો અર્થ ‘ભાવોદ્બોધ’ થાય છે, અર્થાદ ‘જગદ્રૂપ સ્ત્રીસઙ્ગમાં અપેક્ષિત ભક્ત્યાત્મક ભાવોદ્બોધ તો અદ્યાવધિ થયો જ નથી ત્યારે કૃતકાર્યતા-તાદૃશી લીલા-કયે પ્રકારે?’ આ શઙ્કાનો પરિહાર स्वपदरमणम्ઇત્યાદિ પદે કરે છે, સ્વપદનું-સ્વચરણનું-યત્ર રમણ છે એવા વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, અને તેથી ચરણચિહ્નનાં દર્શને પૂર્વસમ્ભોગના સ્મરણથી તેમનો ભાવ ઉદ્બુદ્ધ થઈ જશે, ભગવત્કર્તૃક ભોગમાં શ્રીગોપીજનનાં શ્રીઅઙ્ગોપરિ વિવિધ પ્રકારે શ્રીચરણકમલ સ્થાપીને-પ્રધરાવીને-ભાવોદ્બોધ કરાવીને તેમને વિષે શ્રીગોપીજનકર્તૃક ભોગરૂપ સ્વાચ્છન્દ્ય સમ્પાદ્યું, ચરણમાં પણ નાના-વિવિધ-પ્રકાર છે એમ જ્ઞાપન કરવાને स्वपदानांપદ બહુવચનમાં ધર્યું છે, આથી એમ નિષ્પન્ન થયું કે ‘ગોપવૃન્દૈઃ સહ સ્થિતઃ’પર્યન્ત પૂર્વસ્થિતિ કથી, પશ્ચાદ્ યત્ર સ્વપદનું રમણ છે તાદૃશ શ્રીગોપીજનાઙ્ગસઙ્ગ કરીને તત્ર શ્રીગોપીજનમાં પુમ્ભાવરૂપ સ્વાચ્છન્દ્યના સમ્પાદનને અર્થે અત્ર પ્રવેશ-આવેશ-કર્યો, શ્રીગોપીજનમાં નિજ આવેશ કરીને શ્રીગોપીજનને વિષે પૂર્વોક્ત સ્વાચ્છન્દ્ય સમ્પાદ્યું, આથી જ નાયિકામાં પુમ્ભાવાવેશ થાય ત્યારે તેમને-નાયિકાને-સ્વાચ્છન્દ્ય થાય એમ રસશાસ્ત્ર કથે છે, આ જ આશયે પૂર્વે વૃન્દાવનપ્રવેશનું તાદૃશીલીલાત્વ કથ્યું. આ પ્રકારે પૂર્ણરસાનુભવાનન્તર તેમણે કીર્તિનું પણ ગાન કર્યું, અને તેથી ગાને કરીને રસસ્થૈર્ય પણ નિરૂપ્યું. વસ્તુતઃ તો અત્ર સ્થલત્રયમાં પ્રવેશ છે, કારણ કે ‘वृन्दारण्यं प्राविशत्’ પદના કથને (૧) વૃન્દાવનમાં (૨) વનસ્થિત ભક્તવૃન્દમાં અને (૩) વ્રજસ્થિતવ્રજસુન્દરીનાં પણ મનમાં એમ ત્રિવિધ પ્રવેશ છે, તત્ર વૃન્દાવનભૂમિને ભગવચ્ચરણસમ્બન્ધે આર્દ્રત્વથી ચરણાઙ્કિતત્વે સ્વપદરમણત્વ છે, વનસ્થિતભક્તવૃન્દને રમણસમયે હૃદયમાં ચરણસ્થિતિએ સ્વપદરમણત્વ છે, અને વ્રજસ્થિતભક્તોનાં મનમાં આવિર્ભાવપ્રસઙ્ગ ચરણના પણ આવિર્ભાવથી સ્વપદરમણત્વ છે. ધર્મનું સ્થાપન કથવાને गोपवृन्दैःપદ કથ્યું, શ્રીમદ્વૃન્દાવનપ્રવેશમાં ગોપવૃન્દને પણ સાથે જ લીધા છે. તેથી ગોપવૃન્દસાહિત્યે ગોચારણરૂપ ધર્મનું સ્થાપન થયું, વનસ્થિત ભક્તવૃન્દને વિષે પ્રવેશપક્ષમાં વનસ્થિતભક્તોમાં લજ્જાએ જન્ય ગોપનાદિધર્મ સ્થાપિત થયો, કારણ કે ભગવાને અન્તરઙ્ગ ગોપવૃન્દને સાથે લીધું છે અને ‘આ દેવો સાક્ષીઓ’ છે એમ પૂર્વે કથાઈ જ ગયું છે. અવશિષ્ટ સર્વપુરુષાર્થના સ્થાપનાર્થ गीतकीर्तिःપદ છે, ગીતા છે કીર્તિ જેમની એવા ‘ગીતકીર્તિ’ પ્રભુએ વૃન્દાવનપ્રવેશ કર્યો, વેણુનાદે કરીને વ્રજસ્થિતામાં સર્વાભોગ્ય-સુધાનુભવરૂપમોક્ષનું સ્થાપન કર્યું, ગોપસાહિત્યે કરીને તેમને વિષે દાસ્યરૂપ ધર્મનું સ્થાપન કર્યું, વૃન્દારણ્ય-પ્રવેશે કરીને વનસ્થિતામાં સ્વાચ્છન્દ્યરૂપ કામનું સ્થાપન કર્યું, અને स्वपदरमणे કરીને તેમને વિષે ઉદ્બુદ્ધ-ભાવરૂપભક્તિનું જે સ્થાપન કર્યું તે અર્થરૂપ પુરુષાર્થ, અને ગાનરૂપ પુરુષાર્થનું સ્થાપન તો કેવલ વ્રજસ્થાને જ વિષે

કર્યું, અર્થાદ્ વનસ્થામાં પુરુષાર્થત્રય–અર્થકામગાન–વ્રજસ્થિતામાં એક મોક્ષ, અને ગોપમાં એક દાસ્ય સ્થાપિત કર્યું એમ વિભાગે (૩+૧+૧) પુરુષાર્થપઞ્ચકસ્થાપન જાણવું, અથવા અવશિષ્ટપદે અર્થકામમોક્ષનું ગ્રહણ કરવું,કારણ કે स्वपदरमणंपદે ભક્તિનું અને गोपवृन्दैःપદે ધર્મનું કથન તો થઈ જ ગયું છે, અને અવશિષ્ટ જે અર્થકામમોક્ષ તે પુરુષાર્થત્રયનું કથન गीतकीर्तिःપદે કર્યું, વ્રજસ્થિતા સુન્દરીએ ગીતા છે કીર્તિ જેમની એ અર્થમાં ગુણગાન વ્રજસ્થા સુન્દરીનો અર્થરૂપ પુરુષાર્થ છે, વનસ્થિતા સ્ત્રીએ ગીતા છે કીર્તિ જેમની એ પક્ષમાં આસક્તિમતીએ તાદૃશ રસરૂપ ભગવાન્‌નું ગુણગાન કર્યું અને શ્રવણ પણ આસક્તાઓએ જ કર્યું તેથી તત્ર કામરૂપ પુરુષાર્થ સિદ્ધ થાય છે, અને શુકાદિએ ગીતા છે કીર્તિ જેમની એ પક્ષમાં તાદૃશી કીર્તિના શ્રવણથી અસ્મદાદિનો મોક્ષ સિદ્ધ થાય છે એમ गीतकीर्तिःપદે અર્થકામમોક્ષરૂપ પુરુષાર્થત્રયનું સ્થાપન કર્યું, યદ્વા 'यदा यदा हि धर्मस्य ઇત્યાદિવાક્યે ભક્ત્યાદ્યર્થ ભગવત્પ્રાકટ્ય કર્યું છે તેથી ભક્ત્યાદિનું સ્થાપન કર્યા વિના કૃતકાર્યત્વ અસમ્ભાવિત એ આશયે કહે છે કે 'જગદ્‌માં ભક્તિ તો સ્થાપી નથી ત્યારે કૃતકાર્યતા કયે પ્રકારે?' આ શઙ્કાના પરિહારાર્થ स्वपदरमणं પદ કહ્યું, અને ઉપસંહારમાં स्त्रीभावः ઇત્યાદિ પણ કહ્યું, એથી હવે નિષ્પન્ન થાય છે કે ગૂઢ સ્ત્રીભાવ એવું પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે એમ કૃષ્ણપદાર્થ ક્વચિત્–સ્વસમાનશીલા શ્રીગોપિકામાં–વિવૃત–વ્યાખ્યાત–છે, તેથી મુખ્ય કામાર્થમોક્ષનું સ્થાપન કીર્તિએ જ કરીને સિદ્ધ છે, અને તેથી ગૌણ પણ કામાર્થમોક્ષનું સ્થાપન કીર્તિએ જ કરીને સિદ્ધ થઈ રહે છે.

સ્વતન્ત્ર. 'આસક્તિહેતુક વર્ણન તો યદ્વિષયિણી આસક્તિ તદ્વિષયક જ ઉચિત છે ત્યારે અત્ર પ્રભુસ્વરૂપને વર્જીને વેણુરવનું વર્ણન કેમ કરે છે' એમ આશઙ્કા થાય તો 'સ્ત્રીભાવો ગૂઢઃ' ઇત્યાદિએ તે શઙ્કાને પરિહરે છે, યત્ર–પુષ્ટિમાર્ગમાં–પ્રભુએ જ કરીને સર્વસમ્પત્તિ છે તાદૃશ પ્રમેયમાર્ગમાં–જેમ મર્યાદામાં સર્વાત્મકત્વથી લોકવેદપ્રથિત પુરુષોત્તમસ્વરૂપ જ તેમ અત્ર–સ્વામિનીરૂપસ્ત્રીનો ગૂઢ રસાત્મક સ્થાયિભાવ જ છે, સર્વભાવ ભાવાત્મકભગવદાત્મક છે, તેથી 'તત્ત્વ'–વાસ્તવરૂપ–ભાવાત્મક ભગવાન્ જ છે 'એમ આ કૃષ્ણપદાર્થ' સ્વામિનીહૃદયદેશમાત્રવર્તી સદાનન્દરૂપ 'ક્વચિત્'–'સમ્પ્રતિ જ કૃષ્ણતાને પ્રાપ્ત થયા બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર થઈને પુનઃ કૃષ્ણ જ થયા' ઇત્યાદિ સ્થલમાં–'વિવૃત' છે, સર્વત્ર વિવૃત નથી, કારણ કે ભાવાત્મા ભગવાન્ કૃષ્ણે આનન્દસારત્વથી સુધારૂપ સ્વસ્વરૂપનો પ્રવેશ પરોક્ષમાં એમને વિષે કરવાને વેણુનાદમાં જ તે સ્વરૂપ સ્થાપ્યું,તેથી સદા તત્સંવલિત જ છે, અને તેથી 'સર્વ જ'–પૂર્વ હર્ષથી લીલાદિમાં અનુભૂત સ્વરૂપ પણ–'ઉપસર્જનીભૂત'–ગૌણ–છે, કારણ કે સુધાપ્રવેશે કા। પણ સર્વાત્મભાવરૂપત્વસમ્પન્ન થઈ ગયો છે, તેથી સમ્પ્રતિ પ્રાપ્ત સ્વરૂપાત્મક 'નાદ જ' સામ્પ્રત અનુભૂયમાનત્વથી 'મુખ્ય' છે,અને તેથી પૂર્વાનુભૂત રૂપને પણ કામાભાવે વિસ્મરીને સામ્પ્રત અનુભૂયમાન નાદને જ સર્વાત્મભાવે વર્ણવાનો આરમ્ભ કર્યો અને રમણ પણ કર્યું એમ અસ્મદાચાર્યે આજ્ઞા કરી.

એમના ચિત્તતોષાર્થ તાત્પર્યવિનિરૂપણ।
તેથી પ્રસન્ન આચાર્ય દો મને પદરેણુના ॥૧॥

ઉપસંહાર. ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે, 'બર્હાપીડ' શ્લોકમાં સર્વાભોગ્યસુધાપૂરિતત્વરૂપ વેણુરવસ્વરૂપનું નિરૂપણ વાક્યાર્થ છે એમ અત્ર ગત શ્લોકના ઉપસંહારપ્રસઙ્ગમાં ઉપદિશે છે કે 'સ્ત્રી'ઓના હૃદયમાં નાદદ્વારા પૂરિત 'ગૂઢ' સર્વાભોગ્યસુધારૂપ 'ભાવ' 'પુષ્ટિમાર્ગમાં'–અનુગ્રહમાર્ગમાં–'તત્ત્વ' અર્થાદ્ અનારોપિત મુખ્ય ફલ છે, યદ્વા ભગવાનનો 'ગૂઢ સ્ત્રીભાવ'–લક્ષ્મીસમાનત્વે અર્થાદ્ રસોદ્રેકે ભોગ્યત્વ, ભોક્તા પણ ભગવાનનો જે ભોગ્યત્વરૂપ સ્ત્રીભાવ તે 'ગૂઢ સ્ત્રીભાવ' અનુગ્રહાત્મક 'પુષ્ટિમાર્ગમાં તત્ત્વ' છે, કારણ કે '[1]કૃષ્ણાધીના તો મર્યાદા અને પુષ્ટિ સ્વાધીના કથાય છે' એમ પઞ્ચમસ્કન્ધનિબન્ધમાં પુષ્ટિમાર્ગનું લક્ષણ છે, યત્રપર્યન્ત ભોક્તૃભાવે કૃષ્ણનું સ્વાતન્ત્ર્ય તત્રપર્યન્ત મર્યાદા છે પરન્તુ જ્યારે કૃષ્ણ ભોગ્ય થઈ જાય છે અને ભક્ત ભોક્તા થઈ જાય છે ત્યારે જ પુષ્ટિ એમ પઞ્ચમસ્કન્ધનિબન્ધમાં પુષ્ટિમાર્ગનું લક્ષણ કહ્યું છે, તેથી રસોદ્રેક થતાં ભગવાન્ લક્ષ્મીસમાનસ્ત્રીભાવનો સ્વીકાર સ્વયં કરીને ભક્તાધીન ભોગ્ય થઈ જાય અને નિજ ભક્તને સ્વતન્ત્ર ભોક્તૃત્વનું દાન કરે એ પ્રકારનો જે 'ગૂઢ સ્ત્રીભાવ' તે જ 'પુષ્ટિમાર્ગમાં તત્ત્વ' છે.'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે એ પ્રકારનો કૃષ્ણપદાર્થ ક્વચિદ્ વિવૃત છે,' નાદદ્વારા સ્ત્રીહૃદયમાં પૂરિત સર્વાભોગ્યાધરસુધારૂપ ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં અનારોપિત મુખ્ય ફલ છે એ પ્રકારનો

---

१ कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते।

કૃષ્ણપદાર્થ સર્વત્ર જ સંવૃત–અતિગુપ્ત–છે, કિમ્બહુના? રમણમાં પણ સંવૃત જ છે, પરન્તુ 'ક્વચિદ્ જ' ભક્તહૃદયરૂપ સ્થાનમાં વેણુનાદ શ્રવણ સતે શ્રોત્રદ્વારા 'વિવૃત' અર્થાત્ પ્રકટ થાય છે એમ 'બર્હાપીડ' શ્લોકમાં નિરૂપિત કર્યું, સર્વાભોગ્યસુધારૂપ ભગવત્સ્વરૂપ વેણુદ્વારા જ પ્રકટ થાય છે એમ 'બર્હાપીડ'શ્લોકમાં કથ્યું, યદ્વા સ્ત્રીભાવાપન્ન ભગવાન્ કૃષ્ણપદવાચ્ય છે,–કારણ કે તાદશ સ્ત્રીભાવાપન્ન ભગવાન્ પરમાનન્દસ્વરૂપ છે કેમ કે રસશાસ્ત્રમાં સ્ત્રીભાવનું પરમાનન્દરૂપત્વ પ્રસિદ્ધ છે અને 'કૃષિર્ભૂવાચક[1] શબ્દ' શ્રુતિમાં પરમાનન્દરૂપતાએ કૃષ્ણપદનું નિર્વચન પણ છે–તેથી યદ્યપિ વેણુનાદ બહુ વાર થાય છે તથાપિ એતાદશ–સુધાસંવલિત–વેણુનાદ તો બહુ વાર ન થતાં 'ક્વચિદ્ જ' થાય છે, તેથી 'ક્વચિદ્' અર્થાદ્ અધરસુધાસંવલિત વેણુનાદમાં 'જ' 'કૃષ્ણપદાર્થ વિવૃત છે,' અત્ર 'અધરસુધાસંવલિત' એમ વેણુનાદનું વિશેષણ કથ્યું, તેથી અધરસુધાની સાર્થકતાને અર્થે ભગવાન્ ભોગ્યસ્ત્રીભાવ સ્વીકારે એમ અપેક્ષિત છે, તેથી તે ભોગ્યસ્ત્રીભાવરૂપ જ કૃષ્ણપદાર્થ છે, આ અધરસુધાસંવલિત વેણુનાદમાં 'અધરસુધાએ પૂરતા'પદે તે જ 'કૃષ્ણપદાર્થ વિવૃત' કર્યો, કારણ કે ભોગ્ય જે સ્ત્રીભાવ તેના અભાવે ભગવદધરસુધા જ નિષ્ફલા થઈ જાય–તેથી 'અધરસુધાએ પૂરતા'પદમાં તૃતીયાન્ત 'અધરસુધાએ'પદે અધરસુધાનું સાહિત્ય અર્થાદ્ અધરસુધાસંવલિતત્વ વેણુનાદમાં કથ્યું, તેથી સ્ત્રીગૂઢભાવાત્મક પુષ્ટિમાર્ગતત્ત્વરૂપ 'કૃષ્ણપદાર્થ' ક્વચિત્'–સુધાસંવલિતવેણુનાદમાં જ–'વિવૃત' થયો એમ જાણવું, યદ્વા 'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે એમ કૃષ્ણપદાર્થ ક્વચિત્'–સમાનશીલા શ્રીગોપિકામાં જ–'વિવૃત' અર્થાદ્ વ્યાખ્યાત છે, તેથી મુખ્ય કામાર્થમોક્ષનું સ્થાપન કીર્તિએ જ સિદ્ધ થઈ ગયાથી ગૌણ પણ કામાર્થમોક્ષનું સ્થાપન તે જ કીર્તિએ સિદ્ધ થઈ ગયું, અને તેથી–ભગવત્પ્રાકટ્યનુ સર્વ જ પ્રયોજન સિદ્ધ થઈ ગયું તેથી–'સર્વ જ ઉપસર્જનીભૂત છે, વેણુનાદ જ મુખ્ય છે,' મુખ્ય-કલાનુભાવક–નાદ જ છે તેથી રૂપ વેણુનાદ અને ક્રીડા એ ત્રયેમાં પણ 'સર્વ જ' અર્થાદ્ રૂપ અને ક્રીડા પણ 'ઉપસર્જનીભૂત'–ગૌણ–છે, રૂપની અને ક્રીડાની એ ઉભયની પણ અપેક્ષાએ 'વેણુનાદ જ મુખ્ય છે,' યદ્વા અધરસુધાસંવલિત ગૂઢસ્ત્રીભાવાત્મક કૃષ્ણપદાર્થવિવરક વેણુનાદથી અતિરિક્ત સર્વ જ ગૌણ છે, તાદશ વેણુનાદ જ મુખ્ય વા પ્રધાન છે, યદ્વા વેણુનાદ જ બર્હાપીડવાક્યાર્થનો અનુભાવક છે, તેથી 'સર્વ જ' અર્થાત્ પુરુષાર્થપઞ્ચક પણ 'ઉપસર્જનીભૂત'–ગૌણ–છે, બર્હાપીડવાક્યાર્થાનુભાવક વેણુનાદ જ મુખ્ય છે, તેથી તે નાદને જ વર્ણવાને શ્રીગોપીજને આરમ્ભ કર્યો એમ શ્રીશુક 'ઇતિ વેણુરવ' શ્લોકે કથે છે, પૂર્વોક્ત વેણુનાદ જ મુખ્ય છે તેથી યદ્યપિ રૂપ નાદ અને ક્રીડા એ ત્રયેનો અનુભવ તો થાય જ છે તથાપિ રૂપ અને ક્રીડા એ દ્વયેને પણ ગૌણ કરીને તે વેણુનાદને જ મુખ્યતાએ વર્ણવાનો આરમ્ભ શ્રીગોપીજને કર્યો તેથી તદ્વર્ણને 'ઇતિ વેણુરવ'શ્લોકે શ્રીશુક શ્રીગોપીજનનું અભિરમણ કથે છે, યદ્વા વેણુનાદનું જ પ્રાધાન્ય છે તેથી તે પ્રધાન વેણુનાદને જ વર્ણવાને શ્રીગોપીજને આરમ્ભ કર્યો એમ 'ઇતિ વેણુરવ'શ્લોકે શ્રીશુક કથે છે, યદ્વા પુરુષાર્થપઞ્ચક ગૌણ છે તેથી તે ન વર્ણતાં બર્હાપીડવાક્યાર્થાનુભાવક મુખ્ય વેણુનાદને જ વર્ણવાને શ્રીગોપીજને આરમ્ભ કર્યો એમ શ્રીશુક 'ઇતિ વેણુરવ' શ્લોકે કથે છે. (૫)

इति वेणुरवं राजन् सर्वभूतमनोहरम् ।
तद् व्रजस्त्रिय आश्रुत्य वर्णयन्त्योभिरेमिरे ॥ ६ ॥

अक्षरार्थ–રાજન્! તેથી (એ પ્રકારે) સર્વભૂતમનોહર વેણુરવને આશ્રવીને તેનું વર્ણન કરતી વ્રજસ્ત્રીઓએ અભિરમણ કર્યું. ૬.

व्याख्यान–અત્ર શ્રવણક્રિયાનું અને વર્ણનક્રિયાનું એમ ઉભયે ક્રિયાનું કર્મ વેણુરવ જ છે, તેથી વેણુરવને જ વર્ણવાને શ્રીગોપીજને ઉપક્રમ કર્યો એમ કથ્યું અને તેનું જ વિવરણ કથે છે કે વેણુરવને આકર્ણીને વર્ણવાનો આરમ્ભ કર્યો, જે વેણુનાદનું શ્રવણ કર્યું તે જ વેણુનાદનું વર્ણન કરવાનો પ્રારમ્ભ કર્યો તેથી શ્રવણનો અને વર્ણનનો સમ્બન્ધ એક જ વેણુરવરૂપ કર્મ સાથે છે, આથી જેમ શ્રવણક્રિયાનું કર્મ વેણુરવ છે તેમ વર્ણનક્રિયાનું પણ કર્મ વેણુરવ છે એમ સિદ્ધ થયું. તત્ર પ્રથમ શ્રવણ વર્ણનાર્થ હોવાથી તે વર્ણનાર્થ પ્રથમશ્રવણ સાદર થાય છે, શ્લોકદ્વયમાં જે 'શ્રવણ' પદનું કથન છે તે 'શ્રવણ'પદનું આ તાત્પર્ય કથ્યું. इति–આ પ્રકારે ઉદ્ગત જ વેણુરવને–કેવલ વેણુરવને નહિ–વર્ણવાને આરમ્ભ કર્યો, પૂર્વશ્લોકસ્થ વેણુનાદ અને અત્રત્ય વેણુરવનો વિભેદ કથે છે કે પૂર્વશ્લોકોક્ત વેણુનાદ તો કેવલ જ હતો અર્થાદ્ અધરસુધાસંવલિત ન હતો, તેથી તે કેવલ વેણુનાદનું વર્ણન નહિ કરતાં આ પ્રકારે

---

[1] कृषिर्भूवाचकः शब्दः ।

ઉદ્ગત અધરસુધાસંવલિત જ વેણુનાદનું વર્ણન કરવાને આરમ્ભ કર્યો. અત્ર શ્લોકના પ્રારમ્ભમાં સંયોગપૃથક્ત્વન્યાયે[1] 'ઇતિ' પદનો અર્થ 'તેથી' અને 'એ પ્રકારનો' થાય છે, તેથી પ્રથમતઃ 'ઇતિ' પદનો અર્થ 'વાક્યાર્થાનુભાવકત્વથી' કરીને હવે તે જ પદનો અર્થ 'આ પ્રકારે' કરે છે. આ વેણુરવ 'વાક્યાર્થાનુભાવક' છે, તેથી કેવલ નથી પરન્તુ 'આ પ્રકારે ઉદ્ગત' છે, અર્થાદ્ અધરસુધાસંવલિત છે, ઇતિ-'એ પ્રકારે ઉદ્ગત' અધરસુધાસંવલિત જ-વેણુરવને વર્ણવાનો આરમ્ભ શ્રીગોપીજને કર્યો, અત્ર 'રવ' પદમાં 'ર' શબ્દ અગ્નિબીજ છે તે વિરહાગ્નિદુઃખનું કથન કરે છે અને તદનન્તર 'વ'શબ્દ અમૃતબીજ છે તે અધરામૃતસુખનું કથન કરે છે, અર્થાત્ પૂર્વે વિરહાગ્નિનું દાન કરીને પશ્ચાદ્ અધરામૃતપાનકારયિતા વાક્યાર્થાનુભાવક અધરસુધાસંવલિત જ વેણુરવને વર્ણવાનો પ્રારમ્ભ શ્રીગોપીજને કર્યો. 'રાજન'સમ્બોધનથી તદ્રસનું અનભિજ્ઞત્વ સૂચવીને અત્ર સ્પષ્ટ અર્થ શુકે પણ કથ્યો નથી એમ જણાવ્યું. નાદથી પૃથક્ કરીને ભગવાને નાદના અર્થનું વા સ્વરૂપનું કથન વ્રજસ્થ ભક્તોને કર્યું નથી પરન્તુ વનસ્થ ભક્તોને જ કર્યું છે, પૂર્વ શ્લોકમાં 'પ્રાવિશત્' પદમાં અન્તર્ગત સ્વાચ્છન્દ્યસમ્પાદનસૂચક 'પ્ર' શબ્દે જ તદર્થનું કથન ભગવાને કર્યું છે, અને અત્ર 'રાજન'સમ્બોધને પણ તે જ સ્વારસ્ય શુકે રાજાને જણાવ્યું છે, રાજા ગુપ્તકાર્યકર્તા હોય છે અને અત્ર શ્રોતામાં તાદૃશ 'રાજન્' સમ્બોધન પ્રયોજ્યું, તેથી શ્રવણનો વિષય જે વેણુનાદ તે વેણુનાદમાં પણ ભગવાનનો તે ગુપ્તકાર્યકર્તૃત્વરૂપ રાજધર્મ શ્રીશુકે જ્ઞાપિત કર્યો, યદ્વા 'રાજર્ષિસત્તમ' ઇત્યાદિ સમ્બોધન ન કથતાં કેવલ સ્વધર્મનિષ્ઠતાવાચક 'રાજ'પદમાત્ર કથ્યું તેથી અત્ર ધર્મનિષ્ઠતામાત્રના સૂચનથી રસાનભિજ્ઞતાનો ધ્વનિ થયો. 'કેવલધર્મનિષ્ઠ તો અત્ર રસાનભિજ્ઞજ હોય છે ત્યારે તત્ર પ્રવૃત્તિ કયે પ્રકારે થશે' એમ આશઙ્કીને પ્રમેયબલથી જ પ્રવૃત્તિ થશે એ અભિપ્રાયે 'સર્વભૂતમનોહર'' પદ કથે છે. વેણુરવના તાદૃશ પ્રમેયબલથી જ રસાનભિજ્ઞ ધર્મનિષ્ઠ પરીક્ષિતની પણ તત્ર પ્રવૃત્તિ થશે, 'સ્પષ્ટ સ્વરૂપાનુભવના અભાવમાં અત્ર વેણુરવશ્રવણમાં પ્રવૃત્તિ કયે પ્રકારે થશે' એમ આશઙ્કીને તે પ્રવૃત્તિ પ્રમેયબલથી જ થશે એ અભિપ્રાયે 'સર્વભૂતમનોહર'' પદ કથ્યું છે, સર્વ ભૂતના મનના હર્તા અર્થાત્ સ્વતઃ જ તન્મનોવશીકરણસમર્થ આ વેણુરવ છે, તેથી તાદૃશ પ્રમેયબલથી જ સમ્યક્ શ્રવણ કરીને 'અભિરમણ' પણ કર્યું. 'વ્રજસ્ત્રિયઃ' પદે કાર્યાન્તરાભાવનું સૂચન કર્યું, પુરુષો વનમાં ગયા છે, સન્ધ્યાપર્યન્ત તેમના આગમનની સમ્ભાવના જ નથી. અને આવશ્યક કર્તવ્ય તો પ્રાતઃકાલમાં જ નિવૃત્ત કરી લીધું છે, તેથી વ્રજસ્ત્રીઓને સમ્પ્રતિ વેણુરવવર્ણનાતિરિક્ત કિઞ્ચિત્ પણ કાર્યાન્તર નથી, તેથી સર્વા જ વ્રજસ્ત્રી વર્ણન કરે છે, અને વર્ણન કરતાં સતાં પૌર્વાપર્યે અભિતઃ રમણ-દુઃખાત્મક પ્રપઞ્ચને વિસ્મરીને પરમાનન્દવિલાસ-પણ કરે છે. પૂર્વે પ્રથમશ્રવણમાત્રે કામોદ્દીપન સતે ચિત્તવિક્ષેપથી અશક્તિ કથી અને તદનન્તર ઉક્તસુધા અન્તઃપૂર્ણા સતે અત્યાધિક્યે પરિતઃ ગલનરૂપ વર્ણન કથ્યું. તેથી 'વર્ણન' અત્ર પશ્ચાત્ કથ્યું, પૂર્વે પ્રથમશ્રવણમાત્રે સ્મરણરૂપ ભાવોદ્દીપન સતે ચિત્ત-વિક્ષેપથી અશક્તિ કથી, અને તદનન્તર ઉક્તસુધા અન્તઃપૂર્ણા સતે અર્થાદ્ મુખ્ય રસનો અનુભવ થયે સમ્પ્રતિ ચેષ્ટિતનું પણ સ્મરણ ન સતે અત્યાધિક્યે પરિતોગલનરૂપ વર્ણન થયું તેથી વર્ણનનું કથન પશ્ચાત્ કર્યું, યદ્વા 'તે વ્રજસ્ત્રીઓ' ઇત્યાદિ શ્લોકની પણ અત્ર સઙ્ગતિ પ્રદર્શે છે કે પૂર્વે અર્થાત્ 'તે વ્રજસ્ત્રીઓ' ઇત્યાદિ શ્લોકે પ્રથમ શ્રવણ સતે વર્ણનાર્થ ઉદ્યોગ કથ્યો, તતઃ 'તે વર્ણવાને' ઇત્યાદિ શ્લોકે સ્મરવેગે ચિત્તવિક્ષેપથી તત્ર અશક્તિ કથી, તતઃ 'બર્હાપીડ'શ્લોકે વર્ણનશક્તિહેતુ સુધાપ્રવેશ કથ્યો, અને તદનન્તર આ પ્રકૃત 'ઇતિ વેણુરવ' શ્લોકે પરિતઃ સુધાગલનરૂપ વર્ણન કથ્યું, અને અત્ર શ્લોકમાં 'વ્રજસ્ત્રિયઃ' પદે કાર્યાન્તરાભાવ પણ સૂચિત કર્યો, અર્થાદ્ આ સ્ત્રીઓ વ્રજની છે. અઙ્ગીકૃતવ્રજસમ્બન્ધિત્વે જ તેમનો અઙ્ગીકાર છે, તેથી તાદૃશસમ્બન્ધિત્વે અઙ્ગીકૃતા વ્રજસ્ત્રીઓને ગુણગાનાતિરિક્ત કાર્યાન્તર જ નથી, અને તેથી સેવાસમયે સેવા જ કરે છે અને વિરહાવસ્થામાં તો સર્વે જ વ્રજસ્ત્રી ગુણગાન જ કરે છે, **સેવાવસરમાં સેવા કરીને** પશ્ચાદ્ ગુણગાનાવસરમાં-તેઓ **ગુણગાન** કરે છે એ પ્રકારનો તેમનો વિવેક છે. આ પ્રકારે તૃતીય 'તે વ્રજસ્ત્રીઓ' શ્લોકથી અત્રપર્યન્ત શ્લોકચતુષ્ટયની સઙ્ગતિનું વિધાન કર્યું. (૬)

---

૧. एकस्य तूभयार्थे संयोगपृथक्त्वम् । संयोगः=વાક્ય, पृथक्त्वं=ભેદ, संयोगपृथक्त्वं=વાક્યનો ભેદ, વાક્યભેદ. એક જ પદના ઉભયાર્થત્વમાં-ઉભયરૂપત્વમાં-વાક્યભેદ નિયામક છે, તેથી તે નિયામક વાક્યભેદે એક જ પદ ઉભયાર્થત્વે ઘટાવાય. અથવા संयोगः=સમ્બન્ધ, पृथक्त्वं=દ્વિત્વ, संयोगपृथक्त्वं=સમ્બન્ધનાનાત્વ, એક જ અઙ્ગના ઉભયાર્થત્વમાં ધર્મસમ્બન્ધનું પૃથક્ત્વ વા દ્વિત્વ પ્રયોજક છે, નિત્યત્વનો અને કામ્યત્વનો પરસ્પર વિરોધ જેમ ખાદિર યૂપમાં નથી, તેમ અત્ર इतिના 'તેથી' અર્થમાં અને 'એ પ્રકારના' અર્થમાં પણ પરસ્પર વિરોધ રહેતો નથી.

'અક્ષણ્વતાં' ઇત્યાદિ ત્રયોદશ શ્લોકે શ્રીશુક અનુવર્ણન જ કથે છે, અર્થાત્ પૂર્વોક્ત પ્રકારે સત્કૃતિને સાધીને

आभास। 'સ્વસખીભ્યોન્વવર્ણયન્' શ્લોકોક્ત 'અનુવર્ણન' શ્રીગોપીજને 'અક્ષણ્વતામ્' ઇત્યાદિ ત્રયોદશ શ્લોકે કર્યું એ આશયે શ્રીશુક '**અનુવર્ણન**' જ કથે છે.'

अक्षण्वतां फलमिदं न परं विदामः
सख्यः पशूननु निवेशयतोर्वयस्यैः।
वक्त्रं व्रजेशसुतयोरनुवेणु जुष्टं
यैर्वा निपीतमनुरक्तकटाक्षमोक्षम् ॥७॥

અક્ષરાર્થ–હે સખીઓ! અમે જાણીએ છીએ કે વયસ્યોદ્વારા પશુઓને પ્રવેશાવતા વ્રજેશસુતના વેણુવાદનપર અનુરક્તકટાક્ષમોક્ષ મુખનું જેમણે સેવન કર્યું છે વા પાન કર્યું છે તે અક્ષણ્વાનનું આ જ ફલ, પર નહિ. ૭.

• રસદ્વયાર્થ શ્લોકદ્વય કથ્યું, રસદ્વયનિરૂપણાર્થ શ્લોકદ્વિતય કથ્યું, રસ ધર્મસહિત અને કેવલ એમ દ્વિવિધ છે, સંયોગમાં રસ ધર્મસહિત છે અને નાટ્યમાં રસ કેવલ છે, તત્ર–'અક્ષણ્વતામ્' શ્લોકમાં ધર્મસહિત

कारिकार्थ। રસના અને 'ચૂતપ્રવાલ' શ્લોકમાં કેવલ રસના–એમ રસદ્વયના–નિરૂપણાર્થ શ્લોકદ્વય કથ્યું, તતઃ એક તૃતીય શ્લોકે વેણુપૂરણ કથ્યું–તતઃ એક તૃતીય શ્લોકથી વેણુપૂરણ નિરૂપ્યું–અત્ર 'એકતઃ' પદમાં તસિલ્ તૃતીયાર્થવાચક છે, તેથી 'એકતઃ'–અર્થાદ્ એક ગોપ્ય ઇત્યાદિ તૃતીય શ્લોકે–વેણુનું અધરસુધાએ પૂરણ કથ્યું, કારિકાર્થકારનો 'વેણુકૂજનમેકતઃ' પાઠ સ્વીકારતાં એક–'ગોપ્યઃ' ઇત્યાદિ તૃતીય–શ્લોકે વેણુકૂજન કથ્યું એમ અર્થ પ્રાપ્ત થાય છે, કૂજનમાં અને અધરામૃતે પૂરણમાં તારતમ્ય–સ્પષ્ટ જ છે, એક તૃતીય શ્લોકે વેણુપૂરણને કથીને તદનન્તર સ્વચ્છન્દપાદગમનમાં હેતુ પણ અપર–ચતુર્થ–શ્લોકે કથ્યો, સ્વચ્છન્દલીલાસિદ્ધ્યર્થ પાદના ગમનમાં–ચરણારવિન્દના રમણમાં–ભૂમિની કીર્તિવિસ્તારરૂપ હેતુ અપર–'વૃન્દાવનં સખિ' ઇત્યાદિ ચતુર્થ–શ્લોકે કથ્યો, પૂર્વ ચરણમાં કથિત 'એકતઃ' પદનો સમ્બન્ધ અગ્રે પણ છે, તેથી 'એકતઃ' અર્થાદ્ અગ્રિમ એક ચતુર્થ શ્લોકે ભક્ત્યુદ્રેકરૂપ હેતુ સ્વચ્છન્દપાદગમનમાં–વૃન્દાવનવિહારમાં–કથ્યો, અત્ર 'ચ'કારથી પુષ્ટિલીલાનું અને 'અપિ' શબ્દથી ચરણનું સ્વરૂપ પણ કથ્યું, તેથી કેવલ ભક્ત્યુદ્રેક જ પાદગમનમાં હેતુ નથી પરન્તુ પુષ્ટિલીલા અને ચરણસ્વરૂપ એમ હેત્વન્તરદ્વય પણ તત્ર પાદગમનમાં છે એમ કથ્યું, આ પ્રકારે શ્લોકચતુષ્ટયે પીઠિકા સિદ્ધા થઈ, અર્થાદ્ રસદ્વય વેણુપૂરણ અને સ્વચ્છન્દપાદગમનહેતુદ્વય એમ પદાર્થત્રયનું સામાન્યતઃ નિરૂપણ થયું, આ પ્રકારે શ્લોકચતુષ્ટયે પ્રસ્તોષ્યમાણોપપાદકહેત્વાદિપરિકરરૂપા પીઠિકા સિદ્ધા કરીને તતઃ ષટ્ શ્લોકે તો વેણુનું વાદન કથ્યું, તતઃ–શ્લોકચતુષ્ટયે સામાન્યતઃ પદાર્થત્રયનિરૂપણાત્મિકા પીઠિકા નિરૂપીને તદનન્તર–વિશેષતો નિરૂપણપ્રસ્તાવમાં પઞ્ચમથી દશમપર્યન્તના ષટ્ શ્લોકે વેણુનું વાદન નિરૂપ્યું, અત્ર 'તુ' પદ સ્વરૂપલીલાવ્યાવૃત્ત્યર્થ છે, ષટ્ શ્લોકે નામલીલારૂપ વિશેષતો વેણુવાદન એમ નિરૂપીને તતઃ એકાદશ અને દ્વાદશ શ્લોકદ્વયે ભક્તિની પ્રતિષ્ઠા કથી, ભક્તિપ્રતિષ્ઠારૂપ પાદગમનનું નિરૂપણ કર્યું, 'પૂર્ણાઃ પુલિન્દ્યઃ' અને 'હન્તાયમદ્રિ' એ શ્લોકદ્વયે ભક્તિસ્થાપનરૂપ-ચરણમાહાત્મ્યપ્રકટન કથ્યું, કારણ કે ચરણ ભક્તિમાર્ગરૂપ છે, લોકમાં હીનસ્ત્રી એવાં જે પુલિન્દીજી તેમને પણ ચરણારવિન્દ–સમ્બન્ધિકુઙ્કુમના સમ્બન્ધમાત્રે લક્ષ્મીસમાન સૌભાગ્ય પ્રાપ્ત થયું એ ચરણમાહાત્મ્ય જ છે, અને સ્પર્શમાત્રે પ્રકૃષ્ટમોદ–જનન પણ ચરણમાહાત્મ્ય જ છે, અને ચરણ ભક્તિમાર્ગરૂપ છે, તેથી શ્લોકદ્વયે ભક્તિસ્થાનરૂપ ચરણના માહાત્મ્યધર્મનું પ્રકટન કથ્યું, જો શ્લોકદ્વયનું એ પ્રકારનું તાત્પર્ય ન કથાય તો તત્ર બાધક પ્રાપ્ત થાય અન્યથા–પ્રકારાન્તરે–વર્ણનમાં દોષ પ્રાપ્ત થાય, ભક્તિસ્થાપનથી અતિરિક્ત પ્રકારાન્તરે તાત્પર્યકથનમાં તો દૂષણ એમ પ્રાપ્ત થાય કે લોકમાં પણ હીનસ્ત્રી પુલિન્દીજીનો પુરુષોત્તમે સહ જે સમ્બન્ધ અત્ર શ્લોકદ્વયમાં કથ્યો તેથી લક્ષ્મીપતિ પુરુષોત્તમમાં હીનનાયકત્વ-રૂપ દોષ પ્રાપ્ત થાય અને લક્ષ્મીના પણ પતિ પુરુષોત્તમે કન્દાદિનો ઉપયોગ કર્યો, તેથી તે હીનતાદોષની નિવૃત્ત્યર્થ આ શ્લોકદ્વયનું તાત્પર્ય તત્ર–ભક્તિસ્થાપનમાં–જ સ્વીકારવું, તથાપિ 'લોકરીતિએ તો પુરુષોત્તમમાં દૂષણ પ્રાપ્ત થાય જ છે' એમ આશઙ્કા રહે તો અન્તિમ ત્રયોદશ શ્લોકે કથે છે કે અત્ર વૈપરીત્યથી સમાધાન છે, અન્યથા તો દૂષણ તદવસ્થ જ રહે, પ્રમેયમાર્ગ પ્રમાણમાર્ગથી વિપરીત અને બલિષ્ઠ પણ છે, અને અધુના વૃન્દાવનપ્રવેશમાં તે પ્રમેયમાર્ગનું જ પ્રાકટ્ય કથ્યું છે, તેથી અત્ર લોકવેદમર્યાદાપ્રમાણમાર્ગથી વૈપરીત્ય પ્રમેયમાર્ગના વસ્તુસ્વાભાવ્યથી જ છે, અને તેથી

તાદશ વૈપરીત્યમાં ભૂષણ છે દૂષણ નથી એ સાર છે, કારણ કે મર્યાદામાર્ગીય પરમોત્કર્ષવાનની પણ અપેક્ષાએ પ્રમેયમાર્ગીય હીનતમનો પણ ઉત્કર્ષ—બલિષ્ઠત્વ—સિદ્ધ થઇ રહે છે, તેથી સર્વ અવદાત છે, અન્યથા પ્રમેયમાર્ગના બલિષ્ઠત્વના અભાવમાં મર્યાદાથી કેવલ વૈપરીત્યમાત્રે જ પ્રમેયમાર્ગનો ઉત્કર્ષ કાંઇ સિદ્ધ થાય નહિ, યદ્યપિ પ્રમેયમાર્ગ મર્યાદાપ્રમાણમાર્ગથી વિપરીત છે તથાપિ તે બલિષ્ઠ છે તેથી પ્રમેયમાર્ગનો સર્વોત્કર્ષ પ્રસિદ્ધ જ છે, તતઃ—દ્વાદશશ્લોકથી અનન્તર—તત્ર પુરુષોત્તમમમાં પ્રાપ્ત હીનત્વદોષનું વૈપરીત્યે સમાધાન એક—અન્તિમ ત્રયોદશ—શ્લોકે કથ્યું, અન્યથા ભગવલ્લીલામાં યદ્યપિ પ્રતિબન્ધ ન પણ થાય તથાપિ દૂષણ તો રહે જ તેથી અત્ર 'તુ' પદ પ્રયોજ્યું છે, અત્ર સ્વરૂપનો અનનુભવ સ્પષ્ટ સૂચિત છે તેથી વિશેષતો નિરૂપણ નથી પરન્તુ એક જ શ્લોકે 'વૈપરીત્યે સમાધાન' સૂચિત કર્યું છે. એકાદશ અને દ્વાદશ શ્લોકનું પણ તાત્પર્ય તો યદ્યપિ ભક્તિસ્થાપનમાં જ છે 'તથાપિ લક્ષ્મીપતિ પુરુષોત્તમનો હીનપુલિન્દીસમ્બન્ધ અને અદ્રિકન્દાનુપયોગ લોકરીત્યા દૂષણ જ ગણાય' એ આશઙ્કાને પરિહરે છે કે અત્ર વૈપરીત્યથી તે દોષનું સમાધાન થાય છે, પ્રમેયમાર્ગ પ્રમાણમાર્ગથી વિપરીત અને બલિષ્ઠ છે, તેથી મર્યાદાથી વિપરીત અને મર્યાદાથી બલિષ્ઠ પ્રમેયમાર્ગમાં લોકરીતિનું અનુસરણ કાંઇ દૂષણ નથી, અને તેથી જ અન્તિમ 'ગા ગોપકૈઃ' શ્લોકના વિવરણમાં 'ભગવચ્ચરિત્ર વિપરીત જ છે' ઇત્યાદિથી આરમ્ભીને 'ગતિમાન્‌નું અસ્પન્દન અને તરુનો પુલક—રોમાઞ્ચ—તેમ અમારી—શ્રીગોપીજનની—અયોગ્યતા અને અયોગ્યા પણ પુલિન્દીજીની યોગ્યતા' ઇત્યાદિ વૈપરીત્ય સ્પષ્ટ વિવૃત કર્યું.

आभास । તત્ર પ્રથમ જેને વર્ણવાનો આરમ્ભ કર્યો હતો અને તત્ર અશક્તિમાં શુકે જેને 'બર્હાપીડ' શ્લોકે વર્ણવ્યું હતું તેનું જ ફલત્વે વર્ણન શ્રીગોપીજન હવે શ્લોકચતુષ્ટયે કરે છે, શ્રીશુક અધરસુધાસંવલિત વેણુરવનું વર્ણન 'બર્હાપીડ' શ્લોકે કર્યું હતું તે બર્હાપીડશ્લોકોક્ત સુધાસંવલિત વેણુરવનું વર્ણન શ્રીગોપીજન હવે શ્લોકચતુષ્ટયે કરે છે, તત્ર પ્રથમ રસાત્મક ભગવાન્‌નું સ્વરૂપતઃ વર્ણન 'અક્ષણ્વતાં' શ્લોકે કરે છે, રસના સ્વરૂપમાં જ વિભાવાદિ સામગ્રીને કથે છે, તેથી સ્વરૂપતો વિભાવાદિપ્રકારે રસાત્મક ભગવાન્‌નું નિરૂપણ 'અક્ષણ્વતાં' શ્લોકે કરે છે, દ્વિતીય 'ચૂતપ્રવાલ' શ્લોકમાં તો કેવલ જ રસાત્મક ભગવાન્‌નું વર્ણન થશે, યદ્વા સંયોગરસાત્મક ભગવાન્‌નું વર્ણન પ્રથમ 'અક્ષણ્વતાં' શ્લોકમાં કરે છે તેથી 'સ્વરૂપતો રસાત્મક' પદે પ્રસ્તુતશ્લોકોક્ત 'નટવરવપુઃ' શબ્દમાં સ્થિત 'વર' શબ્દનો જ અર્થ અત્ર કથ્યો.

अक्षण्वतां फलमिदम्। અક્ષણ્વાન્‌નું આ ફલ છે, અક્ષણ્વાન્‌નું અર્થાદ્ ઇન્દ્રિયવાન્‌નું—એકાદશેન્દ્રિયવાન્‌નું વા ચક્ષુષ્માન્‌નું—આ—અર્થાત્ સ્વહૃદયમાં મનોરથપ્રકારે પ્રતિભાત—સ્વરૂપ જ ફલ છે, પુરઞ્જનોપાખ્યાનમાં 'અક્ષણ્વતામધિપતિઃ' ઇત્યાદિ નારદવાક્યથી 'અક્ષણ્વત્' પદ 'ઇન્દ્રિયવાન્'નું વાચક છે, અર્થાદ્ ઇન્દ્રિયવાન્‌નું તો આ પુરુષોત્તમસ્વરૂપ જ ફલ છે, અને તે ફલત્વનું જ વિવરણ 'ભગવતા સહ સંલાપઃ' ઇત્યાદિ કારિકાએ કરે છે. મોક્ષમાં તો ઔદાસીન્ય છે તેથી મોક્ષ કાંઇ ફલ જ નથી, અને તેથી મોક્ષની ફલત્વે વ્યાવૃત્તિ કરવાને પ્રથમ ચરણમાં પ્રયુક્ત 'ઇદં' પદનો અર્થ કથે છે કે 'ઇદં' પદે પરામૃષ્ટ 'બર્હાપીડ'શ્લોકોક્ત સ્વરૂપ જ ગાનોપયિકસમ્બન્ધથી ફલ છે, અને તે જ ફલનું ઉપપાદન અગ્રે કારિકાએ કરે છે, અર્થાત્ સઙ્કલ્પ્યમાન જ ભગવાન્ ફલ છે એમ જાણવું.

कारिका । ભગવાને સહ સંલાપ, ભગવાન્‌નું મિલન થાય ત્યારે તેમનાં દર્શન, આશ્લેષ અને સેવન, તથાવિધ સ્પર્શ પણ, અધરામૃતનું પાન, ભોગ, રોમોદ્ગમ, તત્કૂજિતનું શ્રવણ, સર્વતઃ આઘ્રાણ પણ, તદન્તિક—તત્સમીપ—નિત્યગતિ, અને સદા એ પ્રકારે તદ્ભાવન—ધર્મવિશિષ્ટરસાત્મક ભગવાનની ભાવના—આ જ ઇન્દ્રિયવાન્‌નું ફલ—ભક્તિફલત્વે અભિલષિત—છે, સંલાપાદિક જ ઇન્દ્રિયવાનને તત્તદિન્દ્રિયપ્રકારકરસાનુભાવકત્વે ઇન્દ્રિયસાફલ્યાપાદક હોવાથી ફલત્વે અભિલષિત છે, ભગવાન્ સર્વેન્દ્રિયે ભોગ્ય છે એમ અત્ર નિરૂપણ કરીને આ ભોગ્ય સ્વરૂપ જ ફલરૂપ છે એમ સિદ્ધ કર્યું, અત્ર સંલાપ વાણીનું કાર્ય છે, દર્શન નેત્રનું કાર્ય છે, આશ્લેષ બાહુનું કાર્ય છે, સેવન કરનું કાર્ય છે, એક જ હસ્તેન્દ્રિયનું આશ્લેષ અને સેવન એમ કાર્યદ્વય કથ્યું, સ્પર્શ ત્વગ્‌નું કાર્ય છે, અધરામૃતપાન રસનાનું કાર્ય છે, ભોગ ગુહ્યનું કાર્ય છે, પુરુષને તો ગુહ્યનું કાર્ય સેવોપયોગિપુત્રાદ્યુત્પાદનદ્વારા તદુપયોગ છે, રોમોદ્ગમ પાયુનું કાર્ય છે, કૂજિતશ્રવણ શ્રવણનું કાર્ય છે, આઘ્રાણ ઘ્રાણનું કાર્ય છે, ગમન ચરણનું કાર્ય છે, અને ભાવન અન્તઃકરણનું કાર્ય છે, અત્ર રોમોદ્ગમને પાયુનું કાર્ય

કથ્યું, તત્ર 'સર્વેષાં વિસર્ગાણાં પાયુરેકાયનં' શ્રુતિ પ્રમાણ છે, રોમોદ્ગમ પણ વિસર્ગ જ છે એમ પ્રક્ષિપ્તાધ્યાયના 'યેષાં તુ ભાગ્યમહિમાચ્યુત તાવદસ્તાં' શ્લોકના વિવરણમાં 'રોમાગ્ચ અને સ્વેદ દશમ પાયુનામક ઇન્દ્રિયનું કાર્ય છે અન્ય ઇન્દ્રિયોનો તો ઉપયોગ સ્પષ્ટ છે' એ આજ્ઞાથી સિદ્ધ થાય છે, રોમોદ્ગમ પાયુફલ છે એમ જાણવું, કારણ કે તૃતીયસ્કન્ધમાં 'પુલકોદ્ભિન્નસર્વાઙ્ગ' શ્લોકના અને 'એતદ્દીકચપકઃ' શ્લોકના પણ વિવરણમાં શ્રીમદાચાર્યચરણે તેમ સિદ્ધ કર્યું છે. આ પ્રકારે એકાદશ ઇન્દ્રિયે ભગવાનનો જ ભોગ ઇન્દ્રિયવાન્નું ફલ છે, ઇન્દ્રિયવાન્નું આ જ ફલ છે, મોક્ષ પણ કાંઇ ફલ નથી, કારણ કે તે તો અન્યથા છે, ઇન્દ્રિયવાનને તો સંલાપાદિક જ ઇન્દ્રિયસાફલ્યાપાદક છે, તેથી ફલત્વે તે સંલાપાદિક જ અભિલષિત છે, મોક્ષ કાંઇ અભિલષિત નથી, મોક્ષ તો અન્યથા છે, મોક્ષ તો નિષ્પ્રકારકરસાનુભાવક હોવાથી ઇન્દ્રિયવૈફલ્યાપાદક છે, તેથી મોક્ષ કાંઇ અભિલષિત ફલ નથી, ભગવાન્ જો કેવલ 'સેવોપયોગી દેહ' ફલનું જ દાન કરે ત્યારે તો યદ્યપિ એમ સંલાપાદિ પણ સિદ્ધ ન થાય તથાપિ ફલત્વે અભિલષિત તો આ સંલાપાદિ જ, અર્થાત્ કેવલ સેવોપયોગિદેહમાત્ર નહિ પરન્તુ સપ્રકારકરસાનુભાવક ઇન્દ્રિયસાફલ્યાપાદક એકાદશેન્દ્રિયકૃત સંલાપાદિક જ અમારું તો અભિલષિત છે, ઇન્દ્રિયવાન્નું–સેન્દ્રિયનું–તો આ જ ફલ છે, અન્યથાસિદ્ધ હોવાથી મોક્ષ તો કાંઇ ફલ નથી, જેમ અન્ધકારમાં નિયતા સ્થિતિ અક્ષિનું ફલ ન હોઇ શકે તેમ ઇન્દ્રિયાદિયુક્તનું ફલ પણ મોક્ષ સર્વથા ન હોઇ શકે, પુરુષોત્તમમાં સાયુજ્યાત્મક પ્રવેશરૂપ જે મોક્ષ તે મોક્ષમાં તો ઇન્દ્રિયનું વૈફલ્ય જ પ્રાપ્ત થાય છે એમ દૃષ્ટાન્તે વિશદ કરે છે કે અન્ધકારમાં જ જો સ્થિતિ નિયતા રહે તો અક્ષિનું ફલ જે ચાક્ષુષ જ્ઞાન તે પ્રાપ્ત ન થાય, અન્ધકારમાં નિયતા સ્થિતિમાં યદ્યપિ સ્પર્શાદિએ સ્પાર્શ જ્ઞાન થાય પણ તથાપિ ચાક્ષુષ જ્ઞાન તો ન જ થાય, તેથી અન્ધકારમાં નિયતા સ્થિતિએ અક્ષિનું તો વૈફલ્ય જ જેમ પ્રાપ્ત થાય, તેમ ઇન્દ્રિયપ્રાણાન્તઃકરણયુક્તનો મોક્ષ પણ થાય તથાપિ ઇન્દ્રિયોને તત્તત્પ્રકારકરસાનુભવરૂપ ફલ જો પ્રાપ્ત ન થાય તો તેથી યદ્યપિ સ્વરૂપતઃ અનુભવ છે જ તથાપિ સંલાપાદિના અભાવે ઇન્દ્રિયનું તો વૈફલ્ય જ પ્રાપ્ત થાય, મોક્ષ તો કેવલનું–નિરિન્દ્રિયનું–ફલ છે, તેથી નિરિન્દ્રિયફલરૂપ તે મોક્ષ પણ ઇન્દ્રિયવાન્નું તો ફલ નથી, કારણ કે તે મોક્ષ તો અન્યથાસિદ્ધ છે, અર્થાદ્ મોક્ષની જે ગણના ફલમાં છે તે તો નિરિન્દ્રિયના જ ફલરૂપત્વે છે, જન્યજ્ઞાનક્રિયાના અભાવે તાદૃશ મોક્ષમાં ઇન્દ્રિયનું સર્વથા વૈફલ્ય છે તેથી મોક્ષ કાંઇ ફલ નથી, 'કૈવલ્યરૂપ એકત્વ તો સર્વાધિક છે તથાપિ તેનું ફલત્વ કેમ નહિ ?' એમ આશઙ્કા થાય તો દૃષ્ટાન્તે ઉપપાદન કરે છે કે જેમ અન્ધકારમાં નિયતા સ્થિતિ અક્ષિનું ફલ નથી તેમ ઇન્દ્રિયયુક્તનો મોક્ષ પણ સર્વથા ફલ નથી, 'ઇન્દ્રિયવૈફલ્યથી મોક્ષનું ફલત્વ મા હો પરન્તુ 'હતાત્મનો હતપ્રાણાંશ્ચ ભક્તિરનિચ્છતો ગતિમણ્વીં પ્રયુઙ્ક્તે' ઇત્યાદિ વાક્યે મોક્ષ અવશ્ય પ્રાપ્ત છે તથાપિ તે મોક્ષ ફલ કેમ નહિ ?' એમ આશઙ્કા થાય તો તેનો પરિહાર કરે છે કે મોક્ષ કાંઇ સેન્દ્રિયનું પણ ફલ નથી, કારણ કે બાધકનો પરિત્યાગ કર્યો છે, ભગવદ્વ્યતિરિક્ત સર્વ જ બાધક હોવાથી તે ભગવદ્વ્યતિરિક્ત સર્વ જ બાધકનો પરિત્યાગ કર્યો છે, તેથી મુખ્ય ફલમાં કાંઇ પણ પ્રતિબન્ધ જ નથી, તેથી સેન્દ્રિયનું મોક્ષરૂપ ફલ કથી શકાતું નથી, યત્ર મુખ્ય ફલનો અનધિકાર હોય છે તત્ર જ ભગવાન્ તાદૃશ નિરિન્દ્રિયમોક્ષનું દાન કરે છે, પરન્તુ પ્રકૃતમાં તો મુખ્યફલપ્રતિબન્ધકરૂપ સર્વાત્મભાવાભાવ જ નિવૃત્ત થઇ ગયા છે, તેથી સર્વાત્મભાવવાન્ સેન્દ્રિયને તો ભગવાન્ મુખ્ય જ ફલનું દાન કરે છે, અને ફલમાં એમ સેન્દ્રિયનિરિન્દ્રિયત્વે અધિકારિભેદ હોવાથી નિરિન્દ્રિયમોક્ષ કાંઇ સેન્દ્રિયનું ફલ કથી શકાતું નથી, પૂર્વોક્ત વાક્યનો પણ વિરોધ આ સર્વથી પરિહૃત થયો એમ જાણવું, 'સેન્દ્રિય સર્વાત્મભાવવાનને નિરિન્દ્રિય મોક્ષનું દાન પ્રભુ કરતા નથી તેથી તેમને તાદૃશ નિરિન્દ્રિયમોક્ષ ફલ ન હો તથાપિ સાધારણ અધિકારીને મોક્ષફલ કેમ નહિ ? તેમ જ કારિકામાં 'સાધકાનાં' પદ ન પણ હોય તથાપિ અર્થ તો સિદ્ધ થઇ જ રહે તેથી તે પદ વ્યર્થ છે' એમ આશઙ્કા થાય તો તેનો પણ પરિહાર કરે છે કે સાધકને–સર્વાત્મભાવે ભજનકર્તાને–કાંઇ ફલત્વે તે નિરિન્દ્રિય મોક્ષ ભગવાન્ અર્પતા નથી, 'પુષ્ટિમાર્ગીય મુમુક્ષુને યદ્યપિ તથાત્વ–ઇન્દ્રિયત્વ–છે તથાપિ જેમને તેવું તથાત્વ –પ્રતિબન્ધકાભાવવત્ત્વ–નથી તેથી તેમને તો મોક્ષફલ પ્રાપ્ત થાય' એમ આશઙ્કા થાય તો તત્ર તેમને અર્થે પણ વિવક્ષિત ફલમાં સાધન કથીને તે સાધકને પણ તે મોક્ષફલ ભગવાન્ અર્પતા જ નથી એમ સિદ્ધ કરતાં કથે છે કે અત્ર સર્વાત્મભાવે ભજન જ સાધકનું સાધકત્વ છે, 'સર્વાત્મભાવ' પદનો અર્થ 'સર્વત્ર આત્માની વિદ્યમાનતા,' જેણે કરીને આત્માનો અવિયોગ રહે એવો વિયોગાનુભવ, અને એ પ્રકારની આત્માની સર્વત્ર વિદ્યમાનતા તો ભક્તિની પણ પરમા કાષ્ઠા છે તેથી યદ્યપિ તાદૃક્ સર્વાત્મભાવમાં ભગવદ્વ્યતિરિક્ત સર્વનો જ ત્યાગ પૃષ્ઠલગ્ન જ પ્રાપ્ત થાય છે અને તેથી તે સર્વાત્મભાવમાં તો સર્વત્યાગનો જ યદ્યપિ અન્તર્ભાવ થાય જ છે, તથાપિ આધુનિક સાધક સ્વતઃ

તદ્ભાવરહિત છે તેથી તેણે તો પૂર્વા અવસ્થામાં બાધકનો ત્યાગ બુદ્ધિપૂર્વક જ કર્તવ્ય છે, તેથી પ્રથમ બાધકમાત્રના બુદ્ધિપૂર્વક પરિત્યાગનો અને પશ્ચાત્ સર્વાત્મભાવે ભાવનાનો પણ ઉપદેશ ભગવાને કરી દીધો, અને તેથી 'બાધકનો પરિત્યાગ સતે' અને 'સાધકને' એમ પૃથગ્ ઉક્તિ કરી, અર્થાત્ 'સાધકાનાં' પદ વ્યર્થ નથી, તૃતીય સ્કન્ધના દ્વાત્રિંશાધ્યાયમાં 'તસ્માત્ ત્વં સર્વભાવેન ભજસ્વ પરમેષ્ઠિનં' શ્લોકના વિવરણમાં દેહથી આરમ્ભીને ઈશ્વરપર્યન્ત જેટલા ભજનીય છે અને જે જે ભાવે તે ભજનીય છે તે સર્વે ભાવ ભગવાન્‌માં જ કર્તવ્ય છે એમ પ્રથમકક્ષામાં ભગવાન્ કપિલ જ તે સર્વભાવનો ઉપદેશ કરે છે તેથી 'સાધકાનાં' પદની પૃથગ્ ઉક્તિ છે, આ પક્ષમાં આત્માને વિષે જે ભાવ તે 'આત્મભાવ' અને 'સર્વ' એવો જે 'આત્મભાવ' તે 'સર્વાત્મભાવ' એમ અર્થ સિદ્ધ થાય છે, તેથી [1]તત્ક્રતુન્યાયે અગ્રે પણ તે જ ફલે છે તેથી પ્રથમકક્ષાવાન્ સાધકને પણ મોક્ષ ફલ નથી પરન્તુ આ–ભોગ્ય સ્વરૂપ–જ ફલ છે, અને તેથી પણ કારિકામાં 'સાધક' પદ વ્યર્થ નથી, ઇન્દ્રિયવાન્‌ને પણ તાદૃશ–નિરિન્દ્રયમોક્ષફલ–ન થવામાં હેતુ કથે છે કે મુખ્યફલપ્રાપ્તિમાં બાધક ભગવદ્વ્યતિરિક્ત પદાર્થમાત્રના પરિત્યાગપૂર્વક સાધકનું–સર્વાત્મભાવાત્મક સાધનવાન્‌નું–મોક્ષલક્ષણ ફલ નથી, પરન્તુ પુરુષોત્તમદર્શનાદ્યાત્મક મુખ્ય જ ફલ છે, અર્થાદ્ મુખ્યફલપ્રાપ્તિમાં બાધક પદાર્થમાત્રના ત્યાગે કરીને વિશિષ્ટ સર્વાત્મભાવ જ સાધન છે તેથી પુષ્ટિમાર્ગમાં પ્રથમકક્ષાવાન્‌ને પણ નિરિન્દ્રયફલ મોક્ષનું દાન નથી, પ્રત્યુત મુમુક્ષુ તો યદ્યપિ બાધકનો ત્યાગ કરે છે તથાપિ સર્વાત્મભાવાત્મક સાધન ભગવદનુગ્રહૈકપ્રાપ્ય અને સ્વકૃતિએ તો અસાધ્ય જ હોવાથી તે કરી શકતો નથી, તેથી તેવા નિરિન્દ્રય મુમુક્ષુને તો સેન્દ્રિયકૃત સ્વરૂપભોગરૂપ મુખ્ય ફલ પ્રાપ્ત જ થઈ શકતું નથી પરન્તુ નિરિન્દ્રયમોક્ષમાત્ર જ ફલ પ્રાપ્ત થઈ શકે છે, યદ્યપિ મુમુક્ષુને સ્વરૂપતઃ અનુભવ થાય તથાપિ સંલાપાદિના અભાવે ઇન્દ્રિયની તો વિફલતા જ રહે તેથી સર્વાત્મભાવવાન્ સાધકો તો ભગવદ્વ્યતિરિક્ત સર્વ બાધક વિષયમાત્રનો બુદ્ધિપૂર્વક જ ત્યાગ કરે છે, તેથી તેમને તો મોક્ષલક્ષણ વસ્તુ ફલત્વે અભિલષિત પણ નથી, અર્થાદ્ ઇન્દ્રિયવૈફલ્યાપાદકત્વે અન્ધકારમાં નિયતા સ્થિતિનો અને મોક્ષનો ઉપમાનોપમેય-સમ્બન્ધ છે, જેમ સેન્દ્રિયને અન્ધકારમાં નિયતા સ્થિતિ ફલત્વે અભિલષિતા નથી તેમ ભક્તને મોક્ષ પણ ફલત્વે અભિલષિત નથી, અન્ધકારમાં કાદાચિત્કી સ્થિતિમાં કદાચિદ્ ભાવોદ્રેક દેહાદિની અસ્ફૂર્તિએ ભગવદ્રૂપત્વરૂપ મોક્ષમાં ઇન્દ્રિયવૈફલ્ય ન પણ થાય પરન્તુ નિયતા સ્થિતિમાં તો ઇન્દ્રિયનું વૈફલ્ય છે જ તેથી સ્થિતિને 'નિયતા' અને મોક્ષને 'સર્વથા' એમ વિશેષણદ્વય સમર્પ્યું છે.

न परं विदामः सख्यः।

ઇન્દ્રિયવાન્ અક્ષણ્વાન્‌ને સ્વહૃદયમાં મનોરથપ્રકારે પ્રતિભાત આ સ્વરૂપ જ ફલ છે અને તદતિરિક્ત ફલ નથી એમ અન્યયોગવ્યવચ્છેદે 'ન પરં વિદામઃ' પદે દૃઢ કરે છે, 'પરં' સાયુજ્યાદિ મોક્ષ અર્થાત્ પુરુષોત્તમમાં પ્રવેશાત્મક સહયોગાદિ કાંઇ અક્ષણ્વાન્‌નું ફલ નથી, 'આત્મલાભાન્ ન પરં વિદ્યતે' શ્રુતિ જ આત્મલાભથી પર કાંઇ પણ નથી એમ શ્રવણ કરાવે છે, તથાપિ સાયુજ્યાદિ મોક્ષનું પુરુષાર્થત્વ કેમ નહિ? એમ આશઙ્કા થાય તો તેને 'વિદામઃ' પદે પરિહરે છે કે 'અમે જાણીએ છીએ,' અમે પણ ઉપનિષદ્રૂપા છીએ, અત્ર વિચારવિષય મોક્ષ છે, તેથી કેવલ ઉપનિષત્ત્વમાત્ર જ કહ્યું, વસ્તુતઃ તો અમે શ્રુતિરૂપા જ છીએ, જેમ 'આત્મલાભાન્ ન પરં વિદ્યતે' શ્રુતિ છે તેમ અમે સ્વયં પણ ઉપનિષદ્રૂપા શ્રુતિ જ છીએ, તેથી અમે (एव) જ જાણીએ છીએ, અમે ઉપનિષદ્રૂપા શ્રુતિ તો (एवं) એ જ પ્રકારે જાણીએ છીએ, કારણ કે શ્રુત્યુક્ત ફલ કાંઇ અનુભવથી વિરુદ્ધ–અનુભવાપર્યવસાયિ–હોતું નથી, વિચાર કરતાં પણ અનુભવથી વિરુદ્ધ અમારા–ઉપનિષદ્રૂપાના–અનુભવમાં પર્યવસિત ન થાય એવું તો

---

૧. બ્રહ્મસૂત્રના ફલાધ્યાયના તૃતીય પાદના ષષ્ઠ અધિકરણમાં શાઙ્કર મતે પઞ્ચદશ અને વાલ્લભ સિદ્ધાન્તે ષોડશ સૂત્રમાં तत्क्रतु પદ છે. 'तं यथा यथोपासते' શ્રુતિ અત્ર બીજ છે. 'જે ક્રતુપ્રકારે જે ઉપાસે તેવી જ તેની ફલસિદ્ધિ પણ' એમ અત્ર અર્થ સામાન્યતઃ થાય છે, જે બ્રહ્મક્રતુ હોય તેને બ્રાહ્મ ઐશ્વર્ય સિદ્ધ થાય એમ શાઙ્કરભાષ્ય ગ્રહે છે, શ્રીમત્પ્રભુચરણ તો આ સૂત્રના ભાષ્યમાં આજ્ઞા કરે છે કે 'सर्वं मद्भक्तियोगेन' વાકયથી ભક્તિમાર્ગીયને ઉપાસનાપેક્ષા જ નથી અને તેથી પ્રતીકાદિની ઉપાસનાની સમ્ભાવના પણ ભક્તિમાર્ગીયમાં તો નથી, 'कथञ्चिद् यदि वाञ्छति' વાકયથી તદ્ભોગ કરીને પ્રાચીનભગવદ્ભજનરૂપક્રતુ તે ભગવદીય તો અમાનવ પુરુષના પણ વિના જ સ્વયં જ ભગવલ્લોકને પ્રાપ્ત કરે છે. પ્રકૃત પણ સાધક સર્વાત્મભાવક્રતુ હોવાથી ભોગ્યસ્વરૂપ ફલને જ પ્રાપ્ત કરે છે, નહિ કે સાયુજ્યાદિ.

શ્રુત્યુક્ત ફલ કાંઇ હોય જ નહિ, અને તે મોક્ષાદિ તો અનુભવાપર્યવસાયિ દેખાય છે, તેથી અમે વ્યવસ્થિતવિકલ્પે[1] વ્યવસ્થા પણ કથીએ છીએ કે જે કેવલ હોય છે તેમનું તે મોક્ષ જ ફલ છે પરન્તુ જે ઇન્દ્રિયવાન્ છે તેમનું તો આ–ભોગ્ય સ્વરૂપ–જ ફલ છે, શ્રુતિ આપ્તા છે તેથી તે અન્યથાકથન કરે એ યુક્ત નથી એમ જણાવવાને 'હિ' પદ કથ્યું, 'વાઙ્ મનસિ દર્શનાત્' ઇત્યાદિ સૂત્રચતુષ્ટયમાં ઉક્ત પ્રકારે સઙ્ઘાતનો લય સતે સેવોપયોગી દેહનું દાન ભગવાન્ જેમને કરતા નથી તે અત્ર 'કેવલ'પદે વાચ્ય છે, તેવા 'કેવલ'નું તો તે મોક્ષ–પુરુષોત્તમમાં સ્થિતિ–જ ફલ છે એમ જણાવવાને 'એવ' શબ્દ પ્રયોજ્યો છે, પરન્તુ જેમને સેવોપયોગી તાદૃશ દેહનું દાન ભગવાન્ કરે છે તેવા સેન્દ્રિય ઇન્દ્રિયવાન્‌ને–અક્ષણ્વાન્‌ને–તો અનુગ્રહતારતમ્યે સેવાફલગ્રન્થોક્ત અલૌકિકસામર્થ્ય સાયુજ્ય અને વૈકુણ્ઠાદિમાં સ્થિતિ એમ ફલત્રય પણ પ્રાપ્ત થાય છે, અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જ એમ જાણીએ છીએ એટલું જ નહિ પરન્તુ અત્ર આ અર્થમાં શ્રુત્યન્તરગોપિકાની પણ સમ્મતિ છે એમ 'સખ્ય:'સમ્બોધને કથે છે, કારણ કે 'સખ્ય:'પદનો પ્રયોગ 'સમાનશીલવ્યસન'માં જ થાય છે, તેથી–સમાનશીલવ્યસનવાચક 'સખ્ય:' સમ્બોધનથી–આ શ્લોકનાં વક્ત્રી ગોપિકાએ સ્વસમાનશીલવ્યસના નિજસખી શ્રુત્યન્તરરૂપા ગોપિકાની પણ સમ્મતિ કથીને સિદ્ધ કર્યું કે અક્ષણ્વાન્‌નું તો ફલ ભોગ્ય સ્વરૂપ જ છે તદતિરિક્ત સાયુજ્યાદિ કાંઇ ફલ નથી, અગ્રે 'જુષ્ટં યૈર્વા નિપીતં'માં 'વા' પદે અનાદરસૂચને અનાદરણીય પક્ષથી ઇતર જે આદરણીય મુખ્ય પક્ષ આક્ષિપ્ત થાય છે તે જ મુખ્ય પક્ષ આ કથાયો એમ જાણવું, પરન્તુ ભોગ્ય સ્વરૂપથી અતિરિક્ત કાંઇ ફલ જ નથી અને ભોગ્ય સ્વરૂપમાત્ર જ ફલ છે એમ સ્વયં જાણીને અને તત્ર સખ્યન્તરની પણ સમ્મતિ પ્રાપ્તા કરીને એકાદશેન્દ્રિયોનો વિનિયોગ ભોગ્ય ભગવત્સ્વરૂપમાં જ થાય એમ તો તાદૃશભાવવતી કોઇ વિરલગોપિકામાં જ સમ્ભવે છે, સાધારણગોપિકામાં અને ગોપમાં તો સર્વથા તાદૃશ વિનિયોગ સમ્ભવતો જ નથી, તેથી સર્વ જ શ્રીગોપીજનનો સાધારણ પક્ષ પણ કથે છે કે અક્ષણ્વાન્‌નું અર્થાત્ ચક્ષુષ્માન્‌નું આ જ ફલ છે અને પર–એતદતિરિક્ત સાયુજ્યાદિ–ફલ નથી એમ અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જાણીએ છીએ, અને અત્ર તો સર્વાની જ–શ્રુત્યન્તરરૂપગોપિકાની પણ–સર્વથા સમ્મતિ છે, આ પક્ષમાં 'અક્ષણ્વત્'પદ ચક્ષુષ્મત્પદપર અર્થાત્ ચક્ષુષ્મત્પદાર્થક જાણવું, અથવા અત્ર 'સખ્ય:'પદપર્યન્ત સર્વ જ પદની આવૃત્તિ જાણવી, ચક્ષુષ્મત્પદને નિજ અર્થે પૂરે તે 'ચક્ષુષ્મત્પદપર' 'ચક્ષુષ્માને સહ એકાર્થ' એમ 'ચક્ષુષ્મત્પદપર'નો અર્થ જાણવો, પૂર્વે 'અક્ષણ્વતાં' પદનો અર્થ 'એકાદશેન્દ્રિયવાન્' કરીને હવે 'ચક્ષુષ્માન્' અર્થ કથ્યો, તેથી આ 'અક્ષણ્વતાં' ચરણની સંયોગપૃથક્ત્વન્યાયે[2] આવૃત્તિ જાણવી, આ અર્થાન્તરગ્રહણાદિમાં બીજ પણ 'વા' પદે કથ્યું, અત્ર 'વા' પદે વિકલ્પ અભિપ્રેત છે, તેથી જો પૂર્વોક્ત મુખ્ય પક્ષ વિરલત્વથી અભિપ્રેત કદાચિદ્ ન હોય તો 'વા'પદોક્ત આ વિકલ્પનું ગ્રહણ કરવું એમ અર્થ સિદ્ધ થાય છે, અર્થાદ્ જો એકાદશેન્દ્રિયવિનિયોગરૂપ મુખ્ય પક્ષ વિરલત્વથી અભિપ્રેત ન હોય તો સર્વસાધારણ્યપક્ષથી 'અક્ષણ્વાન્' પદનો અર્થ 'ચક્ષુષ્માન્' કરવો, એકાદશેન્દ્રિયવિનિયોગરૂપ પક્ષ તો મુખ્ય જ છે અને તે મુખ્ય–અને તેથી અતીવ વિરલ–જ પક્ષનો વિકલ્પ પણ 'વા' પદે કથે છે કે એકાદશેન્દ્રિયવિનિયોગરૂપ મુખ્ય પક્ષ અતીવ વિરલ જણાય તો એક જ નેત્રેન્દ્રિયના પણ વિનિયોગરૂપ આ દ્વિતીય અર્થનું ગ્રહણ કરવું, મુખ્ય પક્ષે એકાદશેન્દ્રિયનો વિનિયોગ તો વિરલ જ ભક્ત કરી શકે તેથી સર્વસાધારણ આ વિકલ્પ કથ્યો, તેથી એક નેત્રેન્દ્રિયમાત્રના પણ વિનિયોગે આ ભોગ્ય સ્વરૂપ જ ફલ છે તદતિરિક્ત મોક્ષાદિ સર્વથા ફલ નથી એમ અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જાણીએ છીએ, અને આ વિકલ્પમાં તો સર્વાં જ શ્રુત્યન્તરરૂપસખીની–ગોપિકામાત્રની–પરિપૂર્ણા સમ્મતિ પણ છે એમ અર્થ સિદ્ધ થઇ રહે છે, જો અત્ર મુખ્ય પક્ષ અભિપ્રેત ન જ હોત તો વિકલ્પવાચિ 'વા' પદનું કથન જ કરત નહિ, 'અક્ષણ્વાન્' પદનો અર્થ 'એકાદશેન્દ્રિયવાન્' લો કે વિકલ્પે 'ચક્ષુષ્માન્' લો તથાપિ ઉભયે પક્ષમાં આ ભોગ્ય સ્વરૂપ જ ફલ છે, મુખ્ય પક્ષમાં જેમ એકાદશ ઇન્દ્રિયે ભોગ્ય સ્વરૂપ જ

---

૧. યત્ર વિકલ્પમાં અધિકારીનું સ્વાતન્ત્ર્ય નથી પરન્તુ શાસ્ત્રે જ વ્યવસ્થા કરી આપેલી હોય છે તત્ર 'વ્યવસ્થિતવિકલ્પ' જાણવો, પ્રસ્તુતમાં સેન્દ્રિયને ભોગ્યસ્વરૂપ ફલ અને નિરિન્દ્રયને સાયુજ્યાદિ ફલ એમ વ્યવસ્થા શાસ્ત્રે જ કરી આપી છે તેથી વ્યવસ્થિત વિકલ્પ છે. વિકલ્પમાં અષ્ટદોષ મીમાંસકો સ્વીકારે છે અને શુદ્ધાદ્વૈતી તત્ર દોષચતુષ્ટય જ સ્વીકારે છે, પરન્તુ ઉભયે મતમાં વિકલ્પ સદોષ છે જ, તે દોષપ્રસક્તિ ન થાય તેથી શાસ્ત્રવાક્ય જ વિકલ્પની વ્યવસ્થા સ્વયં કરી આપે છે, જો કે વ્યવસ્થિત વિકલ્પમાં પણ દોષદ્વય તો છે જ. નારાંશસતનૂનપાત્‌નું ઉદાહરણ વ્યવસ્થિત વિકલ્પમાં મીમાંસકો આપે છે.

૨. એક જ પદાર્થનો ઉભયત્ર સમ્બન્ધ જણાવવો હોય ત્યારે આ ન્યાયનો ઉપયોગ થાય એમ ષષ્ઠ શ્લોકમાં ઙ્કઽવિવેણુરવંના વ્યાખ્યાનપ્રસઙ્ગે કથાયું જ છે.

ફલ છે તેમ જ દ્વિતીય પક્ષમાં–'વા'પદોક્ત વિકલ્પમાં–પણ એકનેત્રેન્દ્રિયમાત્ર ભોગ્ય આ સ્વરૂપ જ ફલ છે, કારણ કે સમ્પૂર્ણ પણ સ્વરૂપ નેત્રગોચર તો છે જ, તેથી મુખ્ય અને વિકલ્પ એમ ઉભયે પક્ષમાં ભોગ્ય સ્વરૂપ જ ફલ છે પરન્તુ એતદતિરિક્ત મોક્ષાદિ કાંઇ ફલ નથી એમ સિદ્ધ થયું.

પશૂનનુ વિવેશયતો- વયસ્યૈર્વક્ત્રં વ્રજેશસુતયોરનુવેણુ જુષ્ટં યૈર્વા નિપીતમ।

પશુના પશ્ચાદ્ભાગમાં વયસ્યે સહ પશુઓને વનમાં નિવેશાવતા રામકૃષ્ણના એક શ્રીમુખનું જોષણ–સેવન–અથવા પાન જેમણે કર્યું તેમનું ફલ આ–વક્ત્ર–જ છે, અત્ર 'વા' પદ અનાદરવાચક છે, પૂર્વચરણોક્ત મુખ્યપક્ષની અપેક્ષાએ આ ફલ ગૌણ છે, અર્થાદ્ અત્ર જો મુખ્ય પક્ષ અભિપ્રેત ન જ હોત તો તદપેક્ષાએ વિકલ્પવાચક 'વા' પદનો પ્રયોગ કરત નહિ, જેઓ તો કાલે તુલ્ય–ભગવજ્જન્મકાલીન–છે તે વયસ્યોએ સહ એતદ્રસાનભિજ્ઞ પશુઓનો વનમાં પ્રવેશ ભગવાન્ કરાવે છે, કારણ કે નિર્ગુણાવસ્થાધિકારના અભાવમાં સાત્ત્વિકાવસ્થા યુક્તા છે, પશુઓના વનપ્રવેશે સૂચિત તાત્પર્ય કથે છે કે નિર્ગુણાવસ્થાનો અધિકાર નથી તેમની સાત્ત્વિકી અવસ્થા યુક્તા છે, અને તેથી વયસ્યોએ સહ એતદ્રસાનભિજ્ઞ પશુઓનો વનપ્રવેશ ભગવાન્ કરાવે છે, 'પ્રશૂનનુ'પદમાં 'અનુ' ઉપસર્ગના સાર્થકત્વાર્થ 'પશૂન્' પદની પણ આવૃત્તિ કરવી, અર્થાદ્ ગવાદિ પશુઓના અનુ–પશ્ચાદ્ભાગમાં–પશુઓને–એતદ્રસાનભિજ્ઞ બહિરઙ્ગ ગોપોને–વનમાં નિવેશાવતા રામકૃષ્ણના એક જ શ્રીમુખનું જેમણે જોષણ વા નિપાન કર્યું તેમનું ફલ આ વક્ત્ર જ છે, અત્ર નિવેશક્રિયાની અન્યથાનુપપત્તિએ જ 'વન'પદાર્થ અર્થાપત્તિલભ્ય છે, તેથી 'વન'પદાર્થનો અધ્યાહાર પણ ન માનવો, અર્થાદ્ નિવેશપદાર્થની આકાઙ્ક્ષાપૂર્ત્યર્થ નિવેશપદાન્તર્ગત જ વનપદાર્થ છે એમ જાણવું, બહિરઙ્ગ આ ગોપોના વનપ્રવેશમાં હેતુ કથે છે કે નિર્ગુણાવસ્થાના–અન્તરઙ્ગલીલાધિકારના–અભાવમાં સહસ્થાપનમાં દોષાગોપનો સમ્ભવ છે તેથી તેમનું સાત્ત્વિક વનપ્રવેશન જ યુક્ત છે, આ પ્રકારે 'વયસ્ય'પદનો એક 'ભગવજ્જન્મકાલીન' અર્થ કરીને પ્રથમ પક્ષને ઉપસંહરતાં કથે છે કે તે સમાનકાલ વયસ્યોએ સહ પશુઓનું વનનિવેશન ભગવાન્ કરે છે, હવે 'વયસ્ય' પદનું અર્થાન્તર પણ કથે છે કે કાલ ભગવાનની લીલામાં નિમિત્ત છે અને ગોપના અને લીલાના પણ આધારત્વે નિમિત્ત તે–ભગવત્પ્રાકટ્ય–છે તેથી ગોપ 'વયસ્ય' છે, ગોપના અને લીલાના એકકાલાધારત્વમાં નિમિત્ત પ્રભુપ્રાકટ્ય છે, પ્રાકટ્યરૂપ હેતુએ જ તાદૃશ લીલાકાલમાં વયસ્યોનું પણ વનમાં આગમન થયું, અર્થાદ્ વયે–ભગવત્પ્રાકટ્યરૂપ હેતુએ–લીલાએ તુલ્ય છે તેથી લીલામાં લીલાકાલાધાર ગોપ 'વયસ્ય' છે, કાત્યાયનીવ્રતપ્રસઙ્ગમાં વાચ્ય મુખ્ય વયસ્યોની તો ભગવાને સહ નિયતા જ સ્થિતિ છે તેથી અને અત્ર તો વનનિવેશન કથ્યું છે તેથી, આ વનનિવિષ્ટ બહિરઙ્ગગોપ તે મુખ્ય અન્તરઙ્ગ વયસ્યોથી ભિન્ન જ છે એમ 'વયસ્ય' પદના ઉભયે પણ અર્થમાં જાણવું, "તદા"નો અર્થ 'એમ વ્યાખ્યાન સતે,' 'વયસ્ય' પદનું આ દ્વિતીય પણ પ્રકારે વ્યાખ્યાન થઈ શકે છે, તેથી તે વયસ્યોના દ્વારા પશુઓનું નિવેશન વનમાં કરાવે છે, અથવા અત્ર વયસ્યોનો સહભાવ ભગવાને જ છે, આ અર્થમાં–રસાનભિજ્ઞ પશુઓને–બહિરઙ્ગ પણ ગોપને–શ્રમ થતાં તેઓનું ઇતસ્તતઃ પર્યટનસામર્થ્ય ન રહેતાં 'ગઈ ગાયો દૂર' ઇત્યાદિશ્લોકોક્ત પ્રકારે તે ગોપ ભગવાનને નિવેદન કરે ત્યારે શ્રાન્ત ગોપને સ્થાને વયસ્યોના નિવેશનાર્થ અત્ર ભગવાને જ સહ વયસ્યોનો સહભાવ કથ્યો, વયસ્યોએ સહ ભગવાન્ પશુનિવેશ કરાવે છે તેથી તે વયસ્યોનો ભગવત્સહભાવ અત્ર કથ્યો, આ જ અર્થનું વિવરણ કરવાને સહભાવમાં પ્રયોજન કથે છે કે તેમ સતે–વયસ્યોનો ભગવાને સહભાવ સતે–વનનિવિષ્ટપશુગોપને પણ શ્રમ થાય ત્યારે તે ગોપને સ્થાને નિવેશનાર્થ નિજ વયસ્યોનો સહભાવ ભગવાને સહ કથ્યો, (૧) ભગવાને વયસ્યોના દ્વારા પશુઓનો વનપ્રવેશ કરાવ્યો (૨) અથવા વયસ્યોએ સહ પશુઓનો વનપ્રવેશ ભગવાને કરાવ્યો (૩) અથવા વયસ્યોએ સહ ભગવાને પશુઓનો વનપ્રવેશ કરાવ્યો એમ વસ્તુતઃ અત્ર અર્થત્રય છે. આવિષ્ટનું મુખારવિન્દ સ્પષ્ટ નથી, રામાવિષ્ટાંશનું મુખ પૃથક્ સ્પષ્ટ નથી, પરન્તુ આવેશાધિકરણસઙ્કર્ષણમુખે સંવલિત જ છે, તેથી ઉભયરૂપ પણ ભગવાનના મુખને જેમણે ચક્ષુર્દ્વારા અન્તઃપ્રવેશિત કર્યું તેમનું આ મુખ જ ફલ છે, મુખ્ય પ્રકટ ભગવાન્ એક કૃષ્ણના જ મુખને આવિષ્ટના અને કૃષ્ણના એમ ઉભયરૂપના પણ મુખત્વે કથ્યું, અત્ર મુખના ઐક્યનિરૂપણનું તાત્પર્ય કથે છે કે આવિષ્ટનું મુખારવિન્દ સ્પષ્ટ નથી, તેથી આવિષ્ટના અને કૃષ્ણના ઉભયરૂપના પણ મુખત્વે એક ભગવાન્‌નું જ શ્રીમુખ જેમણે સાધારણરીતિએ ચક્ષુર્દ્વારા અન્તઃપ્રવેશિત કર્યું તેમનું ફલ આ મુખ જ છે, કારણ કે સાધારણ પક્ષમાં ચક્ષુર્દ્વારા શ્રીકૃષ્ણમુખનું અન્તઃપ્રવેશન જ ફલ છે, અત્ર મુખના પ્રધાનત્વમાં 'તે સર્વવ્યાપક ચિત્તને આકર્ષીને એકત્ર

ધારવું અન્યચિન્તન ભૂયઃ ન કરવું સુસ્મિત મુખની જ ભાવના કરવી' વાક્યથી પ્રમાણુસમ્પત્તિ પણ કથી, કિઞ્ચ આ શ્રીગોપીજન નિજ હૃદયમાં ભાવિત મુખનું નિરૂપણ કરે છે, તેથી સાધારણત્વપક્ષે યદ્યપિ સામાન્યતઃ બલભદ્રનું નિરૂપણ કર્યું તથાપિ મુખનિરૂપણપ્રસ્તાવમાં તો અન્ય–રામમુખસંવલિત–મુખ એમના હૃદયમાં આવતું જ નથી તેથી મુખદ્વય ન નિરૂપતાં કેવલ એક જ મુખ નિરૂપ્યું, મુખવ્યતિરિક્ત અવયવાન્તરની દૃશ્યત્વે ઉપસ્થિતિ થાય તથાપિ મુખ તો ભોગ્યરસયુક્ત છે, તેથી મુખની તો ઉપસ્થિતિ ભોગ્યત્વે જ થાય છે અને કેવલભગવદુપાસકને રામાવિષ્ટ મુખમાં તો તે ભોગ્યરસવત્ત્વ જ સમ્ભવતું નથી, તેથી પણ આવિષ્ટમુખનું પૃથક્ નિરૂપણ કર્યું નહિ, યદ્વા આસક્ત્યાધિક્યના બોધનાર્થ શ્રીમુખૈક્યનિરૂપણનું તાત્પર્યાન્તર પણ 'કિઞ્ચ' ઇત્યાદિથી આ પ્રકારે કથ્યું, મુખના ઐકત્વનું પ્રતિપાદન કરતાં ઇશ્વિરત્વે આરાધનબુદ્ધિએ અથવા અનુરોધબુદ્ધિએ જેમનું પાન છે તે પાન તો સાપેક્ષ છે એમ અનાદરમાં હેતુ 'વ્રજેશસુતયોઃ' પદે કથ્યો, વ્રજેશે સાપેક્ષ જ ભગવન્મુખપાનમાં જેમનો અનાદર છે તેમને આવિષ્ટ ભગવન્મુખના પાનમાં અનાદર થાય તેમાં તો કથવું જ શું? શ્રીનન્દરાયજી ઇશ્વિર–વ્રજરાજ–છે તેથી તેમના સુતત્વે આરાધન વા અનુરોધ–આનુકૂલ્ય–કર્તવ્ય છે એવી બુદ્ધિએ જે ભક્તો શ્રીમુખનું પાન કરે છે તેવા ભક્તે કૃત પાન તો વ્રજેશસાપેક્ષ છે, સર્વ દર્શનકર્તાના સાધારણપક્ષે આ કથ્યું, વર્ણિકા શ્રીગોપિકા તો કાંઇ એવું સાપેક્ષ પાન કરતાં જ નથી, યદ્વા અત્ર 'ઇશ્વરત્વે'નો અર્થ 'સ્વગ્રામાધિપતિત્વે' કરવો, કારણ કે યોગશક્તિએ તે જ અર્થનું કથન છે, અને 'તત્સાપેક્ષં'નો અર્થ 'ભગવત્સાપેક્ષં' કરવો અને 'અનાદરે' પદનો અર્થ 'ફલત્વે અનાદરે' કરવો, અર્થાત્ તે શ્રીગોપીજન યદ્યપિ બલદેવનું વ્રજેશસુતત્વે દર્શન કરે છે તથાપિ સ્વફલત્વે તો દર્શન કરતાં જ નથી, તેથી તેવા ભગવત્સાપેક્ષ બલદેવમુખદર્શનમાં તે શ્રીગોપીજનનો અનાદર છે. બલભદ્ર કાંઇ વ્રજેશના પુત્ર નથી, અત્ર 'બલભદ્ર કાંઇ વ્રજેશના પુત્ર નથી' એ પૂર્વપક્ષ છે અને અગ્રિમ વાક્ય તેનું સમાધાન છે, અત્ર 'નહિ' પદ 'નનુ'વાચક છે, યદ્વા મુખની એકતાના ઉપપાદનાર્થે કથે છે કે 'બલભદ્ર કાંઇ વ્રજેશના પુત્ર નથી,' આવેશપક્ષમાં તો કૃષ્ણ જ આવિશે છે તેથી તે ઉભયનું વ્રજેશસુતત્વ યુક્ત જ છે, 'બલભદ્ર કાંઇ વ્રજેશના પુત્ર નથી' એ પૂર્વપક્ષનું પણ સમાધાન અગ્રિમ વાક્યે કરે છે કે આવેશપક્ષમાં તો કૃષ્ણ જ પ્રવેશ કરે છે તથાપિ અનાવેશપક્ષમાં આ પ્રકારની આશઙ્કા થાય તો તે અનાવેશપક્ષની વ્યાવૃત્તિ કરવાને અત્ર 'તુ' પદ ધર્યું, જો એમ જ છે તો 'ફલત્વે અનાદરમાં શો હેતુ?' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે અનાદરમાં હેતુ લૌકિકસાપેક્ષદર્શન છે, અર્થાત્ પૂર્વોક્ત લૌકિક ભાવે–લૌકિકબુદ્ધિએ–વ્રજેશસાપેક્ષ દર્શન અનાદરમાં હેતુ છે, અનાદરે રામકૃષ્ણના એક મુખનું જેમણે પાન કર્યું તેમનું આ વક્ત્ર જ ફલ છે, આ પક્ષમાં મુખમાત્રનું ફલત્વ જાણવું, અને તત્ર પણ ઇશ્વિરત્વે આરાધનબુદ્ધિએ અને સ્વસ્વામિપુત્રત્વે અનુરોધબુદ્ધિએ એમ પક્ષદ્વય જાણવું. આ શ્રીમુખ કેવું છે એમ અપેક્ષા થાય તો કથે છે કે તે મુખ અનુવેણુ છે, તે મુખ વેણુવાદનપર છે, યદ્વા ચક્ષુષ્માનથી પણ હીનાધિકારીનું કથન કરતાં આજ્ઞા કરે છે કે અન્ય ભક્ત તો ગીતરસાભિજ્ઞ છે અને તેથી વેણુનાદશ્રવણાર્થ ભગવન્મુખારવિન્દનું દર્શન કરે છે એમ 'અન્યે' ઇત્યાદિએ કથે છે, અન્ય તો ગીતરસાભિજ્ઞ છે અને તેથી વેણુનાદના શ્રવણાર્થે જ ભગવન્મુખારવિન્દનું દર્શન કરે છે એમ 'અનુવેણુ જુષ્ટં' પદે કથે છે, અત્ર 'ન વેણુનાદ' ઇત્યાદિ પાઠ હોય તો 'તેઓ ભગવન્મુખારવિન્દનું જે દર્શન કરે છે તે વેણુનાદશ્રવણાર્થ કરતાં નથી પરન્તુ કેવલ ગીતરસાભિજ્ઞતાએ કરે છે' એમ અર્થ કરવો, વેણુને અનુલક્ષીને જે વર્તે તે 'અનુવેણુ'–વાદનપર–, અત્ર 'વેણુમ્ અનુ' ઇત્યાદિએ અર્થનું કથન કર્યું, વિગ્રહ તો અનુગત છે વેણુ જેનો તે 'અનુવેણુ' એમ જાણવો, વેણુને અનુલક્ષીને જે વર્તે તે 'અનુવેણુ' વાદનપર મુખનું જેઓ જોષણ કરે છે અથવા જેઓ પાન કરે છે તેમનું ફલ આ મુખ છે, અત્ર 'જુષ્ટ'નો અને 'નિપીત'નો ભેદ કથે છે કે 'જોષણ' સેવનનું અથવા નિદર્શનનું વાચક છે, અને 'પાન' તો અન્તઃપ્રવેશન છે, જોષણમાં કેવલ શબ્દશ્રવણ છે, કારણ કે તે મનોહર છે, જોષણમાં મનોહરત્વથી જ કેવલ શબ્દનું ગ્રહણ છે, અને પાનમાં તો અન્તઃપ્રવેશન છે, તે અન્તઃપ્રવેશનપાન શિક્ષાર્થ છે, કોઇક ભક્ત મનોહરત્વમાત્રથી કેવલ શબ્દશ્રવણરૂપ જોષણાત્મક સેવન કરે છે અને કોઇક તો શિક્ષાર્થ–શિક્ષણાર્થ–અન્તઃપ્રવેશનરૂપ નિપાન કરે છે, સ્વયં પણ તાદૃશ વેણુવાદ્યનું શિક્ષણ પ્રાપ્ત કરે એ હેતુથી નિપાન કરે છે, અત્ર 'વા' પદ વિકલ્પવાચક છે, મૂલમાં વિકલ્પવાચક 'વા' પદે જોષણનો–સેવનનો–વિકલ્પ 'પાન' છે એમ કથ્યું, વિશેષણરૂપ વેણુનું પ્રાધાન્ય છે તેથી જોષણ અને પાન

એમ શબ્દકર્મક[1] જ ક્રિયાદ્રય કહ્યું, મૂલમાં 'વા' પદ કેવલ અનાદરમાત્રનો જ બોધ કરે છે એમ નથી, કારણ કે અનાદર તો સ્વરથી જ પ્રાપ્ત થઈ જાય છે, પરન્તુ કોઈક જોયું અને કોઈક નિપાન કર્યું એમ વિકલ્પનો જ બોધ 'વા' પદ તો કરે છે, અનાદર તો સ્વરથી–કાકુથી–જ પ્રાપ્ત થઈ જાય છે, 'વાશબ્દ અન્વિત સતે ગીતાભિજ્ઞફલનું સાધારણત્વ કયે પ્રકારે પ્રાપ્ત થશે?' એમ આશઙ્કા થાય તો તેની નિવૃત્તિને અર્થે આજ્ઞા કરે છે કે ગીતાભિજ્ઞફલનું સાધારણત્વ વા અનાદરણ તો સ્વરથી અર્થાત્ કાકુથી જ પ્રાપ્ત થઈ જાય છે એમ અત્ર પક્ષમાં આ ગોપિકાકૃત ભજનનું કારણ મનોહરત્વ અથવા નાદાવિષ્ટત્વ છે એમ કહ્યું, એમ સતે અર્થાદ્ 'અનુવેણુ' પદનો અર્થ 'વેણુવાદનપર' કર્યો તેથી વેણુનાદના પ્રાધાન્યે મુખાવલોકનકર્ત્રીનું કથન અત્ર કર્યું, અને તત્ર પણ પ્રકારદ્રય છે, કોઈક તો મનોહરત્વથી ગૃહીત છે તેથી, અને કોઈક તો 'અમે પણ ભગવત્તુલ્ય વેણુવાદન કરીશું' એ હેતુએ વેણુશિક્ષણ પ્રાપ્ત કરવાને નાદાવિષ્ટ છે તેથી, શ્રીમુખનું અવલોકન કરે છે, આ પ્રકારે અત્રપર્યન્ત મુખાવલોકને ભજનકર્ત્રીના ભેદચતુષ્ટયનું કથન કર્યું, ઈશ્વરબુદ્ધિએ આરાધનકર્ત્રીમાં અને સ્વસ્વામિપુત્રત્વે અનુરોધકર્ત્રીમાં એમ વર્ગદ્રયમાં પણ મનોહરત્વથી શ્રીમુખનું સેવનકર્ત્રી અને નાદાવિષ્ટત્વે શિક્ષાર્થ નિપાનકર્ત્રી એમ ભેદદ્રયે સર્વ મલીને અત્રપર્યન્ત ભેદચતુષ્ટય સિદ્ધ થયું.

अनुरक्तकटाक्ष-मोक्षम्। કામસમ્બન્ધથી પણ પાક્ષિક ભજન કેટલાંક શ્રીગોપીજન કરે છે તેથી 'અનુરક્તકટાક્ષમોક્ષં' વિશેષણાન્તર કહે છે, અનુરક્તકટાક્ષનો છે મોક્ષ યત્ર એવું શ્રીમુખ ચક્ષુષ્માન્‌નું ફલ છે, અનુરક્તના–ભક્તના–જે કટાક્ષ તે કટાક્ષનો છે મોક્ષ જે ભગવન્મુખને વિષે એવું ભગવન્મુખ ચક્ષુષ્માન્‌નું ફલ છે, કામસમ્બન્ધથી પણ ભજનકર્ત્રી શ્રીમુખનું અવલોકન કરે છે, આ પઞ્ચમ ભેદ છે, અર્થાદ્ મુખાવલોકનના પૂર્વોક્ત ભેદચતુષ્ટયે સહ સર્વ મલીને પઞ્ચ ભેદ જાણવા, કામભાવે અવલોકયિત્રી તો પૂર્વાથી પણ હીના છે એમ કહવાને 'કામસમ્બન્ધથી પણ' ઇત્યાદિ કહ્યું. આ પ્રકારે નિર્ગુણસગુણભેદનું નિરૂપણ થયું, અર્થાદ્ નિર્ગુણસહિત સાત્ત્વિકાદિ સગુણભેદનું નિરૂપણ થયું, અત્ર એકાદશેન્દ્રિયે ભગવત્સ્વરૂપને જ ફલ માનનાર ઉત્તમોત્તમ નિર્ગુણ ભક્ત છે, અને કેવલ ચક્ષુરિન્દ્રિયે શ્રીમુખાવલોકનનું જોષણકર્ત્રી નિપાનકર્ત્રી અને કટાક્ષમોક્ત્રી એમ ત્રિવિધ સગુણ ભક્ત છે. અનુભૂત બર્હાપીડવાક્યાર્થના અવયવભૂત 'વર' પદનો અર્થ આ પ્રકારે આ શ્લોકમાં વિવૃત થયો એમ જાણવું. અત્ર ચક્ષુષ્માનના ફલત્વે 'કાલાધિક હરિ'ની લીલા નિરૂપી એમ જણાય છે. ૭.

आभास। કેવલ રસરૂપનું કથન 'ચૂત' ઇત્યાદિ શ્લોક કહે છે, 'કેવલ' પદે વિપ્રલમ્ભશૃઙ્ગારરસનું ગ્રહણ કરવું, 'બર્હાપીડ' શ્લોકમાં 'નટ' પદે આ વિપ્રલમ્ભ શૃઙ્ગાર રસનું કથન થયું છે.

चूतप्रवालबर्हस्तबकोत्पलाब्ज—
मालानुपृक्तपरिधानविचित्रवेषौ ॥
मध्ये विरेजतुरलं पशुपालगोष्ठ्यां
रङ्गे यथा नटवरौ क्व च गायमानौ ॥८॥

अक्षरार्थ—ચૂતપ્રવાલે બર્હસ્તબકે અને ઉત્પલાબ્જમાલાએ મિલિત પરિધાને વિચિત્રવેષ નટવર અને ક્વ ચ ગાનકર્તા મધ્યમાં પશુપાલગોષ્ઠીમાં બહુ શોભ્યા. ૮.

व्याख्यान–ચૂતના–આમ્રના–પ્રવાલ કર્ણને વિષે, બર્હસ્તબક–બર્હગુચ્છ–શ્રીમસ્તકને વિષે, ઉત્પલાબ્જની માલા શ્રીકણ્ઠને વિષે, તેણે–ચૂતપ્રવાલબર્હસ્તબકોત્પલાબ્જે–અનુપૃક્ત–મિલિત–જે પરિધાન–પીતામ્બરાદિ વસ્ત્રો–તેણે કરીને છે વિચિત્ર વેષ જેમનો એવા ઉભય પણ–શ્રીકૃષ્ણબલદેવ–પશુપાલગોષ્ઠીમાં મધ્યમાં વિરાજમાન થયા. અત્ર આમ્રના પ્રવાલ ઉપરિભાગમાં છે એમ જાણવું, કારણ કે તેમ સતે જ મુકુટમાં બદ્ધ પીતામ્બરખણ્ડ પ્રવાલે અને બર્હસ્તબકે પણ અનુપૃક્ત થઈ શકે અને ઉત્તરીય પરિધાન પણ માલાએ અનુપૃક્ત થઈ શકે, પરિહિત થાય–ધરાય–એમ વ્યુત્પત્તિએ એ ત્રયે પણ 'પરિધાન'વાચ્ય શબ્દ છે, તે ત્રયે કરીને પણ છે વિચિત્ર વેષ જેમનો એવા ઉભય પણ કૃષ્ણબલદેવ પશુપાલગોષ્ઠીમાં વિરાજ્યા,

---

[1] 'શબ્દકર્મ' પાણિનિ ૧–૪–૫૨માં પ્રસિદ્ધ છે. જોષણક્રિયા અને નિપાનક્રિયા એ ઉભયે ક્રિયામાં વિશેષણરૂપ વેણુનું જ પ્રાધાન્ય છે અને તે વેણુ શબ્દજનક છે તેથી–શબ્દજનક અને વિશેષણ વેણુના સમ્બન્ધથી–જોષણનિપાનક્રિયાદ્રય શબ્દકર્મક છે. 'કર્મ'પદ ક્વચિત્ ક્રિયામાત્રનું જ અને ક્વચિત્ કારકનું પણ વાચક હોય છે.

'પીતામ્બરાદિ' પદમાં 'આદિ' પદે રામનાં—બલરામનાં અમ્બર નીલ જાણવાં, અત્ર પીતામ્બરે ચૂતપ્રવાલબર્હના સમ્બન્ધનું કથન શિરોબદ્ધ પીતામ્બરખણ્ડના અભિપ્રાયે જાણવું, 'બર્હાપીડ'શ્લોકોક્ત 'વર'પદાતિરિક્ત પૂર્વાર્ધ આ શ્લોકે વિવરાય છે એ આશયે 'ચૂતાનાં' ઇત્યાદિ આજ્ઞા કરી, તેથી કર્ણિકારોપરિ પલ્લવ પણ સ્થાપિત છે એમ જાણવું, અને તત્રશ્લોકોક્ત 'વૈજયન્તીમાલા'પણ કમલની જાણવી, રસાભિનયમાં અવતારવદ્ જ આવેશનો પણ ઉપયોગ છે તેથી 'વિચિત્રવેષૌ' દ્વિવચનપદ પ્રયોજ્યું છે, બલદેવમાં જે પુરુષોત્તમાવેશ છે તે રસરૂપ છે તેથી રસાભિનયમાં સ્કન્ધબાહુધારણાદિએ સ્વામિની-રમણસમયે અભિનયકરણાદ્યર્થ બલદેવનો પણ ઉપયોગ છે અને તેથી દ્વિવચનનો પ્રયોગ કર્યો છે, યદ્વા 'અત્ર તો કેવલ રસ નિરૂપણીય સતે 'બર્હાપીડં નટવરવપુઃ'શ્લોકોક્ત 'વર'પદાતિરિક્ત 'નટ' તો એક જ છે ત્યારે ઉભયબોધક દ્વિવચનનું શું પ્રયોજન ?' એમ શઙ્કા થાય તો તેને 'રસાભિનયે' ઇત્યાદિએ પરિહરે છે કે જેમ અવતારમાં ભૂભારહરણાદિએ ભગવત્પ્રિયકર્તૃત્વે બલદેવનો ઉપયોગ છે તેમ અત્ર રસાભિનયમાં પણ ભગવત્પ્રિયકર્તૃત્વે સહસ્થિતિએ અને પ્રશંસાદિએ આવેશ બલદેવનો પણ ઉપયોગ છે તેથી અત્ર ઉભયબોધક દ્વિવચન પ્રયોજ્યું છે.

> ગુણ અને માયા વેષાર્થે ઉપયુક્તા થાય છે તેથી રસના અભિનયમાં અર્થચતુષ્ટય નિરૂપ્યું, પ્રવાલ સ્તબક અને માલા એ ત્રય અત્ર સ્થાયિભાવ વ્યભિચારિભાવ અને વિગાઢભાવાત્મક ગુણત્રયરૂપ છે અને પરિધાનરૂપા માયા છે તેથી પ્રવાલાદિ ગુણત્રય અને પરિધાનરૂપા માયા એમ સર્વે મલીને ચારે પણ પદાર્થ વેષાર્થે ઉપયુક્ત થાય છે,
>
> **कारिका ।**

અગ્રે 'ત્રયાણાં' પદનો અર્થ 'સ્થાયિભાવનો વ્યભિચારિભાવનો અને વિગાઢભાવનો' કર્યો છે, તત્ર 'વિગાઢભાવ'નો અર્થ વિગાઢ-વિલોડિત[1] કટાક્ષાદિરૂપ—એવો જે ભાવ વા 'અનુભાવ' થાય છે, અર્થાત્ સ્થાયિભાવ વ્યભિચારિભાવ અને અનુભાવ એ ગુણત્રય ક્રમે પ્રવાલ સ્તબક અને માલારૂપ છે એમ જાણવું, અને માયા તો પરિધાનરૂપા છે જ, તેથી પૂર્વોક્ત ગુણત્રય અને પરિધાનરૂપા માયા એમ આ ચારે પદાર્થ વેષાર્થે ઉપયુક્ત થાય છે, સ્થાયિભાવાત્મક સ્વરૂપ જ અત્ર આલમ્બનવિભાવ છે, તેથી અત્ર સ્થાયિભાવથી વિભાવ ભિન્ન નથી એમ જાણવું, અર્થાદ્ આલમ્બનવિભાવાત્મક ધર્મિરૂપ સ્વરૂપનું વૈચિત્ર્ય ધર્મરૂપ સ્થાયિભાવે વ્યભિચારભાવે અને અનુભાવે થાય છે, યદ્વા ચૂતપ્રવાલ રજોરૂપ છે, બર્હસ્તબક તમોરૂપ છે, અને ઉત્પલાબ્જમાલા સત્ત્વસ્વરૂપા છે, અને રસમાં તે ત્રયે પણ ઉપયુક્ત છે, કારણ કે રજોગુણે વિવિધ ભાવની ઉત્પત્તિ થાય છે, તમોગુણે તો એકત્ર ભગવદવયવમાં પ્રીત્યાધિક્યે મનનો લય થાય છે, અને સત્ત્વગુણે ભગવાનના સર્વ પદાર્થનું રસોપયોગિત્વે જ્ઞાન થાય છે, રસની રૂપની અને સુગન્ધની પ્રતિષ્ઠા ત્રયેમાં નિશ્રિતા છે, ધર્મીના આચ્છાદનનો બોધ કરવાને માયા પણ અત્ર નિરૂપાય છે, ગુણનું અને માયાનું તત્તદ્રૂપત્વ વ્યુત્પાદે છે કે આમ્રમાં મુખ્યતઃ 'રસ' પ્રતિષ્ઠિત છે તેથી આમ્રપ્રવાલ સ્થાયિભાવ છે, અત્ર 'રસ'પદ શ્લિષ્ટાર્થ જાણવું, બર્હમાં રૂપમાત્ર પ્રતિષ્ઠિત છે અને રસનો વ્યભિચાર છે તેથી બર્હસ્તબક વ્યભિચારિભાવ છે, ઉત્પલમાં સુગન્ધ પ્રતિષ્ઠિત છે અને ઉત્પલના સૌરભના આઘ્રાણે જનિત ચુમ્બન રસાનુભાવક છે તેથી ઉત્પલમાલા અનુભાવ છે, ધર્મિના—સ્વરૂપના—આચ્છાદનનો બોધ કરવાને માયા પણ નિરૂપાય છે તેથી માયા પરિધાનરૂપા છે, વેષમાં વૈચિત્ર્યસમ્પાદક તો રસરૂપસુગન્ધ ગુણ જ છે પરન્તુ સમ્યગ્વૈચિત્ર્યાર્થ ધર્મિસ્વરૂપનું આચ્છાદન પણ અપેક્ષિત જ છે તેથી માયા પણ નિરૂપી છે એમ 'અપિ' શબ્દનું સ્વારસ્ય છે, યદ્વા 'પ્રવાલાદિના સ્થાપનમાં' શું પ્રયોજન છે ? એમ આકાઙ્ક્ષા થાય તો કથે છે કે ઇહ—સ્વરૂપમાં—તાદૃશભક્તૈકભોગ્ય રસરૂપસુગન્ધના સૂચનાર્થ ચૂતપ્રવાલબર્હસ્તબકોત્પલાબ્જમાલાનું અને રસગોપનસૂચનાર્થ પીતામ્બરનું ધારણ છે, રસસૂચનાર્થ આમ્રપલ્લવ ધર્યો છે, બર્હસ્તબક સુન્દર છે તેથી રૂપસૌન્દર્યસૂચનાર્થ બર્હસ્તબકનું ધારણ છે, ઉત્પલાબ્જ સુગન્ધબહુલ છે તેથી આનન્દમયવિગ્રહમાં સહજસુગન્ધસૂચનાર્થ ઉત્પલમાલાનું ધારણ છે, અને રસ ગોપ્ય છે એમ સૂચનાર્થ પીતામ્બરનું ધારણ છે, વસ્તુનિર્દેશમાત્રે કાવ્યવત્ શ્રોતાઓને રસ નિષ્પન્ન થાય છે, 'સાક્ષાદ્ અનુભવના અભાવમાં વસ્તુનિર્દેશમાત્રે રસનો અનુભવ કયે પ્રકારે થાય?' એમ આશઙ્કાને 'વસ્તુ' ઇત્યાદિએ તે પરિહરે છે, તત્ર 'કાવ્યવત્ શ્રોતાઓને' એ દૃષ્ટાન્ત છે, અત્ર શબ્દતઃ સર્વ નિર્દિષ્ટ છે, 'પરન્તુ 'શર્કરા મધુરા' વાક્યે કાંઇ માધુર્યનો અનુભવ થતો નથી તેમ શબ્દમાત્રનિર્દેશે રસાનુભવ કેમ થાય?' એ આશઙ્કાને 'વસ્તુ'ઇત્યાદિ કારિકાએ પરિહરે છે કે વસ્તુના નિર્દેશમાત્રે પણ રસ નિષ્પન્ન થાય છે, તત્ર 'શ્રોતૄણાં કાવ્યવદ્' એ દૃષ્ટાન્ત છે, 'રસવદ્ વાક્યં કાવ્યમ્' એમ

---

૧. વિશેષે ઉન્માદપર્યન્ત ઉન્મથિત.

કાવ્યનું લક્ષણ કથ્યું છે તેથી કાવ્ય રસવત્ છે તેથી કાવ્યશ્રવણે કાવ્યનિષ્ઠ રસને ચર્વણાએ શ્રોતા આસ્વાદે છે તેમ આ વાક્યમાં પરિતઃસુધાગલનરૂપ વર્ણન છે એમ કથ્યું છે તેથી રસવત્ છે અને તેથી અન્યોન્ય તદ્વાક્યશ્રવણે એતદ્‌વાક્યનિષ્ઠ રસને ચર્વણાએ અન્યોન્ય શ્રોત્રીયૂથ આસ્વાદે છે, અને તેથી વસ્તુનિર્દેશમાત્રે રસનું આસ્વાદન થાય છે એમ સિદ્ધ થયું, યદ્વા 'અભિનયકરણમાં આમ્રપલ્લવાદિએ રસાદિનું સૂચન થાય પરન્તુ તત્ર રસનો અનુભવ કયે પ્રકારે થઈ શકે?' એમ શઙ્કા થાય તો 'વસ્તુનિર્દેશમાત્રે' ઇત્યાદિએ પરિહરે છે કે જેમ 'કાવ્ય'પદવાચ્ય રસવદ્ 'વાક્ય'ના શ્રવણે શ્રોતાને રસાનુભવ થાય છે તેમ વ્રજસ્થા સુન્દરીઓને તો તાદૃશ સ્વરૂપવર્ણનના પરસ્પર શ્રવણથી તન્નિષ્ઠ રસનો અનુભવ થાય છે. આમ્રપલ્લવાદિદર્શને તત્સૂચિત રસનો પણ અનુભવ થાય છે, તેથી રસવત્ફલબોધાર્થ પલ્લવ પ્રથમ માન્યો, ક્રમે એ પ્રકારે પદાર્થચતુષ્ટયનિરૂપણમાં હેતુ 'રસવત્ફલબોધાય' ઇત્યાદિએ કથ્યો. રસવત્ત્વે ફલના બોધનાર્થ પલ્લવનું કથન પ્રથમ કર્યું, રસયુક્ત ફલ છે એમ બોધવાને પલ્લવનું કથન પ્રથમ કર્યું, ફલસ્વરૂપનું રસવત્ત્વે જ્ઞાન પલ્લવના દર્શને થાય છે તેથી પલ્લવનું કથન પ્રથમ કર્યું. પલ્લવ કલિકાહેતુ છે, તેથી –પ્રાથમિકભાવોદયરૂપ પલ્લવ કલિકાહેતુ છે તેથી–પલ્લવ પ્રાથમિકભાવહેતુ હોવાથી–પલ્લવનું કથન પ્રથમ કર્યું, યદ્વા 'આમ્રપલ્લવનું ધારણ પ્રથમ કથ્યું તત્ર શું કારણ?' એમ આકાઙ્ક્ષા થાય તો તેની નિવૃત્તિને અર્થે 'રસવત્ફલબોધાય' ઇત્યાદિ કારિકા કથે છે, અગ્રે રસવત્ફલના–સ્વરૂપાનન્દસારભૂતસુધાનુભવના–બોધનાર્થ પલ્લવધારણ પ્રથમ કથ્યું, શાસ્ત્રાર્થના પરિજ્ઞાનથી ભાવની કલિકા થાય છે, દ્વિતીયધારણ 'શાસ્ત્રાર્થસ્ય' ઇત્યાદિએ કથે છે, રસશાસ્ત્રના અર્થના–ફલના–પરિતઃજ્ઞાનથી ભાવના કલિકા–રસાનુભવજ્ઞાપિકા–થાય છે, તેથી પલ્લવાનન્તર કલિકાસદૃશ બર્હસ્તબકનું કથન કર્યું, 'શાસ્ત્ર'ઇત્યાદિ કારિકાએ દ્વિતીયને કથે છે કે રસશાસ્ત્રના અર્થના–ફલના–પરિતઃ રસવત્ત્વે બોધથી તદનન્તર–પલ્લવાનન્તર-આવિર્ભૂત ભાવની કલિકા અવિલમ્બે પુષ્પદ્વારા રસાનુભવજ્ઞાપિકા થાય છે તેથી પલ્લવાનન્તર કલિકાસદૃશ બર્હસ્તબકનું કથન કર્યું, યદ્વા રસશાસ્ત્રનો અર્થ–સુધાભોગરૂપ પ્રયોજન–ભાવ્ય છે એમ પરિજ્ઞાન પલ્લવદર્શને થાય છે તેથી ભાવની–ભગવદ્વિષયક સ્નેહની–કલિકા અર્થાદ્ આસક્તિરૂપ ભાવ થાય છે–કારણ કે આસક્તિ પ્રેમાનન્તર થાય છે–અને તેમ ઉચિત પણ છે. પ્રમાણપ્રકરણલીલાએ પ્રેમાત્મક ભાવ ઉત્પાદિત થયાથી પ્રમેયપ્રકરણલીલાએ આસક્તિરૂપ ભાવનો ઉત્પાદ-ઉદય થાય છે, કલિકામાં રસરૂપસુગન્ધાદિ સર્વ વિદ્યમાન હોય છે તથાપિ તે સર્વ અવ્યક્ત–કિઞ્ચિદ્‌વ્યક્ત–હોય છે તેમ આસક્તિમાં ભાવના કાર્યભૂત કટાક્ષસ્મિતાલાપાદિ અવ્યક્ત–કિઞ્ચિદ્‌વ્યક્ત–હોય છે, તેથી આસક્તિ કલિકાસદૃશી છે અને તેથી તાદૃશકલિકાતુલ્યા આસક્તિના સૂચનાર્થ બર્હસ્તબકધારણનું કથન પલ્લવાનન્તર કર્યું, તૃતીય પદાર્થને 'તતઃ' ઇત્યાદિએ કથે છે, તતઃ અર્થાત્ તદનન્તર તેનું–કલિકારૂપ ભાવનું–અને 'ચ'કારસમુચ્ચિત વેષનું પણ વૈચિત્ર્ય થાય છે તેથી તદનન્તર–કલિકારૂપબર્હસ્તબકાનન્તર–'પુષ્પ' જે ઉત્પલ તેનું જે 'સ્થાન' માલા તે માલાનું કથન અત્ર થાય છે, યદ્વા વ્યસનરૂપતાએ ફલિત તે ભાવનું વૈચિત્ર્ય આલિઙ્ગનાદિકાર્યરૂપે–વિવિધવિલાસરૂપત્વે–થાય છે તેજ વ્યસન અત્ર પુષ્પસ્થાનીય છે, કારણ કે જેમ પુષ્પમાં રસરૂપસુગન્ધ વ્યક્ત હોય છે તેમ અત્ર વ્યસનમાં પણ તત્તદ્ભાવ સ્ફુટ થાય છે, તેથી તાદૃશ વ્યસનના સૂચનાર્થ ઉત્પલાબ્જપુષ્પમાલાનું ધારણ છે, અહોરાત્ર વાસના થાય તેથી આચ્છાદનનું સ્મરણ છે, ચતુર્થ પદાર્થનું કથન 'અહોરાત્રમ્' ઇત્યાદિએ કરે છે કે પરિધાનના અભાવમાં સર્વદા વાસના–તદનુભવ–થાય ત્યારે તો અગુપ્તત્વથી રસત્વ જ ન રહે તેથી તદનન્તર આચ્છાદનનું–પરિધાનનું–સ્મરણ છે, પૂર્વે પુષ્પનું કથન કર્યું છે તેથી અત્ર ચતુર્થપદાર્થનિરૂપણપ્રસ્તાવમાં 'વાસના' પદ પ્રયોજ્યું, યદ્વા પુષ્પનો ઉદ્ભવ થયે વાસના સ્ફુટા થાય છે તેમ વ્યસન થયે તત્કાર્ય દર્શનાશ્લેષરહોભાષણાદિ સદૈવ થતાં વાસના–લોકમાં જ્ઞાન–થઈ જાય અને તેથી તે તે કાર્ય લોકમાં પ્રકટ થઈ જવાથી રસત્વ ન રહેતાં રસાભાસ જ થઈ જાય, તેમ ન થાય અને રસત્વ જ રહે એમ રસત્વસાધનાર્થ આચ્છાદનની અપેક્ષા છે, તેથી પ્રકટા વાસનાના આચ્છાદનસૂચનાર્થ માયારૂપ પીતામ્બરનું ધારણ કરે છે, અત્ર આ તાત્પર્ય અવધારવું, દર્શનાશ્લેષાદિના ગોપનાર્થ જે ચાતુર્યવિશેષરૂપ કાપટ્ય અપેક્ષિત છે તે અત્ર 'માયા'શબ્દે વાચ્ય છે, અને તેથી ચાતુર્યવિશેષરૂપ કાપટ્યાત્મક માયારૂપપરિધાને જ તે રસનું ગોપન થાય છે એમ જાણવું, રસોત્પત્ત્યર્થ એતાવદ્ નિરૂપિત કર્યું, એ પ્રકારની પ્રક્રિયાએ રસ નિષ્પન્ન થાય છે તેથી આ સર્વ પ્રક્રિયા નિરૂપી કારણ કે એવી સ્થિતિ છે, એતાવન્નિરૂપણનું પ્રયોજન કથે છે કે રસની નિષ્પત્તિને અર્થે એતાવત્પદાર્થચતુષ્ટય નિરૂપ્યું. કારણ કે તેવી મર્યાદા છે, યદ્યપિ આ પ્રકારની પ્રણાલિકા વિના પણ ભગવાન્ રસોત્પાદનસમર્થ જ છે તથાપિ રસમર્યાદાપ્રણાડીસ્થાપનાર્થ આ પ્રવાલાદિ પદાર્થચતુષ્ટય નિરૂપ્યું, યદ્વા 'એમ નિરૂપણ કરવામાં પલ્લવાદિધર્મસહિત જ રસનું નિરૂપણ

થયું તેથી આ શ્લોકના આભાસગ્રન્થમાં 'કેવલં રસરૂપમાહ' એમ જે કથન કર્યું છે તેનો વિરોધ પ્રાપ્ત થાય છે' એવી આશઙ્કાને 'રસોત્પત્ત્યર્થ' ઇત્યાદિએ પરિહરે છે, શ્રીગોપિકામાં રસસ્વરૂપાવિર્ભાવાર્થ એતાવત્સર્વનું નિરૂપણ કર્યું, ધર્મસહિત ધર્મીના આવિર્ભાવાર્થ કાંઇ આ નિરૂપણ નથી, 'એતાવદ્ વિના જ રસનો આવિર્ભાવ કેમ ન કથ્યો ?' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર કરે છે કે 'ઇતિસ્થિતિ:', 'વિભાવના અનુભાવના અને વ્યભિચારીના સંયોગથી રસનિષ્પત્તિ' એ ભરતસૂત્રથી આ પ્રકારની રસમર્યાદા રસાવિર્ભાવમાં છે, તેથી રસની મર્યાદાને–પ્રણાડીને–નિરૂપવાને એતાવત્સર્વ કથીને શ્રીગોપીજનને વિષે રસાવિર્ભાવક્રમ આ પ્રકારે કથ્યો, આવિર્ભાવમાં રસાસ્વાદથી નૃત્ય થાય છે તેથી શોભા થાય છે અને તેથી અતિગુપ્ત ભગવાન્ રસત્વને પ્રતિપન્ન થાય છે, ભગવાનના રસરૂપત્વમાં એમ જ ક્રમ છે તેથી ભગવાન્માં રસાવિર્ભાવક્રમનો પ્રકાર કથે છે કે રસાસ્વાદાનન્તર નૃત્ય અને તદનન્તર શોભા ઉદ્‌ભવે છે, તેથી નૃત્યશોભાનન્તર ગુપ્ત ભગવાન્ રસત્વને પ્રતિપન્ન થાય છે, એ પ્રકારે ઉદ્‌બુદ્ધ રસનું જો ગોપન ન થાય તો રસાભાસ થઈ જાય તેથી તત્તત્સૂચક પદાર્થનું નિરૂપણ એમ ક્રમે કર્યું, બર્હસ્તબકે મયૂરાનુકરણત્વે રસાવિષ્ટ નૃત્યનું સૂચન કર્યું, યદ્વા એમ અભિનયકરણે અભિનયકર્તા ભગવાને રસાસ્વાદથી નૃત્ય કર્યું, 'બર્હાપીડ' શ્લોકસ્થ 'નટ' પદનો અર્થ આ પ્રકારે 'નૃત્ય' પદે કથ્યો, 'શોભા તતોભવદ્' 'વિરેજતુ:' પદનું વ્યાખ્યાન છે, અર્થાદ્ 'વિરેજતુ:' પદોક્ત જ શોભાનું કથન અત્ર કર્યું છે, ગુપ્ત જ રસ રસત્વને આપન્ન થાય છે, કારણ કે તેમ રસશાસ્ત્ર છે, આથી 'રસો વૈ સ:' શ્રુત્યુક્તા રસરૂપતા સમર્થાને 'બર્હાપીડ' શ્લોકસ્થ 'નટવર' પદે ઉક્ત નૃત્યનું અને આ શ્લોકના 'વિરેજતુ:' પદે ઉક્તા શોભાનું કથન અત્ર કર્યું.

'કેવલરસનિરૂપણપ્રસ્તાવમાં પલ્લવાદિનો શો ઉપયોગ ?' એમ શઙ્કા થાય તો તેના પરિહારાર્થ આ 'ગુણા માયા' ઇત્યાદિ કારિકાએ પલ્લવાદિનિરૂપણપ્રયોજન કથે છે, અત્ર આ પ્રકાર જ્ઞેય છે, 'નાટ્ય'

રસનિષ્પત્તિ। શબ્દ 'રસ' અર્થમાં મુખ્ય–વાચક–છે અને લક્ષણાવૃત્તિત:[1] ચતુર્ધાભિનયોપેત રસની અભિવ્યક્તિનું કારણ છે, તેથી 'નાટ્ય' પદને 'નર્તન' અર્થમાં બુધ પ્રયોજે છે' એમ સઙ્ગીતરત્નાકરના સપ્તમ નર્તનાધ્યાયના સપ્તદશ અને અષ્ટાદશ શ્લોકમાં 'નાટ્ય' શબ્દના અર્થનું કથન છે, અને 'મુખ્યાર્થ રસમાં તો નર્તનભેદત્વના અસમ્ભવથી મુખ્યાર્થનો બાધ થતાં વ્યઞ્જકત્વે તે રસના સમ્બન્ધી આઙ્ગિકાદિચતુર્વિધાભિનયે ઉપેત નર્તનવિશેષ લક્ષ્યાર્થ છે તેથી તત્ર–લક્ષ્ય નર્તનવિશેષમાં–પ્રવર્તમાન આ 'નાટ્ય' શબ્દ લાક્ષણિક છે' એમ સઙ્ગીતરત્નાકરની કલાનિધિટીકાનું સ્વારસ્ય છે, તેથી મૂલભૂત આર્ષગ્રન્થમાં પણ 'નાટ્ય' શબ્દનો એ જ અર્થ જણાય છે, અત્ર 'નાટ્ય' શબ્દ યોગશક્તિએ–અવયવશક્તિએ–'રસ' અર્થમાં પ્રવર્તે છે, કારણ કે નટનને–અભિનયનને–યોગ્ય તે 'નાટ્ય' એમ 'નટ્' ધાતુને અર્હાર્થક 'કૃત્ય' પ્રત્યય લાગવાથી 'નાટ્ય' પદ સિદ્ધ થાય છે, આ પ્રકારે યોગશક્તિએ 'નાટ્ય' શબ્દનો અર્થ કેવલ 'નટનને–અભિનયને–યોગ્ય' એટલો જ થાય છે અને તત્ર રૂઢિ–સમુદાયશક્તિ–પણ છે જ, તેથી 'નાટ્ય' પદ 'રસ' અર્થમાં તો પઙ્કજાદિપદવત્ યોગરૂઢ[2] છે, અર્થાદ્ 'અન્યાયશ્ચાનેકશબ્દત્વ' જૈમિનીયસ્મૃતિએ 'એક જ અર્થ એક શબ્દે વાચ્ય છે' એમ નિયમાવધારણ હોવાથી ધર્મવિશેષમાં જ પર્યવસાન ઉત્તમ હોવાથી 'નાટ્ય' પદ 'નર્તનાભિવ્યઙ્ગ્યત્વદશ્યાપન્નત્વે વિશિષ્ટ રસ'નું વાચક છે એમ સિદ્ધ થાય છે, હવે 'નર્તન'માં પણ નટનો ભાવ વા કર્મ તે 'નાટ્ય' એમ યોગ વિચારાય ત્યારે પણ 'ષ્યઞ્'નું વિધાન 'ભાવ'માં અને 'કર્મ'માં હોવાથી યોગસામ્ય યદ્યપિ પ્રાપ્ત થાય તથાપિ રસની સત્તા વિના તેવા પ્રકારે કર્મમાં પ્રયોગ જ અશક્ય છે તેથી તત્પ્રયોજક ભાવમાં જ અત્ર 'ષ્યઞ્'નું મુખ્ય વિધાન છે અને કર્મમાં તો સામાન્યત: પ્રવૃત્ત 'ષ્યઞ્' પ્રત્યય યોગવિશેષવાન્ હોવાથી તે રસાભિવ્યઞ્જક કર્મમાં સઙ્કોચાય છે, તેથી 'નર્તવ્ય' અર્થમાં 'નાટ્ય' શબ્દ શક્યસમ્બદ્ધરૂપલક્ષણાગર્ભ જ છે. એમ ઉભયથા પણ નાટ્યશબ્દવિચારે રસ[3] નૃત્યાભિવ્યઙ્ગ્ય છે

---

૧. વ્યવહારમા જેણે કરીને નામલીલા નિર્વહે તે શાબ્દી 'શક્તિ' વા 'વૃત્તિ,' આ વૃત્તિ 'મુખ્યા' 'ગૌણી' અને 'તાત્પર્ય' એમ ત્રિવિધા વા 'મુખ્યા' અને 'તાત્પર્ય' એમ દ્વિવિધા જ છે, તત્ર વાચક પદમા વાચકત્વે વર્તે તે 'મુખ્યા,' અને શક્યસમ્બન્ધે–મુખ્યાર્થના સમ્બન્ધે–બોધિકા 'ગૌણી' અને તત્પ્રતીતીચ્છાએ બોધિતત્વ 'તાત્પર્ય' કથાય છે, વૃત્તિત્રય નહિ પરન્તુ વૃત્તિદ્વય જ સ્વીકાર્ય હોય તો બુભુત્સિતાવાચકત્વે પણ તત્પ્રતીતિજનકત્વ જ 'તાત્પર્ય,' તાત્પર્યવૃત્તિના આ દ્વિતીય લક્ષણમાં ગૌણીનો અને ફલલક્ષણાનો પણ સમાવેશ થાય છે, ફલલક્ષણા સ્વીકાર્યા પછી ભિન્ન વ્યઞ્જનાવૃત્તિને શુદ્ધાદ્વૈતી સ્વીકારતા નથી.

૨. અવયવશક્તિસાપેક્ષા સમુદાયશક્તિએ યત્ર પદાર્થોપસ્થિતિ થાય તે વાચક પદ 'યોગરૂઢ'

૩. અભિધાશક્તિમાં જ અન્તર્ગત યોગે રૂઢિએ અને યોગરૂઢિએ અભિધેય મુખ્યાર્થમા બાધ પ્રાપ્ત થતાં લક્ષણાના પણ વિચારે 'નાટ્ય' પદનો અર્થ નૃત્યે અભિવ્યઙ્ગ્ય જ રસ' અત્રપર્યન્ત નિશ્ચિત કર્યો.

એમ સિદ્ધ થઈ રહે છે, કિઞ્ચ પઞ્ચત્રિંશ 'નટકથિત'[1] ઇત્યાદિ અને અષ્ટાવિંશ અને એકોનત્રિંશ 'આઙ્ગિકાભિનયૈ:' ઇત્યાદિ શ્લોકમાં નર્તનનું ભેદત્રય પણ તત્ર કથ્યું છે કે નટકથિત વાક્યાર્થનો અને પદાર્થનો નટકૃત અભિનય છે આત્મા જેનો તે 'નાટ્ય,' જે નર્તન આઙ્ગિકાભિનયે જ ભાવની જ વ્યક્તિ કરે તે 'નૃત્ય'–જેને નૃત્યજ્ઞો 'માર્ગ' શબ્દે વ્યવહરે છે–અને આઙ્ગિકાદિ ચતુર્વિધ અભિનયે વર્જિત પરન્તુ આઙ્ગિકાભિનયમાં અઙ્ગનો પ્રત્યઙ્ગનો અને ઉપાઙ્ગનો જે પ્રકાર ઉક્ત છે તે પ્રકારે ગાત્રવિક્ષેપમાત્ર હોય તે 'નૃત્ત,' એમ નૃત્તવિદ્ વિદે છે, તેમ જ અષ્ટાદશ શ્લોકને અન્તે 'સ ત્વત્રાભિનયો ભવેત્' એમ ઉપક્રમીને 'કાવ્યાદ્યર્થવિભાવાદિ'[2] એકોનવિંશ શ્લોકે 'અભિનયને લક્ષીને 'આઙ્ગિકો[3] વાચિકસ્તદ્વદ્' ઇત્યાદિ સાર્ધકારિકાદ્વયે અભિનયના ભેદચતુષ્ટયનું પણ કથન તત્ર કર્યું છે, એ પ્રકારે ચતુર્ધાભિનયમધ્યે જે વેષાત્મા 'આહાર્ય' અભિનય તે આહાર્યાભિનયને અર્થે રસ રૂપ અને સુગન્ધ એ ગુણત્રય અને પરિધાનસ્થા કનકકપિશતા માયા ઉપયુક્તા થાય છે, તેથી–રસનો આહાર્યાભિનય અત્ર શ્લોકમાં નિરૂપણીય હોવાથી–પલ્લવાદિ પરિધાનાન્ત પદાર્થચતુષ્ટય નિરૂપ્યું, કારણ કે એમ અભિનયપ્રયોગે રસની અભિવ્યક્તિ થાય છે, અને વિભાવાદિએ પ્રકૃષ્યમાણ સ્થાયિભાવાત્મા અમૂર્ત રસ તો આલમ્બનવિભાવ વિના અભિવ્યક્ત્યર્હ નથી, એમ સતે તેમાં ધર્મના આવિર્ભાવે જ કૈવલ્યને ત્યજતો રસ નાટ્યરૂપતાને પણ ત્યજે તેથી ઉભયસામઞ્જસ્યાર્થ નટવેષાત્મક આહાર્યાભિનયે આલમ્બનત્વારોપણે આહાર્યવ્યતિરિક્ત આઙ્ગિકાદિ અભિનયત્રયે સામાજિકમાં રસસંવિદ્ નિષ્પન્ના થાય છે, પરન્તુ યત્ર આલમ્બનવિભાવ જ નટ છે તત્ર પણ નાટ્યદશામાં મુખ્ય રસધર્મના અનાવિષ્કારે આલમ્બનતા તો ન્યગ્ભૂતા–ગૌણી–જ છે અને તાદશત્વને નહિ જાણતા પ્રતિ તો તે–આલમ્બનતા–પ્રત્યારોપિતા પણ છે, આ પ્રકારે પ્રકૃતમાં બ્રહ્માત્મક રસ પૂર્વોક્તા રીતિએ સ્વપ્રતિષ્ઠ અને સ્વાલમ્બન થાય તેમાં યદ્યપિ કાંઇ પણ વિરોધ નથી તથાપિ રસત્વનો ન્યગ્ભાવ કરીને આલમ્બનતા જ જેમ ક્વચિત્ પ્રકટા થાય છે તેમ અત્ર તેનો–આલમ્બનતાનો– ન્યગ્ભાવ કરીને–તેને પ્રકટા નહિ કરીને નટત્વને પ્રકટ કરીને 'રસો વૈ સઃ' શ્રુત્યુક્ત સ્વસ્વરૂપાત્મક રસને સઙ્ગીતશાસ્ત્રોક્તા પ્રણાડીએ અભિનયે છે, તેથી તત્ર ગુણાદિનો ઉપયોગ છે, અને તેથી અત્ર આ પલ્લવાદિ અર્થચતુષ્ટય કથ્યું, શ્રુત્યુક્ત સ્વરૂપાત્મક રસ નાટ્યશાસ્ત્રોક્તા પ્રણાડીએ અભિનયે છે તેથી તત્ર ગુણાદિનો ઉપયોગ છે અને તેથી આ પલ્લવાદિ અર્થચતુષ્ટયનું કથન અત્ર છે, 'ત્યારે તો ગુણ જ નિરૂપણાર્હ છે પરન્તુ ગુણી તો નિરૂપ્ય નથી' એમ શઙ્કા થાય તો તેને 'રસ' ઇત્યાદિ કારિકાએ પરિહરે છે કે ધર્મીની–રસની–ગુપ્તતાના બોધનાર્થ માયા પણ નિરૂપાય છે, અર્થાદ્ રસરૂપસુગન્ધની પ્રતિષ્ઠા પલ્લવમાં બર્હમાં અને ઉત્પલમાં નિશ્ચિતા છે તેથી તે ગુણિત્રયપલ્લવાદિનું નિરૂપણ પણ કર્યું, ગુણીનું નિરૂપણ ન કરતાં કેવલ ગુણનું જ નિરૂપણ થાય ત્યારે તો 'તે ગુણ આગન્તુક હશે' એમ સંશય રહી જાય, તેવો પણ સંશય ન રહે એ હેતુથી ગુણત્રયની નિશ્ચિતપ્રતિષ્ઠાસૂચનાર્થ પલ્લવાદિ ગુણીનું પણ નિરૂપણ કર્યું, અને ધર્મી રસના ગુપ્તતાબોધનાર્થ પીતામ્બરરૂપા માયાનું પણ નિરૂપણ કર્યું. 'રસની પ્રતિષ્ઠા તો ચૂતના ફલમાં છે ચૂતના પલ્લવમાં કાંઇ રસની પ્રતિષ્ઠા નથી, તેથી ચૂતપલ્લવનો ઉપયોગ અત્ર નથી, યદ્યપિ તદુપયોગ કથઞ્ચિત્ સિદ્ધ પણ થાય તથાપિ પલ્લવાદિ પણ હસ્તકે જ અભિનયાર્હ છે, ચૂતપલ્લવાદિ કાંઇ વેષમાં સ્થાપ્ય નથી, હસ્તકાભિનયે જ પલ્લવાદિક સૂચિત થઈ જતાં શ્રીકર્ણના શૃઙ્ગારમાં પણ આમ્રપલ્લવ નિવેશવાની આવશ્યકતા રહેતી નથી' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર 'વસ્તુનિર્દેશમાત્ર' ઇત્યાદિ કારિકાએ કરે છે કે નાટ્યમાં આસ્વાદ કાંઇ રાસન–રસનેન્દ્રિયનિષ્પાદ્ય–નથી, પરન્તુ કાવ્યે કરીને શબ્દદ્વારા જ જેમ નાટ્યમાં રસાસ્વાદ થાય છે તેમ અત્ર હસ્તકનિર્દેશે પલ્લવાદિ વસ્તુનો નેત્રદ્વારા માનસ આસ્વાદ થાય પરન્તુ તદભિવ્યઙ્ગ્ય અર્થનો–વસ્તુનો–બોધ થાય નહિ, તેથી પલ્લવાદિમાં પણ રસવત્ફલના બોધાર્થ પલ્લવ પ્રથમ માન્યો–વિચાર્યો–અર્થાત્ ચૂતપલ્લવે રસવત્ફલ ભાવિ છે એમ સઙ્ગદ્વારા[4] બોધ થાય છે, તેથી તેણે કરીને માનસાસ્વાદસિદ્ધિ છે જ તેથી રસપ્રતિષ્ઠા તત્ર

---

૧. 'નાટકસ્થિત' પાઠ આનન્દાશ્રમમુદ્રિતા પ્રતિમાં છે, તેનાથી આ પાઠ યુક્તતર છે.

૨. અત્ર 'કાવ્યબદ્ધ' પણ પાઠ છે, કાવ્યાદિ જે નાટકાદિરૂપક તત્ર કવિએ નિબદ્ધ વિભાવાદિનો–વિભાવનો અનુભાવનો વ્યભિચારિભાવનો અને સ્થાયીનો–વ્યઞ્જક અને સામાજિકમાં રસસંવિદ્નો–આનન્દાનુભૂતિનો–નિષ્પાદક નટસ્થ જે અર્થ તે અભિનય,

૩. આઙ્ગિક ૨. વાચિક ૩. આહાર્ય અને ૪. સાત્ત્વિક એમ ચતુર્વિધ અભિનય છે, તત્ર અઙ્ગે દર્શિત 'આઙ્ગિક,' વાચાએ વિરચિત કાવ્યનાટ્યાદિક 'વાચિક' હારકેયૂરકટકાદિ વિભૂષણ 'આહાર્ય,' અને સાત્ત્વિકાદિ ભાવે કરીને ભાવુકે વિભાવિત સ્તમ્ભાદિ 'સાત્ત્વિક' અભિનયત્વે પ્રસિદ્ધ જ છે.

૪. 'સ્વદ્વારા' પણ પાઠ છે.

પણ દુર્ઘટ નથી અને તેથી પલ્લવ ઉચિત જ છે, હસ્તાભિનયે ઉક્તરીત્યા પલ્લવનું માનસમાત્ર બોધન યદ્યપિ થાય તથાપિ રસવત્ફલપર્યવસાયિત્વબોધન પણ થતું નથી તેથી રસવત્ફલ ધર્મિ છે એમ પર્યવસાયિત્વબોધનાર્થ પલ્લવાદિનું પણ ધારણ પ્રભુએ કર્યું, કારણ કે અભિનયાદિએ ભગવાન્ યત્ર સ્વરૂપાત્મક જ રસને સ્થાપે છે તો તે રસ ત્યાંથી કદાપિ જતો રહેતો નથી પરન્તુ બીજ હોવાથી ફલનું પ્રદાન કરે જ છે એમ વસ્તુસ્થિતિ છે, અર્થાદ્ નાટ્યપ્રણાડીએ પ્રાપ્તરસ ભાવવાન્ ભક્તોને ફલપ્રાપ્તિ અગ્રે અવશ્ય થશે એમ બોધન કરવાને પલ્લવસ્થાપનનું કથન પ્રથમ જ કર્યું, ફલપ્રાપ્તિ અવશ્યભાવિની છે એમ બોધવાને પલ્લવસ્થાપન પ્રથમ કથ્યું, 'તે તેમ હોય તથાપિ રસશાસ્ત્રમાં તત્તદ્ધેતુએ-ઇષ્ટદર્શનાદિએ જનિત પ્રમોદાત્મા તે 'રમ્યસ્થાયિભાવ તત્તદ્રસાનુકૂલ દેશકલાકાલવેષભોગાદિસેવન' પ્રભૃતિ તત્તદ્ધેતુએ-પ્રકૃષ્યમાણ તે તે રસ કથાય છે અને તે રસ તો મનનો જ વિકાર છે અને તે આન્તર મનોવિકાર પણ અનેકરૂપ હોવાથી અનિત્ય છે અને ભગવાન્ તો મનોવિકાર અનેકરૂપ અનિત્ય નથી, કિઞ્ચ પૂર્વશ્લોકમાં 'વર'ત્વનું ઉપપાદન કર્યું અને અત્ર 'નટ'દૃષ્ટાન્તે અભિનેતૃત્વનું ઉપપાદન છે અને વિવ્રીયમાણ શ્લોકમાં-કારિકામાં-તેમ નટદૃષ્ટાન્તે જ અભિનેતૃત્વનું ઉપપાદન છે, અને એમ સતે આલમ્બનત્વ અને અભિનેતૃત્વ સ્ફુટ છે પરન્તુ સર્વરસત્વ તો સ્ફુટ નથી ત્યારે 'આ શ્લોકમાં કેવલ રસ છે' એમ પ્રતિજ્ઞાની પૂર્તિ કયે પ્રકારે ?' એમ આકાઙ્ક્ષા થાય તો તેની પૂર્ત્યર્થ 'શાસ્ત્રાર્થ' ઇત્યાદિ કારિકા કથે છે, અત્ર આ અર્થ છે, 'અસદ્ વા ઇદમગ્ર આસીદ્' ઇત્યાદિએ ઉપક્રાન્ત બ્રહ્મ જ રસ છે એમ 'રસો વૈ સઃ' ઇત્યાદિ શ્રુતિ ઉપદિશે છે, અને 'રસ'શબ્દ રસનાગ્રાહ્ય ગુણમાં દ્રવદ્રવ્યમાં સારભૂત અર્થમાં આસ્વાદ્યાનન્દજનકમાં તત્ર તત્ર પ્રસિદ્ધ છે, 'તે તે પ્રસિદ્ધ અર્થમાંથી અત્ર પ્રકૃતમાં કયો અર્થ વિવક્ષિત છે?' એમ આકાઙ્ક્ષા થાય તો 'રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ'થી આરમ્ભીને 'એષ હ્યેવાનન્દયાતિ'પર્યન્તા શ્રુતિ તે જ રસનું આનન્દત્વ પ્રાણધારણપ્રયોજકત્વ હૃદયાકાશસ્થત્વ અને આનન્દજનકત્વ કથે છે, તેથી પ્રાણીઓના હૃદયમાં સ્થિત આનન્દજનક જે આનન્દ તે જ રસ એમ સિદ્ધ થઈ રહે છે, તત્ર યદ્યપિ આનન્દોત્પત્તિરૂપ કાર્ય તત્તદવયવમાં અનુભૂયમાન હોવાથી આનન્દ સર્વશરીરવ્યાપી છે તથાપિ ઉક્તા શ્રુતિએ અને 'સ માનસીન આત્મા જનાનાં' શ્રુત્યન્તરે તે રસની વિશેષતઃ સ્થિતિ તો મનમાં જ છે એમ નિશ્ચિત થાય છે, એમ સતે રસશાસ્ત્રની પ્રણાડીએ ઉદયમાન જે પ્રમોદાત્મા માનસવિકાર તે રસાત્મા ભગવાન્નું જ કાર્યભૂત છે, કારણ કે 'એષ હ્યેવાનન્દયાતિ'માં 'એવ' પદે તેમ સાવધારણ શ્રવણ છે, અને તે માનસવિકાર તદંશભૂત પણ છે, કારણકે 'તસ્યૈવાનન્દસ્ય' શ્રુતિમાં 'માત્રા' પદનું શ્રવણ છે, અને તેથી જ પ્રકૃષ્યમાણ તે રસમાં લોકને રસત્વપ્રતીતિ થાય છે, અને જેમ બ્રહ્માદિને વિષે 'પુરુષ'પદનો પ્રયોગ ભાક્ત છે તેમ તત્ર રસનો પ્રયોગ પણ ભાક્ત છે, અને 'એમ સતે આનન્દમાત્ર જ રસ છે તેથી પ્રણાડીમાં જ વિશેષ કયાંથી?' એમ પણ શઙ્કા ન કરવી, કારણ કે રસસ્વરૂપ જ તેવું છે, અત્ર પ્રમાણનો પણ અભાવ નથી, કારણ કે પ્રણાડીએ અભિવ્યઙ્ગ્ય લૌકિક રસ સિદ્ધ થયે તે દૃષ્ટાન્તે અલૌકિક રસમાં પણ તે જ પ્રકારનું અનુમાન શક્ય છે, તેથી અને કારણધર્મની જ અભિવ્યક્તિ કાર્યમાં થાય છે તેથી પૂર્વોક્ત સન્દેહનો પણ નિરાસ થઈ રહે છે, અને 'રસ અનિત્ય થઈ જશે' એમ પણ ન શઙ્કવું, કારણ કે રસ બ્રહ્મ છે, તેથી રસના બ્રહ્મત્વથી જ અનિત્યત્વનો નિરાસ થઈ જાય છે, અને તેથી-રસબ્રહ્મ નિત્ય હોવાથી-જ મનોવિકાર પણ તે નથી, રસમાં અનેકરૂપત્વ પણ દોષાર્થ નથી, કારણ કે રસમાં અનેકરૂપત્વ પણ પ્રણાડીકૃત છે, અને તેથી વાસ્તવિકરૂપત્વ અબાધક છે, અને 'અનન્તરૂપ' શ્રુતિએ જ અનન્તરૂપત્વ વાસ્તવિક પણ છે, તેથી એમ સિદ્ધ થયું કે પરબ્રહ્મ-રસશાસ્ત્રોક્તા પ્રણાડીએ હૃદયમાં આવિર્ભૂત સતું પરબ્રહ્મ-જ તે રસ છે, અને તત્ર ચિદંશ ન્યગ્ભૂત જ છે, અને તેથી 'કૃષિર્ભૂવાચકઃ' શ્રુતિમાં ચિદંશનો ન્યગ્ભાવ કરીને સદાનન્દત્વ જ કથ્યું, 'ભૂશબ્દ તો સત્તાવાચક છે તેથી 'કૃષ્ણ'પદનો અર્થ 'સત્તાનન્દ' થાય 'સદાનન્દ' ન થાય' એમ પણ શઙ્કા ન કરવી, સત્તા આત્મરૂપા છે તેથી સત્તા ધર્મ નથી એમ વ્યાકરણમતમાં સિદ્ધ છે, તેથી 'કૃષિર્ભૂવાચકઃ' શ્રુતિમાં ધર્મરૂપ સત્તાનન્દ નહિ પરન્તુ ધર્મી સદાનન્દ કૃષ્ણ જ સિદ્ધ છે, અને તેથી ધર્મિ પરબ્રહ્મ સદાનન્દ હોવાથી રસપ્રણાડીએ આવિર્ભૂત પરબ્રહ્મ પણ રસસ્વરૂપ ધર્મિ સદાનન્દ જ છે, 'એમ હોય તથાપિ ઉક્તશ્રુતિમાં તો બ્રહ્મનું રસત્વ કથ્યું છે, કાંઇ રસનું બ્રહ્મત્વ કથ્યું નથી, અને તેમ સતે બહિરાવિર્ભૂત ભગવાન્માં રસત્વના અભાવથી પ્રતિજ્ઞાની પૂર્તિ કયે પ્રકારે થશે ?' એમ શઙ્કા થતી હોય તો તેનું સમાધાન આ પ્રકારે છે, યત્ર આ સ્વરૂપનું વર્ણન થાય છે તત્ર ભગવાન્ બહિઃ પ્રકટ નથી પરન્તુ હૃદયમાં જ પ્રકટ છે એમ 'બર્હાપીડ" શ્લોકના સ્વતન્ત્ર લેખમાં પ્રતિપાદન કર્યું છે, અને જ્યારે પણ બહિઃ પ્રકટ થાય ત્યારે પણ બાસક્તિભ્રમન્યાયે 'રસો વૈ સઃ' ભગવાન્ 'માનસીન' તો છે જ તેથી 'આ શ્લોકમાં કેવલ રસનું પ્રતિપાદન છે'

એ પ્રતિજ્ઞાની પૂર્તિ થઈ રહે છે, એમ સતે 'વૃત્તિવિશેષરૂપ[1] હોવાથી તે ભગવાન્ જ નથી' એમ પણ શઙ્કા ન કરવી, લોકમાં અન્તઃકરણવૃત્તિએ ગ્રાહ્ય વસ્તુ દેશકાલપરિચ્છિન્ન હોવાથી તત્ર અમુક દેશમાં તે પદાર્થના અભાવમાં-વિરહાદિમાં-વૃત્તિના નિર્ગમથી સંસ્કારના પ્રાબલ્યાદિએ જેમ ખ્યાતિ[2] સ્વીકારાય છે તેમ પ્રકૃતમાં નથી, કારણ કે અત્ર ગ્રાહ્ય પદાર્થ કાંઇ દેશકાલે પરિચ્છિન્ન નથી કિન્તુ અનન્યભક્તિએ લભ્ય છે, તેથી યાદશી ભક્તિ હોય છે તાદશ પ્રકારે તત્ર પરબ્રહ્મ આવિર્ભૂત થાય છે, અને તે ભક્તિ મનોધર્મ છે તેથી મનોધર્મ ભક્તિએ કરીને અભિવ્યઙ્ગ્યત્વે બહિરાવિર્ભૂત પણ ભગવાન્ માનસીન તો છે જ, અને તેથી. માયાવાદિમતમાં[3] જેમ વૃત્ત્યવચ્છિન્ન ચૈતન્ય અને વિષયાવચ્છિન્ન ચૈતન્ય એક નહિ હોવાથી બહિઃષ્ઠ વસ્તુ વૃત્તિએ અવચ્છિન્ન હોય છે તથાપિ તત્ર વૃત્તિત્વનો તો અભાવ જ સ્વીકાર્યો છે, તેમ અત્ર પણ વૃત્તિત્વ નથી, 'એમ હોય, તથાપિ પ્રકૃતાનુરોધથી શૃઙ્ગારાત્મકત્વ જ અત્ર વક્તવ્ય છે અને શૃઙ્ગારની સ્થિતિ તો પરસ્પરસાકાઙ્ક્ષસ્રીપુંવ્યક્ત્યાત્મક આલમ્બનદ્વયને અધીન છે તેથી અત્ર પણ તાદશ અધીનત્વ અઙ્ગીકર્તવ્ય છે અને ભગવાનના રસત્વમાં તો તેનો વિરોધ પ્રાપ્ત થાય છે, કારણ કે એક જ આલમ્બન હોવાથી રસાભાસત્વનો પ્રસઙ્ગ પ્રાપ્ત થાય છે' એમ પણ શઙ્કા ન કરવી, કારણ કે અત્ર આલમ્બનત્વ પણ છે, 'કામિનાં દર્શયન્ દૈન્ય' શ્લોકનાં શ્રીટિપ્પણીજીમાં રસાત્મક[4] અને રસવાન્[5] પણ ભગવાન્ છે એમ કણ્ઠરવે કથન કર્યું છે, કિઞ્ચ વિરોધ પણ નથી, કારણ કે 'સ્વપ્રતિષ્ઠત્વ' શ્રૌત હોવાથી સર્વને જ સમ્મત છે, જેમ અન્યનું કામવત્ત્વ કામે કરીને છે પરન્તુ કામનું કામવત્ત્વ સ્વતઃ જ છે તેમ અન્યનું રસવત્ત્વ રસે કરીને છે પરન્તુ રસનું તો રસવત્ત્વ સ્વતઃ જ છે એમ પણ સુવચ હોવાથી વિરોધદોષનો અત્ર પ્રસઙ્ગ જ નથી, તેથી બહિરાવિર્ભૂત પણ ભગવાનનું રસત્વ નિરાબાધિત જ છે, અને તેથી આ પ્રકારના શાસ્ત્રાર્થના પરિજ્ઞાનથી-શ્રુત્યર્થના વિચારપૂર્વકનિશ્ચયથી-વિચારવાન્‌માં ભાવની સ્થાયિભાવાત્મિકા કલિકા ઉદિતા થાય છે, અનુગ્રહાત્મક બીજાઙ્કુરાદિક તો પૂર્વસિદ્ધ જ છે અને તતઃ તદનન્તર-તે સ્થાયિભાવમાં ભાવાદિએ-વ્યભિચારિભાવાદિએ-કૃત જે વૈચિત્ર્ય તે પુષ્પસ્થાન 'વિચિત્રવેષૌ' પદે અત્ર કથાય છે, અર્થાત્ કલિકાનન્તર તે સ્થાયિભાવનું વ્યભિચારિભાવાદિકૃત જે વૈચિત્ર્ય થાય છે તે સ્થાયિભાવવૈચિત્ર્ય ૪૯-આ શ્લોકમાં-'પુષ્પસ્થાન' કથાય છે, જેનું કથન 'વિચિત્રવેષૌ' પદે કર્યું છે, પુષ્પસ્થાનાનન્તર અહોરાત્ર તત્તદ્ભાવનારૂપા વાસના થાય અને તેવી વાસના થતાં પ્રસિદ્ધિએ રસત્વની જ હાનિ થાય તેથી આચ્છાદનનું કથન કર્યું, તેમ વાસના થયે રસ પ્રસિદ્ધ થઈ જતાં રસનું રસત્વ જ ન રહે તેથી આચ્છાદનનું પણ કથન વિવરણમાં કર્યું, અન્યથા તેનું પ્રયોજન ન હોવાથી વિવરણમાં પરિકરનું-શૃઙ્ગારાદિનું-સ્મરણ કરત નહિ, આ સર્વ અર્થનો સઙ્ગ્રહ કરીને સાધકશિક્ષાર્થ રસોત્પત્ત્યર્થ 'મધ્યે વિરેજતુઃ' ઉત્તરાર્ધે એતાવદ્ નિરૂપિત કર્યું, કારણ કે તેવી સ્થિતિ-મર્યાદા-છે, સિદ્ધદશામાં ફલાનુભવપ્રકાર ઉત્તરાર્ધે 'મધ્યે વિરેજતુઃ' પદે ઉપદિશ્યો છે એ આશયે 'આવિર્ભાવે' ઇત્યાદિ કથે છે, અર્થાત્ તદા 'માનસીન'ના બહિરાવિર્ભાવે સ્વધર્મપ્રાકટ્ય કરે છે, અત્ર પર્યન્ત જે સિદ્ધ થયું તેનું કથન 'અતઃ' ઇત્યાદિએ કરે છે, અર્થાદ્ ઉક્તપ્રણાડીએ રસ અન્તર્ આવિર્ભૂત થાય છે, બહિરાવિર્ભૂત રસ તો ધર્મસાહિત્યથી અને ઉદ્બોધકત્વથી તેનું સાધન છે તેથી સ્થાનભેદે ઉભય-અન્તર્ અને બહિઃ આવિર્ભૂત-પણ અવિરુદ્ધ છે.

શ્લોકાર્થવિવેચન। સર્વરસાભિનિવેશનાર્થ 'વિચિત્રવેષૌ' પદ કથ્યું, ત્રયના અન્યોન્યગુણપ્રધાનભાવે નવ રસ ઉદ્ભવે છે, એતાદશ 'પરિધાનકૃતવેષૌ' કથનમાત્રથી જ વૈચિત્ર્યની પ્રાપ્તિ થઈ જાય છે તથાપિ 'વિચિત્ર' પદનું જે કથન કર્યું તેનું તાત્પર્ય કથે છે કે સર્વ રસના અભિનિવેશનાર્થ 'વિચિત્રવેષૌ' પદની ઉક્તિ છે, 'પરન્તુ સર્વ અર્થાદ્ નવ રસના અભિનિવેશનાર્થ 'વિચિત્રવેષૌ' પદ કથ્યું છે ત્યારે તો તે નવે રસની નિષ્પત્તિનાં સાધન પણ નવ વક્તવ્ય છે' એમ આશઙ્કા

૧. કાલક્ષુબ્ધસત્ત્વાદિગુણકૃત બુદ્ધિતત્ત્વાવસ્થાવિશેષ 'વૃત્તિ' કથાય છે.

૨. 'ખ્યાતિ'નો અર્થ 'વિપર્યાસ' થાય છે, 'ભિન્નાર્થપ્રતિપાદક બુદ્ધિવૃત્તિવિશેષ' તેનું લક્ષણ છે, સંસ્કારાત્મત્વે રહેતો પૂર્વોત્પન્ન અનુભવ ઉદ્બોધકે પ્રબલ થાય છે ત્યારે માયાએ માયિકાર્થાકારવતી બુદ્ધિવૃત્તિનો બહિઃક્ષેપ થાય છે, ત્યારે તે બુદ્ધિવૃત્તિ પુરોવર્તી પદાર્થને અંશતઃ વા સર્વતઃ આવરીને સ્વયં જ બહિઃ અવભાસે છે એમ સિદ્ધાન્તીએ સ્વીકૃતા અન્યખ્યાતિની પ્રક્રિયા છે.

૩. વૃત્ત્યવચ્છિન્નથી ભિન્ન વિષયાવચ્છિન્ન ચૈતન્યને સ્વીકારતો માયાવાદ બહિઃષ્ઠ પદાર્થને વૃત્તિએ અવચ્છિન્ન યદ્યપિ માને છે તથાપિ બહિઃષ્ઠ વસ્તુમાં વૃત્તિત્વ તે સ્વીકારતો નથી.

૪. રસસ્વરૂપ ધર્મી, અત્ર રસ ધર્મી છે.

૫. રસધર્મયુક્ત, અત્ર રસ ધર્મ છે.

થાય તો તેનો પરિહાર કરે છે કે ત્રયના અન્યોન્યગુણપ્રધાનભાવે જ નવ રસની નિષ્પત્તિ થાય છે, હાસ પ્રધાન હોય અને રતિ ગૌણી હોય તો હાસ્યરસ નિષ્પન્ન થાય છે, હાસ ગૌણ હોય અને રતિ પ્રધાના હોય તો શૃઙ્ગારરસ નિષ્પન્ન થાય છે, એમ પરસ્પર સ્થાયિભાવના વ્યભિચારિભાવના અને વિગાઢભાવના ગુણપ્રધાનભાવે નવે રસ પણ નિષ્પન્ન થઈ રહે છે, આ પ્રકારે સ્થાયિભાવાદિત્રય જ નવે પણ રસના સાધક થાય છે, શોભા તો ધર્મ્યન્તર્ગતા છે તેથી તાદૃશશોભાવિશિષ્ટ ધર્મિરસનું નિરૂપણ અત્ર વાકયાર્થ છે, રસપોષકત્વ તો ગીતવાદ્યનું જ છે એ આશયે આ પ્રકારે ઉત્તરાર્ધાભાસ કથ્યો, એમ રસરૂપ ભગવાનને નિરૂપીને સમાજમાં તદ્રસપોષક ગીતવાદ્યવિશેષને 'મધ્યે વિરેજતુઃ'ઇત્યાદિએ નિરૂપે છે, 'મધ્યે વિરેજતુઃ'નો આશય આ પ્રકારે છે,પશુપાલની ગોષ્ઠી અત્યન્તગૂઢા હોતી નથી, તેથી તત્ર રસનું સુલભત્વ નિરૂપ્યું, ગોપિકાન્તરગોષ્ઠીમાં પ્રભુ સ્થિતિ કરે તો તત્ર જ રસ સુલભ હોવાથી અમારા હૃદયમાં આગમન ન કરે એમ અત્ર ભાવ છે,'મધ્યે'પદની આકાઙ્ક્ષાના પૂરણાર્થ 'ગીત-વાદ્યયોઃ' પદ કથ્યું છે, અર્થાદ્ ગીતના અને વાદ્યના મધ્યમાં તત્સમયે–ગીતવાદ્યસમયે–નટદૃષ્ટાન્તે વાદ્યનું કથન અને નૃત્યનું પણ સૂચન થયું, 'ગાયમાનૌ'પદે ગાનનું કથન અને નૃત્યનું પણ સૂચન થયું તેથી 'નટવરૌ' અને 'ગાયમાનૌ'પદદ્વયે નૃત્ય ગીત અને વાદ્ય એમ પદાર્થત્રયનું કથન થઈ ગયું એ આશયે કથે છે કે ત્રયની સમાનતા જ સર્વોત્તમા છે, યાદૃશ નિપુણ ગાન થાય તાદૃશ જ નિપુણ વાદ્યવાદન થાય અને તાદૃશ જ નૃત્ય પણ થાય એમ નૈપુણ્યે ગાનવાદ્યનૃત્યની સમાનતા જ સર્વોત્તમા છે, તેમની ન્યૂનાધિકતા સર્વોત્તમા નથી, તેથી અત્ર મૂલસ્થ 'શોભા'પદનો અર્થ 'સામ્ય' વા 'સમાનતા' સૂચિત કર્યો, 'નટવર' પદનો વાચ્યાર્થ 'નૃત્ય' અને સૂચિતાર્થ 'વાદ્ય' એમ કેમ નહિ?' એ શઙ્કાને પરિહરે છે કે નૃત્ય તો વિશેષ પ્રાયિક જ છે, ગીત અને વાદ્ય તો બહુ કાલ–વાર–થાય છે, પરન્તુ નૃત્ય તો કદાચિદ્ રસોદ્રેકમાં જ થાય છે, તેથી 'નટવર'પદનો વાચ્યાર્થ વાદ્ય છે એમ કથ્યું, યદ્વા ગોષ્ઠીમધ્યે તે વિરાજન જ કથ્યું, અને કાદાચિત્કના નિષેધાર્થ 'અલં' પદ પ્રયોજ્યું. 'અત્ર શાસ્ત્ર નિયામક નહિ હશે' એમ આશઙ્કીને 'રઙ્ગે યથા નટવરૌ' દૃષ્ટાન્ત કથે છે, શાસ્ત્રના આધારભૂત સ્થાન રઙ્ગમાં–રઙ્ગમણ્ડપમાં–જેમ નટ શાસ્ત્રાર્થાનુસારી હોય છે તેમ આ ઉભય પણ શાસ્ત્રાર્થાનુસારી છે, અત્ર 'નટવરૌ'પદમાં 'વર'પદે ધર્મસહિતરસનિરૂપણ આશઙ્કીને તદ્વ્યાવૃત્ત્યર્થ કથે છે કે અલૌકિક નાટ્યાર્થ અત્ર 'વર'પદ છે, એમ રાજસભાવ નૃત્ય કથીને 'ક્વ ચ ગાયમાનૌ'પદે સાત્ત્વિકભાવ નૃત્ય કથે છે, બર્હસ્તબકધારણસૂચિત તામસભાવ નૃત્ય છે, કારણ કે તે તાદૃશ સમયે થાય છે, 'નટવર'પદસૂચિત રાજસભાવ નૃત્ય છે, અને ગાનસૂચિત સાત્ત્વિકભાવ નૃત્ય છે, દેશવિશેષમાં હસ્તાભિનયમાત્રપૂર્વક શ્રમરહિત ગાન કરે છે, 'શ્રમરહિત' પદે નૃત્યના સાત્ત્વિકત્વમાં હેતુ કથ્યો, 'ઉપવિશ્યગાનમાં નૃત્ય કયે પ્રકારે સમ્ભવે?' એમ આશઙ્કા થાય તો કથે છે કે હસ્તાભિનયમાત્રપૂર્વક ગાન કરે છે, આ પણ લોકમાં પ્રસિદ્ધ છે. ૮.

રસને એમ નિરૂપીને 'રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્'ના વિમર્શે વદે છે, તે રસના આધિદૈવિકરૂપતાના સમ્પાદક વેણુનાદને 'ગોપ્યઃ' ઇત્યાદિ શ્લોકે નિરૂપે છે, સ્વહૃદયમાં સહજકામત્વે આવિર્ભૂત તે રસના

આભાસ । આધિદૈવિકરૂપતાસમ્પાદક વેણુનાદને નિરૂપે છે, કામરસ સહજ છે, વેણુનાદે સહ અન્તઃપ્રવિષ્ટા સુધા સહજ પૂર્વકામને દૂર કરીને ભગવદીય કામરસને પ્રકટ કરે છે તેથી વેણુનાદ રસમાં આધિદૈવિકરૂપતાનો સમ્પાદક છે, જેમ આસન્ય પ્રાણ ઇન્દ્રિયોને કાર્યાર્હ કરે છે તેમ સુધા કામને ભગવદીય કરે છે, તેથી હવે લૌકિકસાધર્મ્યથી લૌકિકત્વશઙ્કાનો પણ નિરાસ થઈ ગયો, અત્ર શ્લોકમાં 'સુધામપિ'માં 'અપિ' શબ્દનો અર્થ કથશે કે 'વેણુ નાદનો ભોગ કરે છે એ તો અનુવાદ છે, તેથી 'અપિ' શબ્દે સુધાનું ગૌણત્વસૂચન થાય છે અને નાદનું જ મુખ્યત્વે નિરૂપણ છે, તેથી અત્ર વેણુનાદનું જ નિરૂપણ વાકયાર્થ છે, અને તેથી 'આધિદૈવિકતાસમ્પાદક'નો અર્થ 'સુધાસહિત' થાય છે, યદ્વા વેણુનાદ મનોધર્મરૂપ કામને દૂર કરીને ભગવદ્ધર્મરૂપ કામને પ્રકટિત કરે છે તેથી વેણુનાદ રસમાં આધિદૈવિકરૂપતાસમ્પાદક હોવાથી સુધાસહિત વેણુનાદને નિરૂપે છે.

શ્લોકઃ—गोप्यः किमाचरदयं कुशलं स्म वेणु-
र्दामोदराधरसुधामपि गोपिकानाम् ।
भुङ्क्ते स्वयं यदवशिष्टरसं ह्रदिन्यो
हृष्यत्त्वचोऽश्रु मुमुचुस्तरवो यथार्याः ॥९॥

અક્ષરાર્થ—હે ગોપીજન! આ વેણુએ શું કુશલ આચર્યું? ગોપિકાની દામોદરાધરસુધાનો પણ ભોગ પ્રસિદ્ધિએ તે સ્વયં કરે છે, કારણકે હ્રદિની અને તરુ તદ્ભોજનથી અવશિષ્ટ રસનો ભોગ કરે છે અને આર્યવત્ તેઓ રોમાઞ્ચયુક્ત થાય છે અને અશ્રુમોક પણ કરે છે. ૯.

વ્યાખ્યાન—'ગોપ્યઃ' સમ્બોધન પૂર્વરસાભિજ્ઞાપક–કામરસાભિજ્ઞાપક–શ્રુતિવરદાનસામયિકરસાભિજ્ઞાપક–છે, અત્ર બોધનીય કે વચનીય કાંઇ પણ નથી,આધિદૈવિકતાસમ્પાદિકા સુધાવેણુએ સહિતા છે એમાં બોધનીય કે વચનીય કાંઇ પણ નથી, કારણ કે સર્વાનુભવસાક્ષિકત્વ છે, યદ્યપિ વેણુએ રસનું પાન કર્યું નથી તથાપિ મુખમાં દર્શનથી અન્યાર્થત્વે પણ ભોજન કરે છે એમ જણાય છે, વેણુમાં સુધાપૂરણ કથવાને વિચારબીજભૂતા ઉત્કટા કોટિ કથે છે કે યદ્યપિ તેણે રસપાન કર્યું નથી તથાપિ મુખમાં તદ્દર્શનથી અન્યાર્થત્વે પણ ભોજન કરે છે એમ લક્ષાય–સમ્ભાવાય–છે, તાદશ 'કુશલાચરણે શું?' પદે આશ્ચર્યકથનમાં હેતુ કથે છે કે પુરુષને તદ્ભોજન સર્વથા અસમ્ભાવિત છે, અન્યથા ભગવાન્ જ તે સુધાનો ભોગ કરી લેત, વેણુ પુરુષ છે તેથી તેને સુધાભોગ સર્વથા અસમ્ભાવિત છે, પુરુષે જ સુધાભોગ શક્ય હોત તો ભગવાન્ જ તેનો ભોગ કરી લેત એમ સતે પણ પુરુષવેણુમાં તદ્ભોજન જણાય છે તેથી આશ્ચર્ય થાય છે,અન્યથા–પુરુષમાં સુધાભોગનો અસમ્ભવ ન હોત તો–ભગવાન્ જ તદ્ભોગ કરી લેત, તેથી આ સ્ત્રીઓની ભોગ્યા છે એમ 'ગોપિકાનાં' પદે કથે છે, અધરસુધા ગોપિકાસમ્બન્ધિની છે, 'ગોપિકાનાં'પદમાં બહુવચને સમુદાયરૂપા લક્ષ્મીનું પણ સૂચન કર્યું,'અત્ર તો 'ગોપિકા'પદનું કથન થયું છે ત્યારે તો લક્ષ્મી સુધાસમ્બન્ધિની છે એમ પ્રાપ્ત થતું નથી કારણ કે લક્ષ્મી ગોપભાર્યા નથી' એ શઙ્કાને પરિહરે છે કે લક્ષ્મી પણ સમ્બન્ધિની છે એમ બહુવચને સૂચન કર્યું, બહુ ગોપિકામાં લક્ષ્મી પણ અત્ર સમ્બન્ધિની છે, કારણ કે લક્ષ્મી સમુદાયરૂપા છે, સમુદાયમાં આવેશે કરીને છે રૂપ–સ્વરૂપ–જેનું એવાં લક્ષ્મી છે, બહુ શ્રીગોપીજનના સમુદાયમાં–યૂથમાં–આવેશે કરીને લક્ષ્મીનું પણ સ્વરૂપ છે, તેથી લક્ષ્મી પણ સમ્બન્ધિની છે, યદ્વા 'લક્ષ્મી પણ તદ્ભોક્ત્રી છે ત્યારે ગોપિકામાત્રનું સમ્બન્ધિત્વ કેમ?' એમ આકાઙ્ક્ષા થાય તો તેનો પરિહાર કરે છે કે લક્ષ્મી પણ અમારામાં જ છે, 'ગોપિકાનાં' પદમાં બહુવચને શ્રીગોપીજનમાં લક્ષ્મીનો પણ અન્તર્ભાવ સૂચિત કર્યો, લક્ષ્મીએ સહ જ લક્ષ્મ્યંશ સમાગત છે, ગોપિકાસમુદાયમાં આવેશે લક્ષ્મીનું સ્વરૂપ છે જ, 'પરન્તુ તેમ તો લક્ષ્મીનું ગૌણત્વ પ્રાપ્ત થાય' એ શઙ્કાને પરિહરે છે કે શ્રીગોપિકા તો લક્ષ્મીના અંશ છે, હેતુભૂતા લક્ષ્મીએ જ સુધાસમ્બન્ધમાં શ્રીગોપીજન તદ્યોગ્ય–સુધાયોગ્ય–થઇને સમાગત છે તેથી કૈમુત્યન્યાયે લક્ષ્મીનો તો મુખ્ય જ સમ્બન્ધ છે એમ સૂચિત થયું, અન્યત્ર લોકમાં તદ્ભોગ–અધરસુધાભોગ–પ્રસિદ્ધ નથી, પ્રથમ તો તાદશ વસ્તુનો ભોક્તા પુરુષ હોઈ શકતો જ નથી ત્યારે પછી યોન્યન્તરગત જીવ તો તદ્ભોક્તા ક્યાંથી જ હોય? તત્ર પણ આ તો વેણુ છે, એ વેણુ અધરસુધાનો ભોક્તા ક્યાંથી હોઇ શકે? તત્ર સ્થાવરત્વ તો બાધક છે જ પરન્તુ તેથી પણ અધિક બાધક તો એ છે કે વેણુ તો નીરસ છે, વેણુ કાંઇ આમ્રાદિવત્ સરસ નથી, એવો–સ્થાવર નીરસ પુરુષ-વેણુ અધરસુધાનો ભોક્તા ક્યાંથી હોઈ શકે? તત્ર પણ વેણુ તો ચેતન ચિદંશ જીવ પણ નથી, કેવલ સ્થાવર સદંશ છે, એવો વેણુ અધરસુધાનો ભોક્તા ક્યાંથી હોઈ શકે? આધિદૈવિક વેણુનું ચેતનત્વ સૂચિત કરતાં શ્રીગોપીજને આ પ્રકારે કથન કર્યું, અત્ર સર્વા જ શ્રીગોપિકા આધિદૈવિકી–અધરસમ્બન્ધિની–છે તેથી સ્વગોષ્ઠીમાં તે આધિદૈવિક અધરસમ્બદ્ધ વેણુનો પણ વિચાર ઘટે છે, તેથી તે વેણુનું પણ ભોજન કથે છે, સર્વ ધર્મફલ છે એમ વૈદિક સિદ્ધાન્ત છે, સર્વ સાધન મનોનિગ્રહપર્યવસાયિ છે એમ શ્રૌત કથન છે તેથી અને ધર્મ ચિત્તશોધક છે તેથી સર્વ ધર્મફલ છે, સાધનવિચારમાં તો એમ જ છે, અનુગ્રહવિચાર તો ભિન્ન જ છે, તેથી 'વૈદિક' પદ ધર્યું, 'વૈદિક' સિદ્ધાન્તમાં ધર્મનું જ ફલ સર્વ છે, અનુગ્રહસિદ્ધાન્ત તો ભિન્ન જ છે, તેથી શ્રીગોપીજન કારણભૂત ધર્મને વિચારે છે કે 'વેણુએ શું સાધન કર્યું?' સર્વ પણ ધર્મ વેદસિદ્ધ છે અને અમે વેદરૂપા છીએ તેથી વેદસિદ્ધ ધર્મ અસ્મદજ્ઞાત કેમ હોય? જે ધર્મે અમારું જન્મ થયું છે,તાદશ ધર્મ કદાચિત્ સમ્ભવે, પરન્તુ તત્ર અમારામાં પણ મર્યાદાન્યાયે સાધનનો તો વિરોધ નથી, અમારું જન્મ વિચારરૂપ ધર્મે થયું પરન્તુ તત્ર પણ અમે સ્વરૂપયોગ્યા છીએ તેથી મર્યાદાન્યાયે અમારામાં સાધનનો કાંઇ વિરોધ નથી, યદ્વા જે ધર્મ અમે કર્યો તે જ ધર્મ વેણુએ પણ આચર્યો એમ જણાય છે, કારણ કે એક જ સુધારૂપ ફલનો લાભ થયો છે, 'ત્યારે હવે વેણુવિષયક સન્દેહ જ શો?' એમ શઙ્કા થાય તો કથે છે કે પરન્તુ તત્ર પણ અસ્મત્કૃતસાધનમાં વિરોધ નથી, કારણ કે અમને આધિદૈવિક સ્ત્રીરૂપની પ્રાપ્તિ થઈ છે, પરન્તુ વેણુમાં તો તાદશ વિગ્રહની–સ્વરૂપની–પ્રાપ્તિ નથી તેથી તત્કૃત સાધનમાં વિરોધ છે, તેથી તેણે શું સાધન કર્યું એ મીમાંસા અત્ર પ્રાપ્તા થાય છે, અમારામાં સ્ત્રીત્વ અને વેણુમાં તો

તદભાવ છે, અમારા સાધનમાં વિરોધ નથી કારણકે તે ધર્મથી અમને સ્ત્રીત્વ સિદ્ધ થયું, પરન્તુ વેણુને તો સ્ત્રીત્વ સિદ્ધ થયું નથી, તેથી–તત્કૃતસાધનમાં વિરોધ છે તેથી–સન્દેહ થાય છે, કારણ કે સાધનવિરોધ સતે પણ ફલનું તો તેમાં પ્રત્યક્ષ જ દર્શન થાય છે, અત્ર 'ગોપ્યઃ' સમ્બોધન સમ્મત્યર્થ છે, 'આ' એમ પુલિઙ્ગનિર્દેશ બાધક છે, સ્થાવરત્વ અને સ્ત્રીત્વાભાવ બાધક છે એ તો પ્રથમ કહ્યું જ છે, અને પુંસ્ત્વ પણ બાધક છે એમ 'ચ'કારનો આશય છે, 'સ્મ' પ્રસિદ્ધિવાચક છે, અધરસુધાભોગ તો રહસિ–એકાન્તમાં–થાય એમ અનુભવસિદ્ધ છે અને વેણુ તો પ્રસિદ્ધ જ ભોગ કરે છે, તેથી ભોગમાં પ્રસિદ્ધિ પણ બાધિકા છે, વસ્તુતઃ તો તેને ફલ નથી એમ 'બર્હાપીડ'' શ્લોકમાં ઉપપાદન કર્યું છે, ત્યારે અન્યતરાબાધ કર્તવ્ય છે તેથી–સાધનમાં અને ફલમાં અબાધ–બાધાભાવ–કર્તવ્ય છે તેથી–સાધનબલનિશ્ચયે ફલાભાવ પૂર્વપક્ષ અને ફલબલવિચારે સાધનાભાવ સિદ્ધાન્ત છે, અત્ર વિચાર વૈદિક હોવાથી અધિકરણરીતિએ 'તર્હિ' ઇત્યાદિ કહે છે. અત્ર વેણુકૃત ભોગ વિષય છે, તે સમ્ભવે છે કે નહિ એ સંશય છે, પ્રસઙ્ગ સઙ્ગતિ છે કારણ કે ભુજ્યમાનસુધા ગોપિકાસમ્બન્ધિની છે તેથી નિજગોષ્ઠીમાં તદ્વિચાર ઉપેક્ષાર્હ નથી, સ્વરૂપયોગ્યતાસમ્પાદકસાધનબલનિશ્ચયે ફલાભાવ પૂર્વપક્ષ છે, સ્વરૂપયોગ્યતાસમ્પાદક અત્ર 'સાધનબલ' જાણવું, ફલબલવિચારે સાધનાભાવ સિદ્ધાન્ત છે એમ 'વેણુ'પદે કહે છે, 'વ' અને 'ઇ' તે વે, અને વેને–વને અને ઇને–અણુ કર્યા છે જેણે તે 'વેણુ', 'વ' મોક્ષાનન્દવાચક છે અને 'ઇ' કામાનન્દવાચક છે, તે ઉભયને વેણુએ તુચ્છ કરી દીધા છે, તેથી વેણુ 'વેણુ' કહેવાય છે, લોકને તેપ્રકારે વેણુ સુખદાન કરે છે તેથી તેમાં ધર્મ છે એમ નિશ્ચય થાય છે, યદ્યપિ વેણુમાં સ્વરૂપયોગ્યતા નથી તથાપિ વેણુમાં ધર્મ છે એમ અનુમાન થાય છે, અધરસમ્બન્ધથી જ તથાત્વ–સુધાભોક્તૃત્વ–છે, તેથી ધર્મનો અનિશ્ચય પણ છે. તથાપિ વેણુ સ્વયં જ સાધન છે એમ નિશ્ચય થાય છે, પૂર્વોક્ત નિશ્ચયના અને અનિશ્ચયના એમ ઉભયના સમાધાનાર્થ સિદ્ધાન્ત કહે છે કે વેણુ સ્વરૂપતઃ જ સાધન છે એમ નિશ્ચય થાય છે, તત્ર પણ 'વેણુ સ્વયં જ જેણે કરીને સાધન થઈ ગયો તે સાધન કયું?' એમ આશઙ્કા થાય તો કહે છે કે પુષ્ટિબલને આશ્રયીને તેને સિદ્ધિ થઈ ગઈ એમ જણાવવાને મર્યાદામાં 'દામોદર' પદે હીનતા–સાધનહીનતા–ન્યૂનતા–કહે છે કે જે સાધને ભગવાન્ વશ થાય તાદૃશ સાધન મર્યાદામાં નથી, તેથી મર્યાદામાં સાધનની હીનતા વા ન્યૂનતા કહી, દામ છે ઉદરમાં જેના તે 'દામોદર' એમ નિર્વચનથી ભગવાન્નું ગોપિકાધીનત્વ સૂચિત થયું, સુધા અધરનિષ્ઠા છે અને અધર લોભાત્મક છે તેથી પણ સ્વતઃ અને પરતઃ વેણુનો સાધનાભાવ સૂચિત થયો, અને રસવિવક્ષામાં–રસભોગવિવક્ષામાં–તો રસનેન્દ્રિયની અપેક્ષા છે અને વેણુને તો રસનેન્દ્રિય પણ નથી એમ વેણુનો રસનેન્દ્રિયાભાવ પણ બાધક છે એમ 'સુધા'પદે સૂચિત કર્યું, રસભોગકથનેચ્છા રસનેન્દ્રિયાભાવના જ્ઞાને બાધિતા થાય છે, અર્થાદ્ બાધક વિદ્યમાન હોવાથી વેણુનો રસભોગ સાધને કહી શકાય એમ નથી, નાદનું તો ભોજન વેણુ કરે છે એ તો અવિવાદ છે–કારણ કે વાણીનો વનસ્પતિમાં પ્રવેશ થયો, 'વાગ્ વૈ દેવેભ્યોપાક્રામદ્ યજ્ઞાયાતિષ્ઠમાના સા વનસ્પતીન્ પ્રાવિશત્' એમ શ્રુતિ કહે છે–પરન્તુ સુધાનો પણ ભોગ વેણુ કરે છે એ વિવાદાસ્પદ છે, કારણકે વેણુનો સુધામાં અનધિકાર તો પૂર્વે ઉપપાદિત છે. આથી સુધાભોગવિવાદમાં હેતુનું કથન કર્યું. કિઞ્ચ ભગવાન્ જો દાન કરે તો અનધિકારીમાં કદાચિદ્ રસભોગ સમ્ભવે પણ, અત્ર 'વ્યભિચારમાં સ્ત્રીસિદ્ધાન્તવદ્' એ દૃષ્ટાન્ત છે, સ્ત્રીનિષ્ઠ રસમાં અધિકારી પતિ છે અને તે તો સ્વતઃ પણ તે રસનો ભોગ કરે છે, પરન્તુ પરકીય અનધિકારી છે, તત્ર તે તો તે સ્ત્રીએ દત્ત જ ભોગને પ્રાપ્ત કરે છે. સ્વતોભોગમાં તે પરકીય જેમ અધિકારી નથી તેમ અત્ર પણ વેણુ અધિકારી નથી, સ્વતોભોગમાં તેનો અધિકાર નથી, પરન્તુ જો કદાચિદ્ ભગવાન્ દાન કરે તો પુષ્ટિબલે પણ ભગવદ્દત્ત જ ભોગને પ્રાપ્ત કરી શકે, પરન્તુ વેણુ તો સ્વયં ગોપિકાવત્ સ્વાતન્ત્ર્યે ભોગ કરે છે એ આશ્ચર્ય છે, અર્થાદ્ વ્યભિચારમાં અનધિકારી પ્રતિ રસના ગમનમાં સ્ત્રીને વિષે સિદ્ધ જે અન્ત–રસરૂપ ફલ તદ્વદ્ જો ભગવાન્ કદાચિદ્ દાન કરે તો વેણુકૃત સુધાભોગ સમ્ભવે પણ, પરન્તુ ગોપિકાવત્ સ્વતોભોગ આશ્ચર્ય છે, 'પરન્તુ સુધા–પાનનો નિર્ધાર કયે પ્રકારે કર્યો?' એમ શઙ્કા થાય તો કહે છે કે અધરમુખસમ્બન્ધે અમને પાન સિદ્ધ છે તેમ તેણે પણ પાન કર્યું એમ અમે માનીએ છીએ, કિઞ્ચ અસ્મદપેક્ષાએ તે વેણુમાં એક વિશેષ છે અને તે એ કે ભોજનમાં અવશિષ્ટ રસનો ભોગ હ્રદિની અને તરુ પણ કરે છે, હ્રદિનીકૃત અને તરુકૃત પાનની અન્યથાનુપપત્તિએ પણ વેણુએ પાન કર્યું એમ અમે માનીએ છીએ, વેણુ બાલ છે અને હ્રદિનીતરુ તેના માતાપિતા છે, તેથી જેમ બાલ માતાપિતાને જ પાલે છે તેમ બાલ વેણુ પણ ભોજનમાં અવશિષ્ટ રસે માતાપિતા હ્રદિનીતરુને પણ પાલે જ છે, ઉભયત્ર–હ્રદિનીના અને તરુના પાનકથનમાં–સાધક હેતુ કહે છે કે હ્રદિની હૃષ્યત્ત્વગ્ અન્તઃપૂર્ણાનન્દા થઈ છે, તેથી પણ અત્ર આનન્દાધિક્યે તે રોમાઞ્ચયુક્તા થાય છે, અને તેથી બાલ વેણુ સ્વભોજનમાં અવશિષ્ટ

રસે માતાપિતા હ્રદિનીતરુનું પાલન કરે જ છે એમ અમે માનીએ છીએ, તત્ર આ નિર્ણય છે, અત્ર રોમાઞ્ચ કમલરૂપ છે અને જગદ્દમાં તે સર્વોત્તમ છે, જલસમ્બન્ધિ સર્વમાં કમલ પદાર્થ ઉત્તમ છે, અર્થાત્ કાંઇ હેતુ વિના જ આનન્દરોમાઞ્ચરૂપ ઉત્તમ કાર્ય થતું નથી, તેમ સતે તો શૈવલનો ઉદ્દગમ થાય કમલાદિનો તો કાંઇ ઉદ્દગમ ન થાય, અને તેથી જણાય છે કે હ્રદિનીએ અધરામૃતનું જ પાન કર્યું છે, અન્યથા તેમાં લક્ષ્મીનો ઉદ્દગમ થાય નહિ, હેતુ વિના કમલના આનન્દરોમાઞ્ચત્વમાં કમલ પ્રકટ સતે પણ તે કમલમાં લક્ષ્મીનો ઉદ્દગમ થાય નહિ, કમલ રસોદ્દદાપક છે તેથી ઉદ્દગત કમલમાં લક્ષ્મી સમાગમન કરે છે–કારણ કે યત્ર પણ અતિશય દશ્યમાન થાય છે તત્ર સર્વ પણ સ્વાર્થનું અનતિલઙ્ઘન કરીને જ તે અતિશય દશ્યમાન થાય છે એમ ન્યાય છે–એ કથીને લક્ષ્મીનું તદેકભોગિત્વ ઉપપાદિત કર્યું, હ્રદિની હૃષ્યત્ત્વક્ થઇ ગઇ એ તો ઉપલક્ષણમાત્ર છે, તરુઓએ અશ્રુમોક કર્યો, તેમણે તો હર્ષાશ્રુનું પણ મુઞ્ચન કર્યું, મકરન્દ કાંઇ અન્યનો રસ નથી, અને અત્ર ફલ રોમાઞ્ચ છે અને મધુધારા અશ્રુ છે,અન્યથા આ ઉભયવિધનો–રોમાઞ્ચનો અને અશ્રુનો–સમ્ભવ નથી,રોમાઞ્ચ અને અશ્રુ એ દ્વય ઉભયમાં–હ્રદિનીતરુમાં–સ્વાભાવિક છે એમ પણ માની શકાય નહિ, કારણ કે કાદાચિત્ક છે, વેણુનાદાનન્તર જ હ્રદિનીતરુને આ રોમાઞ્ચાશ્રુ થયું છે અને સ્વાભાવિક ફલથી અને મધુધારાથી પણ રોમાઞ્ચાશ્રુનું વૈલક્ષણ્ય છે, 'યથાર્યાઃ' પદે તે જ કથે છે કે ભગવદ્ધર્માન્તઃપ્રવેશે જ આર્ય–સત્પુરુષ–હૃષ્યત્ત્વક્ થઇને અશ્રુમોક કરે છે, તેમ અત્ર પણ અન્તઃપ્રવિષ્ટ ભગવદ્ધર્મે આર્યસત્પુરુષવદ્ જ હ્રદિનીતરુ પણ હૃષ્યત્ત્વક્ થઇને મધુધારારૂપ અશ્રુનું મુઞ્ચન કરે છે, તેથી સિદ્ધ થાય છે કે માતૃરૂપહ્રદિની અને પિતૃરૂપતરુ વેણુભુક્તાવશિષ્ટ અધરસુધારસના પાતા છે, એ પ્રકારે આ શ્લોકમાં આર્યના દૃષ્ટાન્તે નદીતરુનું રસપાતૃત્વ જ્ઞાપ્યું; તેથી વેણુમાં સુધાપૂરણ નિર્ણીત થયું જાણવું.

શ્રીપ્રભુચરણકૃત સ્વતન્ત્ર।

અત્ર આ વિચારાય છે, પૂર્વે 'રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્' એમ કથન થઇ ગયું છે તે વેણુના રન્ધ્ર જ મુખરૂપ છે, તત્ર મુખરૂપ રન્ધ્રમાં જો અધરસુધાનું પૂરણ થાય ત્યારે તો અનાયાસે જ પ્રભુકારિત જ વેણુકૃત અધરસુધાભોગ થાય છે તેથી 'સ્વયં ભુઙ્ક્તે' પદ યદ્યપિ અનુપપન્ન છે તથાપિ ઉક્તરીત્યા સુધાપૂરણ નિજપ્રિયાના સાક્ષાત્સુધાભોગાધિકારસમ્પત્ત્યર્થ જ છે, વેણ્વર્થ તે કાંઇ નથી, તેથી જ 'ગોપિકાનાં' પદ કથ્યું, નિજ પ્રિયાના એમ સાક્ષાત્સુધાભોગાધિકારસમ્પત્ત્યર્થ વેણુરન્ધ્રમુખમાં અધરસુધાપૂરણ સતે વેણુ જે તદ્દભોજન કરે છે તે સ્વતઃ જ કરે છે તેથી 'સ્વયં ભુઙ્ક્તે' પદ પણ સુન્દર કથ્યું, 'પરન્તુ એ પ્રકારે તો આ વેણુભુક્તાવશિષ્ટ જ અધરસુધારસનું પાન પ્રભુપ્રિયાએ કર્યું એમ પ્રાપ્ત થાય, કારણ કે અધરસુધાને રન્ધ્રસમ્બન્ધ પ્રાથમિક થાય છે અને મુખરન્ધ્રદ્વારા કિઞ્ચિત્કાલપર્યન્ત–શ્રીગોપીજન સાક્ષાત્સુધાભોગ કરે તત્ર પર્યન્ત–વેણુ અધરસુધાનું ભોજન કરે નહિ એમ માનવાનું કારણ નથી' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર આ પ્રકારે છે, અત્રત્ય સર્વ અલૌકિક છે, તેથી લૌકિકી યુક્તિએ તેનો નિર્ણય કરવો ઉચિત નથી, અન્યથા 'સરસ્સરિન્મહીધ્ર'માં કૃત વેણુકૂજિતનું શ્રવણ વ્રજસ્થિતા જ સ્વામિની કેમ કરે અને અન્ય કોઇ પણ તચ્છ્રવણ કેમ ન કરે ? 'તદ્ વ્રજસ્ત્રિયઃ' શ્લોકમાં આ ઉપપાદિત થઇ ગયું છે, એમ અત્રત્ય સર્વ પ્રકાર અલૌકિક સતે ભગવદિચ્છા બલિષ્ઠા છે તેથી અને પ્રયોજન પણ અતિગુરુ છે તેથી અધરસુધાનો પ્રાથમિક પ્રવેશ વ્રજદેવીના કર્ણહૃદયમાં જ થયો, વેણુના મુખરન્ધ્રમાં તો પ્રાથમિક પ્રવેશ થયો જ નથી, તેથી 'શ્રીગોપીજનને વેણૂચ્છિષ્ટરસપાન પ્રાપ્ત થાય' એ શઙ્કાનો નિરાસ થઇ ગયો, અપરઞ્ચ જેમ ઉચ્છ્વાસદશામાં આસ્યમાંથી પતિત પણ વસ્તુ ઉદ્દગીર્ણ જ થાય છે નિગીર્ણ થતું નથી તેમ વ્યવહિતદેશસ્થસ્વપ્રિયાકર્ણહૃદયપૂરણૈકચિત્ત ભગવાને નિજ આસ્યામ્બુજમાંથી ઉદયમાન નાદબ્રહ્માવિર્ભાવહેતુ શ્વાસ એવો તો પ્રકટ કર્યો કે માર્ગત્વે તે શ્વાસ પ્રસઙ્ગતઃ રન્ધ્રમાં આવ્યો અને તત્ર પૂરિતા અધરસુધાને અભીષ્ટ જ દેશમાં લઇ ગયો, તેથી ઇતર–વેણુ–ભગવદધરસુધાનો ભોગ કરવાને પણ શક્ત થયો નહિ, એમ સતે પણ મુખમાં વેણુને સાક્ષાદધરસમ્બન્ધ છે તેથી વેણુકૃત પાનની સમ્ભાવના થાય છે અને વેણુત્વે તત્પાનનો નિશ્ચય પણ થાય છે તેથી વેણુને તદ્દભોગ છે પરન્તુ વ્રજદેવીને તો તેનો સાક્ષાદ્દભોગ જ ઉક્ત પ્રકારે છે તેથી વેણ્વવશિષ્ટ રસનો ભોગ શ્રીગોપીજનને સર્વથા નથી, અન્યથા જેમ હ્રદિન્યાદિમાં વેણ્વવશિષ્ટ રસપાન કથ્યું તેમ અત્ર શ્રીગોપીજનમાં કથત અને 'ગોપિકાનાં'પદે શ્રીગોપિકાનું જ સુધામાં સ્વત્વ જે કથ્યું છે તે વદત નહિ, અપરઞ્ચ સ્વાતન્ત્ર્યે વેણુનો સુધાભોગ ભગવાનને મનીષિત છે, અન્યથા હ્રદિન્યાદિમાં સુધાસમ્બન્ધ ન થાય, અને તેમ સતે હ્રદિન્યાદિમાં અગ્રિમા ભગવલ્લીલા પણ ન થાય–કારણ કે એતત્સુધાસમ્બન્ધીમાં જ ભગવલ્લીલા ચિકીર્ષિતા છે–તેથી ભગવાન્ જલસ્થલરમણસમ્બન્ધીમાં વેણુદ્વારા એ સુધાસમ્બન્ધ કરાવે છે અને તે સમ્બન્ધ તો નાદદ્વારા નિર્ગત જે

વેણુભુક્તસુધાંશ છે તેણે કરીને જ થાય છે, એમ સતે વ્રજદેવીનો અને વેણુનો યુગપત્સુધાભોગ ઉપપન્ન થઈ રહે છે, તેથી સર્વ અવદાત છે, કિઞ્ચ દામોદરત્વે વ્રજદેવ્યધીન અવશ ભગવાન્ તદુપભોગોપયોગિ સર્વ સમ્પાદે છે તેથી આથી અધિક શું કથીએ? ઉદ્વેલ જલધિનો નિરોધ કોઇ પણ કરી શકતું નથી, અમે દિગ્દર્શનમાત્ર એ પ્રકારે કરાવ્યું તે દિશાએ ભાવ્યવાને શ્રીગોપીજનનો સર્વોત્કર્ષ અવધારીને ભગવદ્વ્યતિરિક્ત કોઇનું પણ ઉચ્છિષ્ટ શ્રીગોપીજન સ્વીકારતાં નથી એમ અનુભવવું, 'રન્ધ્રાન્ વેણોરધરસુધયા' વાકયે જે વેણુવાદનનું કથન કર્યું તે જ આ વેણુવાદન છે એમ અમે જાણીએ છીએ,રન્ધ્રમાં પૂરણરૂપ તે તો સર્વાભોગ્યા સુધાનું છે,અને વેણુકૃતભોગરૂપ આ–પૂરણ–તો દેવભોગ્યા સુધાનું છે, તેથી 'તત્સ્થલોક્ત તે કયે પ્રકારે' એમ પણ શઙ્કા ન કરવી, કારણ કે અન્યદા પણ–ગાયના આહ્વાનમાં 'અનુચરૈઃ' શ્લોકમાં 'ગા ગોપકૈઃ' ઇત્યાદિ શ્લોકમાં 'નદ્યસ્તદા' ઇત્યાદિ શ્લોકમાં–એતત્કાર્ય કથ્યું છે, અન્યદા પણ સુધા ઉભયરૂપા છે, તત્ર શ્રીસ્વામિનીજીના અધિકારસમ્પત્ત્યર્થ સર્વાભોગ્યસુધાપૂરણ છે અને અત્ર વેણુ તો દેવભોગ્ય–સુધાંશનો ભોગ કરે છે એમ વિવેક છે, તેથી–ઉભયરૂપત્વહેતુથી–આરમ્ભમાં જ અત્ર શ્રીસ્વામિનીજીમાં અધિકાર–સમ્પત્ત્યર્થ વેણુરન્ધ્રમાં જે આ સુધાપૂરણ છે તે તો 'રન્ધ્રાન્ વેણોરધરસુધયા'સામયિક જ કથ્યું એમ જણાવવાને પણ 'ગોપિકાનાં' પદ કથ્યું, અને અત્ર શ્લોકમાં પણ 'ગોપિકાનાં' પદથી સુધાનું ઉભયરૂપત્વ જણાવ્યું, અને તેથી સુધાનું ઉભયરૂપત્વ–સર્વાભોગ્યત્વ અને દેવભોગ્યત્વ–સિદ્ધ થયું.

अन्य स्वतन्त्र लेख। યદ્વા આ વેણુએ શું કુશલ–ઈદશ કૌશલ–આચર્યું તે તમે દેખ્યું કે નહિ? એમ પૂછતાં 'કુશલ' ઇત્યાદિ કથે છે, 'કુશલં' પદમાં 'કુશલત્વમ્' એમ ભાવપ્રધાન નિર્દેશ છે, તેથી ભાવનું અનિર્વચનીયત્વ અને અન્યે અવેદ્યત્વ દ્યોત્યું. તેથી આપણને સર્વને તેનું અજ્ઞાન છે એમ બોધવાને 'ગોપ્યઃ' સમ્બોધન ધર્યું, 'ત્યારે તે કુશલ કયે પ્રકારે દ્રષ્ટવ્ય છે?' એમ અપેક્ષા થાય તો તત્ર 'સ્મ' પદ કથે છે, વિચારતઃ સ્પષ્ટ જ છે, જે વેણુને આપણે સર્વદા અચેતનત્વે વ્યવહર્યો તે આ વેણુએ તો ચેતનથી પણ અધિક કર્યું એમ આશ્ચર્યે 'અયં'પદ કથે છે, એ સ્વયં નિઃસાર છે તથાપિ ચેતનથી પણ તેણે તો અધિક કર્યું તેથી પણ આશ્ચર્ય છે એમ 'વેણુ'પદે કથે છે, 'તે કૌશલ કયું?' એમ શઙ્કા થાય તો 'દામોદરસુધાં' પદે પરિહરે છે, કેટલાં બધાં સાધને કરીને અમે સર્વ મળીને જે સુધાનો ભોગ કરીએ છીએ તે સુધાનું ભોજન તે સ્વયં અદ્વિતીય અસાધન સતે પણ કરે છે! આ એનું કૌશલ છે, અને અન્યત્, તે સુધાનું ભોજન કરીને પણ તલ્લક્ષણ પુલક અને આર્દ્રતા પ્રકટા કરતો નથી, જો પ્રકટ કરે તો પલ્લવિત અને આર્દ્ર થાય, તેમ સતે તેનું વાદન થઈ શકે નહિ, તેથી 'પ્રભુ મારો ત્યાગ કરશે' એમ જાણીને જે સુધાના સ્વલ્પ પણ પાને આપણાથી તલ્લક્ષણ પુલક અને આર્દ્રતા નિવારી શકાતી નથી તે સુધાનો યથેષ્ટ ભોગ કરતો સતો પણ આ વેણુ તલ્લક્ષણ પુલક અને આર્દ્રતા પ્રકટા કરતો નથી! તેથી રસસ્વભાવને પણ અન્યથા કરીને સ્વ સ્વભાવ પ્રકટ કરે છે એ જ એનું કૌશલ, અને તેથી જ અમારી આર્દ્રતા દેખીને 'કિયત્કાલવિરહે પણ આ શ્રીગોપીજન નષ્ટ થઈ જશે નહિ' એમ માનતા પ્રાણનાથે અમને વ્રજમાં ત્યજ્યાં અને વેણુની તો અનાર્દ્રતા દેખીને 'મારા વિના આ વેણુ તો એક ક્ષણ પણ સ્થિતિ કરી શકશે નહિ' એમ માનતા તે અમારા પ્રાણનાથે તે વેણુનું શ્રીકરે ગ્રહણ કર્યું અને વનમાં વિજય પણ કર્યો, આ સર્વ આપણા અકૌશલથી જ, 'જ્યારે સુધાનું લક્ષણ–પુલકાર્દ્રતા-વેણુમાં નથી ત્યારે તેનો સુધાભોગાભાવ જ કેમ કથતાં નથી?' એમ શઙ્કા થાય તો 'યદવશિષ્ટરસં'પદે પરિહરે છે, અત્ર આ ભાવ છે, જો વેણુને જ ભોગ સિદ્ધ ન થયો હોત ત્યારે તો તદવશિષ્ટ તેનો ભોગ હ્રદિન્યાદિને કેમ થાત? અને હ્રદિન્યાદિને તો પુલકાદિક પણ થયું જ છે તેથી તેમનો ભોગ તો નિઃસન્દિગ્ધ છે, આ વેણુ રસિક નહિ હશે એમ પણ ન માનવું, કારણ કે યત્ર પરમ્પરાસમ્બન્ધે પણ રસસ્વભાવથી જડ હ્રદિન્યાદિને પણ રસિકત્વ થાય છે તત્ર સાક્ષાદધરસમ્બન્ધે વેણુના રસિકત્વમાં તો કથવું જ શું એમ ઉપપત્તિ છે, તેથી વેણુએ ભોગ કર્યો તેનું પણ કારણ સ્વકૌશલ છે અને આપણને ભોગ નથી તેનું પણ કારણ આપણું અકૌશલ છે, તેથી વેણુનો ઉપાલમ્ભ કરે શું થાય?

પ્રકારાન્તર–યદ્વા આ વેણુએ અમારું કુશલ–ક્ષેમ–શું આચર્યું? કાંઇ પણ નહિ. 'પરન્તુ આપણે એનો શો ઉપકાર કર્યો કે તે આપણને ઉપકૃત કરે?'એમ શઙ્કા થાય તો 'અયં'પદે પરિહરે છે, આપણા પ્રાણવલ્લભે રસપારવશ્યથી એનું વિસ્મરણ કર્યું હતું અને પ્રાણવલ્લભ કદાચિદ્ વાદન કરે એમ જેને અર્થે અમે પ્રાર્થના કરી હતી તે જ આ વેણુ છે, તે જ કાલે જો આપણે આ વેણુને અન્યથા કરી દીધો હોત તો અધુના આ વેણુ સુધાભોગ કયે પ્રકારે કરત? તેથી આપણે એનો અન્યથાકાર ન કર્યો તે જ મહાન્ ઉપકાર આપણે આ વેણુ પ્રતિ કર્યો છે, અથવા 'સ્વાર્થ્યં વેણુએ આપણું

આહ્વાન કર્યું ત્યારે એણે આપણું કુશલ નથી કેમ કર્યું ? એમ શઙ્કા થાય તો 'અયં'પદે પરિહરે છે કે સમ્પ્રતિ વાદ્યમાન આ વેણુએ કાંઇ તે કુશલ કર્યું નથી, તે રાસસામયિક વેણુએ તો આપણું કુશલ કર્યું જ છે એમ 'અયં' કથનનો આશય છે, 'પરન્તુ ઇયદવધિ આપણને તેનું–વેણુના સ્વરૂપનું–અજ્ઞાન કેમ રહ્યું ?' એમ આશઙ્કા થાય તો તે અજ્ઞાન પણ આપણી મુગ્ધતાથી જ થયું એ આશયથી 'ગોપ્યઃ'પદ કથે છે,'પરન્તુ એનું તે કેટલું સામર્થ્ય કે જે સામર્થ્યે એ આપણો ઉપકારક થાય ?' એમ શઙ્કા થાય તો 'વેણુ'પદે પરિહરે છે, વેણુનું તો એતાવત્ સામર્થ્ય છે કે જે સામર્થ્યે બ્રહ્માનન્દને અને વિષયાનન્દને પણ અણુ–તુચ્છ–કરી દે છે તો એનું અન્ય અસામર્થ્ય શું હોય ? 'વેણુના તેવા સામર્થ્યમાં કારણ શું ?' એમ આશઙ્કા થાય તો 'દામોદરસુધાં' પદે પરિહરે છે કે જે સુધા સર્વતોધિકા અને દુર્લભા છે તે દામોદરસુધાનો ભોગ આ વેણુ કરે છે તેથી ઇતરનો તુચ્છકાર કરે તો તત્ર શું આશ્ચર્ય છે ? 'અસ્તુ, એણે આપણું કુશલ ન કર્યું પરન્તુ અકુશલ શું કર્યું ?' એમ શઙ્કા થાય તો 'ગોપિકાનાં' પદે પરિહરે છે, આ સુધા સર્વતઃ આપણી જ છે તે જ સુધાનું સર્વતઃ અપહરણ એણે કરી લીધું, એથી અધિક અન્ય કયો અપકાર હોઇ શકે ? યદ્વા 'જેમ આટલાં આપણે ભોગ કરીએ છીએ તેમ તે વેણુ પણ ભોગ કરે છે' એમ આશઙ્કા થાય તો 'ગોપિકાનાં'પદે પરિહરે છે, જ્યારે આ સુધાનો ભોગ આપણે કરીએ છીએ ત્યારે જ અસ્મદીયા પણ અધરસુધાનો ભોગ પ્રિય પ્રભુ કરે છે, એમ સતે તદીયા અધરસુધામાં અસ્મદીયા પણ સુધાની સ્થિતિ છે, કારણ કે નિરન્તર ભોગાભ્યાસ છે, તેથી તે અધરસુધાના ભોગમાં ઇતરા પણ અધરસુધાનો ભોગ તેને સમ્ભવે છે, અને એ તો પુરુષ છે તેથી ઇતરા અધરસુધાના તત્કૃત ભોગે તે આપણું મહદ્ જ અકુશલ કરે છે એમ 'સર્વમપિ' શબ્દે ધ્વનિત થાય છે, 'જો પ્રિય જ પ્રદાન કરે તો એ વેણુનો શો દોષ?' એમ આશઙ્કા થાય તો 'સ્વયં'પદે પરિહરે છે, પ્રિય તો 'દામોદર' છે તેથી પ્રિય તો એમ કરતા નથી, એ તો વેણુ 'સ્વયં'જ પાન કરી લે છે, 'જે સ્વાર્થપર હોય તેને આપણા કુશલે અને અકુશલે શું ?' એમ આશઙ્કા થાય તો 'યદવશિષ્ટ' ઇત્યાદિ પદે પરિહરે છે, વસ્તુતઃ એણે સ્વાર્થ પણ ન સાધ્યો અને પરાર્થ પણ ન સાધ્યો, સ્વાર્થપક્ષમાં તે કેવલ સ્વયં જ ભોગ કરત અને પરાર્થપક્ષમાં જેની સુધા છે તેને તે અર્પી દેત, એણે તો તે દ્વયમાંથી એક પણ ન કર્યું, એણે તો તૃતીય જ કર્યું, એણે તો અવશિષ્ટા સુધા હ્રદિન્યાદિને અર્પી દીધી, તેમ સતે પણ જો તેનું અજ્ઞાન જ રહત તો આપણને પણ ખેદ ન થાત એ આશયે 'હૃષ્યત્ત્વચઃ' ઇત્યાદિ કથે છે, અપિ ચ 'એતદ્રસભોક્તામાં–વિશેષતઃ સ્ત્રીમાં–અવશ્ય લજ્જા અપેક્ષિતા છે તેથી તરુ તો પુરુષ હોવાથી તેનામાં કદાચિદ્ અલજ્જતા યુક્તા પણ હોય પરન્તુ હ્રદિની તો સ્ત્રી છે તથાપિ એમ કેમ થઇ ગઇ ?' એ આશયે 'યથાર્યાઃ' પદે દૃષ્ટાન્ત કથે છે, જેમ શાસ્ત્રીય ભક્તને રોમાઞ્ચાદિ થાય છે તેમ આ હ્રદિનીને થયું એમ 'આર્ય'પદે સૂચન કર્યું, કિઞ્ચ જેને જે અર્થ અપેક્ષિત છે તેને તેનું દાન કરવું એમ દાનવ્યવસ્થા છે, એમ સતે નદી અને તરુ તો સ્વભાવતઃ આર્દ્ર છે તેમને તો પુનઃ આર્દ્રતા અપેક્ષિતા નથી અને સમ્પ્રતિ અમે અનાર્દ્રા છીએ તેથી અમારે તે સુધાની અપેક્ષા છે અને તેથી 'અમને ત્યજીને નદીને અને તરુને આર્દ્ર કરે છે' એમ કથીને મહતી અનૌચિતી દર્શાવી.

પ્રકારાન્તર–યદ્વા આપણું કુશલ અને અકુશલ એ વાર્તા જ મા કરો, કારણ કે આપણે સ્ત્રી અને વ્રજસ્થા અને એ તો પુરુષ અને વનસ્થ તેથી આપણો એની સાથે કાંઇ પણ પ્રકારનો સમ્બન્ધ જ નથી, પરન્તુ એટલું તો વિચારો કે એણે સ્વનું પણ કાંઇ કુશલ આચર્યું? નિજ કુશલ પણ એણે આચર્યું નથી એ કાકૂક્તિ છે,'એમ કેમ?' એ આશઙ્કા થાય તો 'અયં વેણુઃ' પદે પરિહરે છે, એ તો પુરુષ અને વાદ્યવિશેષ છે, અત્ર આ અભિપ્રાય છે, જે ફલને અર્થે જે સાધન જે કાંઇ કરે છે તે જ સાધને તે ફલની યોગ્યતાને પણ તે પ્રાપે છે, તત્ફલયોગ્યતાર્થે પણ સાધનાન્તરની અપેક્ષા રહેતી નથી, તેથી જેમ પૂર્વે આપણે શ્રુતિઓ હતાં અને એતદ્રસભોગાર્થે કિઞ્ચિત્ કુશલ આપણે કર્યું અને તે જ કુશલે એતદ્રસયોગ્યતારૂપ ગોપીત્વ પણ પ્રાપ્ત કર્યું તેમ એણે પણ જો એતદ્રસાર્થે કુશલ કર્યું હોય ત્યારે તો અસ્મદાદિવદ્ એને પણ એતદ્રસાનુભવયોગ્યત્વ પ્રાપ્ત થાત, પરન્તુ તે યોગ્યતાનો તો એમાં અભાવ છે તેથી એણે કુશલ કર્યું જ નથી એમ જણાય છે, કિઞ્ચ આપણે તો યદ્યપિ શબ્દાત્મિકા શ્રુતિઓ હતાં તથાપિ ગોપીત્વ વિના એતદ્ભોગમાં આપણો અધિકાર પ્રાપ્ત થયો નહિ, અને એ તો શબ્દબ્રહ્મના ઉત્પત્તિસ્થાનભૂતમાત્ર છે, શબ્દબ્રહ્માત્મકત્વ પણ એને પ્રાપ્ત થયું નથી, તેથી એણે તો એટલું પણ કુશલ કર્યું નથી કે જેણે કરીને અસ્મત્પૂર્વરૂપ શબ્દબ્રહ્મત્વને પણ પ્રાપ્ત કરે તો એતદ્રસપ્રાપક કુશલ તો એણે ક્યાંથી જ કર્યું હોય ? અપિ ચ વાદ્યે કાંઇ રસનો ભોગ થઇ શકે નહિ, વાદ્ય તો ઉદ્બોધમાત્ર કરી શકે, ભોગ તો રસાલમ્બનરૂપ આપણને જ સિદ્ધ થાય એમ રસ-

શાસ્ત્રનો સિદ્ધાન્ત છે, પરન્તુ સાક્ષાત્ તદધરસમ્બન્ધમાત્રસમ્પાદક કિઞ્ચિત્કુશલ તો એના વેણુત્વથી પ્રસિદ્ધ જ છે એમ 'રમ'પદે કથે છે,અન્યથા વંશાન્તર પણ સતે આ જ વંશ વેણુભાવને કેમ પ્રાપ્ત થાય ? 'એ રસભોગ કરે છે અને આપણે તો તેનું દર્શન કરીએ છીએ તેથી આપણા કથને શું?' એમ શઙ્કા થાય તો 'ગોપ્યઃ' પદે પરિહરે છે, નિજ ભાગ્યથી જ આપણને ભોગપ્રતીતિ થાય છે, વસ્તુતઃ એને ભોગ નથી, પરન્તુ 'પ્રિયે એનામાં સુધા પૂરી ત્યારે ભોગમાં અવશિષ્ટ શું ?' એમ શઙ્કા થાય તો 'દામોદરસુધાં' પદે પરિહરે છે, સત્ય છે, પૂરણાભિપ્રાયે તો એ સુધાનો ભોગ કરે છે તથાપિ શું એ સ્વયં ભોગ કરે છે ? સ્વયં ભોગ કરતો જ નથી, એમ અત્ર પણ 'અપિ' શબ્દે કાકૂક્તિ ધ્વનિતા થઈ, પૂરણ તો અન્યાર્થક છે તદર્થક નથી, શ્રીયશોદાજીએ પૂર્વે ઉલૂખલે બન્ધન કર્યું તતઃ ભીત્યનુકરણ દેખીને સ્નેહાતિશયથી અધરમાં ચુમ્બન કર્યું તેથી ચુમ્બનમાત્રે તત્સુધાભોગ પણ શ્રીયશોદાએ કર્યો એમ કથવું જેમ ઉચિત નથી, કારણ કે તેનો તેવો અધિકાર જ નથી, તેમ અત્ર પણ જાણવું એ આશયથી 'દામોદર'પદનું કથન કર્યું, અપરઞ્ચ બાલ્યમાં પણ રોષભાવે માતૃચરણે જેને વશ કર્યા તે પ્રિય અસ્મદ્રસભાવે અસ્મદ્ભોગદશામાં વશ થઈ જતાં અસ્મત્પ્રતિકૂલ કેમ આચરે એમ 'દામોદર' પદનો ધ્વનિ છે, દામે જે બદ્ધ થયા તે અસ્મત્પ્રણયે શું બદ્ધ થશે નહિ એમ પણ ધ્વનિ છે, તેથી સ્વરૂપતઃ વેણુને સુધાની પ્રાપ્તિ નથી એમ સૂચિત કર્યું, અધર લોભાત્મક છે તેથી સ્થાનતઃ પણ વેણુને સુધાની પ્રાપ્તિ નથી 'અધર'પદે નીચ દેશનું પણ કથન થાય છે, અને તેથી જેમ ઉચ્ચદેશસ્થિત સ્વતઃ પણ પતન્ રસ મુખમાં સમાગમન કરે છે પરન્તુ નીચદેશસ્થિત રસ તો આહરણક્રિયાએ જ ગૃહીત થાય છે, પ્રકારાન્તરે તેનું ગ્રહણ કાંઇ થઈ શકતું નથી, તેમ આ રસ પણ સ્વપ્રયત્નથી જ અનુભૂત થાય છે, અત્ર અનુભવ જ સાક્ષી છે, તેથી ક્રિયારહિત વેણુ આ રસનો અનુભવ કયે પ્રકારે કરી શકે ? સ્ત્રીનું સ્વરૂપપ્રકટન સ્ત્રીના જ અગ્રે સમ્ભવે, રસભરદશા વિના નિજ પતિને પણ સ્વરૂપનું પ્રકટન તે કરતી નથી તો પુરુષાન્તરને તો ક્યાંથી જ કરે? તેથી રસસ્વભાવથી સુધાની પ્રાપ્તિ વેણુને નથી એમ 'સુધા' પદના સ્ત્રીલિઙ્ગનિર્દેશનો ધ્વનિ છે, એમ સતે 'પૂરણ' અન્યાર્થક છે ત્યારે તો જેને અર્થે પૂરણ કર્યું તે અન્ય કોણ ?' એમ અપેક્ષા થાય તો 'ગોપિકાનાં' પદે કથે છે કે આપણે જ અર્થે તે સુધાનું પૂરણ થયલું છે, 'ગોપિકા' પદે તાત્પર્યાન્તર પણ અભિવ્યઙ્ગ્ય છે, તે આ પ્રકારે, આપણે તો ચાતુર્યાનભિજ્ઞા અને પતિમતી છીએ, તેથી દિવસે તત્ર ગમન કરવાને અશક્તા છીએ એમ અસ્મત્પ્રાણપતિએ સ્વયં જાણીને અસ્મદ્ભોગ્યસુધા આપણને પ્રાપ્તા થાય એવી ઇચ્છાએ અસ્મત્પૂર્વરૂપ શબ્દબ્રહ્મમાં તે સુધાને પૂરી તેથી પૂરણસમયે આપણે જ ભોગ કર્યો તેણે ભોગ કર્યો નથી એમ સર્વ ઉપપન્ન છે, અથવા પૂરણની અન્યથાનુપપત્તિએ વેણુએ પણ ભોગ કર્યો એમ હોય તથાપિ એ તો તદધરસુધાનો ભોગ સ્વયં કરી લે છે, જેમ પ્રિય આપણને સ્વકીય અધરસુધાનું પાન કરાવે છે તેમ કાંઇ પ્રભુ વેણુને પાન કરાવતા નથી, તેથી અસ્મદ્ભોગમાં તો મહાન્ જ વિશેષ છે, અને તેથી એણે ભોગ પણ કર્યો તથાપિ શું? કિઞ્ચ એ તો ભોજન કરે છે કાંઇ પાન કરતો નથી, અને રસ તો પેય છે, પાનથી જ રસનું રસત્વ પ્રાપ્ત થાય છે, અને તે પાન પણ રસનેન્દ્રિયસાપેક્ષ છે, તેથી તાદૃશ પાન તો વેણુમાં અનુપપન્ન જ છે, અને તેથી 'ભુઙ્ક્તે' પદ ધર્યું, યદ્યપિ ભોજન પણ રસનેન્દ્રિયસાપેક્ષ છે તથાપિ ગિલને ઉદરપૂર્તિમાત્ર જ અત્ર 'ભોગ'પદનો અર્થ છે, રસનું સ્વરૂપ જાણીને રસાસ્વાદપૂર્વક કાંઇ ગ્રહણ તેણે કર્યું નથી, અને ગિલન પણ સ્વપ્રયત્નતઃ નહિ, તેમ સતે તો એને રસનું જ્ઞાન વા સ્પર્શ સમ્ભવે તેથી ગિલનમાં પણ પ્રભુપ્રયત્ન છે, અને તેથી 'અધરસુધયા પૂરયન્' પદે એમ ભગવત્કર્તૃક જ તત્પૂરણ શ્રીશુકે કથ્યું, તેથી સ્વરુચિએ તૃપ્તિપર્યન્ત પીત રસ ઉદ્ગીર્ણ થાય નહિ વા અપકારને ઉત્પન્ન કરે નહિ, પરન્તુ પરેચ્છાએ પીત સ્વલ્પ પણ રસ ઉદ્ગીર્ણ થાય છે, તેથી જ એને રસનું ઉદ્ગિરણ થયું એમ 'યદવશિષ્ટ' ઇત્યાદિ પદે કથે છે, ભુક્તનું જ ઉદ્ગિરણ થયું—અંશાન્તરનું કાંઇ ઉદ્ગિરણ થયું નથી--એમ માનવું, અન્યથા આ પેપીયમાન રસ સ્વની જ તૃપ્તિ ન કરે તો અવશેષ અને અન્યમાં તત્પાન ક્યાંથી સમ્ભવે? અપિ ચ જો ભુક્ત સુધાંશ પણ એનામાં જ રહે ત્યારે તો એ પણ તજ્જનિત પુલકાદિ અવશ્ય પ્રકટ કરે, કારણકે આપણને તેવો અનુભવ છે, અને એતદવશિષ્ટરસ--પાતામાં પણ તેમ જ દર્શન થાય છે, તેથી એમાં તો કથી ભોગક્રિયા અને અન્યમાં કથી તદ્ધર્મપ્રકટનક્રિયા, અને અન્ય પણ, એતદ્રસની સ્થિરતા એમાં થાય એમ ભગવાનની ઇચ્છા પણ નથી પરન્તુ એતદ્રસનું અન્યત્ર પ્રેષણ જ અભિપ્રેત છે, અન્યથા એક રન્ધ્રે પૂરણ સમ્ભવતાં 'રન્ધ્રાન્ વેણોઃ' એમ બહુવચને પ્રવેશની નિર્ગમની અને રન્ધ્રોમાં યુગપત્પૂરણની સઙ્ગતિ ઘટે નહિ અને તેથી એમાં--વેણુમાં--એ સુધાની સ્થિતિ ન રહેતાં પ્રવેશના અને નિર્ગમના એકકાલીનત્વે જે ક્ષણે સુધાનો પ્રવેશ એક રન્ધ્રમાં થાય તે જ ક્ષણે રન્ધ્રાન્તરમાં નિઃસરન્તી સુધા સર્વત્ર એકકાલીનત્વે પૂરિતા થાય છે એમ સિદ્ધ થયું, જેમ પાત્રમાં પૂરિત રસનો ભોગ પાત્ર કરતું નથી તેમ એ વેણુ તો કેવલ માર્ગ હોવાથી એનામાં આપણા અર્થે સુધાને પણ પૂરી તેટલામાત્રથી એણે રસભોગ કર્યો એમ કાંઇ સિદ્ધ થતું નથી, તેથી આપણી કાંઇ પણ હાનિ નથી, પ્રત્યુત

હ્રદિન્યાદિના સુધાસંવલિતનાદમાર્ગીભવને અસ્મત્સમ્બન્ધિલીલોપયોગિત્વ સમ્પાદે છે,અન્યથા હ્રદિન્યાદિનું લીલોપયોગિત્વ થઈ શકે નહિ, તેથી આપણું તો સુતરાં ઇષ્ટાપત્તિ જ છે, અને તેથી સર્વ અવદાત છે.

ભાવ આ ગોકુલાધીશપ્રિયાનો અનુવર્ણિત
સ્વાધિકાર સ્વવિષય વિસ્તરો અનુવાદકે. ૯.

आभास। વૃન્દાવનવિહારમાં ચરણનું સ્વરૂપ 'વૃન્દાવનં સખિ' શ્લોક કથે છે, અત્ર મને આ આશઙ્કારૂપ આકૂત લાગે છે, ભગવચ્ચરણમાહાત્મ્ય સર્વશ્રુતિપ્રતિપાદિત છે અને 'દેવાનાં પાદા:' થી આરમ્ભીને તે જ—તેનું ભાગ્યાભિનન્દન કથે છે, દેવના પાદ ભૂમિનો સ્પર્શ કરતા નથી, સુતરાં દેવોત્તમના પાદ સ્પર્શ કરતા નથી, તત્ર પણ પુરુષોત્તમના પાદ સ્પર્શ કરતા નથી, પુરુષોત્તમાંશ પુરુષના આધિભૌતિક પાદ મહી છે આધ્યાત્મિક પાદ અતીન્દ્રિય છે, આધિદૈવિક પાદ આનન્દરૂપ છે, તે આધિદૈવિક પુરુષચરણનો પણ ભૂમિને સમ્બન્ધ નથી, ભૂમિમાં પણ દૈત્યભૂમિ અધમા છે, તત્ર પણ સ્ત્રીસમ્બન્ધિની ભૂમિ અધમતરા છે, એવા વૃન્દાવનમાં ભગવાનનાં ચરણારવિન્દ વિરાજમાન છે તેથી વૃન્દાનું ભાગ્યાભિનન્દન ગોપિકાનું ઔત્કણ્ઠ્યખ્યાપક છે, અર્થાદ્ એતાદૃક્પદસમ્બન્ધથી વૃન્દાવનનું સ્વરૂપ ઉત્તમત્વે નિરૂપિત થાય છે, ત્યારે 'અત્ર વિહારનિરૂપણે ચરણનું સ્વરૂપ કથે છે' એમ આજ્ઞા કેમ કરી?' અત્ર આ આકૂત છે, લોકવેદાતીતશુદ્ધપુષ્ટિમાર્ગીયા લીલાસામગ્રી અન્યત્ર પ્રસિદ્ધા નથી એમ સતે તલ્લીલાકર્તા પણ અન્યત્ર પ્રસિદ્ધ નથી એમ સિદ્ધ થાય છે, અત એવ 'વૃન્દાવનાદ્ ગતો દૂરં' એમ અગ્રે કથશે, કારણ કે તત્ર પુષ્ટિલીલાનઙ્ગીકાર કથાશે, એમ સતે અન્વયવ્યતિરેકથી[1] આ લીલા અત્ર જ છે એમ ફલિત થશે, એમ સતે યત્ર જ શુદ્ધપુષ્ટિનો અઙ્ગીકાર તત્ર જ એતચ્ચરણલીલા પણ એમ જાણવું, અને તેથી બૃહદ્વનમાં પણ 'પ્રેક્ષન્ત્ય ઉજ્ઝિતગૃહા જગૃહુ:' 'સહરામો વ્રજસ્ત્રીણાં ચિક્રીડે જનયન્ મુદં' 'કૃષ્ણસ્ય ગોપ્ય:' ઇત્યાદિએ એ જ લીલા કથી, કાલીયશિરોનૃત્યમાં એતચ્ચરણપ્રાકટ્ય નથી, કારણ કે તત્ર પુષ્ટિલીલાનો અનઙ્ગીકાર છે, તે દુષ્ટદમનાર્થ નૃત્યમાં સઙ્કર્ષણલીલાનું સાઙ્કર્ય છે તેથી પુષ્ટિલીલામાં કાલીયશિરોનૃત્યલીલાનો અઙ્ગીકાર નથી, અને તેથી જ તત્સ્તુતિ પણ તાદૃશી છે, તેથી યત્ર લીલામાં શુદ્ધ પુષ્ટિમાર્ગીયભક્તિમાર્ગપ્રકટન તત્ર આ ચરણારવિન્દનો આવિર્ભાવ એમ જાણવું, અને તેથી 'ચરણનું સ્વરૂપ કથે છે' એ આજ્ઞા રમણીયા જ છે, 'અત્ર આ પ્રકારે તો લીલાનું સ્વરૂપ જ વિવિક્ત છે એમ સિદ્ધ થાય છે પરન્તુ લીલાકર્તૃ ચરણ પણ વિવિક્ત છે એમ કાંઈ સિદ્ધ થતું નથી' એમ આશઙ્કા થાય તો કથે છે કે અસાધારણધર્મનિરૂપણે ધર્મિનિરૂપણસમ્પત્તિવત્—જેમ અસાધારણ ધર્મના નિરૂપણે ધર્મિનું નિરૂપણ સમ્પન્ન થાય છે તેમ—અત્ર પણ લીલાના નિરૂપણે ધર્મિ ચરણનું સ્વરૂપ વિવિક્ત સિદ્ધ થયું, કારણ કે લીલા જ ધર્મીની પરિચાયિકા છે, એમ સતે સિદ્ધ થયું કે 'દેવાનાં પાદા:' થી આરમ્ભીને 'આધિદૈવિક આનન્દરૂપ' પર્યન્ત જેટલાં ચરણરૂપ કથ્યાં તે સર્વથી આ ચરણનું અતીતત્વ જ્ઞાપિત થાય છે, ઉક્ત સર્વમાં પુરુષોત્તમ લોકવેદપ્રથિત જાણવા અને **અત્ર પુરુષોત્તમ પણ લોકવેદાતી**ત છે એમ જાણવું, 'બર્હાપીડં' શ્લોકમાં જે વૃન્દાવનપ્રવેશનું કથન છે તે પ્રવેશ પ્રથમશ્લોકોક્ત પ્રવેશનો જ અનુવાદ છે તથા—વિશેષણધર્મના જ પ્રાધાન્યે 'સ્વપદરમણં' પદ વૃન્દાવનવિશેષણ વ્યાખ્યાનરૂપ હોવાથી—એનો તાત્પર્યાર્થ ચરણસ્વરૂપનિરૂપણ જ છે એમ કથવું ઉચિત છે એ આશયે 'વૃન્દાવન—વિહારમાં ચરણનું સ્વરૂપ કથે છે' એમ આભાસ કર્યો.

वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिं यद् देवकीसुतपदाम्बुजलब्धलक्ष्मि ।
गोविन्दवेणुमनु मत्तमयूरनृत्यं प्रेक्ष्याद्रिसान्वपरतान्यसमस्तसत्त्वम् ॥ १० ॥

अक्षरार्थ—હે સખિ ! દેવકીજીના સુતના પદામ્બુજે કરીને લબ્ધા છે લક્ષ્મી જેણે એવું અને ગોવિન્દના વેણુને અનુસરીને મત્ત મયૂરના નૃત્યને પ્રેક્ષીને શ્રીગિરિરાજના શિખરને વિષે તૂષ્ણીં સ્થિત છે અન્ય સમસ્ત સત્ત્વ યત્ર એવું વૃન્દાવન ભૂમિની કીર્તિને વિસ્તારે છે. ૧૦.

---

૧. જેના સત્વે જેનું સત્વ તે 'અન્વય', અને જેના અસત્વે જેનું અસત્વ તે 'વ્યતિરેક', અને તેથી 'અન્વયવ્યતિરેક'નો અર્થ 'પરસ્પર અવિનાભાવ'.

વ્યાખ્યાન—'દેવાનાં' ઇત્યાદિએ તન્નિરૂપણ ઉપપાદે છે, દેવોના પાદ ભૂમિનો સ્પર્શ કરતા નથી, સુતરાં દેવોત્તમના, તત્ર પણ લોકવેદપ્રસિદ્ધ પુરુષોત્તમના, પુરુષોત્તમાંશ પુરુષના આધિભૌતિક ચરણ પૃથ્વી છે, આધ્યાત્મિક ચરણ અતીન્દ્રિય ચરણેન્દ્રિય છે–કારણ કે વિરાટ્‌ની ગતિ દશ્યમાન નથી–આધિદૈવિક ચરણ આનન્દરૂપ છે, જેનું કથન 'ભૂર્લોકઃ કલ્પિતઃ પદ્‌ભ્યાં' શ્લોકમાં 'પદ્‌ભ્યાં' પદે કર્યું છે, તે આધિદૈવિક પુરુષચરણનો પણ ભૂમિને સમ્બન્ધ નથી, ત્યારે પુરુષોત્તમના ચરણનો સમ્બન્ધ તો ક્યાંથી જ હોય? 'દ્રક્ષ્યામ ગાં દ્યાં ચ તવાનુકમ્પિતાં' શ્લોકમાં બ્રહ્મપ્રાર્થનાએ પદસ્થાપનમાં પણ શુદ્ધભૂમિમાં જ પદસ્થાપન ઉચિત છે એ આશયે વૃન્દાવન તો શુદ્ધ પણ નથી એમ કથે છે, ભૂમિમાં દૈત્યભૂમિ અધમા છે અને તત્ર પણ સ્ત્રીસમ્બન્ધિની ભૂમિ અધમતરા છે, એ પ્રકારે સર્વથા અયોગ્ય અધમ અધમતર પણ વૃન્દાવનમાં 'દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મિ' વિશેષણે લક્ષ્મીલાભહેતુપદામ્બુજધારણોક્તિએ આ ચરણનું નિઃસાધનફલાત્મત્વે લોકવેદાતીતત્વ જ્ઞાપિત થાય છે, વૃન્દાના એવા વનમાં ભગવાનના પાદ વિરાજમાન છે, 'એ ચરણે વૃન્દાવનને લક્ષ્મીનો લાભ થયો' એ કથન લોકવેદાતીત પુરુષોત્તમનાં ચરણ ભૂમિમાં વૃન્દાવનમાં વિરાજમાન હોવાથી વૃન્દાના ભાગ્યનું અભિનન્દન નિર્ગતકણ્ઠહૃદયખ્યાપક છે, યદ્વા 'વૃન્દારણ્યં સ્વપદરમણં' ઇત્યાદિનો આ વિમર્શ છે એમ જ્ઞાપનાર્થં તત્રત્ય 'પદ'સ્વરૂપનું વિવરણ કરવાને 'દેવાનાં' ઇત્યાદિ કથે છે, તત્ર 'વૃન્દાવન લીલોપયોગિસ્થાન હોવાથી તત્ર પદધારણ તો ઉચિત છે પરન્તુ તેથી શ્રીગોપીજનનો અભિલાપ કયે પ્રકારે?' એમ શઙ્કા થાય તો શ્રીગોપીજનની પણ તત્તુલ્યતા છે એમ કથે છે, અમારો પણ હૃદયદેશ ભૂમિ છે અને સ્ત્રીઓનું હૃદય ભૂમિવત્ કઠિન પણ છે, જેમ ભૂમિમાં પર્વત છે તેમ ભૂમિરૂપ અમારા હૃદયદેશમાં પર્વત પણ છે, અન્તઃપ્રવાહા નદી પણ છે, સરસ્વત્યાદિ નદીવત્ બહિરપ્રકટ જેમનો રસપૂર પ્રવાહ છે તાદશી નદી પણ અત્ર છે, કારણ કે ભગવદ્રસ અન્તર્વિદ્યમાન છે, જેમ તત્ર વન છે તેમ અમારી રોમપઙ્‌ક્તિ વન પણ છે, અને જેમ વૃન્દાવન સ્ત્રીસમ્બન્ધિ છે તેમ અમારું પણ આ સર્વ રોમપઙ્‌ક્તિરૂપ વન સ્ત્રીસમ્બન્ધિ છે, વૃન્દાની અને અમારી એમ સતી તુલ્યતાએ પણ અત્ર ચરણ સ્થાપતા નથી અને તત્ર સ્થાપે છે તેથી ઇર્ષ્યાએ આ વર્ણન છે એથી આ તામસ ભક્તો છે એમ સિદ્ધાન્ત જ્ઞાપિત કર્યો, તેથી પ્રથમ શ્લોકમાં નિર્ગુણોક્તિ જાણવી, અને ગુણત્રયે પૂર્વવર્ણન, આ ગોપિકા નિર્ગુણા છે તેથી અત્ર અસૂયા નથી એમ કોઇક ટીકાકાર માને છે, નિર્ગુણત્વે પણ તદ્રસસ્વભાવથી કદાચિદ્ અસૂયા પણ સમ્ભવે જ છે એમ નિજ સિદ્ધાન્ત છે, 'સખિ' સમ્બોધન સમ્મત્યર્થ છે, તાદશી સખી પણ બહુ નથી તેથી એકવચન પ્રયોજ્યું છે, અસૂયાપક્ષમાં પણ તેમ જ જાણવું, 'જેમ વ્યાપિવૈકુણ્ઠમાં ભગવત્પદ છે તેમ વૃન્દાવનમાં પણ ભગવત્પદનો પ્રાદુર્ભાવ થયો એમાં આશ્ચર્ય શું?' એમ શઙ્કા થાય તો તત્ર 'ભુવો વિતનોતિ કીર્તિં' પદ કથે છે, જો વૃન્દાવન વ્યાપિવૈકુણ્ઠમાં જ હોત ત્યારે તો કાંઇ પણ ચિન્તા ન હતી, પરન્તુ વૃન્દાવન તો ભૂમિમાં છે, વ્યાપિવૈકુણ્ઠ અપ્રકટિત સ્થાન છે અને વૃન્દાવન તો ભૂમિમાં પ્રકટ છે એમ વિભેદ છે, તેથી કેવલભૂમિની જ કીર્તિને વિસ્તારે છે, પદામ્બુજે જેમ અમને રસાનુભવ થયો તેમ કાંઇ તેને રસાનુભવ થયો નથી તેથી કેવલકીર્તિને જ વિસ્તારે છે, 'વૃન્દાવનમાં ભગવાનની નિત્યસ્થિતિ છે તેથી 'ભગવના લબ્ધલક્ષ્મિ' એટલું જ કથન ઉચિત હતું' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે ધન્યા ભૂમિ યત્ર વૃન્દાવન છે એમ વૃન્દાવનમાં ભગવાનની પ્રકટા અને સ્વહૃદયમાં ગુપ્તભાવે નિત્યસ્થિતિ માનતાં શ્રીગોપિકાની ઉક્તિ આ શ્લોક છે, યદ્યપિ ભગવાન્ વૃન્દાવનમાં સ્થિત છે તથાપિ તત્ર પ્રકટ સ્થિત નથી અને પદ તો અત્ર નિત્ય પ્રકટ સ્થિત છે એમ 'તુ'નો આશય છે, 'જેમ આ ગોપિકાના સ્વહૃદયમાં ભગવાન્ નિત્ય સ્થિત છે તેમ વૃન્દાવનમાં પણ નિત્ય સ્થિત છે એમ વૃન્દાવનમાં પણ સતી તુલ્યતાએ અત્ર ઇર્ષ્યાવકાશ નથી' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે નિત્ય પદ તો તાદશલીલાધાર આધિદૈવિકમાં જ સ્થિતિ કરશે અને તત્ર હેતુ કથે છે કે ભગવાન્ તો અપરાધીન છે એમ ક્વચિદ્ વૃન્દાવન પ્રદર્શન પણ કરાવશે, સ્વભૂમિ સાન્દ્રા છે તેથી વૃન્દાવન ભગવદપરાધીનત્વનું ક્વચિત્ પ્રદર્શન કરાવશે, યદ્યપિ વૃન્દાવન તો આધાર છે તથાપિ 'સ્વવ્યાપારે હિ' ન્યાયે[૧] વૃન્દાવનનું કર્તૃત્વ છે, 'વૃન્દાવન જ ભગવાન્‌નું પ્રદર્શન કેમ કરાવતું નથી?' તો તત્ર કથે છે કે ભગવાન્ તો અપરાધીન–સ્વતન્ત્ર–છે તેથી ભગવત્પ્રદર્શનમાં વૃન્દાવનનું સામર્થ્ય નથી, 'યદ્યપિ ભગવાન્ સ્વતન્ત્ર છે તથાપિ ભક્તવશ્ય પણ છે તેથી વૃન્દાવને ભગવાન્ ભક્તિએ જ પ્રદર્શનીય છે' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે ભક્તિએ તો સર્વત્ર જ પ્રદર્શન થશે, 'તેથી વૃન્દાવનની પ્રતિષ્ઠા સિદ્ધા ન થતાં વૃન્દાવનમાં વિશેષ શો?' એમ આશઙ્કા થાય તો વૃન્દાવનની પ્રતિષ્ઠામાં નિમિત્ત 'યદ્દેવકીસુત' ઇત્યાદિએ કથે છે, યદ્વા 'એમ સતે પ્રદર્શન નિત્ય નથી પરન્તુ કાદાચિત્ક છે તેથી વૃન્દાવનમાં સ્વતુલ્યતા છે અને તેથી ઇર્ષ્યાનો અવકાશ નથી' એમ શઙ્કા થાય તેથી ઇર્ષ્યાનું કારણ વ્યક્ત કરવાને 'પ્રતિષ્ઠાયાઃ'થી પ્રારમ્ભીને 'ખ્યાપયતિ' પર્યન્ત કથન કરે છે કે શ્રીદેવકીજીના

---

૧. જ્યારે સૌકર્યાતિશય દ્યોતવાને કર્તૃવ્યાપાર અવિવક્ષિત હોય ત્યારે કારકાન્તર પણ 'સ્વવ્યાપારમાં **સ્વતન્ત્ર હોવાથી કર્તૃસંજ્ઞાને પ્રાપ્ત કરે છે.**

પુત્રનાં પદામ્બુજનાં ધ્વજવજ્રાદિ ચિહ્ને લક્ષ્મા કરી છે લક્ષ્મી જેણે એવું વૃન્દાવન છે, તેથી વૃન્દાવનની પ્રતિષ્ઠા છે, ચિહ્નદર્શન તો વૃન્દાવનમાં આધુનિકને પણ થાય છે તેથી વૃન્દાવન ભક્તિસાપેક્ષ નથી, 'લક્ષ્મા'નો અર્થ લક્ષ્માણિ' કર્યો તેથી મૂલમાં પદસ્થિત અમ્બુજ ચિહ્ન ધ્વજાદિકનું ઉપલક્ષક છે, 'તેમાં અમ્બુજોપલક્ષિત ધ્વજવજ્રાદિ ચિહ્ન લક્ષ્મા કરી છે લક્ષ્મી જેણે એવું વૃન્દાવન' એમ અર્થ જાણવો, 'બર્હાપીડ' શ્લોકમાં 'સ્વપદરમણું'માં તો 'પદ' શબ્દ જ છે અને અત્ર તેના વિમર્શમાં તો 'અમ્બુજ' પદ છે તેથી તે 'અમ્બુજ' પદ ચિહ્નમાત્રનું ઉપલક્ષક છે એ આશયે અત્ર 'લક્ષ્માણિ' એમ બહુવચન થયું, 'પદામ્બુજ'માં સમાસ સપ્તમીતત્પુરુષ છે અને તેથી પ્રતિફલિત પદમાં અમ્બુજે અર્થાત્ અમ્બુજાદિ ધ્વજવજ્રાદિ લક્ષ્મે–ચિહ્ને–વૃન્દાવનને લક્ષ્મીની પ્રાપ્તિ થઈ છે, પ્રભુનો સ્વચ્છન્દસમ્બન્ધ અત્ર છે એમ જણાવવાને 'યશોદાસુત' પ્રયોગ ન કરતાં 'દેવકીસુત' પદ પ્રયોજ્યું, યશોદાસમ્બન્ધિનીએ સહ યશોદાસુતનો સ્વચ્છન્દસમ્બન્ધ નિષિદ્ધ છે, તેથી યશોદાસુતનો સ્વચ્છન્દસમ્બન્ધ તત્ર ઘટે નહિ. આ શ્રીગોપી નન્દગોપસમ્બન્ધિની છે તે દેવકીજીમાં પ્રસૂતિમાત્ર જ સ્વીકારે છે, તદતિરિક્ત અન્ય કાંઇ સ્વીકારતાં નથી, તેથી 'સુત' પદ થયું છે, શ્રીદેવકીજીનો સમ્બન્ધ કેવલ 'સુત'ત્વે જ છે 'અત્ર 'વસુદેવસુત' પદ કેમ ન પ્રયોજ્યું ?' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે અત્ર સ્ત્રીનું પ્રાધાન્ય છે, તેથી 'દેવકી'પદે સ્ત્રી પ્રતિ ભગવત્કૃપાનું પણ સૂચન થયું, **પુષ્ટિમાર્ગમાં સ્ત્રીનું પ્રાધાન્ય** છે એ તો અમે અસકૃત્ કથન કર્યું છે, ભક્તિમાર્ગમાં ચરણ પ્રધાનભૂત છે અને તત્ર પણ ચરણ અમ્બુજ–જલોદ્ભૂત–છે, તેથી તે તો સ્ત્રીના જ હૃદયમાં તાપહારકત્વે શોભે છે, તાદૃશ ચરણામ્બુજની પણ જે ધ્વજવજ્રાંકુશાદિએ શોભા તે અન્યત્ર ફલિતા થતી નથી, કેવલ વૃન્દાવનમાં જ તે પ્રતિફલિતા થઈ, તેથી પાદત્વ જ સમ્પન્ન થયું, ધ્વજાદિવિશિષ્ટ જ પાદત્વ સમ્પન્ન થયું, તેથી લક્ષ્મી પણ તત્ર નિયતા છે, અને તેથી 'પદામ્બુજે લક્ષ્મા છે લક્ષ્મી જેણે એવું વૃન્દાવન' એમ અર્થ સિદ્ધ થયો, યદ્વા અત્ર મયૂરવ્યંસકાદિ[1] સમાસ છે એ આશયથી કથે છે કે ભૂમિ જ્યારે સાન્દ્રા હોય છે ત્યારે જ એમ થાય છે, તેથી તે લક્ષ્મીપ્રાપ્તિ ભૂમિકૃતા જ છે, અને તેથી સ્વમાં સાન્દ્રતા ન હોવાથી ચરણામ્બુજ તદવસ્થાપન્ન ન થયું એમ દૈન્ય-દ્યોતનથી નિર્ગુણોક્તિત્વ પણ સિદ્ધ કર્યું, તેથી 'વૃન્દાવન ભૂમિની કીર્તિનું ખ્યાપન કરે છે' એ યુક્ત છે, ભૂમિએ ઉપકૃત પાદ ભૂમિને ઉપકૃત છે એ યુક્ત છે, પ્રતિષ્ઠાનું નિમિત્ત તો પૂર્વે કથ્યું જ છે, અને આ પણ નિમિત્ત છે, તેથી 'ચ'કાર પ્રયોજ્યો, આ પક્ષમાં શ્લોકસ્થ 'યદ્'નો અર્થ 'જે ભૂમિથી' કરવો, કિઞ્ચ કેવલ લક્ષ્મીને જ પ્રાપ્તા કરી એમ નથી પરન્તુ ભક્તિજ્ઞાનને પણ પ્રાપ્ત કર્યાં એમ 'ગોવિન્દ' ઇત્યાદિએ કથે છે, જ્યારે ભગવાન્ વેણુનાદ કરે છે ત્યારે નીલ–સજલ–મેઘ ગર્જતો હોય નહિ શું એમ લાગે છે તેથી મયૂર મત્ત થાય છે અને મત્ત થઈને નૃત્ય કરે છે, જ્યારે ભગવાન્ વેણુનાદ કરે છે ત્યારે જ દેહવિસ્મરણ અને નૃત્ય થાય છે. મયૂરમાં એમ ભક્ત્યુદ્રેક કથ્યો, અત્ર પણ ઈર્ષ્યાનું અને દૈન્યનું સૂચન શ્રીગોપિકાએ કર્યું એમ વિભાવન કરવું, મયૂર વન–વનસ્થ–છે, તેથી ઉદ્રિક્ત ભક્તિત્વથી મયૂરની પ્રશંસાથી વૃન્દાવનની જ પ્રશંસા કથી ગોવિન્દવેણુને અનુસરીને મત્તમયૂરનું છે નૃત્ય યત્ર તાદૃશ વૃન્દાવન થયું એમ ભક્તિપ્રાપ્તિ કથી, 'આ તો થઈ મયૂરની ભક્તિપ્રાપ્તિ, પરન્તુ 'ગોવિન્દ' ઇત્યાદિના આભાસગ્રન્થમાં તો વૃન્દાવનની ભક્તિજ્ઞાનપ્રાપ્તિ કથી છે તે કયે પ્રકારે ઉપપન્ન થાય ?' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે મયૂર વન જ છે, વનમાં સતતસ્થિતિએ અસાધારણધર્મતાથી મયૂર વનભાવાપન્ન છે, તેથી મયૂરમાં સ્વાસાધારણધર્મે ભક્તપ્રાપ્તિએ–વૃન્દાવનની જ પ્રશંસા કથી, જેના–મયૂરના–અદ્રિના શિખરમાં તાદૃશ નૃત્યનું પ્રેક્ષણ કરીને અપરત–તૂષ્ણીં સ્થિત–છે અન્ય સર્વ સત્ત્વ એવું વૃન્દાવન છે, ભગવદ્ભક્તિજ્ઞાનથી તેમનું તૂષ્ણીમ્ભાવલક્ષણ જ્ઞાન કથ્યું, અત્ર 'પ્રેક્ષ્ય' ઇત્યાદિ સમસ્ત પદ છે, તાદૃશ નૃત્ય અત્ર સમભિવ્યાહારથી કર્મ છે, તૂષ્ણીમ્ભાવ છે કાર્યલક્ષણ જેનું એવું ભગવલ્લીલાજ્ઞાન અત્ર કથ્યું, એક મયૂર ભક્ત છે, અત્ર જાત્યપેક્ષયા એકવચન છે, અને અન્ય નાનાજાતીય સર્વ જ્ઞાની છે, 'પરન્તુ જ્ઞાનનું તો ફલ ઊર્ધ્વગમન છે તેથી સ્વભાવતઃ અધઃ બિલેશય કયે પ્રકારે જ્ઞાની કથી શકાય ?' એમ આશઙ્કા થાય તો 'અદ્રિસાનુષુ' પદે પરિહરે છે, યત્ર કુત્ર પણ તેમની સ્થિતિ હોય તથાપિ તત્ર જ ગમન કરીને દર્શન કર્યા કરે છે, તેથી તૂષ્ણીમ્ભાવે દોષાભાવ કથ્યો અને સાનુસ્થિતિએ સ્વસ્થાનત્યાગ અને ઊર્ધ્વગમન એ દ્વય કથ્યું. ૧૦.

આભાસ। એ પ્રકારે વેણુની રૂપવર્ણના કથીને, સ્વરૂપતઃ વેણુને વર્ણીને પોતા 'ધર્મતઃ' વેણુને 'ધન્યાસ્તુ' ઇત્યાદિ ષટ્ શ્લોકે વર્ણે છે, વેણુનું સ્વરૂપ વપુર્યુક્ત છે એમ 'બર્હાપીડ' શ્લોકમાં 'નાદ અનુભૂયમાન સતે જ સ્વરૂપ અનુભૂત થાય છે પૃથક્ અનુભવાતું નથી' ઇત્યાદિએ નિરૂપિત જ છે, અને તેથી રસદ્વયનિરૂપણ અને ચરણનિરૂપણ પણ વેણુસ્વરૂપનું જ વર્ણન છે એમ રૂપવર્ણના કથીને હવે ઐશ્વર્યાદિબોધનહેતુત્વપ્રકારે 'ધન્યાસ્તુ' ઇત્યાદિ ષટ્ શ્લોકે ધર્મતઃ વેણુનું વર્ણન કરે છે.

---

૧. પાણિનિ ૨. ૧. ૭૨ ને અનુસરીને.

कारिकार्थ–'ધન્યાસ્તુ મૂઢમતયઃ' ઇત્યાદિ શ્લોકષટ્કે ઉક્ત હરિણ્યાદિને અનુક્રમે છે, હરિણી અપ્સરા ગો પક્ષી નદી અને મેઘ એમ ક્રમે જ તે તે પદાર્થ કૃષ્ણૈશ્વર્યાદિબોધક છે, જ્યારે લોકમાં ઇશ્વરને મૂઢ પણ પૂજે છે ત્યારે નિરુપાધિક ઐશ્વર્ય મનીષી વર્ણવે છે, અનીશ્વરમાં પ્રવેશીને ઇશ્વરત્વસૂચિકા સામગ્રીને અનાવિર્ભાવતા સતા પણ ઇશ્વરને જ્યારે મૂઢ પૂજે છે ત્યારે જ ઇશ્વરનું નિરુપાધિક ઐશ્વર્ય સિદ્ધ થાય છે અને તે યુક્ત પણ છે, કારણ કે ઐશ્વર્ય-સામગ્રીરાહિત્ય સતે પણ બુધ–જ્ઞાની–તો સ્વરૂપજ્ઞાનથી પૂજે પણ પરન્તુ મૂઢકૃતા પૂજા વેણુનાદના પરમૈશ્વર્યનું જ સૂચન કરે છે, આ પ્રકારનું ઐશ્વર્ય ભગવન્નિષ્ઠ જ છે એમ મૂઢહરિણીએ કૃત પૂજનથી જણાય છે, મૂઢ પણ હરિણ્યાદિ પ્રભુનું પૂજન કરે છે તેથી પ્રભુનું ઐશ્વર્ય નિરુપાધિક છે, વીર્ય દેવમાં તત્ર પણ સ્ત્રીમાં અને તત્ર પણ કામતઃ છે તેથી પુરુષના સાન્નિધ્યમાં પણ તેમને મૂર્છા થઇ અને તેથી તે વીર્ય મહત્ છે, 'કૃષ્ણં નિરીક્ષ્ય' શ્લોકમાં મનુષ્યત્વે પ્રતીયમાન પણ ભગવાન્નાં દર્શનથી દેવાઙ્ગનાઓને–દેવની વીરાઙ્ગનાઓને–પણ પુરુષના સાન્નિધ્યમાં પણ કામતઃ મૂર્છા થઇ, તેથી દેવથી સ્ત્રીથી અને કામથી એમ હેતુત્રયથી વેણુનાદનું વીર્ય મહદ્ બોધિત થાય છે, અપ્સરાઓ દેવતા છે અને ભગવાન્ તો મનુષ્યવત્ પ્રતીયમાન છે તેથી તાદૃશ ભગવાન્માં તેમનો કામ સમ્ભવતો નથી, દેવાઙ્ગનાનો વાઞ્છિત રસ સાધારણ મનુષ્યમાં હોતો નથી, તેમને ભગવાને નિજ અલૌકિક પ્રભાવ પણ દર્શાવ્યો નથી, તથાપિ વનિતોત્સવચારુવેષથી અને વેણુક્વણિતથી સાધારણસ્ત્રીવત્ તેમને મોહ થયો આ મહદ્ ભગવદ્વીર્ય છે, આ વીર્ય મહત્ છે, અર્થાત્ પૂર્વોક્ત ઐશ્વર્યથી અને મર્યાદામાર્ગીય વીર્યથી પણ તે મહત્ છે, વિમૂઢની પ્રત્યક્ષા આસક્તિના વારણથી તેમનામાં સ્વધર્મને યોજે ત્યારે જ યશ સિદ્ધ થાય છે, અન્યથા યશ સિદ્ધ થતું નથી, 'ગાવશ્ચ' શ્લોકમાં વિમૂઢા ગોની તૃણાદિમાં જે પ્રત્યક્ષા આસક્તિ છે તેનું પ્રત્યક્ષ વારણ કરીને પીયૂષરૂપ સ્વધર્મને જ્યારે ભગવાન્ તેમને વિષે યોજે ત્યારે જ યશ સિદ્ધ થાય, અન્યથા નહિ, અત્ર 'વારણાત્' પદમાં પઞ્ચમી લ્યબ્લોપમાં પ્રવર્તે છે તેથી તૃણાદિમાં પ્રત્યક્ષા જે આસક્તિ છે તેમાંથી પ્રત્યક્ષ 'વારણ સમ્પાદીને' એમ તે પદનો અર્થ થાય છે, પીયૂષરૂપ સ્વધર્મને જ્યારે ભગવાન્ તેમને વિષે યોજે ત્યારે જ યશ સિદ્ધ થાય છે, અન્યથા–મર્યાદામાર્ગીય–યશ અત્ર ઉપયુક્ત થતું નથી, આ પ્રકારે પીયૂષયોજન ગોમાં જ થયું, શાવમાં થયું નથી, તેથી યશોબોધકપ્રસ્તાવમાં ગોનું જ કથન કર્યું, તામસ રાજસ અન્ય–સાત્ત્વિક–અને ગુણાતીત નિરૂપાય છે, 'અક્ષણ્વતાં' શ્લોકથી આરમ્ભીને 'હન્તાયમદ્રિ' પર્યન્ત દ્વાદશ શ્લોકમાં સગુણનિર્ગુણભેદ કથે છે કે તામસ રાજસ અને અન્ય–સાત્ત્વિક–અને ગુણાતીત નિરૂપાય છે, વૃન્દાવન ગુણાતીત છે, પક્ષિરૂપ મુનિ ગુણાતીત છે, અને ગોવર્ધન ગુણાતીત છે એમ અત્ર ગુણાતીતત્રિતય છે, આ લોકમાં પણ તદ્રત ગુણાતીત જ હોય છે, 'અક્ષણ્વતાં'થી આરમ્ભીને ક્રમશઃ શ્લોકત્રયમાં તામસ રાજસ અને સાત્ત્વિકનું નિરૂપણ છે અને 'વૃન્દાવનં સખિ' શ્લોકમાં ગુણાતીત વૃન્દાવનનું નિરૂપણ છે, એ જ પ્રકારે 'ધન્યાસ્તુ મૂઢમતયઃ'થી પ્રારમ્ભીને શ્લોકત્રયમાં હરિણ્યાદિ સગુણ છે અને 'પ્રાયો બતામ્બ' શ્લોકમાં પક્ષિરૂપ મુનિ ગુણાતીત છે, એ જ પ્રકારે 'નદ્યસ્તદા' શ્લોકથી આરમ્ભીને શ્લોકત્રયમાં સગુણનું નિરૂપણ છે અને 'હન્તાયમદ્રિ' શ્લોકમાં ગુણાતીત ગોવર્ધનનું નિરૂપણ છે એમ વૃન્દાવન પક્ષિરૂપમુનિ અને ગોવર્ધન એ ત્રય ગુણાતીત છે એમ વર્ણનીય ભેદનું કથન કરીને વર્ણનકર્ત્રીનો પણ તદ્વદ્ જ સગુણનિર્ગુણ ભેદ કથે છે કે આ લોકમાં તદ્રતા–તદ્વર્ણનકર્ત્રી–પણ ગુણાતીતા છે.

'પક્ષી મુનિ છે તેથી મનનશીલ છે અને તેથી સાત્ત્વિક છે' એમ આશઙ્કીને નિર્ગુણત્વ કથવાને 'વૃન્દાવનં' ઇત્યાદિ કારિકાએ તત્પ્રકાર કથે છે, વૃન્દાવન આધિદૈવિકભગવચ્ચરણાત્મક હોવાથી ગુણાતીત છે

वृन्दावनं गुणातीत-मितिकारिकोपरि स्वतन्त्रः।

તેમ જ ગોવર્ધન પણ ગુણાતીત છે. પક્ષી પણ વૃન્દાવનરતત્વે 'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' વાક્યથી ગુણાતીત જ છે, 'ત્યારે તો ગોવર્ધનમાં રતા પુલિન્દીજી પણ નિર્ગુણા જ હોવાં જોઇએ' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે એમ નથી, કારણ કે પુલિન્દીજીમાં તો કારણવિશેષે–તદ્દર્શનસ્મરરુજાએ–રાજસ ભાવનું તત્ર સ્પષ્ટ જ કથન છે, 'મૌનાદિએ પક્ષીમાં પણ સાત્ત્વિકત્વ સ્પષ્ટ જ કથ્યું છે' એમ પણ ન કથવું, સત્ત્વ તો જ્ઞાનજનક છે અને પક્ષીમાં સત્ત્વકાર્યજ્ઞાનાભાવના કથને તેમનું સાત્ત્વિકત્વ નથી તેથી અન્યાનનુસન્ધાનથી પતનશઙ્કાએ દ્રુમભુજોપરિ તેમનું આરોહણ અને જ્ઞાનજનકદૃષ્ટિનિમીલન તેમ જ ઇતરા વાક્નો ઉપરમ પણ કથ્યો છે, એમ સતે અન્યત્ર સાત્ત્વિકત્વે ઉક્ત પણ અત્ર ગુણાતીત જ જાણવા, અને તેથી જ 'તામસા રાજસાશ્ચાન્યે' એમ પૂર્વે કથન કર્યું, 'પરન્તુ 'વનચરઃ' શ્લોકમાં વૃન્દાવનનું સત્ત્વભૂમિત્વ કથ્યું છે ત્યારે અત્ર નિર્ગુણત્વકથન કયે પ્રકારે ?' એમ શઙ્કા થતી હોય તો સત્ય છે, તત્ર તો સાત્ત્વિકભાવાપન્નત્વ કથવાને ભૂમિનું તથાત્વ કથ્યું અને તેથી જ ભગવાનના પણ તત્ર તથાભાવવત્ત્વે તત્સમ્બન્ધથી ભૂમિનું પણ તથાત્વ–સાત્વિકત્વ–કથ્યું, વૃન્દાવનનું તો સ્વરૂપ ગુણાતીત જ છે–લીલાસૃષ્ટિસ્થ સર્વ જ ગુણાતીત છે–તથાપિ વિવેક ગુણકૃત જાણવો, જેમ મૂઢમતિત્વથી અને મુખ્ય સજાતીય ભાવવત્ત્વથી હરિણી તામસી છે અપ્સરા કામભાવવત્ત્વથી રાજસી છે ગો અત્ર ભગવજ્જ્ઞાનવત્ત્વથી

સાત્ત્વિકી છે પક્ષી તો ગુણાતીત જ છે નદી રાજસી છે–કારણ કે તેમને વિષે મનોભવસત્તાનું કથન છે–મેઘ તામસ છે–કારણ કે એતત્સજાતીયભાવવાન્ અને ભગવદર્થસર્વપરિત્યાગવાન્ છે–કામિનીત્વથી પુલિન્દી તો રાજસી છે અને ગોવર્ધન તો ગુણાતીત છે–કારણ કે એમ પૂર્વે કથ્યું જ છે–એ જ પ્રકારે સર્વત્ર લીલાસ્થમાં તાદશતાદશભાવવત્ત્વે તાદશતાદશત્વ જાણવું એમ દિગ્દર્શનમાત્ર કરાવ્યું.

કારિકાર્થ—આ લીલાસ્રષ્ટિરૂપ લોકમાં તદ્રતા–તે ગુણાતીત વૃન્દાવનાદિમાં રતા–તદ્વર્ણનકર્ત્રી પણ ગુણાતીતા છે, આ કેવલ ઉપલક્ષણ છે, તેથી તત્તત્સગુણનિરૂપિકા–વર્ણનકર્ત્રી–પણ તથાવિધા–સગુણા–છે, અત્ર નિરૂપ્યમાં 'આ ત્રય ગુણાતીત છે' એમ નિરૂપ્યનું સ્વરૂપ કથીને નિરૂપિકાનું સ્વરૂપ કથે છે કે આ ભક્તલક્ષણ લોકમાં તદ્રત ગુણાતીત જ છે, આ કેવલ ઉપલક્ષણ છે, તત્તન્નિરૂપિકા તથાતથા સગુણા છે, અત્ર દ્વાદશ શ્લોકમાં તામસ રાજસ સાત્ત્વિક અને નિર્ગુણ એમ ક્રમે પર્યાયત્રય છે, 'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' વાક્યથી નિરૂપ્યનું અને નિરૂપિકાનું સમાનધર્મવત્ત્વ યુક્ત છે એમ સૂચન કરવાને 'હિ' પદ ધર્યું, પક્ષિનિરૂપિકાના પ્રસઙ્ગથી વૃન્દાવનની અને ગોવર્ધનની પણ નિરૂપિકાના ગુણાતીતત્વમાં હેતુ 'રૂપ્યતે' ઇત્યાદિએ કથે છે, 'હિ' હેતુવાચક છે, અત્ર વ્રજમાં સ્થિત આ વૃન્દાવનાદિ ત્રય ગુણાતીત નિરૂપાય છે–કારણ કે તત્ર ક્ષોભાભાવ અને આસક્તિભર છે–તેથી આ લોકમાં–ભક્તસમાજમાં–તદ્રત પણ ગુણાતીત હોય છે–કારણ કે સમાનશીલમાં જ રતિનો ઉદય થાય છે–'જ્યારે ખરે પુરુષ શ્રીનો ભોગ કરે છે ત્યારે એને અર્થે વીણાવાદ થાય છે' એ શ્રુતિન્યાયે સર્વે જ ભગવદીય–વિહગ પણ–પરમા શ્રીને પ્રાપ્ત કરે છે, કારણ કે જ્યારે સેવક પણ તાદશ હોય ત્યારે જ શ્રીની પરમા કાષ્ઠા, જેમ ભગવાન્ પૂર્વોક્તશ્રુત્યુક્તશ્રીલક્ષણવીણાદિ શબ્દનું શ્રવણ કરે છે તેમ ભગવત્સેવક પક્ષ્યાદિ પણ વેણુનાદનું શ્રવણ કરે છે તેથી ભગવાનમાં શ્રીની પરમા કાષ્ઠા નિરૂપી, ધર્મિસમ્બન્ધથી ભગવદીયો પણ યદ્યપિ સામાન્યતઃ શ્રીપ્રાપ્તિ કરે છે તથાપિ પૂર્વોક્ત ન્યાયે તો તેઓ પરમા શ્રીને પ્રાપ્ત કરે છે, 'એમ પક્ષીની શ્રીપ્રાપ્તિએ ભગવદ્ગુણબોધન કયે પ્રકારે સમ્પન્ન થાય?' એમ આશઙ્કા થાય તો પરિહરે છે કે જ્યારે સેવક તાદશ હોય છે ત્યારે જ શ્રીની પરમા કાષ્ઠા છે, સેવકોને શ્રી સિદ્ધા થઈ ત્યારે સ્વામીમાં તો કૈમુત્યન્યાયે તે સિદ્ધા જ છે, પૂર્વોક્ત ત્રયમાં પણ આ જ કૈમુત્યન્યાય જાણવો, જ્યારે સેવકો પરમ ભોગ કરે ત્યારે સ્વામીનું પરમસૌભાગ્ય સ્ફુટ થાય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે, પક્ષીરૂપ ભગવદીય મુનિ ભગવત્કૃત વેણુનાદનું શ્રવણ કરે છે તત્ર પણ ભગવાન્ નીચે સ્થિત થઈને વેણુવાદન કરે છે અને પક્ષીઓ તો ઉપરિ દ્રુમભુજારોહણ કરીને નાદામૃત અનુભવે છે તેથી પક્ષીનો શ્રીભોગ સિદ્ધ થાય છે, 'યદા ખલુ વૈ પુરુષઃ શ્રિયમશ્નુતે' શ્રુતિમાં 'વીણા'પદ મધુરનાદવેણ્વાદિનું ઉપલક્ષક છે તેથી વેણુનાદશ્રવણે પક્ષીમાં શ્રીભોગ સિદ્ધ થયો, અત્ર ભગવન્નિષ્ઠા શ્રી પક્ષીમાં સમાગતા છે તેથી ભગવચ્છ્રીની કાર્યભૂતા તે શ્રીએ કારણભૂત ભગવચ્છ્રીનું સૂચન કર્યું, જ્યારે સ્વભાવનો વિજય થાય ત્યારે જ જ્ઞાનનો ઉત્કર્ષ, સર્વદા વેગવતી નદીના વેગભઙ્ગે સેવકમાં સ્વભાવવિજયલક્ષણ જ્ઞાન નિરૂપિત થયું, અર્થાત્ સેવક પણ જ્યારે જ્ઞાની છે ત્યારે ભગવાનનો જ્ઞાનોત્કર્ષ કૈમુતિકન્યાયે સિદ્ધ જ છે, નદીમાં સમાગત જ્ઞાન શ્રીવત્ કારણભૂત ભગવજ્જ્ઞાનનું સૂચન કરે છે, સ્વસર્વસ્વનિવેદનથી હરિના ચરણમાં પ્રીતિ થાય છે અને જ્યારે હરિનો પણ હરિ થાય ત્યારે વૈરાગ્યમાં પણ ઉત્કર્ષ સિદ્ધ થાય છે, આ પ્રકારનો ઉત્કર્ષ ભક્તિએ સિદ્ધ થાય છે તેથી એવી સેવા સેવકોચિતા છે, સ્વસર્વસ્વનિવેદને સહિતા હરિચરણપ્રીતિ જ વૈરાગ્યનું સ્વરૂપ છે, કારણ કે અન્યત્ર વૈરાગ્ય હોય ત્યારે જ હરિમાં પ્રીતિ સમ્ભવે છે, તત્ર વૈરાગ્યમાં પણ જ્યારે સર્વદુઃખહર્તા હરિનો પણ હરિ થાય–જ્યારે સેવક વસ્ત્રાદ્યુપચારસેવાએ હરિના પણ શીતોષ્ણાદિનિવારણે દુઃખહર્તા થાય–ત્યારે જ વૈરાગ્યમાં પણ ઉત્કર્ષ સિદ્ધ થાય છે, ભગવાનને શ્રમ થતો નથી એમ કોઇક માને છે, **ભગવાનને શ્રમ થાય જ છે એમ સિદ્ધાન્ત છે,** અને તેનું પ્રતિપાદન શ્રીસુબોધિનીજીના દશમસ્કન્ધમાં યુગલગીતાધ્યાયમાં કર્યું છે, જેમ ભગવાનને શ્રમ થાય છે તેમ શીતાદિ પણ થાય છે એમ જાણવું, કિઞ્ચ 'અનશ્નન્ અન્યો અભિચાકશીતિ' શ્રુતિએ યદ્યપિ મર્યાદામાર્ગમાં ભગવાન્ ભોજનાદિ કરતા નથી એમ કથ્યું છે તથાપિ **પુષ્ટિમાર્ગમાં ભગવાન્ ભોજનાદિ** કરે જ છે એ સિદ્ધાન્તનું પ્રતિપાદન અષ્ટમાધ્યાયનાં શ્રીટિપ્પણીજીમાં અને પૂતનામોક્ષાધ્યાયનાં શ્રીટિપ્પણીજીમાં 'ભગવાનમાં સ્નેહહેતુક સ્વામિનીકૃતરક્ષાપ્રભૃતિ કાર્ય ભ્રમહેતુક છે' એ શઙ્કાના પરિહારપૂર્વક કર્યું છે, તેથી 'હરેરપિ હરિઃ' કથન સુન્દર કર્યું, અર્થાત્ 'દૃષ્ટ્વાતપે' શ્લોકમાં મેઘે સ્વસર્વસ્વ જલના વર્ષણે અને સ્વવપુએ છાયાકરણ સેવા કરી તેથી મેઘનું વૈરાગ્ય સિદ્ધ થયું, અને સેવકમાં એમ વૈરાગ્યસિદ્ધિ થઈ ત્યારે ભગવાનમાં તો કથવું જ શું? એણે–શ્લોકષટ્કના તાત્પર્યાર્થનિરૂપણે–ઐશ્વર્યાદિષડ્ધર્મોપપાદનથી વેણુનું ભગવત્ત્વ સમર્થ્યું, અત્ર આ પ્રકારે વિભાગ જાણવો, સર્વત્ર અનાસક્તિ સામાન્ય વૈરાગ્ય છે તે જ–સર્વત્ર અનાસક્તિ–ત્યાગવિશિષ્ટા હોય ત્યારે વૈરાગ્યમાં ઉત્કર્ષ છે, તત્ર પણ હરિચરણરતિ ભક્તિમાર્ગીય વૈરાગ્ય છે, સ્વસર્વસ્વનિવેદનવિશિષ્ટા હરિચરણરતિ ભક્તિમાર્ગીય વૈરાગ્યમાં ઉત્કર્ષ છે, તત્ર પણ હરિની શીતાદિનિવારણરૂપા સેવા પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે, અને પુષ્ટિમાર્ગીય વૈરાગ્યમાં ભક્તિવિશિષ્ટા શીતાદિનિવારણરૂપા હરિસેવા ઉત્કર્ષ છે, તેથી અત્ર અન્વય આ પ્રકારે કરવો,

સ્વસર્વસ્વનિવેદનવિશિષ્ટા હરિચરણપ્રીતિ ભક્તિમાર્ગીય વૈરાગ્યમાં ઉત્કર્ષ છે, પૂર્વોક્ત સામાન્ય વૈરાગ્ય અને તદુત્કર્ષ તો ભક્તિમાર્ગીય વૈરાગ્યમાં સમ્પન્ન જ છે, તેથી 'અપિ' શબ્દનો અને 'ચ'કારનો પ્રયોગ કર્યો, આ પ્રકારે ભક્તિમાર્ગીય વૈરાગ્યોત્કર્ષ કથીને હવે પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય કથે છે કે જ્યારે હરિનો પણ હરિ થાય અને તે હરિનો પણ હરિ-પણ ભક્તિએ થાય એવી સેવા સેવકોચિતા છે, અર્થાત્ પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય ઉત્કૃષ્ટ છે, અત્ર પણ પૂર્વોક્ત વૈરાગ્યના અને તદુત્કર્ષના સમુચ્ચયાર્થ 'ચ'કારદ્વય પ્રયોજ્યું, આ પ્રકારે શ્લોકષટ્કનો તાત્પર્યાર્થ કથ્યો, વાચ્યાર્થ તો આભાસમાં કથાશે, જ્ઞાનવદ્ ભક્તગત વૈરાગ્યથી ભગવદ્વૈરાગ્યનું સૂચન કૈમુત્યન્યાયે સિદ્ધ જ છે, મેઘમાં વૈરાગ્યરૂપ ભગવદ્ધર્મ કાર્યરૂપે સમાગત છે તે સ્વકારણભૂત ભગવન્નિષ્ઠ વૈરાગ્યનું સૂચન કરે છે, જ્યારે ભક્ત સર્વદુઃખહર્તા હારના પણ દુઃખનો હર્તા—હરિ—થાય ત્યારે તેમાં વૈરાગ્યોત્કર્ષ છે એમ જાણવું, કારણ કે હરિના દુઃખનું હરણ વૈરાગ્યકાર્ય છે, મોક્ષાન્ત ફલમાંથી જ્યારે રાગની નિવૃત્તિ થાય અને એક પ્રભુસુખની જ આકાઙ્ક્ષા રહે ત્યારે જ તાદૃગ્ ભાવનો ઉદય થાય છે, 'તે કયે પ્રકારે થાય?' એમ શઙ્કા થાય તો 'ભક્ત્યા' ઇત્યાદિએ કથે છે કે તાદૃશ ભગવદ્દુઃખહર્તૃત્વભાવ સ્નેહે થાય છે એમ વૈરાગ્યસ્વરૂપને અને સ્નેહે કરીને વૈરાગ્યસિદ્ધિને નિરૂપીને ઉપદિશે છે કે તે અર્થાદ્ સેવ્ય ભગવાનની મેઘકર્તૃકા દુઃખહરણરૂપા સેવા પુષ્ટિસ્થ સેવકના કર્તવ્યત્વે ઉચિતા છે, જેમ પ્રેરણ વિના જ—સ્નેહમાત્રથી—મેઘે ભગવાનની આતપનિવારણરૂપા સેવા કરી તેમ **શાસ્ત્રીયા પ્રેરણા વિના જ દેશકાલાનુરૂપભગવત્સૌખ્યસમ્પાદકસેવા પુષ્ટિમાર્ગીઓએ કર્તવ્યા.** આ સેવા સખ્યભક્તિરૂપા છે, કારણ કે 'સખ્યુર્વ્યધાત્ સ્વવપુષામ્બુદ આતપત્રં' ચરણમાં 'સખ્યુઃ' પદ છે, સેવાકૌમુદીગ્રન્થમાં પ્રથમ પ્રકરણમાં આ સર્વ નિરૂપ્યું છે, 'ઉત્કર્ષશ્ચાપિ વૈરાગ્યે'નો અન્વય 'તદૈવ સ્યાત્' એમ પૂર્વે સહ કરવો, 'સર્વદુઃખહર્તા હરિમાં દુઃખનું કથન સમ્ભવતું નથી તેથી આ સર્વ અસઙ્ગત છે' એ શઙ્કાનો પરિહાર 'ભક્ત્યા' ઇત્યાદિએ કરે છે, અત્ર 'ચ' 'તુ'ના અર્થમાં—અવધારણમાં—પ્રવર્તે છે, 'તાદૃશત્વઞ્ચ' પદે સ્વસર્વસ્વનિવેદનનો સમુચ્ચય થાય છે, અને તે નિવેદન અત્ર 'કુસુમાવલી'પદથી અને ભક્તિ 'સખી'પદથી સિદ્ધા છે એમ જાણવું.

धन्यास्तु मूढमतयोऽपि हरिण्य एता या नन्दनन्दनमुपात्तविचित्रवेषम् ।
आकर्ण्य वेणुरणितं सहकृष्णसाराः पूजां दधुर्विरचितां प्रणयावलोकैः ॥ ११ ॥

અક્ષરાર્થ—મૂઢમતિ પણ આ હરિણી ધન્યા છે, જેમણે સ્વીકૃતવિચિત્રવેષ નન્દનન્દનને વેણુરણિતને આકર્ણીને સહકૃષ્ણસારા થઈને પ્રણયાવલોકે વિરચિતા પૂજા ધરી. ૧૧.

વ્યાખ્યાન—તત્ર પ્રથમ હરિણીનું ભાગ્ય'ધન્યાઃ' ઇત્યાદિ શ્લોકે અભિનન્દે છે, 'જ્ઞાન ક્રિયાનું વિશેષણીભૂત છે, હરિણીઓને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી, તેઓ તો કેવલ ભગવદવલોકનાત્મકપૂજામાત્ર કરે છે તેટલાથી જ તેમનું ધન્યાત્વ કયે પ્રકારે ?' એમ આશઙ્કા થાય તો પરિહરે છે કે જ્ઞાનમાત્ર ધન્યાત્વસાધક નથી પરન્તુ ભગવદ્વિષયકપૂજનક્રિયા ધન્યાત્વસાધિકા છે અને તત્ર પણ જ્ઞાનસહિતભગવદ્વિષયકપૂજનક્રિયા સુતરાં ધન્યાત્વસાધિકા છે, જ્ઞાન પ્રાપ્ત કરીને પણ જો જ્ઞાનાનુરૂપા ક્રિયા કરે ત્યારે જ જ્ઞાનનું સાર્થક્ય, તેથી જ્ઞાન વિશેષણ છે અને ક્રિયા વિશેષ્ય છે, અને તેથી જ્ઞાન ક્રિયાવિશેષણીભૂત છે, ક્રિયાનો પણ ઉત્કર્ષ પૂજન છે, ક્રિયામાં પણ ભગવત્પૂજનાત્મિકા જ ક્રિયા ઉત્કૃષ્ટા છે, અત્ર 'તત્ કર્મ હરિતોષં યત્' ચતુર્થસ્કન્ધવાક્ય પ્રમાણ છે, તે પૂજારૂપક્રિયા હરિણીએ કરી તેથી હરિણીનું ધન્યાત્વ છે, તે પૂજા પણ જો જ્ઞાનમયદ્રવ્યે ભગવદ્વિષયિણી હોય ત્યારે તો તેનો સુતરામ્ ઉત્કર્ષ છે, તત્ર પૂજનમાં પણ જ્ઞાનેન્દ્રિયાધારત્વે જ્ઞાનપ્રચુર નેત્રાત્મક દ્રવ્યે તે પૂજા કરી તેથી હરિણીનું સુતરાં ધન્યાત્વ છે, અત્ર 'જ્ઞાનમય'પદનો અર્થ 'જ્ઞાનપ્રચુર જ્ઞાનસ્વરૂપ નિવેદ્યદ્રવ્યે' કરવો, અત્ર આ તાત્પર્ય છે, નિવેદ્ય પદાર્થોના સ્વરૂપને અને ભગવત્પ્રિયત્વમાં દેશકાલાનુગુણત્વને જાણીને પદાર્થ સમર્પાય ત્યારે તે નિવેદ્ય પદાર્થ જ્ઞાનમય કહેવાય છે, અત્ર હરિણીએ સ્વનેત્રસૌન્દર્યને—અને ભગવત્પ્રિયાનેત્રસ્મારકત્વે તેના પ્રભુપ્રિયત્વને પણ—જાણીને ભગવાનની પૂજા નેત્રે કરી તેથી ધન્યાત્વ યુક્ત છે, તે પૂજામાં પણ ભગવજ્જ્ઞાન અને સ્વજ્ઞાન અઙ્ગ છે અન્યથા તદભાવે સર્વ જ વ્યર્થ છે, દેશકાલવૈશિષ્ટ્યથી યાદૃશ વસ્તુની અપેક્ષા ભગવાનને છે તાદૃશ દેશકાલાનુરૂપ સેવન મારે વિધેય છે એમ સમ્પ્રતિ દેશકાલાનુરોધથી ભગવાનને અમુક પદાર્થ અપેક્ષિત છે એવું જે જ્ઞાન તે ભગવજ્જ્ઞાન છે, અને મદીય પદાર્થમાં આ વસ્તુ સમ્યક્ છે તેથી તે ભગવદ્વિનિયોગયોગ્ય છે એવું જે જ્ઞાન તે સ્વજ્ઞાન છે, એ પ્રકારનું ભગવજ્જ્ઞાન અને સ્વજ્ઞાન એમ ઉભયે જ્ઞાન પૂજામાં અઙ્ગ છે, હરિણીએ તેમ જ કર્યું, કારણ કે શૃઙ્ગારરસાત્મક ભગવાનને સ્વનેત્રસૌન્દર્યનું પ્રદર્શન કરાવીને તેમનું પ્રિયત્વ સમ્પાદિત કર્યું, પુષ્ટિજીવે પણ યથોચિત પ્રિયત્વ તેમ સમ્પાદવું એમ શિક્ષા આ ગ્રન્થનું સ્વારસ્ય છે, ભગવત્પૂજારૂપક્રિયોત્કર્ષમાં ભગવજ્જ્ઞાન પણ અઙ્ગ છે, તેથી પૂજાના અભાવમાં જ્ઞાનાદિક સર્વ જ વ્યર્થ છે, અઙ્ગિભૂતપૂજાના અભાવમાં અઙ્ગ જ્ઞાનાદિનું પણ વૈયર્થ્ય છે, 'ધન્યાસ્તુ'માં 'તુ'શબ્દે શ્રીગોપિકા સ્વની વ્યાવૃત્ત્યર્થ 'જ્ઞાનં હિ' ઇત્યાદિએ હેતુ કથે છે, પ્રથમ જાણે તદનન્તર ઇચ્છે અને તદનન્તર પૂજે એમ માનસ ક્રમથી જ્ઞાન ક્રિયાનું વિશેષણ છે એ યુક્ત છે એમ સૂચન કરવાને 'હિ' શબ્દ ધર્યો છે, 'આકર્ણ્ય' એમ લ્યપ્પ્રયોગ

આકર્ણનરૂપ જ્ઞાનનું પૂજનવિષયક્રિયામાં ગૌણત્વ–વિશેષણત્વ–કથ્યું, 'પૂજન'પદે ઉત્કૃષ્ટા ક્રિયા કથી, અને 'પ્રણયાવલોકૈ:'પદે જ્ઞાનમયદ્રવ્ય કથ્યાં, અવલોકનવ્યાપારે વ્યાપારવાનનો પણ આક્ષેપ થયો, અવલોકન વ્યાપાર હોવાથી અત્ર નેત્ર કરણ છે, સ્વાવલોકને–હરિણ્યવલોકને–રચિતત્વપક્ષમાં હરિણીને ભગવજ્જ્ઞાન છે એમ કથ્યું, અને ભગવત્પ્રતિપૂજિતનું ધારણ હરિણીએ આત્મામાં કર્યું એમ ભગવદવલોકનરચિતત્વપક્ષમાં ભગવાનને હરિણીનું જ્ઞાન છે એમ કથ્યું, એથી વ્યાપાર પણ જ્ઞાનરૂપ જ કથ્યો, એમ અમારામાં નથી તેથી ધન્યાત્વથી અમે–શ્રીગોપીજન–તો વ્યાવૃત્તા થઈ ગયાં, તેમનું–હરિણીનું–જ ઉત્તમાત્વ, જો અન્યત્ર પણ તે હોય તો તે જ ઉત્તમ છે એ પક્ષનો આશ્રય કરીને 'ધન્યાસ્તુ'માં 'તુ'શબ્દે પૂર્વપક્ષનું–નિજ ઉત્તમાત્વનું–વ્યાવર્તન કરે છે, તો તે જ ઉત્તમ છે–તો તે અર્થ ઉત્તમ જ છે–એ પક્ષનો આશ્રય કરીને નિજોત્તમાત્વરૂપ પૂર્વપક્ષનું વ્યાવર્તન કરે છે, 'શ્રીગોપિકા સુધાભોગિની છે તેથી શ્રીગોપિકા ઉત્તમા છે' એ પૂર્વપક્ષનું વ્યાવર્તન 'તુ' કરે છે, હરિણીવ્યતિરિક્ત પણ જે કોઇ અન્ય જીવ જ્ઞાનમય દ્રવ્યે ભગવત્પૂજા કરે છે તે જ ઉત્તમ છે, અમે ઉત્તમા નથી, યદ્વા જ્ઞાનરહિત પણ અર્થમાં જ્યાં તાદૃશ પૂજન હોય ત્યારે તો તે જ ઉત્તમ એ પક્ષનો આશ્રય કરીને 'જ્ઞાનં હિ'થી આરમ્ભીને 'તે વ્યર્થ'પર્યન્ત પૂર્વપક્ષને 'તુ'શબ્દે વ્યાવર્તે છે, 'તે દોષ જાણતો નથી' એ આશઙ્કાને 'મૂઢમતયોપિ' પદે પરિહરે છે, 'શ્રુત્યાદિએ પ્રતિપાદ્ય ભગવત્સ્વરૂપ છે એમ મૃગીને જ્ઞાન નથી એ દોષ શ્રીગોપી જાણતાં નહિ હશે અને તેથી તેમ કથતાં હશે' એમ આશઙ્કા થાય તો પરિહરે છે કે મૂઢમતિ પણ તે હરિણીને ધન્ય છે, આ પ્રકરણ સ્ત્રીનું છે તેથી સ્ત્રીઓનું જ અભિનન્દન છે, હરિણની સ્ત્રી અત્ર વિવક્ષિતા છે તેથી 'હરિણ્ય:'પદ ધર્યું, 'કૃષ્ણસાર'પણ અત્ર સહિત જ છે તેથી અત્ર–'હરિણ્ય:'પદમાં–પુંયોગમાં ઙીષ્ છે, જાતિલક્ષણ ઙીષ્ નથી[1], કૃષ્ણસારમાં પણ મૂઢમતિત્વાદિક તો તુલ્ય જ છે તેથી મૂઢમતિ કૃષ્ણસારનું વ્યાવર્તન કરવાને આ કથ્યું, આ હરિણસ્ત્રી છે એ કોઇ નાયિકાવિશેષ નથી, ગોનિરૂપણપર્યન્ત સર્વત્ર વર્ણનકર્ત્રી અન્યા–કેવલાથી અન્યા–અન્યપૂર્વા–જ છે, તેથી તેમનું જ પ્રકરણ હોવાથી 'સહકૃષ્ણસારૈ:'પદે હરિણસહિતસ્ત્રીનું કથન કર્યું, કેવલાનું કથન નથી એમ જાણવું, નિજ અકૃતાર્થતાની ભાવનાએ દૈન્યાવિર્ભાવે વર્ત્તમાન સર્વસામગ્રીસહિત ભગવાન્ કૃપા કરીને પ્રકટ થઈ ગયા એમ જણાવવાને અઙ્ગુલિનિર્દેશે 'એતા:'પદ કથ્યું, તેમના–તે હરિણીના–ભાગ્યમાં હેતુ 'યા:'ઇત્યાદિએ કથે છે, નન્દનન્દનનું નિરીક્ષણ કરીને વેણુરણિત આકર્ણીને ભગવત્કૃતપ્રણયાવલોક વિરચિતપૂજનનું આધાન જેમણે સ્વમાં કર્યું તે મૂઢમતિ પણ હરિણી તો ધન્યા છે, પૂર્વે દ્વાદશાધ્યાયમાં 'નૃત્યન્ત્યમી શિખિન ઈડ્ય મુદા હરિણ્ય: કુર્વન્તિ ગોપ્ય ઇવ તે પ્રિયમીક્ષણેન' શ્લોકમાં ભગવદુક્તા પ્રસિદ્ધા જ મૂઢમતિ પણ હરિણીએ ભગવત્પૂજનનું આધાન સ્વમાં કર્યું તે હરિણી તો ધન્યા છે, 'નન્દનન્દનં નિરીક્ષ્ય' પદ મૂલમાં નથી તેથી 'નન્દનન્દનં વીક્ષ્ય'નું જ તાત્પર્ય 'વેણુરણિતને આકર્ણીને' પદે કથ્યું, 'નિરીક્ષ્ય'પદ અર્થત: 'આકર્ણ્ય'પદનું જ વિવરણ કર્યું, અત્ર પદાન્તરનો અધ્યાહાર નથી, કારણ કે અગ્રે તેનો નિષેધ છે, નન્દને પણ આનન્દનું દાન કરે તે નન્દનન્દન, ભક્તના ઉદ્ધારાર્થે જ "અસ્તુ"–શ્લોકોક્ત બ્રહ્મવાક્યથી પ્રભુ પ્રવૃત્ત થયા, ઉદ્ધારપ્રકરણ હોવાથી–નિબન્ધમાં 'પ્રકરણં દેશકાલૌ' એમ લક્ષણ કથ્યું છે તેથી ઉદ્ધારકાલ હોવાથી–અમારો પણ ઉદ્ધાર કરશે, ઉપ આત્ત–સમીપ સ્વીકૃત–વિચિત્ર વેષ જેણે એવા 'ઉપાત્તવિચિત્રવેષ નન્દનન્દન,' એણે–વેષવૈચિત્ર્યકથનપૂર્વક નૃત્યસામયિકત્વસૂચને–ભગવાન્ રસાભિનયાર્થ પ્રવૃત્ત થયા એમ કથ્યું, એમ 'નન્દનન્દન'પદે સ્વરૂપથી તત્કાર્યકર્તૃત્વ–ઉદ્ધારાનુકૂલરસકાર્યકર્તૃત્વ–અને વેષસ્વીકારકથને સાધનત:કાર્યકર્તૃત્વ–ફલમુખ્યકર્તૃત્વ–કથ્યું, 'વિચિત્ર' પદે સર્વ જ રસ પરિગૃહીત થયા, ઉપ–સમીપમાં–આત્ત વેષનો સ્વીકાર તત્ર– હરિણીમાં–બ્રહ્માનન્દના પ્રવેશનાર્થ છે, સમીપવાચક 'ઉપ'પદે હરિણીના સમીપમાં વેષનો સ્વીકાર હરિણીમાં સ્વરૂપાનન્દના પ્રવેશનાર્થ છે એમ સૂચિત કર્યું, વેષસમયે નિરાવૃત સ્વરૂપદર્શને સ્વરૂપાનન્દનો પ્રવેશ થાય છે પરન્તુ વેષાનન્તર દર્શનમાં તો સ્વરૂપ આચ્છાદકાદિવિશિષ્ટ હોવાથી ધર્મસહિત જ આનન્દનો અનુભવ થાય છે અને તેથી જ **અનુગૃહીતના જ સમક્ષ ભગવાનનું શૃઙ્ગારાદિક કરવું એમ માર્ગની મર્યાદા** છે, 'ઉપાત્તવિચિત્રવેષમ્' પદમાં 'ઉપ'શબ્દે સામીપ્યના કથનથી પ્રભુએ હરિણીસમીપ વેષ–શૃઙ્ગાર–ધર્યો અને તેથી વેષધારણસમયે ભગવદવયવ હરિણીદૃગ્વિષય થયાથી મૃગીગણમાં ભાવવિશેષોત્પત્તિ થઈ, તે ભાવે તાદૃશી રસસમ્બન્ધિની ભગવત્પ્રાપ્તિ થશે, ભગવદવયવાવલોકનજન્યભાવબલે પૂર્વે હરિણીમાં બ્રહ્માનન્દપ્રવેશ થશે તદનન્તર તેમને આધિદૈવિક સ્ત્રીવિગ્રહની પ્રાપ્તિ થશે, તેથી હરિણીમાં સ્વરૂપાનન્દના પ્રવેશનાર્થે હરિણીના નિકટમાં ભગવાને વેષધારણ કર્યું એમ ફલિત થયું, અર્થાત્ બ્રહ્માનન્દ થયે તત્ર પણ આધિદૈવિક રૂપ સમ્પન્ન થયે પૂર્વફક્કિકાનિરૂપિતા ફલપ્રાપ્તિ થશે એમ સ્વારસ્ય છે, 'બ્રહ્માનન્દ'પદ પૂર્વફક્કિકાનું સ્મારક છે એમ જાણવું, 'આકર્ણીને જ નન્દનન્દનં વીક્ષ્ય' એમ જે કથ્યું તે તો મૂલમાં નથી' એમ શઙ્કા થાય તો 'આકર્ણ્ય ઇત્યેવ'થી પરિહરે છે કે અત્ર આકર્ણનક્રિયા જ વેણુરણિતમાં અને ભગવાનમાં અર્થત: અને

---

૧. 'હરિણી'પદમા 'ઈ' હરિણસમ્બન્ધવાચક છે, હરિણીજાતિવાચક નથી, તેથી 'હરિણ્ય:'પદનો અર્થ 'હરિણે સહ યુક્તા' થાય છે, અને 'સહકૃષ્ણસારા:' વિશેષણ એ અર્થનું સમર્થક છે, હરિણ અભિમાનસાર નથી પરન્તુ 'કૃષ્ણસાર' છે, તેથી કૃષ્ણસાર હરિણે સહ યુક્તા હરિણી નન્દનન્દનનાં દર્શન અને વેણુકવણિતનું આકર્ણન પણ કરે છે.

શબ્દતઃ છે, 'જેમ 'આકર્ણ્ય'પદ કથ્યું તેમ 'નિરીક્ષ્ય' પદ જ કેમ ન કથ્યું તે પદનું પણ દ્વિધા વ્યાખ્યાન સમ્ભવત' એમ આશઙ્કા થાય તો પરિહરે છે કે પશુદષ્ટિ વિશેષનું ગ્રહણ કરતી નથી તેથી શાસ્ત્રદષ્ટિ જ કથી, 'તથાપિ 'સાક્ષાત્કાર' અર્થ કયે પ્રકારે પ્રાપ્ત થાય?' એ શઙ્કાના પરિહારાર્થ કથે છે કે પશ્ચાદ્નીયમાના પણ પ્રત્યક્ષદષ્ટિ જ અન્યાનુરોધિની છે તેથી વિદ્યમાના પણ તે પ્રત્યક્ષદષ્ટિ ગણી નહિ તે 'આકર્ણ્ય' પદે કથે છે, વેણુનું સર્વરસાસાધારણ રણિત આકર્ણ્યિને–સર્વરસ છે અસાધારણ યત્ર એવું રણિત આકર્ણ્યિને–'સર્વરસસાધારણ' એમ પાઠ હોય તો 'સર્વ રસ છે સાધારણ યત્ર–કોઇ એક જ રસ મુખ્ય નથી યત્ર–એવું રણિત આકર્ણ્યિને' એમ અર્થ કરવો, જે પ્રકારે રસ બાહ્યતઃ નિર્ગત ન થાય તે પ્રકારે શબ્દવિશેષ 'રણિત'પદવાચ્ય છે, તાદશ પણ રણિતનું શ્રવણ હરિણીએ સમીપ જઈને કર્યું, એથી દૈહિક ધર્મની નિવૃત્તિ સૂચિતા થઈ, ભયસ્વભાવહરિણીના પણ ભગવન્નિકટગમનથી દૈહિક ધર્મની નિવૃત્તિ કથી, અર્થતઃ આકર્ણનરૂપ નિરીક્ષણ ગમને જ સમ્ભવે તેથી 'નિકટમાં જઈને'પદ ધર્યું, 'સહકૃષ્ણસારાઃ'પદે મૃગી સ્વભર્તૃસહિતા છે એમ કથ્યું તેથી એ પદે ભર્તૃકૃત નિરોધનો–પ્રતિબન્ધનો–અને સાપત્ન્યભાવનો પરિહાર કર્યો, આ શ્લોકના પ્રારમ્ભમાં શ્રીગોપીજને 'જ્ઞાનં હિ' ઇત્યાદિએ ધન્યાત્વમાંથી નિજવ્યાવૃત્તિમાં હેતુનું કથન કર્યું હતું અને અત્ર પણ હેત્વન્તર કથે છે તેથી 'અપિ' પદ ધર્યું, તેમને ભર્તૃકૃત 'પણ' નિરોધ નથી–અને અમને તો ભર્તૃકૃત પણ નિરોધ છે–તેથી હરિણી જ ધન્યા, 'સહકૃષ્ણસારા હરિણ્યઃ'એમ બહુવચન ધર્યું છે. તેથી સાપત્ન્યાભાવનું પણ કથન કર્યું, આપણામાં તો સાપત્ન્યભાવ પણ છે અને હરિણીમાં તો તે સાપત્ન્યભાવ નથી તેથી તે જ ધન્યા, 'સાપત્ન્યાભાવ તેમને કયે પ્રકારે?' એમ શઙ્કા થાય તો પરિહરે છે કે તેમના પતિ તો કૃષ્ણસાર છે, કૃષ્ણ છે સાર જેમનો એવા કૃષ્ણસાર પતિ તેમના તો છે, 'કૃષ્ણસાર'પદે ગોપ તેવા કૃષ્ણસાર નથી તેથી નિજ અતથાત્વનું–સાપત્ન્યાભાવાભાવનું–સૂચન કર્યું, અન્યથા જો ગોપ પણ તત્પતિવત્ કૃષ્ણસાર હોત તો અમારા સહભાવે જ ગોચારણ કરત, તેઓ જ્યારે ગોચારણાર્થ વૃન્દાવન જાય ત્યારે અમારું પણ સહનયન કરત, પરન્તુ તેઓ તેમ કરતા નથી તેથી એ તો પતિત્વાભિમાનસાર જ છે, તે હરિણી જ કૃષ્ણસારસહિતા ધન્યા છે, સ્નેહપૂર્વક અવલોકને વિરચિતા પૂજાનું ધારણ ભગવાન્માં કરે છે, સ્વકૃતાવલોક પ્રિયાના સપ્રણયાવલોકના સ્મારણે ભગવાન્નું તોપણ અત્ર 'પૂજા' છે, અને હરિણીમાં તાદશભાવજનક તાદશભાવે ભગવત્કૃત અવલોકન અત્ર 'પ્રતિપૂજન' છે, નેત્ર જ કમલ છે અને તે નેત્ર પણ જ્ઞાનવાસિત અને જ્ઞાનોદ્ભવસ્થાન છે, અને તે નેત્રે એ પૂજા સર્વોત્તમા છે, અને તેનું–તે પૂજાનું–પણ ધારણ પૂજાથી પણ સર્વોત્તમ છે, અર્થાત્ અત્ર 'ધા'ધાતુ પોષણાર્થ જ છે, તેથી કૃષ્ણકૃતિ અર્થાદ્ જ કથી, તત્ર પ્રતિપૂજિતરૂપા કૃતિ અર્થાદ્ જ કથી, યદ્વા તત્ર તોપણ જે પૂર્વકૃતિને અપેક્ષે છે તે કૃતિ અર્થાદ્–અર્થાપત્તિથી–જ કથી, તોપણનું 'ધારણ' અર્થાત્ સ્થિરતા, તેમ સતે અર્થાત્ તોપણ સ્થિરધૃત સતે પ્રતિપૂજિત થાય જ છે, અને ભગવત્કૃત પ્રતિપૂજિતને હરિણીએ નિજ આત્મામાં સ્થિર ધર્યું, 'પૂજાં દધુઃ'પદનો અર્થાન્તર પણ 'ભગવતા' ઇત્યાદિએ કથે છે કે ભગવાને પ્રતિપૂજન કર્યું અને તે પ્રતિપૂજનનું ધારણ હરિણીએ આત્મામાં કર્યું, અથવા 'સદયાવલોકૈઃ' પણ પાઠ છે, પ્રાણીએ અને ભગવાને પણ એતાવદ્ જ કર્તવ્ય છે, મૂલમાં 'તુ'શબ્દે કૃત પૂર્વપક્ષવ્યાવર્તનનું સ્મરણ ઉપસંહારમાં પણ કરાવે છે કે એતાવદ્ જ કર્તવ્ય છે, આવશ્યક કર્તવ્ય એતાવદ્ જ છે તેથી એમનું ધન્યાત્વ છે, સુધાભોગાદિક તો અધિક છે, તેનો કાંઇ અન્તર્ભાવ કર્તવ્યમાં થતો નથી, તેથી 'એતાવદેવ'માં 'એવ'કાર પણ ધર્યો, યદ્વા પ્રીતિપૂર્વક નિરીક્ષણ–ભગવદવલોકન–જીવકર્તવ્ય છે અને કૃપાપૂર્વક જીવાવલોકન ભગવત્કર્તવ્ય છે એમ પરસ્પર[1] કર્તવ્ય તો એતાવદ્ જ છે.

અથવા પીઠિકાને નિરૂપીને વેણુનાદના અને તત્કાર્યના નિરૂપણમાં પ્રથમ હરિણીમાં તત્કાર્યને–વેણુકાર્યને–'ધન્યાસ્તુ' ઇત્યાદિએ નિરૂપે છે, આ હરિણી ધન્યા છે, એથી હરિણીમાં ધન્યાત્વ નિરૂપ્યું

स्वतन्त्र। અને તત્ર–ધન્યાત્વમાં–તત્કૃતા પૂજા હેતુ છે એમ પણ નિરૂપ્યું, તત્ર 'મધ્યમાં 'તુ' શબ્દ ઉક્ત છે અને તે સર્વત્ર પૂર્વપક્ષવ્યાવર્તકત્વે નિરૂપિત હોય છે, અને અત્ર કાંઇ પૂર્વપક્ષનું તો શ્રવણ જ નહિ હોવાથી તે 'તુ' શબ્દનો ઉપયોગ ક્યાં?' એમ શઙ્કા થાય તો સત્ય છે, યદ્યપિ પૂર્વપક્ષનું સાક્ષાચ્છ્રવણ નથી તથાપિ 'પાક્ષિક પણ દોષ પરિહરવો' એ ન્યાયે જો પૂર્વપક્ષની સમ્ભાવના કોઇક કરે તો તેવો–સમ્ભાવ્યમાન–પણ પૂર્વપક્ષ 'તુ' શબ્દે નિવારાય છે, 'પરન્તુ એતત્પૂજામાં પૂર્વપક્ષનો જ અસમ્ભવ હોવાથી તેવા–પાક્ષિક–પણ દોષના નિવારણાર્થ 'તુ' શબ્દ કયે પ્રકારે?' એમ શઙ્કા થાય તો સત્ય છે, નિર્દુષ્ટત્વમાં પણ અતિદુષ્ટમનસ્કને દોષ સ્ફુરે છે, 'મન દુષ્ટ હોય તથાપિ ક્યા પ્રકારને આશ્રયીને દોષસ્ફૂર્તિ સમ્ભવે છે?' એમ શઙ્કા થાય તો તત્ર પ્રકાર કથાય છે, તેમણે–હરિણીએ–કૃતા પૂજા શાસ્ત્રોક્ત અઙ્ગે રહિતા હોવાથી તેમાં પૂજાત્વના જ અસમ્ભવથી તેણે–

---

૧. જીવનું તો કર્તવ્ય ઉપદિશે જ પરન્તુ પુષ્ટિમાર્ગીય પણ પ્રભુનું કર્તવ્ય જે ઉપદિશે છે એ જ પુષ્ટિમાર્ગીય આચાર્યનું આચાર્યત્વ, એવું આચાર્યત્વ કેવલ શ્રીમદ્વલ્લભાધીશ્વરમાં જ સિદ્ધ છે, આચાર્યનામધારી આ વિચારશે?

અઙ્ગરહિતા પૂજાત્વરહિતા પૂજાએ—હરિણીના ધન્યાત્વની સિદ્ધિ કયે પ્રકારે? તત્ર શાસ્ત્રીયા પૂજાનાં અઙ્ગ ગણાવે છે, (૧) તત્ર—પૂજકમાં—સ્વસ્વરૂપજ્ઞાન (૨) સ્વમાં દાસત્વ (૩) પૂજોદ્દેશ્યફલનું અનુસન્ધાન તતઃ (૪) પૂજ્યનું સર્વેશ્વરત્વે સ્વરૂપજ્ઞાન તતઃ (૫) તત્પૂજામાં પરમા શ્રદ્ધા (૬) પૂજાસાધન પદાર્થનું સમ્પાદન અને (૭) દેશકાલમન્ત્રાદિ પણ પૂજાનાં અઙ્ગ છે, 'આ કોઇ પણ અઙ્ગ હરિણીકૃતા પૂજામાં નહિ હોવાથી તત્કૃતા પૂજામાં પૂજાત્વ જ નહિ હોવાથી એવી પૂજાએ ધન્યાત્વસિદ્ધિ કયે પ્રકારે?' એ પૂર્વપક્ષની વ્યાવૃત્તિ 'તુ' શબ્દ કરે છે, 'પરન્તુ 'તુ' શબ્દે તે પૂર્વપક્ષની વ્યાવૃત્તિ કયે પ્રકારે?' તત્ર આ રહી ઉપપત્તિ, પૂર્વોક્ત અઙ્ગ મર્યાદામાર્ગીય છે અને હરિણીએ કૃતા પૂજા તો શુદ્ધપુષ્ટિમાર્ગીયા છે તેથી અત્ર—એતત્કૃતા પૂજામાં—મર્યાદામાર્ગીય અઙ્ગનો અભાવ ભૂષણ છે, નહિ કે દૂષણ, કારણ કે માર્ગભેદ છે, અન્યથા માર્ગભેદ જ ન થાય, તેથી જેમ મર્યાદામાર્ગમાં પુષ્ટિમાર્ગીય ધર્મો દૂષણ તેમ આ પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગીય ધર્મો દૂષણ છે એ પ્રકારની મર્યાદાપક્ષના વ્યાવર્તનમાં ઉપપત્તિ 'તુ'પદે જણાવી, 'તથાપિ પશુ હોવાથી મૂઢત્વે તે હરિણીમાં શુદ્ધ પુષ્ટિમાર્ગનું અજ્ઞાન હોવાથી તત્કૃતા પૂજા ધન્યાત્વહેતુ કયે પ્રકારે?' યદ્યપિ તારા મતે તેઓ મૂઢમતિ છે તથાપિ મૂલશ્લોકસ્થ 'અપિ' શબ્દ શુદ્ધપુષ્ટિમાર્ગમાં તેમનું અમૂઢમતિત્વ જણાવે છે, ત્યારે હવે આ અર્થ સિદ્ધ થયો, મર્યાદામાર્ગમાં મૂઢમતિ પણ તેઓ પુષ્ટિમાર્ગમાં તો અમૂઢમતિ છે; અન્યથા 'અપિ'શબ્દને વૈયર્થ્ય પ્રાપ્ત થાય, 'પુષ્ટિમાર્ગીય અમૂઢત્વ એમનામાં કયે પ્રકારે?' મર્યાદામાર્ગીય સ્વસ્વરૂપજ્ઞાનથી 'વિરુદ્ધ' જ્ઞાન તેઓમાં હોવાથી તેઓ પુષ્ટિમાર્ગમાં અમૂઢમતિ છે, પશુત્વના વિસ્મરણપૂર્વક જે નાયિકાત્વ તે જ અત્ર 'વિરુદ્ધ'ત્વ,અને પુષ્ટિમાર્ગમાં જ જે પ્રસિદ્ધ ધર્મો તે ધર્મોએ વિશિષ્ટ આ પ્રભુ છે એવું ભગવદ્વિષયક જ્ઞાન તેમને હોવાથી તેઓ અમૂઢમતિ છે, 'સ્વવિષયક અને પ્રભુવિષયક પણ જ્ઞાન એમને એ પ્રકારનું છે એમ કયે પ્રકારે જણાય છે?'અન્યથા—જો તેમ ન હોય તો—વક્ષ્યમાણ કાર્ય જ ઉપપન્ન થાય નહિ,'ઉપપન્ન કેમ થાય નહિ?' એ શઙ્કા આ પ્રકારે પરિહરવી, જો સ્વમાં પશુત્વનું જ જ્ઞાન હોય ત્યારે તો તે જાતિ—પશુજાતિ—અતિભીરુ હોવાથી પ્રભુસમીપમાં તેમની સ્થિતિ જ ન થાય, કારણ કે ભીરુત્વ સમીપસ્થિતિમાં બાધક છે, નાદાધીનત્વે સ્થિતિ પણ કદાચિત્ સમ્ભવે તથાપિ પ્રભુસૌન્દર્યના વિચિત્રવેષના અનુસન્ધાનપૂર્વક પ્રભુદર્શન તો ભીરુ પશુ સર્વથા ન જ કરે, અત્રપર્યન્ત તેમની વેણુનાદજન્યા ભાવાધીના બાહ્યકૃતિ નિરૂપીને અનન્તર 'આકર્ણ્ય વેણુરણિતં સહકૃષ્ણસારાઃ'પદે વેણુનાદજન્ય તદીય આન્તર ભાવને પણ નિરૂપે છે, યદ્યપિ પૂર્વે 'નન્દનન્દન'પદ કથ્યું છે તેથી હવે 'આકર્ણ્ય'પદકથનથી નન્દનન્દનને નિરીક્ષીને અને વેણુરણિતને આકર્ણીને—શ્રવીને—એમ ક્રિયાપદદ્વય અપેક્ષિત છે તથાપિ ઉભયત્ર એક જ ક્રિયા જે નિરૂપી તેનો આશય આ છે, 'નન્દનન્દન' એટલા જ નિરૂપણમાત્રે દર્શન તો અનુક્ત જ સિદ્ધ હોવાથી દર્શનક્રિયાનું નિરૂપણ મૂલ શ્લોકમાં પૃથગ્ ન કર્યું, વેણુનાદશ્રવણમાં જ ક્રિયાનિરૂપણ કર્યું, તેથી દૃષ્ટ પણ સ્વરૂપનું હૃદયમાં જે આગમન થયું તે તો વેણુનાદશ્રવણદ્વારા જ થયું તેથી એક જ 'આકર્ણ્ય' ક્રિયા નિરૂપી,'વેણુનાદના આકર્ણનદ્વારા જ હૃદયમાં સ્વરૂપ આગત થયું એમ કયો પ્રકારે જણાય છે?' એમ શઙ્કા થાય તો હૃદયમાં જે આગમન થયું તેનું કાર્ય 'સહકૃષ્ણસારાઃ'પદે નિરૂપે છે, અત્ર આ અર્થ છે, 'સહ' અર્થાદ્ નાદપ્રવેશે જ સહ તેઓ કૃષ્ણસારા—કૃષ્ણ જ છે સાર જેમનો એવાં—થઈ ગયાં, હૃદયમાં સ્વરૂપને અનુભવીને 'કૃષ્ણસારા' થઈ ગયાં, હૃદયમાં સ્વરૂપાનુભવ વિના એતાદૃકત્વ—સહકૃષ્ણસારાત્વ—સમ્ભવતું નથી તેથી 'આકર્ણ્ય' જ એક ક્રિયા છે, નહિ કે નન્દનન્દનકર્મક નિરીક્ષણ પણ,'એમને અન્તઃસ્વરૂપાનુભવ થયો એમ કયે પ્રકારે જણાય છે?' એમ શઙ્કા થાય તો તત્પરિહારાર્થ 'પૂજાં દધુર્વિરચિતાં પ્રણયાવલોકૈઃ'પદે અન્તઃસ્વરૂપાનુભવજ્ઞાપક પ્રકારને કથે છે, જો અન્તઃસ્વરૂપાનુભવ ન હોય તો ભગવાનને વિષે પરમ સ્નેહ ન હોય, અને તે સ્નેહનું જે કાર્ય—ભાવપૂર્વકકટાક્ષે ભગવત્પૂજન—તે પણ ન હોય, 'આ હરિણી પુષ્ટિમાર્ગીયભાવવતી હોવાથી—નિરૂપિકા વક્ત્રી પુષ્ટિમાર્ગીયા હોવાથી—પુષ્ટિમાર્ગમાં સેવા જ મુખ્યા અને પૂજા તો ગૌણી હોવાથી એતન્માર્ગીયભાવકૃતિને સેવાત્વે ન નિરૂપતાં પૂજા કેમ કથી?' એમ શઙ્કા થાય તો 'પૂજા'પદમાં હેતુ આ છે, યદ્યપિ અત્ર પણ ભાવાધીનકાર્યત્વે સેવાત્વ સમ્ભવે છે તથાપિ પુષ્ટિમાર્ગીયા સેવા નહિ હોવાથી—પુષ્ટિમાર્ગીયા સેવા તો શ્રીસ્વામિનીજીઓએ જ કૃતા હોવાથી—હરિણીએ કૃતા સેવાને કાંઇ સાક્ષાત્પ્રભુસમ્બન્ધ નહિ હોવાથી હરિણીકૃતા સેવા પુષ્ટિપુષ્ટિરૂપા નથી, પરન્તુ એતત્કૃતિ ભાવાધીના હોઈને પણ પૂજ્યપૂજકમાં જેમ પરસ્પર મનસ્તોષ થવાથી તેવી કૃતિમાં પૂજાસામ્ય હોવાથી પુષ્ટિમાર્ગીયવક્ત્રીએ અત્ર 'પૂજા'પદ કથ્યું, તથાપિ અત્ર એટલો તો વિશેષ છે જ કે તત્ર પૂજામાર્ગમાં પૂજ્યને સન્તોષ થયો એ જ્ઞાન અશક્ય હોવાથી સન્તોષવિષયક સન્દેહ જ રહે છે અને અત્ર તો ભગવાને પણ તેમનું પ્રતિપૂજન કર્યું તેથી હરિણીનો નિશ્ચય જ થયો કે પ્રભુ સન્તુષ્ટ થયા છે તેથી પણ પૂજામાર્ગીયા પૂજાથી તો હરિણીકૃતા પૂજાનું સર્વથા આધિક્ય જ છે, અને પ્રતિપૂજન 'પૂજાં દધુર્વિરચિતાં પ્રણયાવલોકૈઃ'શબ્દે જ કથ્યું છે અને એ પદનું શ્રીસુબોધિનીજીમાં વ્યાખ્યાન પણ શ્રીમદાચાર્યચરણે અન્યોન્યપૂજાપ્રકારે જ કર્યું છે તેથી ભગવત્કૃતપ્રણયાવલોકનરૂપા પૂજાનું 'પ્રતિપૂજન'રૂપત્વ સ્પષ્ટ છે અને તેથી સર્વં અનવદ્ય છે. ૧૧.

અપ્સરાની અવસ્થા 'કૃષ્ણં નિરીક્ષ્ય' શ્લોક કથે છે.

कृष्णं निरीक्ष्य वनितोत्सवचारुवेषं श्रुत्वा च तत्क्वणितवेणुविचित्रगीतम् ।
देव्यो विमानगतयः स्मरनुन्नसारा भ्रश्यत्प्रसूनकबरा मुमुहुर्विनीव्यः ॥ १२ ॥

અક્ષરાર્થ—વનિતોત્સવચારુવેષ કૃષ્ણને નિરીક્ષીને અને કૃષ્ણેકર્વાણુતવેણુવિચિત્ર ગીતને શ્રવીને વિમાનગતિ દેવી સ્મરનુન્નસારા ભ્રશ્યત્પ્રસૂનકબરા અને વિનીવી થઈને મૂર્છિતા થયાં. ૧૨.

વ્યાખ્યાન—કૃષ્ણપદાર્થથી સ્ત્રીનો નિરોધ સૂચિત કર્યો,આનન્દનાં દર્શનથયે આનન્દના સાધનમાં આસક્ત્યભાવ યુક્ત જ છે તત્ર પણ સદાનન્દનાં દર્શન થાય ત્યારે તો આનન્દસાધનમાં—ઐહિકામુષ્મિક ફલમાં—આસક્ત્યભાવ યુક્ત જ છે,સદાનન્દ કૃષ્ણનું પણ દર્શનમાત્ર નહિ પરન્તુ નિરીક્ષણ કથ્યું, સ્વજાતીયોદ્ધારાર્થે જ પ્રભુનું આગમન થયું છે એમ નિતરામ્ ઇક્ષણથી દિવ્યા દૃષ્ટિએ માનુષભાવરાહિત્યે વિશેષનું ઇક્ષણ અપ્સરાને થયું, અન્યથા અપ્સરાની વક્ષ્યમાણા અવસ્થા થાય નહિ, ઉદ્ધારાવષય સજાતીયત્વ સતે પણ હરિણીથી અપ્સરામાં દિવ્યદૃષ્ટિકૃત વિશેપ છે તે 'વનિતોત્સવ' ઇત્યાદિએ કથે છે, અપ્સરામાં વિશેપ છે તેથી એમનામાં તત્સજાતીયબોધનાર્થ ચારુવેષનિમિત્તભૂતોત્સવવતીનું વનિતાત્વ કથે છે, અર્થાદ્ 'વનિતા'પદનો આ આભાસ જાણવો, વનિતાના જ ઉત્સવાર્થ ચારુ છે વેષ જેનો એવા 'વનિતોત્સવચારુવેષ કૃષ્ણનું નિરીક્ષણ' અપ્સરાએ કર્યું,ઉત્સવ અનેકવિધ હોય છે, તત્તદુત્સવમાં ઉત્સવરસાનુભવાર્થ તે તે ભૂષિત થાય છે, અત્ર 'વનિતોત્સવ' છે, કેવલ વનિતાનો જ ઉત્સવ થાય એતાદશ વેષ કૃષ્ણે ધર્યો છે, આ તો 'વનિતોત્સવચારુવેષ'નો અર્થ થયો, સમાસવિગ્રહ તો વનિતાના ઉત્સવાર્થ—વનિતાભૂષણાર્થ—ચારુ છે વેષ જેનો એમ કરવો, ઉત્સવ ભૂષણહેતુક છે એથી 'ઉત્સવ' પદે ભૂષણનું કથન કર્યું, અત્ર 'વનિતા'નો અર્થ આ પ્રકારે થાય છે, વન જે વિપિન અને યૌવન તેમાં વિપિનને ઇતાઃ—પ્રાપ્તાઃ—અને યૌવનને પ્રાપ્તવતી, 'વનિતા'શબ્દાન્તર્ગત 'વન'શબ્દે વિપિનનું અને યૌવનનું ગ્રહણ કરવું, તત્ર વિપિનપક્ષમાં વન જે વિપિન તેને ઇત—પ્રાપ્ત—જે પુરુષો તે 'વનિતાઃ' અર્થાદ્ ભગવદર્થ સકલ ત્યજીને કેવલ વિપિનમાં પ્રવિષ્ટ જે વનિતાભગવદીયો—તેમના ઉત્સવાર્થ ભગવાને આ સુન્દર શૃઙ્ગાર ધર્યો છે, કોટિકન્દર્પલાવણ્યાધિકસુન્દર તાદશવેષધારી શ્રીકૃષ્ણનું અવલોકન કરીને તે ભગવદીય પુરુષોમાં સ્ત્રીભાવ પ્રાપ્ત થાય અને તેઓ મને—પુરુષોત્તમને—પ્રાપ્ત થાય એવા આશયથી શ્રીકૃષ્ણે આ વનિતોત્સવચારુવેષ ધર્યો છે એમ ભાવના કરવી, યૌવનપક્ષમાં વન જે યૌવન તેને પ્રાપ્તવતી જે મૃગનયની વનિતા તેમના ઉત્સવાર્થ—ભાવોદ્દીપનાર્થ—વેષધારી શ્રીકૃષ્ણનો આ શૃઙ્ગાર છે, વિપિનપ્રવિષ્ટ સ્ત્રીભાવાપન્ન ભગવદીય પુરુષોનું અને યૌવનપ્રાપ્તા સુન્દરીનું 'વનિતા'પદે સૂચન કરવાને શ્રીસુબોધિનીજીમાં 'પ્રાપ્તાઃ' અને 'પ્રાપ્તવત્યઃ' એમ વારદ્વય ઉલ્લેખ છે, અન્યથા 'પ્રાપ્તાઃ'ના જ કથને ચરિતાર્થ થઈ જતાં 'પ્રાપ્તવત્યઃ'નું કથન વ્યર્થ થઈ જાય, કારણ કે ધાતુનું ઉપસર્ગનું અને પ્રત્યયાર્થનું ઉભયત્ર ઐક્ય છે, યદ્યપિ 'પ્રાપ્તાઃ' એટલા જ કથનથી પણ પુરુષોનું અને સુન્દરીનું એમ ઉભયનું ગ્રહણ સમ્ભવે જ છે તથાપિ આ પ્રકરણ સ્ત્રીનું જ હોવાથી સ્ત્રીનું જ અત્ર ગ્રહણ થાય પરન્તુ સ્ત્રીપુરુષ ઉભયનું અપેક્ષિત ગ્રહણ ન થાય તેથી સ્ત્રીપુરુષ ઉભયના ગ્રહણાર્થ 'પ્રાપ્તાઃ' અને 'પ્રાપ્તવત્યઃ' એમ કથન કર્યું, અર્થાત્ 'પ્રાપ્તાઃ' પદે વનિતા પુરુષનું અને 'પ્રાપ્તવત્યઃ' પદે વનિતા સ્ત્રીનું કથન કર્યું, અને તેથી પુરુષને સ્ત્રીભાવના ઉત્પાદનાર્થ અને સ્ત્રીને પૂર્વવિદ્યમાન ભાવના ઉદ્દીપનાર્થ એમ પ્રયોજનદ્વયે આ શૃઙ્ગાર કૃષ્ણે ધર્યો છે એમ નિષ્પન્ન થયું,યદ્વા વનં સઞ્જાતં એમ કર્તરિપ્રયોગમાં જ 'ઇતચ્' પ્રત્યયે યોગથી 'વનિતા' પદ સિદ્ધ થાય છે અને 'વનિતા જાતરાગસ્ત્રીસ્ત્રિયોઃ' એમ કોશથી 'વનિતા' પદ રૂઢ પણ છે, પરન્તુ રૂઢિથી અને યોગથી તો લૌકિકી પણ તરુણીમાં તે વનિતાત્વ સામાન્ય છે તેથી રૂઢિને અને યોગને ત્યજીને વિશિષ્ટા—દિવ્યા—દૃષ્ટિએ અપ્સરાએ સ્વાધિકારે જે જાણ્યું તે અને શૃઙ્ગારમાં ભગવાનનો પણ જે આશય છે તે એમ ઉભય આ વિશિષ્ટા વક્ત્રી શ્રીગોપિકાએ જાણ્યું એમ જણાવવાને અતિપરોક્ષવાદે 'વનિતા'પદનો ગ 'વનં યૌવનમ્' ઇત્યાદિએ કથે છે, અત્ર પ્રથમ—વનં યૌવનં—પક્ષમાં વર્ણદ્વયત્વાપત્તિ થાય છે અને દ્વિતીય—વનં સંજાતં એમ ઇતચ્પ્રત્યયગ્રહણ—પક્ષમાં 'યૌ' એમ એકની જ આપત્તિ થાય છે, તે આપત્તિ 'વર્ણાગમો વર્ણવિપર્યયશ્ચ તથાપરૌ વર્ણવિકારનાશૌ' એ ઉક્તિએ પૃષોદરાદિત્વથી જાણવી, વનમાં પ્રવિષ્ટની પુનરાવૃત્તિ થતી નથી, સર્વને ત્યજીને વનપ્રવિષ્ટની પુનરાવૃત્તિ થતી નથી, 'ન હિ' ઇત્યાદિએ યોગનું પ્રયોજન કથે છે કે તત્ર—વનમાં—પ્રવિષ્ટ પુનરાવૃત્ત થતો નથી, અર્થાદ્ દિવ્યા દૃષ્ટિએ સ્વનું સ્થિરયૌવનત્વ ત્રિદશત્વથી નિશ્ચિત કરીને તે ભાવે સ્વકીયા પણ ઉત્સવયોગ્યતા જાણી, અને ભગવાને તો સ્થિરતાદગ્ભાવવિશિષ્ટસ્થિરયૌવનાને અર્થે તાદશ વેષ ધર્યો કે જેથી અપ્સરાને પુનરાવૃત્તિરૂપ મોહ થયો એમ આ વક્ત્રીએ જાણી લીધું, 'યૌવન' શબ્દમાં પણ 'યુ'માં—મિશ્રણાર્થે—જે વન તે યૌવન,

'વન' શબ્દે 'યૌવન'નું ગ્રહણ કયા પ્રકારે? એમ શઙ્કા થાય તો'યૌ'ઇત્યાદિએ પરિહરે છે કે યૌવનમાં પણ'યુ' મિશ્રણાર્થ છે, અને તેવા મિશ્રણાર્થક 'યુ'માં 'વન' તે 'યૌવન' એમ 'યૌવન' શબ્દમાં 'યૌ' સપ્તમીવિભક્તિ[1] છે અને તે નિમિત્તાર્થક છે, અત્ર નાયક સહ મિશ્રણાર્થ યૌવન વિવક્ષિત છે તેથી 'યૌ'નો અર્થ 'નાયક સહ મિશ્રણાર્થ' કર્યો અને 'યૌવન'નો અર્થ 'નાયક સહ મિશ્રણાર્થ વન' કર્યો, યૌવન જ નાયક સહ નાયિકાનો સઙ્ગમ કરાવે છે તેથી યૌવનત્વ પણ વનત્વવ્યાપ્ય છે, યૌવન પણ વનવિશેષ છે તેથી 'વન' શબ્દે યૌવનનું ગ્રહણ સુવચ છે, યૌવનનું વનત્વ તો શૃઙ્ગારસોપયોગિસામગ્રી–મત્ત્વધર્મસામ્યે જાણવું અને 'યૌવન' શબ્દની એતાદૃશી વ્યુત્પત્તિ તો નિરુક્તપ્રામાણ્યે જાણવી, કારણ કે નિરુક્તના દ્વિતીયાધ્યાયના પ્રથમ પાદમાં 'અપ્યક્ષરવર્ણસામ્યેન નિર્બ્રૂયાન્ન સંસ્કારમાદ્રિયેત' એમ અનુશાસન છે, અત્ર 'યૌવનમ્' ઇત્યાદિએ યોગાન્તરનું કથન કર્યું, તેમને–વનિતાને–જ ઉત્સવ થાય એમ વેષ ભગવાને ધર્યો, એમ અત્રપર્યન્ત યોગદ્વયે સિદ્ધ અર્થ કથે છે કે વનિતાને જ ઉત્સવ થાય એવો વેષ–ઉપાય–ભગવાને કર્યો એમ અત્ર ઉપાય કથ્યો, અર્થાત્ દિવ્યદૃષ્ટ્યા દૂરથી જાણીને ભગવદર્થ આગમનમાં ઉપાય કથ્યો, સર્વાભરણભૂષિતા સર્વા જ વનિતા યથાવેષરસને–પુરુષાર્થને–અનુભવે છે, અત્ર 'કૃત'પદ નૂતનવાચક છે, ભગવાને નૂતનવેષાન્તરસ્વીકાર કર્યો તેથી તેમણે પણ નૂતનાભરણનું પરિધાન કર્યું, ભગવાને પીતામ્બરનું પરિધાન કર્યું તેથી સ્વયં નીલામ્બરનું પરિધાન કર્યું એમ વેષના અનતિક્રમે શૃઙ્ગારાદિમાં પણ મધ્યમાં જે રસ ભગવાન્ પ્રકટ કરે તે રસના અનતિક્રમે પુરુષાર્થને અનુભવે છે, ભગવત્કૃત વેષને અને ભગવદભિપ્રેત રસને અનતિક્રમીને પુરુષાર્થને અનુભવે છે, અત્ર આ અભિપ્રાય છે, ભગવાને વનિતાના જ ઉત્સવાર્થ જેમ વેષ કર્યો તેમ વનિતાએ પણ ભગવદુત્સવાર્થ ભગવદભિપ્રેત વસનભૂષણાદિક ધર્યું, ભગવાનનો અભિપ્રાય તો સ્વે ધરેલા પીતામ્બરાદિદ્યુતિજનક નીલ વસન રક્ત કઞ્ચુકયાદિ તેઓ ધરે એમ છે તેથી તેમણે પણ તેવો જ શૃઙ્ગાર કર્યો એમ અત્ર 'વેષાનતિક્રમ' જાણવો, એમ પ્રભુચિકીર્ષિત શૃઙ્ગારાદિ રસમાં પણ તેમનું આનુગુણ્ય જ છે તેથી 'રસાનતિક્રમ' જાણવો, તેથી આ ઉત્સવમાં શૃઙ્ગાર સતે જેમને અલઙ્કારાદિએ ઉત્સવ ન થયો તેમનું વનિતાત્વ રણ્ડાના વનિતાત્વવત્ વ્યર્થ જ છે એમ સિદ્ધ થયું, તત્ર પણ ચારુ અર્થાત્ મનોહર અન્તઃ પણ અલઙ્કારહેતુ છે, તત્ર અન્તઃ પ્રેમજ્ઞાનાદિક અલઙ્કાર છે, જેમ બાહ્યતઃ રસાનુભવ થાય છે તેમ અન્તઃ પણ પ્રેમજ્ઞાનાદિક અલઙ્કારે રસાનુભવ થાય છે, આથી અપ્સરાઓનો ભગવદર્થાગમનમાં સર્વ પણ ઉપાય કથ્યો, દિવ્યા દૃષ્ટિએ દર્શન અને પ્રેમજ્ઞાનાદિએ અન્તર્ભગવદનુભવ એમ સર્વ પણ ઉપાય કથ્યો, તેથી પણ અવિલમ્બે અનુભાવક ભગવાન્ પ્રતિ પ્રસ્થાપક 'શ્રુત્વા' ઇત્યાદિએ કથે છે, ઉદ્દીપને રસાનુભાવક ક્વણિત ગીતનું શ્રવણ અવિલમ્બે–શીઘ્ર–જ તતઃ–વિમાનમાંથી–કર્યું, 'તેમની દિવ્યા દૃષ્ટિ તો સાર્વદિકી છે ત્યારે તેમનું આગમન હમણાં જ કેમ થયું?' એમ આકાઙ્ક્ષા થાય તો 'અનુભાવક' ઇત્યાદિએ વિશેષ હેતુને સ્ફુટ કરે છે કે નિકટમાં સમાગમને કરીને પૂર્વવત્ જ ક્વણિતનું શ્રવણ કર્યું, અત્ર વેણુથી અતિરિક્ત કૂજિતાદિ ક્વણિતના સઙ્ગ્રહાર્થ 'તસ્ય ભગવતઃ ક્વણિતમ્' એમ કથ્યું, અને વેણુ પણ ક્વણિત, અત્ર 'ક્વણિત'પદની આવૃત્તિ કરવી એ અભિપ્રાયે 'ક્વણિતશ્ચ'માં 'ચ'કાર ધર્યો, અર્થાત્ ક્વણિતને અને ક્વણિતવેણુવિચિત્રગીતને એમ સમાસ કરવો, 'તાદૃશ ક્વણિત વેણુમાં આવિર્ભાવને પ્રાપ્ત વિચિત્ર ગીતને આકર્ણ્યને' એમ અત્ર પદસમ્બન્ધ છે, એક જ ગીતે મૂર્ચ્છિતા થઈ ગયાં તેથી 'ગીતમ્' એમ એકવચનપ્રયોગ કર્યો, 'વિચિત્ર'નો અર્થ 'સર્વરસાર્થ' કરવો, શૃઙ્ગારમાં જ સર્વરસ છે એમ નાટ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત છે, ગીત શૃઙ્ગારોદ્બોધક છે તથાપિ ગીતનું સર્વરસાર્થત્વ 'શૃઙ્ગાર' ઇત્યાદિએ ઉપપાદન કરે છે કે અન્યનું રસત્વ જ માનતા નથી, શૃઙ્ગારાઙ્ગત્વભાવાપન્ન અન્ય રસનું રસત્વ જ માનતા નથી, જેમ મહાપુરુષો સુવર્ણનાં આભરણ ઉપકરણ અને 'ચ'કારથી ભૂષણ પણ કરે છે તેમ શૃઙ્ગારમાં જ સર્વ રસ છે, સુવર્ણનું 'આ'સમન્તાત્ છે 'ભરણ'જેમાં એવું 'આભરણ' કરે છે, મધ્યાવકાશમાં લાક્ષાયુક્ત આભરણ કરતા નથી, તેમ સુવર્ણાભરણોપકરણભૂષણવત્ શૃઙ્ગારના અઙ્ગભૂત જ સર્વ રસ છે, અન્યથા રસિકની રુચિ ઉત્પન્ના થાય નહિ, અત એવ ગીત પણ વિચિત્ર છે, યદ્યપિ તે દેવી છે, દેવતારૂપા છે, પૂજ્યા જ છે, તત્ર પણ વિમાને જ છે ગતિ જેમની એવાં 'વિમાનગતિ' દેવી ભોગ્યા પણ નથી તેમ દુઃખસહનશીલા પણ નથી, એતાદૃશી દેવીમાં સ્મર અને તત્કૃત વિવેકાપહાર થતો નથી–'યદ્યપિ' ઇત્યાદિએ વ્યાખ્યાત અર્થનું તાત્પર્ય 'નાપિ' ઇત્યાદિએ કથ્યું–તથાપિ પ્રમેયબલથી સ્મરે જ નુન્ન છે સાર જેમનો એવાં 'સ્મરનુન્નસારા' તેઓ થઈ ગયાં, 'ત્યારે તેઓ અત્ર કેમ આવ્યાં' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર 'તથાપિ' ઇત્યાદિએ કરે છે, તેમના સારનું જ નોદન સ્મરે કરી લીધું તેથી તેમનું આગમન થયું, શરીરની અને ઇન્દ્રિયની અપેક્ષાએ મન બલિષ્ઠ છે તેથી સ્મરે જ તેમના સર્વ પણ સારનો–વિવેકનો–જ અપહાર કર્યો, એમ ભૂમિમાં

---

૧. જેમ ઉકારાન્ત 'વિષ્ણુ'નું સપ્તમ્યેકવચનરૂપ 'વિષ્ણૌ' થાય છે તેમ ઉકારાન્ત મિશ્રણાર્થ 'યુ'શબ્દનું સપ્તમ્યેકવચન 'યૌ' થાય છે.

અનાગમનમાં પદે અનાગમનમાં અને સ્વતઃ પણ અનાગમનમાં હેતુ કથ્યો, તૃતીય ચરણમાં વિશેષણત્રયનું તાત્પર્ય 'ભૂમિ'ઇત્યાદિએ કથે છે, તેઓ 'દેવી' હોવાથી મરીને ભૂમિમાં ન અવતર્યાં, કારણ કે દેવીમાં મરણનો સમ્ભવ નથી, તેઓ 'વિમાનગતિ' હોવાથી પદે ચાલીને ન આવ્યાં–અન્યભયથી વિમાનને ત્યજીને ગુપ્તતાએ પદે ચાલીને ન આવ્યાં–કારણ કે વિમાનગતિ દેવીનો ભૂમિસ્પર્શ સમ્ભવતો નથી, અને તેઓ 'સ્મરનુન્નસારા' થઈ ગયાં તેથી સ્વતઃ પણ ન આવી શક્યાં, તેમના વિવેકનો જ અપહાર થઈ ગયો તેથી ઉપાયચાતુર્યે વિમાનને જ તત્ર ભૂમિમાં લઈને તેઓ ન આવ્યાં, અત્ર આ પ્રકારે વિવરણ છે તેથી એમ જ અર્થ જાણવો, તેમનો જે વિવેકાપહાર થયો તેનું જ કાર્યદ્વારા વિવરણ 'ભૂમિ'ઇત્યાદિએ કરે છે, તદનન્તર જે થયું તે 'મુમુહુઃ' પદે કથે છે, તેમને અસાવધાનતારૂપા મોહાત્મિકા મૂર્ચ્છા થઈ, કેવલ આન્તર હૃદયપ્રદેશમાં જ તેમને મોહમૂર્ચ્છા થઈ એટલું જ નહિ પરન્તુ ઉપરિ અને અધઃ પણ મૂર્ચ્છા થઈ એમ'ભ્રશ્યદ્'ઇત્યાદિએ કથે છે, ભ્રષ્ટ થતાં પ્રસૂન–પુષ્પ–છે કબરમાં–કેશપાશમાં–જેમનાં એવાં 'ભ્રશ્યત્પ્રસૂનકબરી' તેઓ થઈ ગયાં અને વિગતા થઈ ગઈ છે નીવી જેમની એવાં 'વિગતનીવી' પણ તેઓ થઈ ગયાં,કેશનીવીબન્ધનો વિશ્લેષ આમુષ્મિક અને ઐહિક ફલપરિત્યાગનો જ્ઞાપક છે, દેવતા હોવાથી તેમનું મરણ થયું નહિ, વિમાનગતિ હોવાથી તેમનો અધઃપાત થયો નહિ, અને તેમનો વિવેક અપહૃત થઈ ગયો તેથી ઉપાય કરીને પણ સ્વતઃ આગમન કરી શક્યાં નહિ, ભગવદનુપયુક્ત વસ્તુમાં પણ રસ ઉત્પન્ન મા થાઓ એવી ભગવદિચ્છાથી તેમને જે રસાભાસ થયો તેનું વર્ણન અત્ર કર્યું, તેઓ પ્રાયેણ દેવસહિતા પણ છે, દેવનું મરણ નથી એમ પ્રથમાધ્યાયમાં 'ગિરઃસમાધૌ' શ્લોકમાં 'અમરાઃ' સમ્બોધને કથ્યું છે તેનું જ વ્યાખ્યાન અત્ર 'દેવસહિતાનાં' પદે કર્યું, તેથી યોગિવદ્ એક રૂપે તેઓ અવતર્યાં છે અને તેમનું પૂર્વ રૂપ તો તત્ર સ્થિત જ છે અને તેથી અત્ર 'દેવસહિત'પદે જે દેવ કથ્યા તે તત્ર સ્થિત દેવ જાણવા, દ્વિતીય–યુગલ–ગીતમાં પણ 'સદસિદ્ધૈઃ' એમ કથાશે જ, તે જ ન્યાયે અત્ર પણ દેવસાહિત્ય કથ્યું, કેવલ દેવીનું વિમાનગતિમત્ત્વ પ્રસિદ્ધ નથી તેથી અત્ર દેવસાહિત્ય કથ્યું, તેઓ અત્ર અવતીર્ણ કેવલ દેવની સ્ત્રીઓ છે, સ્ત્રીને સ્વર્ગમાં ત્યજીને જે દેવ અત્ર અવતીર્ણ થયા છે તે કેવલ દેવની સ્ત્રીઓ આ દેવી છે, દેવલોકસ્થ સર્વા જ સ્ત્રીઓ અપ્સરા છે એ આશયે આભાસમાં 'અપ્સરસાં' પદ કથ્યું છે, યદ્યપિ દેવીની સાથે દેવ હોય ત્યારે જ તેઓ–દેવીઓ–'વિમાનગતિ' હોય છે તેથી દેવસાહિત્ય કથ્યું તથાપિ મૂલમાં 'દેવતા'પદ નથી તેથી અરુચિએ પક્ષાન્તર પણ કથે છે કે પ્રાયઃ અત્ર અવતીર્ણ કેવલ દેવની જ સ્ત્રી આ દેવી છે, આ પક્ષમાં અવતીર્ણ ગોપનું જ પુરુષત્વ બોધ્યું, તેથી કારિકામાં પણ વિરોધ ન રહ્યો, તેઓ અત્ર સ્વપતિના અન્વેષણાર્થે જ આવ્યાં છે, સ્વપતિ અત્ર અવતીર્ણ થયા છે તેમનું અવતારમાં જે સ્વરૂપ છે તે સ્વરૂપના અન્વેષણાર્થે આ દેવીનું આગમન અત્ર થયું છે, ભગવદર્થે આગમન તો ભયથી સમ્ભવતું જ નથી તેથી પ્રાયેણ એમ જ અર્થ છે,નિર્ભયતાએ ભગવદ્દર્શનાર્થે આગમન તો ઇન્દ્રાભિષેકાનન્તર કથાશે અને તેથી દ્વિતીય ગીતમાં તો દેવીનું આગમન ભગવદ્દર્શનાર્થે છે,તેઓ આવ્યાં સ્વપતિના અન્વેષણાર્થે પરન્તુ ભગવાનનાં દર્શન કરીને પૂર્વાવસ્થાને સર્વા જ વિસ્મર્યાં અને ભગવાન્ જ અમારા પતિ થાઓ એમ જ્યારે તેમને પણ ભાવ થયો ત્યારે અમે તો ભગવાનને જ અર્થે અવતીર્ણા છીએ તેથી અમારું–શ્રીગોપીજનનું–તથાત્વ–ભગવાન્ અમારા પતિ થાય એ ભાવ–યુક્ત જ છે.૧૨.

આભાસ–ગોનું અને વત્સનું ચરિત્ર 'ગાવઃ' શ્લોકે કથે છે,

गावश्च कृष्णमुखनिर्गतवेणुगीतपीयूषमुत्तभितकर्णपुटैः पिबन्त्यः ।

शावाः स्नुतस्तनपयःकवलाः स्म तस्थुर्गोविन्दमात्मनि दृशाश्रुकलाः स्पृशन्त्यः ॥१३॥

અક્ષરાર્થ–ઉત્તભિતકર્ણપુટે કૃષ્ણમુખનિર્ગતવેણુગીતપીયૂષપાનકર્ત્રી ગો અને સ્નુતસ્તનપયઃકવલ શાવ નેત્રે અશ્રુકલા થઈને આત્મામાં ગોવિન્દને સ્પર્શતા રહ્યા.૧૩.

વ્યાખ્યાન–શ્લોકમાં 'ચ'કારથી ગો પણ તેવી થઈ ગઈ, અભિલષિતની અપ્રાપ્તિએ મૂર્ચ્છિતા થઈ ગઈ, અતિમોહિતા થઈ ગઈ, ઉત્તમનો અને અધમનો મધ્ય અભિલાષ અત્ર નિરૂપાય છે, સાત્ત્વિકત્વથી ઉત્તમા દેવસ્ત્રીનો અને તામસત્વથી અધમા ગોનો યથોચિત સેવાફલમાંનો સાયુજ્યલક્ષણ મધ્યમ અભિલાષ નિરૂપાય છે, અત્ર સાયુજ્યનું સ્વરૂપ સેવાફલવિવૃતિમાંથી અવધારવું, યદ્વા 'ઉત્તમા' શબ્દે અત્ર હરિણીનું ગ્રહણ કરવું–કારણ કે નેત્રદર્શને ઘ્રાણસામન્તિનીનેત્રસ્મારિકા હોવાથી ભગવત્પ્રિયતાએ હરિણીનું 'ધન્યાત્વ' કથ્યું છે–અને 'અધમ'પદે ગોનું ગ્રહણ કરવું,કારણ કે તેઓ શૃઙ્ગારરસમાં અનુપયુક્તા છે, યદ્વા ગોના મોહમાં હેતુ કથે છે કે સાત્ત્વિકનો અને અધમ તામસનો રાજસ દેહાભિલાષ નિરૂપાય છે, ગોના મોહમાં હેતુ કથે છે કે અસમ્ભાવિતત્વથી તેમને મોહ છે, સ્વાભિલષિત સાયુજ્યના અસમ્ભાવિતત્વથી તેમને મોહ છે, 'અધમ' પદે શૃઙ્ગારરસાનુપયુક્ત ગોનું ગ્રહણ કરવું, તેથી અસમ્ભાવિતત્વથી જ તેમને મોહ છે એમ કથ્યું, હરિણીને ભગવદ્દર્શનમાત્રાભિલાષ છે, ગોને અન્તર્દર્શનસ્પર્શમાત્રાભિલાષ છે, અપ્સરાનો રમણાભિલાષ પૂર્વ પ્રકારે સર્વોત્તમ છે, તદપેક્ષાએ મૃગીનો અને ગોનો અભિલાષ મધ્યમ છે. 'ગો વેણુમાત્રમાં આસક્તા છે તેથી તેમ કરતી હશે' એ શઙ્કાનો પરિહાર 'કૃષ્ણમુખ' ઇત્યાદિએ કરે છે, 'ગો

અન્યકૃત પણ વેણુનાદમાં આસક્તા હોઈને કર્ણોત્તમ્ભન કરતી હશે'એ શઙ્કાનો પરિહાર કરવાને કર્ણોત્તમ્ભનમાં હેતુ-વેણુનાદનું કૃષ્ણકૃતત્વ-કથે છે, પશુને તાવદ્ વિશેષજ્ઞાન તો હોતું નથી એ પ્રસિદ્ધ છે એમ સૂચનાર્થ 'હિ' પદ છે, આથી કૃષ્ણકૃત નાદે જ કર્ણોત્તમ્ભન કરે છે–અન્ય નાદે કરતાં નથી–એમ સૂચિત કર્યું, યદ્વા 'આ મોહ ઉક્તનાદહેતુક નથી પરન્તુ હેત્વન્તરે છે' એમ 'તાઃ' ઇત્યાદિએ શઙ્કીને 'કૃષ્ણમુખ'ઇત્યાદિએ સમાધાન પણ કરે છે કે કૃષ્ણના મુખથી નિર્ગત એવું વેણુગીત છે, 'પરન્તુ બહુ જન વાદન કરે છે અને કોઇના મુખનું દર્શન તો થતું નથી ત્યારે ઇતરવૈલક્ષણ્યના અનવધાનમાં આ ભગવન્મુખવેણુગીત છે એમ જ્ઞાન તેમને કયે પ્રકારે થાય?' એ શઙ્કાને તો 'પીયૂષ' ઇત્યાદિએ પરિહરે છે, તે વેણુગીત અમૃત છે તેથી વ્યઞ્જકાન્તરના અભાવમાં પણ સ્વતઃ જ તેનું જ્ઞાન થઇ જાય છે, તેનું અમૃતાત્મ સ્વરૂપ જ સ્વવ્યઞ્જક છે, આ નાદમાં વિશેષ કથવાને 'પીયૂષ' પદનો અર્થ કથે છે કે સદાનન્દ વાચ્ય છે, અન્ય ગીત સ્વવક્તૃવાચક હોય જ એમ નિયમ યદ્યપિ નથી તથાપિ ભગવાન્થી અધિક તો કોઇ પણ ન જ હોય,ભગવત્કૃત ગીત સદાનન્દવાચક જ છે તેથી સદાનન્દકૃત ગીતનો વાચ્ય અર્થ પણ સદાનન્દ જ છે એ જ આ નાદમાં વિશેષ છે,અન્યકૃત નાદ તો સરિગમાદિરૂપ સ્વરમાત્ર છે અને અત્ર તો નાદ સદાનન્દરૂપ છે તેથી નાદનિષ્ઠ રસના અનુભવાર્થ અત્ર જ નાદમાં કર્ણોત્તમ્ભન થાય છે,અન્યકૃત નાદમાં કાંઇ તેમ થતું નથી, યદ્વા 'ત્યારે તો આ 'કૃષ્ણગીતપીયૂષ' એમ જ પદ વાચ્ય હતું તેથી અધિક કથન વ્યર્થ છે' એમ આકાઙ્ક્ષા થાય તો તે નિવૃત્ત કરવાને 'સદાનન્દો વાચ્યઃ'પદ કથે છે,'મુખં વાગધિપતિનિર્ગમનં વાગ્ ઇતરવિસ્મારકો વેણુઃ' અને 'ષડ્ગુણાત્મકં ગીતં' એમ સર્વા જ સામગ્રી કથવાને એતાવત્ કથ્યું, અત્ર આ ભાવ છે, પૂર્વ શ્લોકમાં દેવસ્ત્રીનો મોહ જ વસ્તુસામર્થ્યથી કથ્યો પરન્તુ તેમને રસપાન પ્રાપ્ત થયું એમ કથ્યું નથી અને ગો તો ભગવદીયા ભગવત્સઙ્ગતા અને પ્રિયા હોવાથી ગોએ રસપાન કર્યું એમ કથે છે,તત્ર 'યત્ર સુરસ્ત્રીને પણ મોહ થયો તત્ર આ ગોને પશુજાતીયત્વે તે રસપાન અસમ્ભવિત છે'એમ આશઙ્કા થાય તો તે તેના નિરાસાર્થ કથે છે કે આ કાંઇ સાધારણ ગાન નથી,પરન્તુ જે પ્રકારે તેમને પણ રસાનુભવ થાય તે પ્રકારે સર્વસામગ્રીપ્રકટનપૂર્વક ગાન છે એમ જણાવવાને 'કૃષ્ણમુખનિર્ગતવેણુગીત' પદ કથ્યું અને તેથી જ અગ્રે હૃદયમાં પ્રાકટ્યનું અને સ્પર્શનું પણ કથન કર્યું, આધિદૈવિકસમ્બન્ધમાત્રે યત્ર આધ્યાત્મિકને અને આધિભૌતિકને પણ કાર્યકરણસામર્થ્ય પ્રાપ્ત થાય છે તત્ર સાક્ષાદ્ આધિદૈવિકના જ કરણત્વે કાર્યસમ્પત્તિમાં તો કથવું જ શું? એમ વાગધિપતિત્વાદિ ઉક્તિનું તાત્પર્ય છે, અત્ર 'આદિ'પદે ત્રયમાં કૈમુત્ય જાણવું, અર્થાદ્ યત્ર ત્રય પણ આધિદૈવિક કરણ છે–મુખ દેવતા છે વાઙ્વિનિર્ગમનરૂપ વિષય ઇન્દ્રિય છે અને ઇતરવિસ્મારક દ્વાર છે–તાદૃશ શબ્દથી રસાનુભવ થાય તેમાં તો કથવું જ શું એમ કૈમુત્યન્યાયે રસપાન સૂચિત થયું, ભગવાન્માં ગોલક દેવતા છે અને ઇન્દ્રિય વિષય છે એમ દ્વિતીય સ્કન્ધમાં વ્યવસ્થાપિત છે તેથી 'મુખ'પદ દેવતાનું વાચક છે અને 'નિર્ગમ'પદ ઇન્દ્રિયનું વાચક છે, આથી શબ્દનિષ્ઠરસપ્રાપ્તિમાં સાધનસમ્પત્તિ કથી, મુખ–ભગવન્મુખ–વાગધિપતિ અગ્નિ છે, કારણ કે અગ્નિ વાણીનો દેવતા છે, ભગવન્મુખ અગ્નિરૂપ હોવાથી વાગધિપતિ છે, તેવા–ભગવાનના અગ્નિરૂપ–'મુખ'ના કથને મુખ તાપજનક છે એમ સૂચિત કર્યું, તેથી ભગવન્મુખવેણુગીતપીયૂષનું પાન યદ્યપિ કરે છે તથાપિ તે પીયૂષના અતિરસાલત્વે તાદૃશવિણી પરમા આર્તિએ બહુ પાન સમ્ભવે છે એમ પ્રયોજન સિદ્ધ થયું, કિઞ્ચ 'વાચ્યના અર્થના અજ્ઞાનમાં રસસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તે કાર્યનો અસમ્ભવ છે' એ શઙ્કાનો નિરાસ 'કૃષ્ણ'પદનો અર્થ કથીને કર્યો, અર્થ સ્વરૂપાત્મક છે તેથી તે સ્વતઃ જ પ્રકટ થાય છે તેથી જ્ઞાનસાધનની અત્ર અપેક્ષા નથી, સ્વરૂપાત્મક સ્વતઃ જ પ્રકટ અર્થ બલવાન્ છે તેથી પણ પશુત્વાદિ અત્ર પ્રતિબન્ધક નથી અને તેથી સર્વ અવદાત છે, અપરઞ્ચ કૃષ્ણના મુખથી નિર્ગત તત્ર પણ પરમ્પરાસમ્બદ્ધ પીયૂષનું યત્ર એતાદૃશત્વ છે અને તત્ર પણ પશુમાં યત્ર એતાદૃશત્વ છે તત્ર સાક્ષાન્મુખપાનકર્ત્રી શ્રીસ્વામિનીજીમાં તો કથવું જ શું? એમ ઉત્કણ્ઠા જણાવવાને પણ અત્ર નિર્ગમનાદિનું કથન છે, અન્યસ્ય મુખ અગ્નિ હોવાથી સાક્ષાત્તત્પાનકર્ત્રીમાં કદાચિત્ તે પીયૂષ ઉત્કટ તાપ પ્રકટ કરે છે પરન્તુ આ પીયૂષ તો કૃષ્ણમુખમાંથી નિર્ગત છે તેથી સદા જ આનન્દજનક જ છે તાપજનક નથી તેથી કૃષ્ણમુખથી ભિન્નત્વે અને પરમ્પરાસમ્બન્ધથી તાપધર્મનો તેમાં સમ્ભવ નથી, અને તેથી જ સાક્ષાત્સમ્બન્ધાનન્તર યાદૃશ તાપ થયો તાદૃશ તાપ પૂર્વે ન હતો પરન્તુ સહજ સમ્બન્ધથી–તાપતદ્ધર્મવત્ત્વ પણ સહજ હોવાથી–કાંઇક તાપને ઉત્પન્ન કરે છે એમ જણાવવાને 'કૃષ્ણમુખનિર્ગત' પદ કથ્યું, 'ભગવદ્ગીત સર્વ જ સદાનન્દવાચક છે ત્યારે પૂર્વ-શ્લોકોક્તા દેવસ્ત્રીને રસાનુભવ કેમ ન થયો?' એ આશઙ્કાનો પરિહાર 'મુખ' ઇત્યાદિએ કરે છે, તત્ર સામગ્રી ગુપ્તા જ સ્થાપિતા હતી અને અત્ર તો તે પ્રકટિતા છે એમ 'કૃષ્ણમુખ' 'નિર્ગત' અને 'પીયૂષ'એ પદત્રયે સૂચિત કર્યું, 'ત્રયા હ પ્રાજાપત્યાઃ'શ્રુતિમાં આધિદૈવિકસહિત ઇન્દ્રિય કાર્યકર્તૃ છે એમ કથ્યું છે તેથી તાદૃશ જ શબ્દ પ્રમિતિજનક છે તેથી દેવતા અને વાગિન્દ્રિય શબ્દનિષ્ઠરસપ્રાપ્તિમાં સામગ્રી છે, ઇતરવિસ્મૃતિ થાય ત્યારે જ નિષ્પ્રત્યૂહ રસાનુભવ થાય તેથી

ઇતરવિસ્મૃતિ પણ સામગ્રી છે, શાબ્દબોધમાં શબ્દ કરણ હોવાથી તત્સમ્બન્ધી ધર્મો અત્ર ‘સામગ્રી’ છે, એમ સામગ્રીતઃ વિશેષ કથીને સ્વરૂપતઃ પણ વિશેષ કથવાને ‘ગીત’ ઇત્યાદિ કથન કરે છે, પૂર્વોક્ત ગીત વિચિત્ર સર્વરસાર્થ હતું એમ કથાયું છે પરન્તુ આ ગીત તો પીયૂષ છે એમ કથન કર્યું તેથી આ ભગવદ્રૂપ છે, ષડ્ગુણ છે આત્મામાં જેના એવું ષડ્ગુણાત્મક આ ગીત ભગવદ્રૂપ છે, અધર–પીયૂષનું ષડ્ગુણત્વ અગ્રે વ્યુત્પાદ્ય છે તેથી સામગ્રી અપેક્ષિતા છે અને તેથી તે સામગ્રી કથવાને મુખેત્યાદિ ત્રયનું કથન કર્યું, યદ્વા ‘નિર્ગમનં વાગ્’નો અર્થ આ પ્રકારે કરવો, પૂર્વ આસન્યરૂપની નિર્ગમદશામાં જ વૈખરીત્વે નિર્ગમન જ વાક્ છે, અન્યથા ‘કૃષ્ણમુખનિર્ગત’ એમ ન કથતાં ‘કૃષ્ણગીતપીયૂષ’ પદ જ કથત, ‘કૃષ્ણમુખાનર્ગત’ એ પદત્રયનું તાત્પર્ય સામગ્રીપ્રકટન ન હોત તો ‘કૃષ્ણગીતપીયૂષ’ એતાવન્માત્ર જ કથત, ‘ત્યારે કર્ણોત્તમ્ભન કિમર્થ?’ એમ શઙ્કા થાય તો પરિહરે છે કે ઇતરગીતપ્રવેશનિવૃત્ત્યર્થ કર્ણોત્તમ્ભન કથ્યું, કારણ કે પ્રતિક્ષણ નૂતન કર્ણ છે, કર્ણનું પુટત્વ કથ્યું તેથી જેમ એક રસ પૂર્ણ પુટમાં દ્વિતીય રસનો અવકાશ સમ્ભવતો નથી તેમ એકૈકક્ષણસમ્બન્ધી નાદરસ પણ રસ હોવાથી તે રસે પૂર્ણ પુટમાં દ્વિતીયાદિક્ષણસમ્બન્ધી નાદરસનો પ્રવેશ સમ્ભવતો નથી તેથી તત્પાનાર્થ દ્વિતીયાદિ પુટની અપેક્ષા આવશ્યકી છે અને તેથી પ્રતિક્ષણ નૂતનકર્ણત્વ છે, અન્યથા કર્ણ વિના નાદનું ગ્રહણ જ ન સમ્ભવતાં દ્વિતીયાદિ પાન જ થઇ શકે નહિ, અત્ર એમ જાણવું, ભગવત્સમ્બન્ધી અર્થ લૌકિકેન્દ્રિયે ગ્રાહ્ય નથી કિન્તુ અલૌકિકેન્દ્રિયે જ ગ્રાહ્ય છે અને તત્ર પણ પ્રભુદિત્સા હેતુ છે, તેથી તે દિત્સાએજ તાવત્સાધનસમ્પત્તિ થઈ રહે છે, તેથી અત્ર કોઇ પણ અનુપપત્તિ નથી, પ્રત્યેક પક્ષે પણ ગો બહુ હોવાથી કર્ણનું પણ બહુવચન સઙ્ગત જ છે, અત્ર ‘પુટ’શબ્દે તદર્થ–રસપાનાર્થ–જ તેમના કર્ણનું સમ્પાદન–નિષ્પાદન–છે એમ જાણવું, પર્ણના પુટમાં પુનઃ કાર્યાન્તર થઈ શકે નહિ અને ચષકાદિક પણ બહુ ગોને અર્થે વનમાં ઉચિત નથી, પુટનું બહુત્વ રસમાં પ્રતિક્ષણ નૂતનત્વ જણાવે છે, ‘પરન્તુ એમ રસનું પ્રતિક્ષણ નૂતનત્વ સ્વીકારતાં રસના જ નિત્યત્વની હાનિ થશે’ એમ શઙ્કા થાય તો કથે છે કે તે વ્યવસ્થા તો ‘ચૂતપ્રવાલ’ શ્લોકમાં પૂર્વે કથી જ છે, તત્ર શ્લોકમાં કારિકાએ વ્યવસ્થાનું સ્પષ્ટીકરણ થયું છે તેથી પ્રણાડીવિશેષે આવિર્ભાવપ્રકારભેદમાં પણ રસના નિત્યત્વની હાનિ નથી, શાવ અર્થાદ્ બાલક તે હરિણાદિના વા અન્ય જીવના વા ગોના જ, વા ઘોષમાં જ અતિબાલક હોય છે, કિઞ્ચિત્પ્રૌઢ વત્સ તો ઘોષમાં જ સ્થિતિ કરે છે તેથી તેમનું તાદૃશત્વ સમ્ભવતું ન હોવાથી ‘અતિબાલકાઃ’ કથ્યું, અથવા સાયં ઘોષમાં–ગોના ઘોષમાં–જ સમાગમનાનન્તર જ વત્સને એમ થાય છે તેથી પ્રૌઢ વત્સમાં પણ તેમ સમ્ભવે છે તેથી ‘અતિ’ પદ આવશ્યક નથી, સ્તનમાંથી ગૃહીત પયઃકવલ તે ‘સ્તનપયઃકવલ’ એમ મધ્યમપદલોપી સમાસ કરીને–સ્રુત છે સ્તનપયઃકવલ જેમનો એવા શાવ એમ–બહુવ્રીહિસમાસ કરવો. અર્થાત્ સ્તનગૃહીત પયઃકવલ તે ‘સ્તનપયઃકવલ’ અને સ્રુત છે સ્તનપયઃકવલ જેમનો–માતાના સ્તનમાંથી ગૃહીત પયઃકવલ જેમના મુખમાંથી સ્રવે છે–બહિર્નિર્ગમે–છે–કારણ કે તે પયનો અન્તઃપ્રવેશ થતો નથી, એવા તે શાવ છે, ગ્રહણવદ્ જ નાદશ્રવણમાં ગિલનક્રિયા નિવૃત્તા થઇ જાય–છે તેથી પયનો અન્તઃપ્રવેશ થતો નથી અને તેથી તેનો સ્રાવ થાય છે, આ સાન્દગ્ધ છે તેથી ‘સ્મ’પદે પ્રમાણ કથે છે, ગ્રહણના અને ગિલનના મધ્યમાં કાલ દુર્લક્ષ્ય છે તેથી આ સન્દિગ્ધ છે, અને તે સન્દેહના નિવારણાર્થ પ્રસિદ્ધ્યર્થક ‘સ્મ’ પદ પ્રયોજીને પ્રસિદ્ધિહેતુભૂત પ્રત્યક્ષ જ પ્રમાણ તત્ર છે એમ સૂચિત કર્યું, ગોએ અને વત્સે સ્થિતિ કરી, મોહ ગોમાં જ અને પયઃસ્રાવ શાવમાં છે, પરન્તુ ક્રિયાનિવૃત્તિ તો ઉભયમાં જ છે અને ઉભયની પણ ક્રિયાનિવૃત્તિ થઈ ગઈ તત્ર હેતુ ‘ગોવિન્દ’ ઇત્યાદિ પદે કથે છે, નેત્રે આત્મામાં ગોવિન્દનો સ્પર્શ તેમની ક્રિયાનિવૃત્તિમાં હેતુ છે, તેમને બહિઃસંવેદન નથી તેથી અન્તરાત્મામાં ભગવાનનો સ્પર્શ કરે છે, ‘પરન્તુ આ સર્વ તો આવિર્ભાવમાં સઙ્ગત થાય તે આવિર્ભાવમાં જ પ્રમાણ શું?’ એમ આશઙ્કા થાય તો મૂલસ્થ ‘ગોવિન્દમાત્મનિ’નો આશય ‘ભગવન્તં’ઇત્યાદિએ કથે છે, અર્થાત્ સ્પર્શની અન્યથાનુપપત્તિએ જ આવિર્ભાવ સિદ્ધ થઈ રહે છે, તત્ર પણ નેત્ર–આવૃતચક્ષુએ–ભગવાનનો સ્પર્શ કરે છે. અત્ર શત્રન્ત ‘સ્પૃશન્ત્યઃ’ પદ ધર્યું છે તેથી ભાવનામાત્ર નથી પરન્તુ ગોવિન્દ આવિર્ભૂત જ છે એમ જણાવ્યું, અન્યથા તુલ્યતા કયે પ્રકારે સ્ફુરે? વત્સોની પણ ક્રિયાનિવૃત્તિ કથી તેથી ‘સ્પૃશન્ત્યઃ’ એમ સ્ત્રીલિઙ્ગપ્રયોગ પણ ક્રિયાનિવૃત્તિમાં હેતુ છે, સમભિવ્યાહારથી વત્સને તો કિઞ્ચિત્સ્પર્શ પ્રાપ્ત જ છે, અન્યને–ગાને–તો પૂર્વોક્ત રસપાનવત્ત્વથી સર્વથા જ સ્પર્શ છે, અન્યથા હીનજાતીયમાં બ્રહ્મના અનાવિર્ભાવમાં તુલ્યતાસ્ફૂર્તિએ કયે પ્રકારે સ્પર્શ સમ્ભવે? અર્થાદ્ હીનજાતીયમાં બ્રહ્માવિર્ભાવે તુલ્યતાસ્ફૂર્તિએ સ્પર્શ સમ્ભવે છે, આ આવિર્ભાવ ઔપચારિક નથી એમ કથવાને કાર્યદ્વારા પણ પરિચય કરાવે છે કે અન્યથા ઉક્તમોહપ્રયોજિકા નિજભગવત્તુલ્યતા કેમ સ્ફુરે? બહિર્દર્શનમાં હેતુ કથે છે કે અલ્પ છે કલા જેમને એવી ગો, ગોના હૃદયમાં આવિર્ભાવમાં દોષ નથી એમ સૂચનાર્થ ‘ગોવિન્દ’ પદ છે, હીનનિષ્ઠ ભગવદાવિર્ભાવમાં પણ ભાવાભાસરૂપ દોષ નથી એમ સિદ્ધ કરવાને ‘ગોવિન્દ’ પદ પ્રયોજ્યું છે, કારણ કે આ ગોવિન્દ તો તેમના–ગવાદિના–જ ઇન્દ્ર–પરમેશ્વર–છે, ગોવિન્દ ગોના જ ઇન્દ્ર છે, પુષ્ટિમાર્ગીય પરમૈશ્વર્યને પ્રાપ્ત એવા ઇન્દ્ર છે, તેથી તત્ર મર્યાદાનો પણ અતિક્રમ દૂષણ નથી પરન્તુ ભૂષણ છે.

'વેણુનાદનો સહજ ધર્મ ભગવદ્ભાવોદ્બોધકત્વ છે ત્યારે તેના શ્રવણે અપ્સરાને કામભાવોદયે મોહોત્પત્તિ કેમ થઈ?' એમ શઙ્કા થાય તો અત્ર તેનો પરિહાર તે વેણુનાદની જ કૃપાથી મને આ પ્રકારે

સ્વતન્ત્ર । જણાય છે, ઉત્સર્ગતઃ તો વેણુનાદ સર્વને કામોદ્બોધક જ છે, 'મન્મથસ્યાગ્રદૂતઃ' એ વાક્ય અત્ર પ્રમાણ છે, અને તેથી જ પૂર્વે પણ સ્વામિનીઓને વેણુનાદના શ્રવણે તે જ ભાવ ઉત્પન્ન થયો હતો, 'વેણુગીતં સ્મરોદયં નાશકન્ સ્મરવેગેન' ઇત્યાદિ વાક્ય અત્ર પ્રમાણ છે, તેથી સ્વામિનીવદ્ યત્ર વેણુનાદદ્વારા પ્રવેશ કરવાને અને યત્ર સરિદ્વૃક્ષલતાદિમાં સ્વામિનીઓએ સહ વિહાર કરવાને તેમને તન્માત્રલીલા-સમ્બન્ધિકાર્યોપયુક્ત કરી દેવાને અથવા હરિણ્યાદિમાં યત્ર દૃષ્ટિસામ્યથી સ્વામિનીભાવે દૃષ્ટિકર્તા પ્રભુ પ્રવેશ કરવાને વેણુનાદ કરે છે તત્ર જ સ્વાધિકારાનુસારે ભગવદ્ભાવોદય થાય છે તેથી અત્ર અપ્સરાઓને અને દ્વિતીય ગીતમાં બ્રહ્માદિને વેણુનાદશ્રવણે કામદ્વારા મોહ જ થયો પરન્તુ રસાનુભવ થયો નહિ, 'ત્યારે અપ્સરાઓના શ્રવણસમ્પાદનમાં શું પ્રયોજન? ભગવાન્ કાંઇ પણ કાર્ય નિષ્પ્રયોજન તો કરતા જ નથી' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર આ પ્રકારે છે, અત્ર વેણુનાદનું પ્રયોજન વીર્યબોધન જ છે, કારણ કે વેણુનાદનિષ્ઠ ષડ્ગુણત્વસિદ્ધ્યર્થં તે-વીર્યબોધન-આવશ્યક છે તેથી જ 'વીર્યં દેવેષુ' ઇત્યાદિ કારિકા કથી, એમ સતે ગોને પણ પ્રથમ તો વેણુનાદશ્રવણે કામદ્વારા દેવસ્ત્રીવદ્ મોહ જ થયો-અને તે જ મોહનું વિવરણ 'ગાવશ્ચ'માં 'ચ'કારના અર્થકથને કર્યું-પરન્તુ પશ્ચાદ્ ભગવદીયત્વસ્વસઙ્ગતત્વાદિધર્મે કૃપાવિશેષે સ્વામિનીવદ્ ગોમાં પણ વેણુનાદદ્વારા પ્રવેશ કરવાને ભગવાને અત્ર જે સામગ્રી પ્રકટ કરી તે સામગ્રીના બોધાર્થં પૂર્વનાદથી વિશિષ્ટ-અધિક-બર્હાપીડપદ્યનિરૂપિત સ્વરૂપાત્મક વેણુનાદનું નિરૂપણ 'સદાનન્દો વાચ્યઃ' ઇત્યાદિએ કર્યું, અત્ર આ ભાવ છે, કૃષ્ણનું ગીત એમ દૂરાન્વય જ અત્ર અભિપ્રેત છે એમ જણાય છે, કારણ કે 'અન્યથા કૃષ્ણગીતપીયૂષ' ઇત્યાદિ આગ્રમ ગ્રન્થના પર્યાલોચને તદવગમ થાય છે, તેથી વાચ્યતાસમ્બન્ધે ગીતમાં કૃષ્ણ હોવાથી ગીતનો અર્થ સદાનન્દ જાણવો અને તે-સદાનન્દ-કૃષ્ણ શ્રીસ્વામિનીજીનો ગૂઢ ભાવ છે તેથી ગોને આન્તર સ્વાનુભવાર્થં તદ્ભાવનું જ દાન વેણુગીતદ્વારા ભગવાને કર્યું એમ જાણવું, કિઞ્ચ તાપભાવ પણ આન્તર તદનુભવમાં કારણ છે તેથી બાહ્યાનુભવમાં કામભાવવદ્ આન્તરાનુભવમાં તાપભાવનું દાન કરવું આવશ્યક છે તેથી ગીતમાં પરમ્પરાએ મુખસમ્બન્ધ પણ નિરૂપ્યો, સાક્ષાત્ તત્સમ્બન્ધમાં બાહ્યસમ્બન્ધાભાવે પણ અત્યસહ્યતાએ શરીરસ્થિતિ પણ ન રહે તેથી જ શ્રીસ્વામિનીજીઓને પણ પઞ્ચાધ્યાયીમાં સંયોગાનુભવ કરાવીને પછી જ કેવલ આન્તરાનુભવ કરાવ્યો, 'મુખ' શબ્દના વ્યાખ્યાનમાં વાગધિપતિના પ્રેરણ વિના વેણુમાં તેનો સઞ્ચાર થઈ શકે નહિ તેથી તાપભાવનો સમ્બન્ધ વેણુને વાગ્દ્વારા જ છે, 'અત્ર કોઇ પણ સ્થલે વાણીનું નિરૂપણ જ નથી-જેના દ્વારા વેણુમાં તાપભાવસમ્બન્ધ કથ્યો-પરન્તુ અત્રે તો નાદમાત્રનું જ કથન છે' એમ શઙ્કા થાય તો 'નિર્ગમનં વાક્' કારિકાથી પરિહરે છે કે ગીત મુખાન્તર્ગત છે તેથી ગીતવિશેષણીભૂતા નિર્ગમનક્રિયા જ વાગ્રૂપા છે, લોકવદ્ ભગવદ્વાણી કાંઇ તાલ્વોષ્ઠપુટના વ્યાપારે જન્ય નથી તેથી જ ભગવન્નિઃશ્વસનક્રિયારૂપ વેદની વાગ્રૂપતા કથી અને તેથી જ 'પ્રજાપતિર્હ વાક્' શ્રુતિમાં પ્રજાપતિનું વેદાત્મકત્વે વાગ્રૂપત્વ કહ્યું, કિઞ્ચ આન્તરાનુભવમાં બહિઃસંવેદનાભાવ પણ અપેક્ષિત છે તેથી બહિઃસંવેદનાભાવાર્થં પણ વેણુસમ્બન્ધ કથ્યો, કારણ કે વેણુ ઇતરવિસ્મારક છે, તથાપિ 'એમ પણ ગોમાં યોગ્ય શરીર સિદ્ધ નથી તેથી આ સર્વા જ સામગ્રી વ્યર્થા છે' એમ શઙ્કા થાય તો તેના પરિહારાર્થં 'ગીતં ષડ્ગુણાત્મકં' ઇત્યાદિ કથે છે, ગીત ભગવદ્વાચક છે તેથી ષડ્ગુણાત્મક છે, અસાધારણ ષડ્ગુણ જ ભગવાન વાચ્ય છે કારણ કે 'ભગવાનિતિ શબ્દ્યતે' એમ વચન છે, વેદ પણ ગુણદ્વારા જ સર્વાત્મક ભગવદ્વાચક છે, કારણ કે 'બન્દિનસ્તત્પરાક્રમૈઃ' એમ વાક્ય છે, તેથી ભગવદ્વાચકત્વે આ ગીતની અસાધારણરૂપતા જ છે, અને તેથી ગીત ઇતરવિસ્મૃતિએ સ્વાત્મામાં સ્વામિનીત્વસ્ફૂર્તિ પણ છે તેથી ભાવાત્મક સ્વરૂપનો આન્તર અનુભવ નિષ્પ્રત્યૂહ ઉપપન્ન છે, આ વેણુગીતકાર્ય યશોરૂપ છે, એતાદૃશ અયોગ્યયોગ્યતાસમ્પાદનરૂપ અસાધારણ કાર્ય કરે નહિ તો વેણુગીતનું યશોરૂપત્વ જ સિદ્ધ થાય નહિ.

વેણુનાદસુધાપૂર્ણા હૃદયસ્થહરિપ્રિયા ।
ગોનું ગૂઢતમ સ્વીય રજઃસ્નાન મમેપ્સિત ॥૧॥ ૧૩.

સઙ્ગના અને જ્ઞાનના અભાવથી પક્ષીનું શ્રવણ અસમ્ભવિત માનીને સમ્ભાવનાનિરૂપણપૂર્વક 'પ્રાયઃ' ઇત્યાદિ શ્લોક ઉપપાદે છે, અત્ર 'શ્રવણ'નો અર્થ 'નાદનિષ્ઠરસાનુભવશક્તિતાત્પર્યનિર્ધાર' કરવો,

આભાસ । 'શ્રવણ' શક્તિતાત્પર્યનિર્ધાર નાદનિષ્ઠ રસાનુભવ છે તેથી જ અનુવાદમાં 'તેઓએ સર્વ તત્ત્વ જાણ્યું' એમ કથાશે, જેમ મૃગીને કૃષ્ણસારસઙ્ગથી અથવા ગોને કૃપાએ જ જ્ઞાનસામગ્રીપ્રકટને જ્ઞાનસમ્પાદન થયું તેમ અત્ર નથી, તેથી પક્ષીનું શ્રવણ અસમ્ભાવિત માનીને મુનિત્વનિરૂપણપૂર્વક શ્રવણ સિદ્ધ કરે છે.

प्रायो बताम्ब विहगा मुनयो वनेऽस्मिन् कृष्णेक्षणास्तदुदितं कलवेणुगीतम्।
आरुह्य ये द्रुमभुजान् रुचिरप्रवालान् शृण्वन्ति मीलितदृशो विगतान्यवाचः ॥१४॥

अक्षरार्थ–અમ્બ ! બત ! આ વનમાં રુચિરપ્રવાલદ્રુમભુજારોહણ કરીને કૃષ્ણેક્ષણ મીલિતદગ્ વિગતાન્યવાક્ થઈને તદુદિત કલવેણુગીતનું શ્રવણ જે વિહગ કરે છે તે પ્રાયઃ મુનિ છે. ૧૪.

व्याख्यान–આ વકૃત્રીઓ નિર્ગુણા છે અને તેથી જ યશોદાએ સહ તેમનો સ્નેહ છે, અથવા આ તદ્ગૃહકન્યકા છે, જેમ સોનો ધનનો અને રત્નનો સઙ્ગ્રહ તેમ શ્રીનન્દરાયજીના ગૃહમાં ઉત્તમા કન્યકાનો પણ આ સઙ્ગ્રહ છે, દ્રવ્યે તેમનો ક્રય કરીને ગૃહમાં તેમનું પરિપાલન રાજદાનાર્થે કરે છે તે યશોદાનન્દગોપકુમારિકા શ્રીયશોદાજીને 'અમ્બ' પદે સમ્બોધે છે, જો આ પક્ષી મુનિ જ છે એમ સિદ્ધવત્ નિરૂપણ કરી દે તો આ વકૃત્રી કોણ છે એમ ગોપિકાસભામાં સન્દેહ થાય તેથી તેમ નિરૂપણ ન કરતાં અત્ર 'પ્રાયઃ' પદ પ્રયોજીને પક્ષીઓ બહુધા મુનિ છે એમ તેમનું પ્રાયિક પક્ષિત્વ નિરૂપે છે, અત્ર 'બત' પદ ખેદાર્થક છે, આ મુનિએ એવી પક્ષિની યોનિ કેમ પ્રાપ્ત કરી એમ ખેદ 'બત'પદે કરે છે, અથવા 'બત'પદ હર્ષવાચક છે, એ મુનિઓએ સાધુ–સુન્દર–ઉપાય કર્યો કે પક્ષિયોનિનું ધારણ કરી લીધું, 'અમ્બ' સમ્બોધન દયાર્થક છે, આ વકૃત્રીમાં ભગવદાવિર્ભાવ છે, 'સર્વાત્મક ભગવાનની માતા તે સર્વની જ માતા એમ ભગવદાવિર્ભાવ 'અમ્બ'પદે સમ્બોધે છે' એમ કેટલાક ટીકાકારનું મત છે, પરન્તુ આ વકૃત્રીવિષયક પતિત્વ અગ્રે વક્ષ્યમાણ છે તેથી એ વ્યાખ્યાન અસમઞ્જસ છે એમ જણાવવાને 'કેચિત્'પદ ધર્યું, સિદ્ધાન્તમાં તો એ ગૃહકન્યકા છે તેથી ગૃહકન્યાત્વે જ 'અમ્બ'પદે સમ્બોધે છે, ભિન્ન પક્ષમાં પણ દયાર્થ તેમ સમ્બોધન ઘટે છે એ તો કથાયું જ છે, આ વકૃત્રીનાં વાક્યોથી વિહગો બાહુલ્યે મુનિ જ છે એમ સિદ્ધ થાય છે, શ્રોતા પ્રતિ તેમનું મુનિત્વ સ્વયં ઉપપાદે છે કે વકૃત્રી કુમારિકા છે તેથી ઋષિ છે અને ઋષિવાક્યથી બાહુલ્યે આ વિહગોનું મુનિત્વ સિદ્ધ થાય છે, તે પક્ષીઓ મુનિ છે, મનનશીલ છે, તેથી અત્ર ભગવાન્ પ્રકટ થશે એમ જાણે છે, મૂલમાં 'ये'પદના અર્થમાં 'જે વિહગો છે તે મુનિઓ છે અને તેથી જ શ્રવણ કરે છે' એમ પૂર્વત્ર અન્વય જાણવો, ઉત્તરત્ર અન્વયમાં તો મુનિત્વમાં હેતુ શ્રવણ થઈ જાય, શ્રવણમાં હેતુ મુનિત્વ ન રહે, અને તેથી આભાસમાં વિરોધ પ્રાપ્ત થાય, અત્ર નાદમાં સુધારૂપ ભગવાનનો પ્રાદુર્ભાવ થશે એમ આ મનનશીલ મુનિઓ જાણે છે અને તેથી જ મુનિત્વથી વા ઋષિત્વથી જ પૂર્વોક્ત જાણીને આ વનમાં 'કૃષ્ણેક્ષણ' થઈને શ્રવણ કરે છે, કૃષ્ણાર્થે ભગવદ્ભાવનાએ જ જેમનો ક્ષણ જાય છે એવા વા કૃષ્ણમાં જ કે ક્ષણ જેમનો એવા આ મુનિઓ છે, વા કૃષ્ણમાં જ છે ઇક્ષણ જેમનું એવા કૃષ્ણેક્ષણ મુનિઓ ભગવદ્દર્શન કરે છે, અને દર્શનક્રિયા કરતાં કરતાં જ તદુદિત કલવેણુગીતનું શ્રવણ દ્રુમભુજારોહ કરીને કરે છે, યાવદ્ ભગવાનના વેણુનાદનું શ્રવણ થયું નહિ તાવત્પર્યન્ત રૂપનું જ દર્શન કર્યા કર્યું, પરન્તુ જ્યારે વેણુનાદનો આરમ્ભ થયો ત્યારે તો દર્શન અને શ્રવણ ઉભયે કર્યું, દ્રુમભુજારોહણ કરીને પૂર્વે કૃષ્ણેક્ષણ થયા અને તતઃ તાદૃશ કૃષ્ણેક્ષણ જ રહીને શ્રવણ કર્યું તેથી 'મીલિતદૃક્' થઈ ગયા, કૃષ્ણેક્ષણત્વમાં મીલિતદૃક્ત્વ સમ્ભવતું નથી તેથી આ પ્રકારે વિભાગે વ્યાખ્યાન કર્યું, પરન્તુ જ્યારે ભગવાન્ દૂર પધાર્યા ત્યારે અન્યત્ર ગમનમાં તો વેણુનાદરસ જતો રહેશે એમ માનીને તત્ર જ 'મીલિતદગ્' રહ્યા, 'કદાચિત્ તે રસ વિજાતીય વા લૌકિક રસાન્તર ઉત્પન્ન કરશે અથવા રસાન્તરે પ્રતિબન્ધ થશે' એમ ન આશઙ્કવું, 'નાદ અવ્યક્ત છે તેથી સ્વનિષ્ઠ સ્વરૂપદિદૃક્ષા ઉત્પન્ના કરશે નહિ' એમ ન આશઙ્કવું, તેમ હોત ત્યારે તો ઉડ્ડયન કરીને અન્યત્ર જ ગમન કરત, 'પૂર્વાનુભૂત કૃષ્ણેક્ષણરૂપ રસાન્તરે ઉડ્યાને ગમન નાદના માધુર્યથી થશે નહિ' એમ આશઙ્કા ન કરવી, કારણ કે વેણુગીત કલ–અવ્યક્તમધુર–છે, તેથી ભગવાન્માંથી ઉદિત નાદબ્રહ્માત્મક છે, અને વેણુ પણ અવ્યક્તમધુર છે, તેથી મધુર જ રસ ઉત્પન્ન થશે, આથી વિજાતીય રસની નિવૃત્તિ કથી, એમ અત્રપર્યન્ત વેણુનું 'કલ'ત્વ સિદ્ધ કર્યું અથવા ગીત જ કલ–અવ્યક્તમધુર–છે, કારણ કે ભગવદુક્ત પરમાર્થપ્રતિપાદક છે, અત્ર 'ભગવદુક્ત' પદે લૌકિકાર્થનિવૃત્તિ કથીને ગીતનિષ્ઠ માધુર્ય કથ્યું, આ અર્થમાં ગીતનું વિશેષણ 'તદુદિત' છે, ગીત તેમાંથી ઉદિત છે, ઉદયને પ્રાપ્ત થયું છે, દ્વિતીય અર્થમાં 'ઉદિત'નો અર્થ 'કથિત' કર્યો, વેદશાખાવદ્દ્રુમભુજારોહણ કરીને પતનમારણાદિશઙ્કા ન હોવાથી નિશ્ચિન્ત થઈને પક્ષી શ્રવણ કરે છે, મનનો સઞ્ચાર વિષયાન્તરમાં ન થાય એ અર્થે ભગવાન્ જ્યારે દૂર પધાર્યા ત્યારે આ પક્ષી મનનાભ્યાસથી મીલિતદૃક્ થયા, કારણ કે ભગવાન્ દૂર ગયા તેથી દર્શનનો સમ્ભવ નથી, વિશેષે ગઈ છે અન્યવિષયિણી વાગ્ જેમાંથી એવા 'વિગતાન્યવાગ્' આ મુનિઓ થઈ ગયા, ભગવદુપયોગિની વાણીનો ત્યાગ તેમણે કર્યો નથી એમ જણાવવાને 'અન્ય' પદ ધર્યું, પક્ષીની આ સ્થિતિ સાર્વદિકી છે એમ જાણવું, અન્યથા શ્રવણકાલમાં તો તત્પ્રતિબન્ધકત્વે જ વાણીનો અભાવ સિદ્ધ જ છે તેથી 'વિગતાન્યવાક્' પદ નિરર્થક થઇ જાય, અને તેથી તેમના હૃદયમાં આ રસાનુભવ સાર્વદિક જ છે એમ જ્ઞાપિત કર્યું, આથી આ નાદ

અલૌકિક અને દુર્લભ છે એમ સૂચન કર્યું, અતાદૃશ અર્થમાં મુનિની આસક્તિ સમ્ભવતી નથી, તેમને શરાદિથી પણ ભય ન રહ્યું એમ 'રુચિરપ્રવાલાન્' પદે કથે છે, પલ્લવે જ તેમનું અઙ્ગ આવૃત છે તેથી તેમનું દર્શન અન્ય-વ્યાધાદિ-કોઇ પણ કરી શકતું નથી અને તેથી તેમને શરાદિનું ભય નથી એમ કેટલાક ટીકાકાર વદે છે. પલ્લવ-રુચિર-ઉત્તમ છે, આમ્રાદિસ્થિત પત્ર કોમલ છે તેથી દૃષ્ટિનું મુદ્રણ કર્યું, અન્યથા તેમને પ્રવાલનું દર્શન થઈ જાય, તેમણે મુખનું પણ મુદ્રણ કર્યું. અન્યથા તે રુચિર પ્રવાલનું ભક્ષણ થાય, મુખમુદ્રણમાં હેત્વન્તર પણ કથે છે કે કોલાહલ થાય, જો મુખમુદ્રણ ન કરે તો તેઓ અનેક હોવાથી કોલાહલ થાય, શકુનભ પણ થાય, અથવા અન્યોન્યપદાર્થનિરૂપણ પણ કરવાનો જ ઉપક્રમ તે વિહગમુનિ કરી દે.

યદ્યપિ આ ઉક્ત હેતુ મુનિત્વના સાધક જ છે તથાપિ મારા મનમાં આ પ્રકારે સ્ફૂર્તિ થાય છે, આ વિહગો એટલા તો નાદરસપર છે કે સ્વરૂપપરમાન્તરાય પણ સહે છે તેથી અત્ર આ પ્રકારે

શ્રીગુસાંઇજીનો અર્થ।

તાત્પર્યાન્તર પણ જાણવું, 'ભુજ'પદનું તાત્પર્ય તો પૂર્વે કથ્યું જ છે. કદાચિદ્ વેષશય્યાદ્યર્થ તત્ર ભક્તનું વા રુચિરપ્રવાલાનયનાર્થે પ્રભુનું આરોહણ થાય તો સાન્નિધ્યરસ પણ અનુભૂત થાય એમ આશાએ તત્ર આરૂઢ થયા એમ 'રુચિરપ્રવાલાન્' વિશેષણનું તાત્પર્ય છે, નેત્રનું નિમીલન ન હોય તો પલ્લવાનયનાર્થ ભક્તોની નિઃશઙ્ક પ્રવૃત્તિ થાય નહિ તેથી નેત્રનો નિરોધ કર્યો, વાણીના નિરોધનો હેતુ તો સ્પષ્ટ જ છે ૧૪.

આભાસ—ભગવદ્વેણુનાદે નદ્યાદિમાં જે થયું તે 'નદ્યસ્તદા' શ્લોકે કથે છે, અત્ર 'આદિ'પદે સરોવરનું અને હ્રદનું ગ્રહણ કરવું. યદ્યપિ મૂલમાં 'નદી'પદમાત્ર છે તથાપિ વ્રજમાં નદ્યન્તર પ્રકટ નથી કેવલ શ્રીયમુના જ વિરાજમાના છે તેથી 'નદ્યઃ'બહુવચને સરોવરાદિનું ગ્રહણ કરવું, એમ જણાવવાને 'નદ્યાદિષુ' પદ ધર્યું.

नद्यस्तदा तदुपधार्य मुकुन्दगीतमावर्तलक्षितमनोभवभग्नवेगाः ।

आलिङ्गनस्थगितमूर्मिभुजैर्मुरारेर्गृह्णन्ति पादयुगलं कमलोपहाराः ॥१५॥

અક્ષરાર્થ–તે સમયે તે મુકુન્દગીતને અવધારીને આવર્તલક્ષિતમનોભવભગ્નવેગા નદી કમલોપહારા થઈને મુરારિનું આલિઙ્ગનસ્થગિત પાદયુગલ ઊર્મિભુજે ગ્રહે છે.૧૫.

જ્યારે મુનિઓ ભગવાને અનુગૃહીત થયા અને તેમણે વેણુદ્વારા સર્વ ભગવત્સ્વરૂપાત્મક રસતત્ત્વ જાણ્યું ત્યારે નદી પણ અમે કૃતાર્થા થઈશું એમ તેને-મુનિના જ્ઞાનોપદેશને-ઉપધારીને-નિશ્ચિત કરીને-'તદુપધાર્ય' પદની અત્ર આવૃત્તિ છે એમ જણાવવાને 'નિશ્ચિત્ય' અને 'શ્રુત્વા' પદ કથ્યાં-આવર્તે-ભ્રમણે-મૂર્ચ્છાએ-લક્ષિત જે આ મનોભવ તે સ્તમ્ભજનક મનોભવે ભગ્ન છે વેગ જેમનો એવાં તે નદ્યાદિ થઈ ગયાં, તેમની સ્વાભાવિકી ગતિ કુણ્ઠિતા થઈ ગઈ, અત્ર 'મનોભવ'નો અર્થ 'વિવેક' કરવો, અત્ર મનોભવ વિવેકસહિત છે, દેવસ્ત્રીવદ્ નૃત્યસારત્વજનક નથી, જો તેમ થઈ જાય ત્યાર તો ભગવત્સમીપ નદીનું આગમન પણ થઈ શકે નહિ અત્ર 'વિવેક'પદ 'અર્શ આદ્યચ્' છે, તેથી તેનો અર્થ વિવેકસહિત' કર્યો. અચેતનપ્રાયને પણ ભગવત્સમ્બન્ધની આકાઙ્ક્ષા છે એમ કથે જ, સ્થિતિમાત્રે તદાત્મકિત જ્ઞાતા થતી નથી–કારણ કે ઔષધાદિએ પણ જલની સ્થિતિ–સ્થિરતા સમ્ભવે છે તેથી 'આલિઙ્ગનાર્થ' ઇત્યાદિ કથે છે, કમલોપહારા થઈ ને આલિઙ્ગનાર્થ ભગવાનનું સ્થગિત-સ્થિરીભૂત-પાદયુગલનું ગ્રહણ ઊર્મિરૂપ ભુજે કરે છે, સ્વહૃદયકમલ ભગવચ્ચરણારવિન્દને સમર્પીને ભગવચ્ચરણારવિન્દનું ગ્રહણ સ્વયં કરે છે. નદી પણ દેવતા છે તેથી તેમની સાથે અન્યા લીલા સમ્ભવતી નથી, ભગવાને માનુષ ભાવનો સ્વીકાર કર્યો છે તેથી નદીઓના અમાનુષત્વે અવતારના અભાવમાં તેમનું ભોગ્યત્વ સમ્ભવતું નથી. અપ્સરાએ પણ દેવી હતાં તેથી તેમનું અનાગમન પૂર્વે કથ્યું જ છે એમ જણાવવાને 'અપિ'શબ્દ કથ્યો, દેવતારૂપા જ નદીએ સહ લીલાન્તર સમ્ભવતું નથી, 'આલિઙ્ગન'ને અર્થે 'સ્થગિત' વા સ્થિર એમ પ્રયોજનાર્થ કથન કર્યું, 'મુરારેઃ'પદનો આશય આ પ્રકારે છે, જલદોષાત્મક અવિદ્યારૂપ મુર છે, ભગવાન્ તે મુરના અરિ છે, તેથી નદીગતા અવિદ્યાનો–ભગવદનુપયોગી દેહસમ્બન્ધનો–નાશ ચરણસમ્બન્ધે અવશ્ય કરશે[1]. ૧૫.

આભાસ—'દૃષ્ટ્વા' ઇત્યાદિ શ્લોકે મેઘનું વર્ણન કરે છે.

दृष्ट्वातपे व्रजपशून् सहरामगोपैः सञ्चारयन्तमनुवेणुमुदीरयन्तम् ।

प्रेमप्रवृद्ध उदितः कुसुमावलीभिः सख्युर्व्यधात् स्ववपुषाम्बुद आतपत्रम् ॥१६॥

અક્ષરાર્થ–આતપમાં વ્રજપશુને રામગોપે સહ સઞ્ચરાવતાનાં અને તદનુ વેણુને ઉદીરતાનાં દર્શન કરીને પ્રેમપ્રવૃદ્ધ ઉદિત અમ્બુદે સ્વવપુએ કુસુમાવલીએ સખાનું આતપત્ર કર્યું. ૧૬.

---

૧. આ શ્લોકમાં 'મુકુન્દ'પદનો અર્થ શ્રીસુબોધિનીજીમાં જણાતો નથી, 'મુકુન્દ'નો અર્થ 'મોક્ષદાતા' પ્રસિદ્ધ છે તેથી પુષ્ટિમાર્ગીય મોક્ષદાતા એવા જે 'મુકુન્દ' તેમના ગીતને' એમ અર્થ ગ્રહવો, જ્ઞાન-વિદ્યા-મોક્ષોપયોગિત્વે પ્રસિદ્ધ જ છે, તેથી આ શ્લોકમાં જ્ઞાનપ્રતિપાદક 'મુકુન્દ'પદ સાર્થક જ છે.

વ્યાખ્યાન-શરત્કાલસમ્બન્ધી આતપમાં સર્વદાછાયાભ્યાસયુક્ત વ્રજપશુના સર્વદા રક્ષક ગોપ છે, રામ અભિતઃ રતિવર્ધક છે, રામે અને ગોપે સહિત-યદ્વા ગોપદ્વારા-તેવા વ્રજપશુને સઙ્ગ-ચરાવતા સર્વસામગ્રીસહિત-દેવતાવેદસહિત ધર્મસહિત-'દેવતાવેદ' ઇત્યાદિએ સામગ્રીનું જ વિવરણ થયું, તદનુ વેણુને ઉદીરતા-નર્વે । આધિદૈવિકને ઉદ્દીપાવતા-પ્રભૂપરિ મેઘે છત્ર કર્યું, જ્યારે ભગવાન્ પ્રભુ સર્વ શક્તિએ સહ-જ્ઞાનક્રિયાધર્મસહિત-ક્રીડા કરે છે ત્યારે અવશ્ય છાયા અપેક્ષિતા છે તેથી પ્રેમે-ભગવત્સ્નેહે-સખ્યપર્યન્ત ગત તાદૃશ પ્રેમે-પ્રવૃદ્ધ મેઘે નિજ વપુએ સખાના ઉપરિ આતપત્ર-છત્ર-કર્યું, અત્ર 'પ્રવૃદ્ધમુદિત' પાઠ હોય તો 'પ્રવૃદ્ધ એવો મુદિત', અથવા 'પ્રેમ જે પ્રકારે પ્રવૃદ્ધ થાય તે પ્રકારે ઉદિત 'પ્રેમપ્રવૃદ્ધમુદિત' તે મેઘે છત્ર કર્યું એમ અર્થ કરવો, તેથી 'કુસુમાવલીએ'-સ્વક્ષ્મા સ્વકણિકાએ પદ પ્રયોજ્યું 'મેઘપુષ્પં ઘનરસઃ' ઇત્યાદિ કોશ અત્ર પ્રમાણ છે, પૂર્વે આ મેઘે સખ્યપર્યન્તા ભક્તિ કરી હતી, હવે આત્મનિવેદનભક્તિ પણ કરી, પ્રેમે જ પ્રવૃદ્ધ થયો, શ્રવણથી આરમ્ભીને સખ્યપર્યન્ત પ્રાપ્ત થયો, અથવા સ્નેહથી પુષ્ટ થઈ ગયો, કામરૂપી મેઘ યથાભિલષિતરૂપધારણ કરે છે તેથી પ્રકૃતમાં ભગવત્સ્નેહથી યથાભિલષિત રૂપ ધર્યું, જે રૂપે સર્વની છાયા થાય, 'પરન્તુ એમ કરતાં તો મેઘને પણ ક્લેશ થાય તેથી દુઃખે શું તેમ કર્યું?' આ શઙ્કાને 'મુદિત'પદે નિષેધે છે, યાવજ્જન્મ ભક્તિએ જ જે વર્ધે છે તે અન્તે કૃતાત્મનિવેદન થાય છે, લોકોપકારિત્વથી નીલત્વથી જીવનદાતૃત્વથી સખ્ય છે એમ કેટલાક ટીકાકાર-શુકદેવવીરરાઘવાદિ-વદે છે, સર્વસ્વનું પણ દાન કરી દીધું એમ જણાવવાને 'કુસુમાવલીએ સહ' એમ કથ્યું, આથી-'છાયાદિકરણ'કથનથી-જ સાક્ષાદ્ જ લક્ષ્મીએ સહ ભગવાનની ક્રીડા સૂચિતા કરી, કારણ કે છાયાદિકરણ અસાધારણ લક્ષ્મીચિહ્ન હોય એમ જણાય છે, ઉપષ્ટમ્ભાર્થે ગમકાન્તર પણ કથે છે કે અગ્રે તેથી પુલિન્દીકૃતા સ્તુતિ થશે, ગોપે ગોચારણ બલભદ્રે રક્ષા વેણુનાદે પ્રબોધન અને તદનન્તર રમણ થયું, શેષવત્ મેઘ પણ સખા છે, તેથી જેમ શેષ ભગવચ્છય્યા થાય છે તેમ તાદૃશ સમય મેઘે છાયાકરણસેવા કરી એ યુક્ત જ છે. ૧૬.

આભાસ-પુલિન્દીને-વનવાસી ક્ષુદ્રજાતીય પુલિન્દની પત્નીઓને-પણ ભગવત્સૌન્દર્યથી ભક્તિ થઈ એમ 'પૂર્ણાઃ પુલિન્દ્યઃ' શ્લોક કથે છે.

पूर्णाः पुलिन्द्य उरुगायपदाब्जरागश्रीकुङ्कुमेन दयितास्तनमण्डितेन ।
तद्दर्शनस्मररुजस्तृणरूषितेन लिम्पन्त्य आननकुचेषु जहुस्तदाधिम ॥१७॥

અક્ષરાર્થ-તદ્દર્શનસ્મરરુજ્ પુલિન્દીએ દયિતાસ્તનમણ્ડિત તૃણરૂષિત ઉરુગાયપદાબ્જરાગશ્રીકુઙ્કુમે આનનકુચ લીપીને તદાધિ ત્યજ્યે તે પૂર્ણા. ૧૭.

વ્યાખ્યાન-સર્વની અપેક્ષાએ પુલિન્દી જ પૂર્ણા છે, કારણ કે તેમને સાક્ષાદ્ ભગવચ્ચરણારવિન્દરજનો સમ્બન્ધ છે, 'તૃણેષુ રૂષિત' પક્ષમાં તે કુઙ્કુમ રજઃસંયુક્ત થાય છે, તાદૃશ કુઙ્કુમનું ગ્રહણ તેઓ કરે છે તેથી તેઓ સાક્ષાદ્રજઃ-સમ્બન્ધિની છે, સ્વોત્તમત્વભાવનાએ અમે તો તાદૃશ પણ કુઙ્કુમનું ગ્રહણ કરતાં નથી તેથી અમને સાક્ષાદ્રજઃસમ્બન્ધ નથી પૂર્વે વૃન્દાવનનું દેવકીસુતપદામ્બુજ'ત્વ પ્રસિદ્ધ કર્યું છે તાદૃશ દેવકીસુતપદામ્બુજવૃન્દાવનમાં આ પુલિન્દીજીની સતતસ્થિતિ છે તેથી સાક્ષાદ્રજઃસમ્બન્ધે તેઓ પૂર્ણા થઈ ગયાં, પૂર્ણતાનું સ્વરૂપ શ્લોકના અન્તમાં નિરૂપાશે, અમને તો આરાધને ફલ સિદ્ધ થયું તેથી સાધનાનુરૂપ જ ફલ પ્રાપ્ત થયું, તે તો અગ્રિમ અધ્યાયમાં 'યાતાબલાઃ' શ્લોકમાં કથશે, અલૌકિકદેહક્રમે સેવાફલોક્ત ફલત્રયની સમ્પત્તિ તો રજે જ થાય છે તેથી તે પુલિન્દી જ પૂર્ણા થયાં, ભગવાન્ 'ઉરુગાય' છે, ઉરુઓ એમનું ગાન કરે છે, તથા ભગવાન્ સર્વપ્રમાણે સિદ્ધ અને સર્વગુણે પૂર્ણ છે એમ 'ઉરુગાય'પદના અવાન્તર પદદ્વયનો અર્થ કથ્યો, તેવા સર્વપ્રમાણસિદ્ધ સર્વગુણપૂર્ણ 'ઉરુગાય' ભગવાનના પદાબ્જદ્વયમાં-ચરણારવિન્દદ્વયમાં-જે રાગ-અનુરાગ-તત્સહિતા શ્રી, મહાવિચારે શ્રીએ-લક્ષ્મીએ-ભગવાનનું વરણ કર્યું તેથી તચ્ચરણારવિન્દભક્તા જે લક્ષ્મી તે લક્ષ્મીનું કુઙ્કુમ, લક્ષ્મીએ જ નિષ્પાદિત દિવ્ય કુઙ્કુમ, અર્થાદ્ લક્ષ્મીએ જ ભગવચ્ચરણારવિન્દમાં દત્ત જે દિવ્ય કુઙ્કુમ તે કુઙ્કુમ પુનઃ બન્ધવિશેષમાં દયિતા લક્ષ્મીના-રસદાતૃત્વે પ્રિયાના-સ્તનમાં મણ્ડિત થયું, આ દયિતા લક્ષ્મીમાં દામ્પત્યસમ્બન્ધ નથી તેથી દયિતાત્વ રસદાતૃત્વે છે, યદ્વા લક્ષ્મીએ સ્વાલઙ્કારાર્થે જ નિર્માણ કરીને સ્વહૃદયમાં સ્થાપ્યું-લીપ્યું-તે કુઙ્કુમ, અથવા લક્ષ્મીએ આધિદૈવિકશક્તિના સ્તનમાં તે કુઙ્કુમનું મણ્ડન પણ કર્યું, શક્તિ પ્રતિ લક્ષ્મીએ પ્રસાદત્વે દત્ત કુઙ્કુમનું મણ્ડન પણ તે શક્તિઓના સ્તનમાં લક્ષ્મીએ જ કર્યું, તેથી આ પક્ષમાં 'લક્ષ્મીએ દયિતાના-તથા શક્તિના-સ્તનમાં મણ્ડિત કુઙ્કુમે

એમ મૂલનો અર્થ સિદ્ધ થયો, ત્યાંથી ચરણારવિન્દમાં સમાગત થયું–લક્ષ્મીના સ્તનથી વા શક્તિના સ્તનથી બન્ધવિશેષમાં ભગવચ્ચરણારવિન્દમાં તે કુંકુમ સમાગત થયું–આ જ પક્ષનો આશ્રય કરીને 'તૃણેષુ રૂષિતં' એમ કથાશે, આદ્ય પક્ષમાં તો લક્ષ્મીએ વા શક્તિએ સ્વસ્તનસ્થિત કુંકુમનું દાન પુલિન્દીને કર્યું અને તે કુંકુમ પુલિન્દીએ સ્વસ્તનમાં તૃણે લિપ્ત કર્યું એમ 'તૃણરૂષિત' પદનો અર્થ થાય છે, વા 'તૃણરૂષિત' પદનું અર્થાન્તર કથે છે કે તૃણે કરીને કુંકુમ જ મકરિકાપત્રવદ્ રૂષિત થયું ત્યારે તે કુંકુમે સહિત ભગવદ્ધસ્તસ્થિત તૃણ ભૂમિમાં પડ્યું, આ પક્ષમાં 'ભગવાને દયિતા લક્ષ્મીના વા શક્તિના સ્તનમાં મણ્ડિત કુંકુમે' એમ અર્થ થાય છે, અથવા ચરણારવિન્દમાંથી તૃણમાં જ રૂષિત–સંલગ્ન–જે કુંકુમ તાદૃશ કુંકુમના દર્શને-લક્ષ્મીએ વા શક્તિએ સહ ભગવત્સમ્ભોગદર્શને–થઈ છે સ્મરકૃતા રુજા જેમને એવાં 'તદ્દર્શનસ્મરરુજ઼'પુલિન્દીજીએ તદા રુજાશાન્ત્યર્થ આનનકુચમાં કુંકુમે લેપ કર્યો, તે લેપ કરતાં જ તેમણે તે પીડા ત્યજી, 'કુંકુમે કુચોપરિ લેપ કરતાં પુલિન્દીજી'એમ વક્તવ્ય છે તથાપિ કોઇ પણ અવયવમાં તલ્લિમ્પન આધિત્યાગહેતુ હોવાથી કુચના ઈપ્સિતતમત્વાભાવથી 'કુચેષુ' એમ સપ્તમ્યન્ત જ પદ કથ્યું, આનનકુચમાં સ્વાત્માને લિમ્પન કરતાં પુલિન્દીજીએ આધિને ત્યજ્યો, મુખમાં અને સ્તનમાં તે કુંકુમનું ધારણ કરીને જયારે પુલિન્દી પણ ઉપસ્થિતા થયાં ત્યારે તત્કુંકુમદ્વારા લક્ષ્મીના વેશથી–આવેશથી–તેમનો પણ ઉપભોગ સિદ્ધ થયો, પુલિન્દીજીમાં લક્ષ્મીના આવેશથી પુલિન્દીજીનો પણ ઉપભોગ સિદ્ધ થયો, આ કુંકુમ લક્ષ્મીનો અસાધારણ ધર્મ હોવાથી આ કુંકુમના લેપે જ લક્ષ્મ્યાવેશ થતાં અયોગોલકન્યાયે શ્રીપુલિન્દીજીનું લક્ષ્મીત્વ જ સમ્પન્ન થયું તેથી તેમનો ઉપભોગ સિદ્ધ થયો, અને ઉપભોગથી જ તેમણે આધિ ત્યજ્યો, અત્ર શ્રીપુલિન્દીજીએ સહ ભગવાનના રમણમાં 'જહુસ્તદાધિં' વાક્યે આધિત્યાગનું કથન કર્યું તેથી લક્ષ્મીના પ્રવેશથી પુલિન્દીજીનો પણ ઉપભોગ પ્રભુએ કર્યો એમ જણાય છે, અન્યથા લક્ષ્મીસમ્બન્ધિ કુંકુમના આનને અને કુચે સહ સમ્પર્કે કામાધિનો જ સમ્ભવ થાય–નહિ કે પીડાનિવૃત્તિનો–તેથી પીડાનિવૃત્તિનું કથન જ મૂલમાં કરત નહિ પરન્તુ 'જહુસ્તદાધિં' પદે આધિત્યાગનું કથન તો કર્યું જ છે તેથી તત્પદોક્ત આધિત્યાગકથનના અન્યથાનુપપત્તિએ તેમની સાથે રમણ થયું જ એમ જાણવું, કારણ કે રમણ જ કામાધિનિવર્તક છે, લક્ષ્મ્યાવિષ્ટા શ્રીપુલિન્દીજીનો ઉપભોગ સિદ્ધ થયો અને તેમના આધિનો પણ ત્યાગ થયો. તેથી તે પુલિન્દી જ પૂર્ણા. રજે યોગ્યતા સિદ્ધા થતાં કુંકુમધારણે લક્ષ્મ્યાવેશ પ્રાપ્ત થતાં ઉપભોગે તેમનો આધિ નિવૃત્ત થઈ ગયો તેથી તે જ પૂર્ણા, અમને તો આધિ રહ્યો જ, આ અલૌકિકી ભગવત્કથા છે–કારણ કે 'ઉરુગાય'પદનો પ્રયોગ કર્યો છે–તેથી તેમણે પણ ભગવાનનું શ્રવણ કર્યું જણાય છે, અગ્રિમ શ્લોકમાં આ કથાના અલૌકિકત્વનું સૂચન છે તેથી ઉત્થાપનભોગસામયિકી આ કથા છે, તે સમયે તેમને તાદૃશ કુંકુમ પ્રાપ્ત થયું અને લક્ષ્મ્યાગમન સતે શ્રીપુલિન્દીજીનું રમણ પણ થયું, આ રમણકથા લક્ષ્મીને અજ્ઞાતા છે, પુલિન્દીજીએ ભગવાનનું શ્રવણ કર્યું–અર્થાત્ તાવત્પર્યન્ત 'ઉરુ' જે લક્ષ્મીસખા તેમણે ગાન કર્યું–પુલિન્દીએ સહ ભગવત્કથા કરી–તેથી પુલિન્દીજીને પણ ભગવાનનું શ્રવણ સિદ્ધ થયું, વનગમને જ આ સર્વ સિદ્ધ થાય અને અમારે તો વનગમન સમ્ભવ નહિ તેથી અમારે તો અપૂર્ણતા જ રહી અને તેથી વસ્તુત: તો મન:પીડારૂપ જ કામ રહ્યો, કામ આધિજનક છે–પીડાનિરૂપક કામ આધિજનક છે–એમ કામનું આધિજનકત્વ સિદ્ધ કર્યું, 'આપનામાં આન્તર ભગવત્પ્રાકટ્ય છે તથાપિ અપૂર્ણત્વ કેમ કથો છો?' એ શઙ્કાનો પરિહાર કરે છે કે અમારો તો કામ એતન્નિવર્તક–આધિનિવર્તક–નથી પ્રત્યુત તદુદ્બોધક જ છે, અમારો તો કામ મન:પીડારૂપ જ રહ્યો, 'ગોપિકાનો પણ કામ ભગવદ્વિષયક હોવાથી તેઓ પણ ધન્યા જ છે ત્યારે શ્રીપુલિન્દીજી પૂર્ણા છે એમ તેઓ કેમ સ્તવે છે?'એમ શઙ્કા થાય તો તેનો પરિહાર એમ છે કે કામ કાંઇ ધન્યાત્વમાં હેતુ નથી, કારણ કે સંયોગના અભાવમાં કામ તો દુ:ખદ પણ હોય છે, તેથી અમારું ધન્યાત્વ નથી પરન્તુ ધન્યાત્વ તો શ્રીપુલિન્દીજીનું જ છે, એમના એ જ આશયને સ્ફુટ કથે છે કે કામ તો વસ્તુતઃ મન:પીડારૂપ છે, વિયોગાવસ્થામાં ભગવદ્વિષયક કામ પ્રભુપીડાને જ ઉત્પાદે છે તેથી અમને તો કેવલ દુ:ખાનુભવ છે અને તેથી અમે ધન્યા નથી ક્ષુધા સુખહેતુ નથી પરન્તુ ક્ષુધા હોઈને અન્નભોગ જેમ સુખકર છે તેમ **ભગવદ્વિષયક કામ હોઇને સુખકર ભગવદ્ભોગ જેમને છે તેવાં શ્રીપુલિન્દીજી જ ધન્યા છે.** ૧૭.

યદ્વા ભગવન્મનોભિલષિતા દ્વિરસપૂર્તિ શ્રીગોપીજનને નથી તેથી અપૂર્ણત્વ માનતાં તેઓ 'પૂર્ણાઃ' શ્લોકે

સ્વતન્ત્ર। પુલિન્દીમાં પૂર્ણતા કથે છે કે પુલિન્દી જ પૂર્ણા છે, પુલિન્દી પૂર્ણા સતે તદાધિને–ભગવદાધિને–ત્યાજ્યો, અત્ર 'જહુઃ'ક્રિયામાં અન્તર્ભાવિતણ્યર્થત્વ જાણવું, અર્થાત્ પૂર્ણા પુલિન્દીએ ભગવાનના આધિનો ત્યાગ કરાવ્યો, ભગવાન્ 'ઉરુગાય' હોવાથી ઉરુઓ પણ જે ભગવાનનું ગાનમાત્ર જ કરે છે–ઉપભોગ કરી શકતા નથી–

એવા ઉરુગાય ભગવાનના પદાબ્જદ્વયમાં રાગે-અનુરાગે-લક્ષ્મીએ સમ્પાદિત કુંકુમે આનનકુચમાં લેપ કરતાં પુલિન્દીજી જ પૂર્ણા, 'કુંકુમલેપે તાદગ્ભાવોત્પત્તિ કયે પ્રકારે?' એમ શઙ્કા થાય તો કથે છે કે 'દયિતાસ્તનમણ્ડિતેન,' દયિતાના-અત્યન્ત પ્રિયાના-વિરહસામયિક ઉત્કટ તાપની નિવૃત્તિને અનુભવતા પ્રિયે રસપરવશત્વે સ્થાપિત જે પદદ્વય તેના સ્પર્શનો સાત્ત્વિકભાવ જે સ્વેદ તે સ્વેદે યુક્ત સ્તનમાં મણ્ડિત કુંકુમ, 'તત્રત્ય કુંકુમપ્રાપ્તિ તેમને અસમ્ભાવિત છે' એમ શઙ્કા થાય તો 'તૃણરૂષિત" પદે પરિહરે છે કે દયિતાસ્તનસમ્બન્ધિત્વે ચરણદ્વયમાં સાત્ત્વિકભાવે તૃણમાં નિરૂષિત, અને તેથી જ તત્સજાતીય કુંકુમલિમ્પને તત્સજાતીયભાવોત્પત્ત્યર્થ સ્વસ્વરૂપનું પ્રદર્શન ભગવાને કરાવ્યું, 'તદ્દર્શન' ઇત્યાદિએ તે જ કથે છે, તે ભગવાનનું જે દર્શન તે દર્શને થઈ છે સ્મરરુજ્ જેમને એવાં શ્રીપુલિન્દીજી, 'એમને તાદગ્ભાવોત્પત્તિ થઈ તેથી તાદગ્ ભાવનું દાન ભગવાને તેમને કર્યું એમ જ કથવું ઉચિતતર હતું ભગવદાધિહરણકથન તો ઉચિત નથી' એમ પણ શઙ્કા ન કરવી, સ્વદર્શનજનિતરિરંસાભરવશતાપક્લિષ્ટના દર્શને ભગવાનને પણ તાપ થાય એ ઉચિતતર છે, અન્યથા 'યે યથા માં' પ્રતિજ્ઞાની હાનિ જ થાય, 'આભાસમાં એતદ્વિષયક પુલિન્દીજીનું ભગવાને કરીને આધિહારકત્વ સ્ફુટ જ સ્પષ્ટીકૃત છે તેથી વ્યાપ્તિમાં 'નનુ ભગવતિ' ઇત્યાદિ પૂર્વપક્ષ પ્રાપ્તાવસર નથી અને સમાહિતિમાં પણ પુલિન્દીનું સ્વતાપજન્યભગવત્તાપહારકત્વ કથ્યું એમ આભાસવિરોધ પ્રાપ્ત થાય' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર આ પ્રકારે છે, એતદ્વિષયક ભગવદાધિહારકત્વ યાદશતાદશને નથી પરન્તુ ભગવદ્દર્શનજનિતરિરંસાભરતાપક્લેશદર્શનજન્યભગવદાધિપ્રયોજિકાને જ છે, તેથી પુલિન્દીજીને તાદશત્વનો અભાવ હોવાથી ભગવદાધિત્યાજકત્વ કયે પ્રકારે? એમ પૂર્વપક્ષનો આશય છે અને ભગવદ્દર્શનજનિતરિરંસાદિજન્યભગવદાધિપ્રયોજકશ્રીપુલિન્દીજી ભગવત્તાપહારક છે એમ સમાધાનનો આશય છે, તેથી પૂર્વોક્ત આધિહારકત્વયોગ્યતાનિરૂપક આ અગ્રિમ ગ્રન્થ છે, વસ્તુતઃ તો તદ્વિષયક જ પણ આધિ એતદ્વિષયક જ છે-કારણ કે લક્ષ્મીપ્રવેશાનન્તર જ રમણ થયું છે-તેથી પૂર્ણાત્વમાનન યુક્ત જ છે. ૧૭.

આભાસ—નિર્ગુણ ગોપીજન 'હન્ત' ઇત્યાદિ કથે છે.

हन्तायमद्रिरबला हरिदासवर्यो यद् रामकृष्णचरणस्पर्शप्रमोदः।
मानं तनोति सहगोगणयोस्तयोर्यत् पानीयसुयवसकन्दरकन्दमूलैः ॥१८॥

અક્ષરાર્થ-હન્ત ! અબલા ! રામકૃષ્ણચરણસ્પર્શપ્રમોદ આ અદ્રિ ગોગણે સહ તેમનો આદર પાનીયસુયવસકન્દરકન્દમૂલે વિસ્તારે છે તેથી હરિદાસવર્ય છે. ૧૮.

વ્યાખ્યાન-શ્રીપુલિન્દીજી કયે પ્રકારે એવાં થયાં ?" એમ આશઙ્કા થાય તો ભગવદ્ભક્તના સઙ્ગથી તે એવાં થયાં એમ કથવાને ગોવર્ધનનું ભગવદ્ભક્તત્વ 'હન્ત' ઇત્યાદિએ કથે છે, પર્વતપ્રેરણાએ કન્દમૂલસમાનયનમાં કુંકુમપ્રાપ્તિ તેમને થઈ ગઈ, 'હન્ત'પદ ખેદવાચક છે, જો અમે પણ ગોવર્ધનમાં સ્થિતા હોઈએ તો અમને પણ ત્યક્તાધિત્વ તે પ્રકારે થાય પરન્તુ અમને તેમ નથી તેથી ખેદ થાય છે, આ અદ્રિ-ગોવર્ધન-હરિદાસવર્ય હોવાથી પર્વતોમાં શ્રેષ્ઠ છે કારણ કે રામકૃષ્ણના ચરણારવિન્દના સ્પર્શમાં એને પ્ર-પ્રકૃષ્ટ-મોદ થાય છે, ભગવદીયમાં તે જ શ્રેષ્ઠ જે ભક્તિમાર્ગના સ્પર્શમાં પણ આનન્દયુક્ત થાય છે, કિઞ્ચ આ ગિરિરાજ સાત્ત્વિક વા ગુણાતીત જ છે, કારણ કે તે નિર્ધન છે તથાપિ સહગોગણ રામકૃષ્ણનું સમ્માન કરે છે, દાસ તો માનનો જ વિસ્તાર કરે, ત્યારે જ દાસત્વ સિદ્ધ થાય છે, પરન્તુ તેથી દાસમાં વર્યત્વ કાંઇ સિદ્ધ થાય નહિ તેથી 'નિર્ધનઃ અથાપિ'એમ વ્યાખ્યાન કર્યું, યદ્યપિ વ્રજ સમૃદ્ધિમાન્ છે તથાપિ આ ગિરિરાજજી તો ગુણાતીત છે તેથી નિર્ધન છે, તેવા નિર્ધને તો [illegible]નીય-કન્દાદિક સ્વાર્થે જ સઙ્ગ્રાહ્ય છે તથાપિ ભગવાનને તે સમર્પી દે છે તેથી 'હરિદાસવર્ય' છે, અત્ર ગોએ અને દેવરૂપ બાલકગણે સહિત રામકૃષ્ણનું આતિથ્ય પાનીય સુયવસ કન્દર અને કન્દમૂલ એમ પદાર્થચતુષ્ટયે કરે છે, પાનીય અને સુયવસ ગોના વિનિયોગાર્થ છે કન્દરા સ્થાન છે અને કન્દમૂલ ભક્ષ્ય છે, કારણ કે 'તૃણાનિ ભૂમિરુદક' વાક્યમાં ગૃહસ્થના ગૃહમાં આ ચતુષ્ટયનો ઉચ્છેદ થતો નથી' એમ કથ્યું છે, તેથી અત્ર પણ તચ્ચતુષ્ટય-સમ્પત્તિ કથી, તત્ર કોમલદૂર્વા ગોના ભક્ષણાર્થે અને અન્યના આસ્તરણાર્થે ઉપયુક્તા છે, અત્ર કન્દરા જ ભૂમિ છે, 'કન્દરા'શબ્દના પ્રયોગથી જણાય છે કે પ્રાયેણ અધુના તત્ર વૃષ્ટિ થાય છે, તેથી રામકૃષ્ણ શ્રીગિરિરાજની કન્દરામાં ગોગણે સહિત વિરાજમાન થઈ ગયા છે, વાણીને સ્થાને અત્ર કન્દમૂલ છે, કારણ કે કાંઇ પણ ન હોય ત્યારે સર્વના જ અભાવે વાણીની ગણના છે, ભક્તમાં સન્તોષ અધિક છે, 'નિર્ધનત્વે તે યદ્યપિ સર્વ સમર્પે છે તથાપિ તેથી તો ધર્મિષ્ઠત્વ જ સિદ્ધ થાય-નહિ કે દાસત્વ પણ સિદ્ધ થાય-' એમ આશઙ્કીને 'પાનીયસુયવસ-

કન્દરકન્દમૂલૈઃ' આદિ વિશેષણોના સાહિત્યે દાસત્વ સિદ્ધ થાય છે એમ 'સન્તોષઃ' ઇત્યાદિએ કથ્યું, 'અબલાઃ' સમ્બોધનથી આપણુ સર્વનું તત્ર ગમનમાં સામર્થ્ય નથી એમ કથ્યું, કન્દ ભર્જનસાપેક્ષ છે અને મૂલ તો એમનેએમ જ ભક્ષ્ય છે, એક જ રસ સમર્પ્યો નથી તેથી કન્દનું અને મૂલનું કથન કર્યું, અથવા અત્ર એક અન્ન અને અપર વ્યઞ્જન એમ અન્નવ્યઞ્જનભાવાર્થે કન્દનું અને મૂલનું કથન કર્યું અને તત્ર પણ અવાન્તર ભેદ બહુ છે તેથી બહુવચન પ્રયોજ્યું, કન્દમૂલમાં પણ અવાન્તરભેદ બહુ છે તેથી સર્વનો સઙ્ગ્રહ કરવાને કન્દ' પદ અને 'મૂલ' પદ એ ઉભય પદમાં 'કન્દાનિ'અને 'મૂલાનિ' એમ બહુવચને સમાસનો વિગ્રહ કરવો, અર્થાદ્ અત્ર સમસ્તપદગત જ બહુવચન નથી પરન્તુ કન્દ અને મૂલ ઉભયે બહુ છે એમ બહુવચનનો અભિપ્રાય કથ્યો, પરન્તુ લૌકિક વિગ્રહમાં તો 'કન્દમૂલ'પદના બહુવચનાન્તત્વે વિવક્ષિત અર્થની સિદ્ધિ થાય છે એમ જણાવ્યું તેથી નાનાપ્રકારક કન્દમૂલનું સમર્પણ હરિદાસવર્ય કરે છે એમ સિદ્ધ થયું, આથી અબલામાં આક્રોશનું પણ પ્રદર્શન કર્યું, આપણે તો નવનીતાદિના ભગવત્કર્તૃક ભક્ષણમાં પણ વિમનસ્કા થઈએ છીએ તેથી આપણું અપૂર્ણત્વ યુક્ત જ છે, પૂર્વોક્તા જ આ પુલિન્દી છે તેથી પર્વતપ્રેરણાએ તેઓ કન્દમૂલાદિકનું સમાનયન કરે છે એમ જણાય છે, ગોવર્ધન કામરૂપ છે એમ અગ્રે કથાશે, તેથી કોઇક સ્વરૂપે શ્રીગોવર્ધનદર્શન આ પુલિન્દીને થાય છે અને તે સ્વરૂપે શ્રીપુલિન્દીજીને તે પ્રેરે છે. ૧૮.

તથાપિ 'અમે સજાતીયા યોગ્યા છીએ તે અમને ત્યજીને શ્રીગિરિરાજની ઉપર અને શ્રીપુલિન્દીજીની

આભાસ। ઉપર કૃપા-અસ્મન્નિષ્ઠ રસ પરિત્યજીને તન્નિષ્ઠ કન્દાદિભોગ-કેમ ?' એમ આશઙ્કીને 'ગા ગોપકૈઃ' ઇત્યાદ શ્લોકે પરિહાર કથે છે.

गा गोपकैरनुवनं नयतोरुदारवेणुस्वनैः कलपदैस्तनुभृत्सु सख्यः।
अस्पन्दनं गतिमतां पुलकस्तरूणां निर्योगपाशकृतलक्षणयोर्विचित्रम् ॥ १९ ॥

અક્ષરાર્થ-સખિ ! ઉદારવેણુસ્વનકલપદે ગોપકે અનુવન ગોના નયનકર્તાનું નિર્યોગપાશકૃતલક્ષણનું ગતિમાન્માં અસ્પન્દન અને તરુમાં પુલક તનુભૃત્માં વિચિત્ર છે. ૧૯.

વ્યાખ્યાન-ભગવચ્ચરિત્ર વિપરીત છે, પ્રમેયમર્યાદાનાશક છે, ભગવાન્ સાક્ષાત્ કાંઇ પણ કરતા નથી તથાપિ સાક્ષિમાત્રે જ જેમ ગતિમાન્નું અસ્પન્દન અને તરુનો પુલક--રોમાઞ્ચ-થાય છે-તેથી યત્ર ગોવર્ધનમાં પુલિન્દીજીમાં તો સાક્ષાત્કૃતિ છે તત્ર વૈપરીત્યમાં કથવું જ શું ! એમ કૈમુત્યપુરઃસર દૃષ્ટાન્ત જાણવો-તેમ અમે જે યોગ્યા તે અમારું અયોગ્યાત્વ અને અયોગ્યા જે પુલિન્દીજી તેમનું યોગ્યાત્વ થાય છે.તત્ર વિપરીતસમ્પાદનમાં હેતુત્રય છે, ગોપે સહ ગોનું અનુનયન કરે છે એ એક હેતુ છે, વેણુસ્વન એ દ્વિતીય હેતુ છે, અને કલ છે પદ યત્ર એમ 'કલપદ' વિશેષણ વા 'કલપદ' ચરણ તૃતીય હેતુ છે, ગોનું વનમાં નયન જ્ઞાનજનનદ્વારા પરમ્પરાએ પુલકમાં હેતુ છે વેણુસ્વન સાક્ષાદ્ હેતુ છે અને વેણુનિષ્ઠ કલપદ અથવા કલપદ ભગવચ્ચરણ ગતિમાનના અસ્પન્દમાં હેતુ છે એમ વિભાગ જાણવો, 'ચરણૌ'પક્ષમાં કલપદ 'અર્શઆદ્યચ્' માનવું, કલશિઞ્જિત નૂપુરવત્ત્વથી પદનું કલત્વ અગ્રે સ્પષ્ટ કરશે, ગોનું નયન પ્રતિવન કરે છે તેથી સર્વ જ વનની શુદ્ધિ સમ્પન્ના થાય છે અને તેથી એતદીયા શુદ્ધ અને ધર્મ તત્ર જાય છે, વનના નિર્દુષ્ટત્વમાં હેતુ કથે છે કે ગોના અને ગોપના સમ્બન્ધે તન્નિષ્ઠા શુદ્ધિ અને ધર્મ વનમાં ગમન કરે છે ત્યારે વન નિર્દુષ્ટ થઈ જાય છે, અત્ર 'શુદ્ધિ'પદે અશુદ્ધિની નિવૃત્તિ કથી, વસ્તુતઃ તો વસ્તુતત્ત્વના અજ્ઞાનહેતુભૂત તરુત્વસ્વભાવ અત્ર 'અશુદ્ધિ' પદનો અર્થ વિવક્ષિત છે, પૂર્વે 'કૃષ્ણમુખનિર્ગત'શ્લોકે પશુત્વ સતે પણ તેને ઉલ્લઙ્ઘીને એતદ્રસાનુભાવિકા સામગ્રી કથી હતી તેથી ગો તત્ફલવતી છે અને તે ગોનો સમ્બન્ધ સતે વનને પણ તરુત્વાદિસ્વભાવોલ્લઙ્ઘનપૂર્વકરસપ્રાપ્તિ થાય છે, ગોપમાં જે રસિકત્વ સ્પષ્ટ છે તે રસિકત્વ જ 'ધર્મ' પદે કથ્યું, આ સર્વ આશયે 'એતદીયા શુદ્ધિર્ધર્મશ્ચ તત્ર ગચ્છતઃ' એમ કથ્યું, ગોમાં 'તસ્થુઃ'પદે ક્રિયાનિવૃત્તિ પણ કથી હતી તેથી અત્ર વનમાં પણ ગોના સમ્બન્ધથી તેમ જ ક્રિયાનિવૃત્તિ જાણવી,તે ક્રિયાનિવૃત્તિ'અદ્રિસાનુ'ઇત્યાદિએ વૃન્દાવનમાં જ કથી હતી તેથી 'અસ્પન્દનં ગતિમતાં' પદે સર્વ વનમાં તે ક્રિયાનિવૃત્તિ-નિવૃત્તિક્રિયા-ગોના જ સમ્બન્ધથી કથી, તતઃ ઉદાર જે વેણુસ્વન અથવા ઉદાર જ વેણુ તેથી વેણુભુક્ત શેષનો ભોગ તે તરુઓ કરે છે, અને તેથી તેમનો પુલક ઉચિત જ છે, વેણુભુક્તશેષભોગથી પુષ્પમધુધારારૂપ પુલક થાય છે અને વેણુના અને સ્વનના ઔદાર્યકથને વસ્તુસ્વભાવજન્ય આ નાદકાર્ય પ્રાસઙ્ગિક છે-ભગવાને કાંઇ આન જ ઉદ્દેશીને નાદ કર્યો નથી-એમ જણાવ્યું, પ્રાસઙ્ગિકકાર્યકથન યત્ર તરુનાં

ઐતાદૃશ્ય થયું તત્ર એતજ્ઞાદવિષયશ્રીસ્વામિનીજીમાં તો કથવું જ શું એમ જણાય છે, કુલવધૂત્વ અને તેમનો પણ પુલક વૈપરીત્યનો જ પોષક છે એમ જણાવ્યું, વેણુનિષ્ઠ કલપદના શ્ર અસ્પન્દન સર્વાનુભવસિદ્ધ જ છે તેથી તે નહિ કથીને ભગવચ્ચરણનું હેતુત્વ સાધે છે કે પરન્તુ ... સમાગત સતે જે ગતિમાન્ છે તેઓ સર્વ જ મનઃપૂર્વક સ્વામૃતદાનાર્થે અને તત્ર વિઘ્નાભાવાર્થે . કરે છે, શબ્દશઙ્કાએ ચલન પણ કરતા નથી, તેથી ચલનાભાવહેતુથી ચલનાભાવસિદ્ધ્યર્થે જ ભગવાનનાં ... અવ્યક્તમધુર–થાય છે, કારણ કે મન્દમન્દ ગમન કરે છે, આ દોહકાલ છે, 'સખ્યઃ'સમ્બોધન તત્રગતઃ દર્શનસમ્મત્યર્થ છે, તેથી તનુભૃત્ સ્થાવરજઙ્ગમમાં ચિત્ર વૈચિત્ર્ય થાય છે તે અવસ્થાને–કલચરણાવસ્થાં ગતિમાન્ની અસ્પન્દજનિકાવસ્થાને–'નિર્યોગપાશકૃતલક્ષણયોઃ'પદે જણાવે છે, નિતરાં છે ગોવત્સનો યોગ જેણે–એ પાશ તે 'નિર્યોગપાશ', નિદાનમાં–પાશમાં–તદુભયે કર્યું છે લક્ષણ જેમનું એવા રામકૃષ્ણનું, હસ્તમાં તદુભયગ્રહણ-પાદનું યોજન–કર્યું તેથી સર્વ જ ગોપિકાદિ જઙ્ગમને ભીતિ થઈ કે રામકૃષ્ણ અમને પણ એમ જ બદ્ધ ક: ત્યારે રામકૃષ્ણના પ્રયાસલક્ષણક ભયે યુક્ત તેઓ અસ્પન્દપૂર્વક રસ સમર્પશે, ગોનિષ્ઠરસગ્રહણાર્થે બન્ધનાદિ પ્રયાસ... તેમ અમારે વિષે પ્રયાસ મા કરો એવા આશયે પ્રભુપ્રયાસથી ભીતા ગોપિકાદિ સ્વતઃ જ સમર્પણ કરી દે છે. ત વિશેષ કથે છે કે સ્થાવરોમાં તો ભયથી સ્વતઃ જ મધુધારા થાય છે, જઙ્ગમને તો અસ્પન્દન પ્રતિબન્ધાભાવમાત્ર છે રસપ્રાકટ્ય તો ભગવદુદ્યમે જ થાય છે, પરન્તુ જયારે ભગવાન્ વનમાં પધારે છે ત્યારે સ્થાવર તો પ્રભુપ્રયાસભયથી સ્વતઃ–ભગવદુદ્યમ વિના–જ મધુધાર થાય છે, આ શ્લોકમાં અન્વય આ પ્રકારે કરવો, ગોનું નયન કરતા રામકૃષ્ણના વેણુસ્વનથી તરુનો પુલક થાય છે અને નિર્યોગપાશકૃતલક્ષણ રામકૃષ્ણના કલપદે ગતિમાન્નું અસ્પન્દન થાય છે તનુભૃદ્માં આ વિચિત્ર થાય છે, વેણુનિષ્ઠ 'કલપદ'પક્ષમાં 'વેણુસ્વનૈઃ' પદની આવૃત્તિ અથવા વિશેષણે જ વિશેષ્યલાભ જાણવો.

દ્વિતીય વ્યાખ્યાન–અથવા અત્ર વિવક્ષિતા લીલાનું નિરૂપણ ગુપ્તત્વે કરે છે, ગોપના દ્વારા અથવા ગોપે સહ વનમાં ગોના નિવેશને પ્રિયનો વ્યાસઙ્ગાભાવ સૂચિત કર્યો, તદનન્તર સ્વચ્છન્દરમણાર્થે તાદૃગ્ભક્તાગમનાર્થે વેણુસ્વન કર્યો, દૂરસ્થ ભક્તના આગમનાર્થે પ્રથમ તારસ્વર તદનન્તર નિર્ગત ભક્તને પ્રિયસ્થિતિસ્થાનજ્ઞાપક મધ્યસ્વર તદનન્તર નિકટસમાગત ભક્તાર્થે મન્દ્રસ્વર વેણુસ્વન કર્યો, તત્તદ્ભક્તનાં નામગ્રહણે પણ સ્વનમાં બહુત્વ છે, અન્યને જ્ઞાન ન થાય તેથી તે અવ્યક્ત છે, અને સ્વનામત્વે જ્ઞાપન કરે છે તેથી તે મધુર છે, તેથી કલ–અવ્યક્તમધુર–છે નામરૂપ પદ યત્ર તાદૃશ 'કલપદ' સ્વને ગતિમાન્નું અસ્પન્દન તેમ જ તરુનો પુલક ચિત્ર છે, આ આગમન દિવસે છે, અને સર્વસમક્ષ તે–દિવસે આગમન અશક્ય છે તથાપિ વેણુસ્વને સર્વના તથાત્વે–અજ્ઞત્વે–નિષ્પ્રત્યૂહ આગમન થાય છે, ઉક્ત વેણુસ્વને ઉક્ત ભક્તાનું તનુભૃત સતે ઉક્ત સ્વને અસ્પન્દનાદિક ચિત્ર છે, 'ઉદારવેણુસ્વનૈઃ' અને 'કલપદૈ.' પદની આવૃત્તિએ પણ પદસમ્બન્ધ જાણવો, પ્રિયસઙ્ગમાભાવદશામાં તનુનું અનુસન્ધાન ન હોવાથી કલપદે–વેણુસ્વને–જ તેનું–તનુનું–અનુસન્ધાન થાય છે તેથી તનુભૃદ્ ભક્તોમાં જેતથાત્વ–તનુભૃત્ત્વ–છે તે કલપદે જ છે, સ્વગોષ્ઠીમાં સર્વા જ એતાદૃશી છે તેથી ઉક્તાર્થસમ્મત્યર્થ 'સખ્યઃ'સમ્બોધન છે, ઉદાર તો પાત્રાપાત્રવિવેકરાહિત્યે દાન કરે છે અને અલ્પમાં પણ બહુદાન કરે છે તેથી સ્થાવરને પણ દાન થયું તેથી–વસ્તુસામર્થ્યથી સ્થાવરનું તત્ત્વ–પુલકવત્ત્વ–યુક્ત છે તેથી–પુલકત્વ યોગ્ય હોવાથી–તરુનું રસોપયોગિપુષ્પમધુધારાવત્ત્વ છે, ગોના વનનિવેશનકથનથી આ ચરિત્ર દિવસસમ્બન્ધિ છે એમ કથ્યું, તતઃ આગમનાનન્તર 'નિર્યોગ' ઇત્યાદિએ સન્ધ્યાસમ્બન્ધિ ચરિત્ર નિરૂપે છે, 'લક્ષણ'પદે ગોદોહનાનુરૂપ તત્સામયિક સર્વ પણ વેષનું કથન કર્યું, એતાદૃશ રામકૃષ્ણના–અર્થાદ્ દર્શને જ–ઉક્તકાર્યદ્વય પૂર્વથી પણ વિશિષ્ટ ચિત્ર છે, ઔદાર્યે ઉક્તરીતિએ વેણુનાદે પણ તેમનું તથાત્વ–ગતિમાન્નું અસ્પન્દન અને તરુનો પુલક–યદ્યપિ ચિત્ર છે તથાપિ પરનિષ્ઠ રસનું ગ્રહણ કરવાને ઉદ્યત રામકૃષ્ણના દર્શને તેમનું તથાત્વ તેથી પણ વિશિષ્ટ છે, કારણ કે સ્વાભાવિક પણ જ્ઞાનનું તિરોધાન સમ્ભવે છે, તેથી જ 'વિચિત્ર'માં 'વિ'ઉપસર્ગ કથ્યો, વેણુત્વે બ્રહ્માનન્દના તુચ્છકરણથી તનુરહિત મુક્તને પણ તે દાન કરે છે એમ જણાય છે, પરન્તુ તે મુક્ત તો તનુરહિત છે તેથી તેમને વિષે ઉક્તકાર્ય સમ્ભવતું નથી એમ 'વેણુ'પદ અને 'તનુભૃત્' પદના સમભિવ્યાહારથી જણાય છે, ગોનિષ્ઠ ભોગ્યરસનું ગ્રહણ કરવાને ઉદ્યત પ્રભુને દેખીને 'ગોમાંથી સ્વપ્રયત્નપૂર્વક રસનું ગ્રહણ કરે છે અને અમે તો પ્રભુપ્રયત્ન વિના જ સ્વયમેવ સ્વનિષ્ઠરસને સમર્પીશું' એમ વિચારીને તેમ કરે છે, તે આ પ્રકારે, પ્રથમ તરુમાં રૂપજ્ઞાન ચિત્ર છે, 'નિરીક્ષ્ય રૂપં યદ્ ગોદ્વિજદ્રુમમૃગા' વાક્યથી તરુને રૂપજ્ઞાન છે એમ માનવું, અને દોહનસમયે તે રૂપજ્ઞાન કલપદામૃતવેણુગીતભાવથી

૧૬મહિમાએ-મહત્ત્વે-નિર્યોગપાશાદિએ-જ, આથી સ્વરૂપસમ્બન્ધિ સર્વ-નિર્યોગપાશાદિક મેયમર્યાદાનાશક-અને સ્વરૂપાનન્દદાયક છે એમ ચિત્ર છે એમ જણાવ્યું, 'નિર્યોગ' ઇત્યાદિનો ... તત્ર રૂપજ્ઞાનમાં પણ રસવાન્માંથી રસજિધૃક્ષા પ્રભુને થઈ એમ પ્રભુના મનોધર્મનું જ્ઞાન છે, એમ-તાદૃશમનોધર્મજ્ઞાન-સતે પ્રભુને રસવાન્ની અપેક્ષા છે એ જ્ઞાને સ્વયં પણ રસવતી હોવાથી ...ગજ્ઞાને પણ પ્રમુદિતા સ્વનિષ્ઠરસને પ્રકટ કરે છે એમ જણાય છે, તેથી અન્તઃપૂર્ણ રસના ...સ્થ'નાભાવે પ્રતિરોમકૂપ બહિર્નિસ્સારણે રોમને પણ તથાત્વ-બહિઃપુલક-થાય છે અને તે બહિઃપુલક-જ ...યવયત મધુધારા અને પુષ્પફલ એમ જાણવું.

તૃતીય વ્યાખ્યાન-અથવા ગોપદ્વારા વા ગોપે સહિત ગોનું અનુનયનકર્તા નિર્યોગપાશકૃતલક્ષણ રામકૃષ્ણના ...ણુરવને ઉક્ત કાર્યદ્વય ચિત્ર છે એમ પ્રત્યેક પદે સહ 'ચિત્ર'પદ યોજવું, દોહનાર્થ અતિમન્દમન્દ પરશિઞ્જિત પણ અવ્યક્ત અને મધુર હોય છે તેથી પદને કલવત્ત્વ છે, અથવા પરિતઃ ગોવૃન્દવેષ્ટને ...મુખનું કાદાચિત્ક દર્શન થાય છે તેથી શિઞ્જિતની અવ્યક્તતા અર્થાદ્ ભગવદીયત્વનિશ્ચયાભાવ છે, ...નું ગતિરાહિત્ય 'લક્ષણ'પદે ઉક્ત પાશે ગોપાદના યોજને નથી પરન્તુ ગોનું ગતિરાહિત્ય તો 'કલપદે' જ છે, નિર્યોગલક્ષણ તો ગોદોહનચિહ્નત્વે જ ધર્યું છે એમ જણાય છે, આવૃત્તિએ 'પુલક'પદનો સમ્બન્ધ પૂર્વ 'ગતિમતાં' અને અપર 'તરૂણાં' એમ ઉભયે સહ છે એમ જાણવું, આથી-'બર્હાપીડ' શ્લોકના જ ત્રયોદશશ્લોકવિવરણકથને તાદૃશ ભગવાન્ના વૃન્દાવનપ્રવેશકથનથી-સર્વરસભોક્તા ભગવાન્ વૃન્દાવનમાં વિજયે સ્થિતિ કરે છે એમ નિરૂપ્યું. ૧૯.

આભાસ-'એવંવિધં:' શ્લોકે ઉપસંહરે છે.

एवंविधा भगवतो या वृन्दावनचारिणः ।
वर्णयन्त्या मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥२०॥

અક્ષરાર્થ-વૃન્દાવનચારી ભગવાન્ની એવંવિધા જે ક્રીડાને પરસ્પર વર્ણતાં ગોપિકા તન્મયતાને પ્રાપ્ત થઈ ગયાં. ૨૦.

વ્યાખ્યાન-આ તો એક પ્રકાર કથ્યો, એવંવિધા કોટિશઃ લીલા છે, તત્ર હેતુ 'ભગવતઃ'પદે કથે છે, 'ભગ'વાચ્ય ઐશ્વર્યાદિ ષડ્ગુણના અને ધર્મી ભગવાન્ના મિશ્રણે કોટિશઃ પ્રસ્તાર થાય છે, કિઞ્ચ મર્યાદામાં તે પ્રસ્તાર પરિમિત પણ હોય છે પરન્તુ વૃન્દાવનચારી-સ્વેચ્છાગતિમાન્-ભગવાન્ની તે લીલામાં મર્યાદા પણ ન હોવાથી લીલાપ્રસ્તાર અસઙ્ખ્યાત જ હોય છે, આથી એમ વર્ણનકર્ત્રી ગોપી તન્મયતાને પ્રાપ્ત થઈ ગયાં, ક્રીડામયી જ થઈ ગયાં, જાગ્રત્માં સ્વપ્નમાં આસક્તિભ્રમન્યાયે ક્રીડાનું જ દર્શન કર્યા કરે છે, 'ત્રિભુવનમપિ તન્મયં વિરહે' ઇત્યાદિમાં પ્રસિદ્ધ આસક્તિભ્રમન્યાયે દર્શન કર્યા કરે છે, યદ્વા આસક્ત સતે જે આવર્તાત્મક ભ્રમ તે ન્યાયે-જેમ સમુદ્રના આવર્તમાં પતિત આવૃત્ત થતો નથી તેમ-આસક્તિભ્રમપતિત પણ આવૃત્ત થતો નથી તેથી આસક્તિનું રસસમુદ્રત્વ અને ભ્રમનું આવર્તત્વ યુક્ત જ છે, અને એથી જ કોઇક અભિજ્ઞે કથ્યું છે કે 'આવર્તે રસસિન્ધોઃ પ્રત્યાવર્તેત કિં મગ્નઃ?'અને તેથી જ શ્રીગોપીજન પણ આસક્તિભ્રમન્યાયે ...ન્મયતાને પ્રાપ્ત થઈ ગયાં, ગોપિકા સર્વથા મિથ્યાભ્રમપતિતા નથી, સર્વાત્મભાવ બ્રહ્મસાક્ષાત્કારનું કારણ છે એ તો ભાષ્યના તૃતીયાધ્યાયમાં 'વિદ્યૈવ તુ નિર્ધારણાત્'માં ઉપપાદન કર્યું જ છે, અત્ર 'યયુઃ' એમ લિટ્પ્રયોગથી તેમનું સંસારમાં સમાગમન નથી. ૨૦.

એમ સપ્તાધ્યાયે પઞ્ચપર્વાવિદ્યાનિવૃત્તિપૂર્વક અન્તર્ભવત્પ્રાપ્તિરૂપ મધ્યમ નિરોધનું નિરૂપણ સમાપ્ત થયું.૧૮.

પત્ર.	પઙ્ક્તિ.	શોધ.
	૧૪	°પદે સરો–
	૧૬	નદ્યાદિષુ
	૧૮	°ભુજે–
	૨૨	નિશ્ચિત
	૨૮	°સહિત
	૩૧	°તું...કરે
	૩૨	લીલા
	૩૬	નાશ
	૪૨	°રતા–
૬૩	૩	સર્વના
	૪	ક્રીડા
	૭	°વલીએ
	૯	થયો
	૧૦	°સ્નેહ–
	૧૨	°વેદન
	૧૬	°ન્દી–
	૧૮	સમયે
	૧૯	ભક્તિ
	૪૦	પક્ષમાં
૬૪	૫	રૂપિત
	૧૮	પીડા...કથન
	૨૧	સિદ્ધ
	૨૮	પુલિન્દી...સિદ્ધ
	૨૯	સમ્ભવે
૬૫	૧૭	આધિ–
	૨૬	'હન્ત'...ગોવર્ધનમાં
	૩૨	પાનીય
૬૬	૧૦	°તૂક
	૧૫	આશ્રયીને
	૧૬	ઇત્યાદિ
	૩૧	શુદ્ધિ અને
	૩૨	નિર્દુષ્ટ
	૪૦	ઉદ્ગાર જે
	૪૨	°સક્તિ–
૬૭	૧૨	આ ભારે
	૨૦	સુચિત.
	૨૩	તેથી
	૨૫	°સ્વને
	૨૮	ઘ ને
	૩૧	કથ.
	૩૭	તુચ્છા
૬૮	૫	પ્રમુદિ
	૨૭	આસ્રો

॥ भगवत्स्मरणम् ॥

૧. ૧૯૦૩માં મારી પૂનાથી બદલી મુંબાઈ થઈ ત્યારથી નિત્યનિયમત્વે શ્રીદશમસ્કન્ધસુબોધિનીજીનું જે સપરિકર વાચન પ્રતિરાત્ર થતું તેમાં એક સૌરાષ્ટ્ર આમ્રરણનાં **માણિક્યબાઈ**નામનાં વૈષ્ણવ પણ ઉપસ્થિત **થતાં,** દશમસ્કન્ધના અષ્ટાદશ અધ્યાયનું–વેણુગીતનું–પરિપૂર્ણ શ્રવણ થતાં એ વૈષ્ણવના ચિત્તમાં જે મનોરથ ભગવદિચ્છા**એ** ઉદ્ભવ્યો તેનું જ મઙ્ગલમય ફલ આ ગ્રન્થ.

૨. જ્ઞાતિએ સુવર્ણકાર આ **માણિક્યબાઈનાં** માતુશ્રી શુદ્ધબુદ્ધિ ચતુરા મા સંસારમાં અનાસક્તિ**પૂર્વક** પુષ્ટિમાર્ગમાં અનન્યનિષ્ઠા સેવતાં અને તેમના જ સત્સઙ્ગથી **માણિક્યબાઈના** પણ વંશમાં સર્વની **ચિત્તવૃત્તિ** કેવલ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં સુલગ્ના થવામાં ક્રોયલીના પરમભગવદીય બ્રાહ્મણ**વૈષ્ણવ** કલ્યાણજીભાઈ **પણ** નિમિત્ત હતા. સુવર્ણકાર **લી**લાધરનાં ધર્મપત્ની **માણિક્યબાઈના** મનોરથના અત્યન્ત–અત એવ કદાચિદ્ અક્ષમ્ય **પણ**–વિલમ્બે સંસિદ્ધ થયલા આ ફલના આસ્વાદનપ્રસઙ્ગે ભૌતિક દેહે યદ્યપિ **માણિક્યબાઈ** આપણા મધ્યમાં **નથી** તથાપિ તેમની જ પ્રતિકૃતિરૂપ તેમના બે પુત્રમણિ **લાલજીભાઈ** અને **રણછોડભાઈ** તો વિદ્યમાન છે–એટલું જ નહિ પરન્તુ લાલજીભાઈના પુત્ર **મોતીલાલનો** અને **જેઠાલાલનો** પણ પુષ્ટિમાર્ગમાં સુન્દર ભાવ છે. આ ગ્રન્થ**નો** સર્વ મુદ્રણવ્યય **માણિક્યબાઈના** યવીયાન્ પુત્ર **રણછોડભાઈએ** જ કર્યો છે, અને તત્ર પણ **એમનાં** **પ્રથમધર્મપત્ની** કાશીબહેનો અને **દ્વિતીયધર્મપત્ની રત્નબહેનો** પરિપૂર્ણ તથાપિ સદૈન્ય ઉત્સાહ દૃષ્ટિગોચર થાય **છે.** મુદ્રણકાર્યમાં રણછોડભાઈએ જેમ વિત્તની તેમ જરીવાલા **મોહનલાલભાઈ** ગુલાબચન્દ્રભાઈએ તનુજા **સેવા** કરી છે. જો મોહનલાલભાઈ શોધનકાર્યમાં સહાયક ન થયા હોત તો આ ગ્રન્થ પ્રસિદ્ધ થવામાં કદાચિદ્ આથી **પણ** અધિક વિલમ્બ થાત. પચ્ચીસ વર્ષથી સુરતિસ્થ **અનાવિલબન્ધુમુદ્રાલય** પરમ ધૈર્યોત્સાહથી મારા ગ્રન્થોનું મુદ્રણ **કર્યો** જાય છે તેમનો પણ મારા પ્રતિ ઉપકાર અન્યૂન જ છે.

૩. પ્રથમ શ્રીવેણુગીતાધ્યાયનો શ્લોક, તેની નીચે શ્રીમદ્વલ્લભાધીશનાં **શ્રીસુબોધિનીજી,** તેની નીચે શ્રીમત્પ્રભુચરણ **શ્રીવિઠ્ઠલેશ્વરનાં શ્રીટિપ્પણીજી,** અને તેની નીચે વામભાગમાં દશદિગન્તવિજયી **શ્રીમદ્ગોસ્વામિશ્રીપુરુષોત્તમજીનો** **લઘુપ્રકાશ** અને દક્ષિણ ભાગમાં **બૃહત્પ્રકાશ** મુદ્રિત છે. આ ગ્રન્થની ૩૦૦ **પ્રતિ** સંવત ૧૯૮૨**માં** **શ્રીપુરુષોત્તમમણ્ડલના** વાચનાર્થે પ્રસિદ્ધ થઈ હતી. શ્રીમદ્ગોસ્વામિવલ્લભજીના લેખનાં શ્રીલાલુભટ્ટજીની યે. **જનાનાં** **અને નિર્ભયરામભટ્ટજીનાં કારિકાર્થ**ના તેમ જ પ્રાચીન ગોસ્વામીઓના **સ્વતન્ત્ર લેખનાં** જે અબદ્ધ મુદ્રિત **પત્રનો** પણ તદાનીં વિનિયોગ થતો હતો તે સર્વ પત્રે વિભૂષિત અને **દ્વાદશ પરિશિષ્ટે** અલઙ્કૃત આ **સાનુવાદ વેણુગીત** **વૈષ્ણવ** વાચકના હસ્તમાં સમર્પતાં મને આનન્દ થાય જ, તત્ર પણ શ્રીગોપિકાગીતથી અને આ વેણુગીતથી અનન્તર **હવે** **સત્વર** જ શ્રીયુગલગીત અને તદનન્તર શ્રીમદુદ્ધવસન્દેશાધ્યાયદ્વય–જેમાં **ભ્રમરગીત** પણ–પ્રસિદ્ધ થશે અને સાધનપ્રકરણનાં શ્રીસુબોધિનીજીનો અનુવાદ પણ ફલપ્રકરણવદ્ મુદ્રણાપેક્ષ સિદ્ધપ્રાય જ છે, આ સર્વ સુવૃત્તનિવેદનના શ્રવણે મારા પ્રતિ વૈષ્ણવો પણ પ્રસન્ન જ થશે.

વૈ. સં. ૧૯૯૬,
શ્રીમદાચાર્યપ્રાકટ્યોત્સવ,
મુમ્બાઈ.

મ. ગ. શાસ્ત્રી.

મગનલાલશાસ્ત્રીના ગ્રન્થાદિ[1]

૧ સ્વતન્ત્ર પ્રસિદ્ધ ગ્રન્થો.

૧.	ગાયત્રીભાષ્યાદિ, તૃતીયાવૃત્તિ.	૦—૮—૦
૨.	શ્રીમદ્ભગવદ્ગીતાતત્ત્વદીપાદિસાદ્યન્તા(સં.)	મુદ્રણાવસ્થા
૩.	પાઠભેદસહિત બ્રહ્મસૂત્ર. (સં.)	૦—૪—૦
૪.	પ્રદીપ બ્રહ્મસૂત્રાણુભાષ્ય. (સં.)	૩—૦—૦
૫.	જૈમિનિસૂત્રભાવાર્થપાદભાષ્ય. (સં.)	૦—૪—૦
૬.	,, ,, ,, ,, વિવરણ. (સં.)	૦—૮—૦
	શ્રીમદ્ભાગવતસૂક્ષ્મટીકાપ્રથમશ્લોકત્રય.(સં.)	૦—૨—૦
	ભાગવતસુબોધિનીજન્મપ્રકરણ. (સં.)	૨—૪—૦
	દશમસ્કંધસુબોધિની પ્રથમાધ્યાયાનુવાદ.	૩—૦—૦
	ભાગવતસુબોધિનીતામસપ્રમાણપ્રકરણ.	૧—૦—૦
	ગીતસુબોધિની. (સં.)	અમૂલ્ય
	,, ગુર્જરાનુવાદ.	અમૂલ્ય
	યુગલગીતસુબોધિન્યનુવાદ.	૧—૦—૦
	સ્તુતિસપ્તકટીકા, અનુવાદસહિતા.	૧—૦—૦
	ત્રાવલમ્બન. (સં.)	૦—૮—૦
૧૬.	શ્રીવલ્લભાષ્ટકટીકા. (સં.)	૦—૬—૦
૧૭.	શ્રીસર્વોત્તમસ્તોત્રટીકા (સં.)	૦—૬—૦
૧૮.	પ્રસ્થાનરત્નાકર. (સં.)	૧—૦—૦
૧૯.	શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપ.	મુદ્રણાવસ્થા.
૨૦.	સ્મૃત્યર્થ. (સં.)	,,

૨. પુષ્ટિભક્તિસુધામાં પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રન્થો.

૧. શ્રીયજ્ઞોપવીતનિષ્કર્ષ સટીક.
૨. પ્રપઞ્ચવાદ.
૩. પ્રતિબિમ્બવાદ.
૪. સ્વપ્નસૃષ્ટિવાદ.
૫. વાદકથા.
૬. ભાષ્યાન્તરસંવાદ.
૭. વિરુદ્ધવાદ.
૮. ભેદાભેદસ્વરૂપનિર્ણય.
૯. પ્રપઞ્ચસંસારભેદ.
૧૦, ૧૧, ૧૨. બલાબલપ્રવિચારસંવાદ.
૧૩. મુક્તિતારતમ્ય.
૧૪. વૃત્રાસુરચતુઃશ્લોકી.
૧૫. શ્રીગુસાંઈજીનાં પત્રો.
૧૬. ચતુર્ભુજસ્વરૂપવિચાર.
૧૭. ભક્તિજીવન.
૧૮. શ્રીગુસાંઈજીના સેવાશ્લોક.
૧૯. શ્રીહરિરાયજીકૃત શ્રીગોકુલેશાષ્ટક.
૨૦. શ્રીગિરિધરાષ્ટક.
૨૧. શ્રીમુકુન્દરાયાષ્ટક.
૨૨. શ્રીયમુનાષ્ટક (કાશીસ્થશ્રીજીવનલાલજીકૃત).
૨૩. ચતુર્દશરત્નસ્તોત્ર.
૨૪. શ્રીમદ્વલ્લભાચાર્યધ્યાન.

૩. પુ. ભ. સુધામાં પ્રસિદ્ધ ગુર્જર ગ્રન્થાદિ.

૧. શ્રીસ્વામિનીપ્રાર્થના.
૨. રાધાપ્રાર્થના.
૩. ભક્તિમાર્ગ પુષ્ટિમાર્ગ.
૪. નિસ્સાધનતા.
૫. ભૂમિકાસમેત અણુભાષ્યાનુવાદાદર્શ.
૬. બ્રહ્મસૂત્રાક્ષરાર્થ.
૭. ન્યાયકરણસર્વોત્તમાનુવાદ.
૮. પૂર્વમીમાંસાકારિકા.
૯. ગીતાતાત્પર્ય.
૧૦. પુષ્ટિમાર્ગીયચતુઃશ્લોકીચતુષ્ટય.
૧૧. ભાગવતશાસ્ત્રતાત્પર્ય.
૧૨. ભગવત્પીઠિકા.
૧૩. ,, પૃથક્કરણ.
૧૪ વિહંગાવલોક.
૧૫. શ્રીમદ્વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર.
૧૬ પ્રકીર્ણ વ્યાખ્યાનો.
૧૭. હરિપ્રિયા.
૧૮ આર્દ્ર અને આર્ત.

૪. પુષ્ટિસુધામાં પ્રસિદ્ધ ગ્રન્થાદિ.

૧. મારું પત્ર.
૨. શઙ્કોત્તર.
૩. મોતીલાલભાઈને મારું પત્ર.
૪. વસન્તરામને ઉત્તર.
૫. શ્રીવ્રજરત્નલાલાજ્ઞાવિષયક પત્ર.
૬ મુખ્ય ભક્તિમાર્ગમાં પ્રથમ શરણ કે લોકાદિત્યાગ?
૭. असत्यवक्ता कः?
૮. 'બાવડીઆ'શબ્દની મીમાંસા.
૯. પુષ્ટિમાર્ગ અને શ્રાદ્ધ.
૧૦. શ્રીહરિરાયજી અને શ્રાદ્ધ.
૧૧. પુષ્ટિમાર્ગ અને યજ્ઞોપવીત.
૧૨ ભગવત્કથાનું શ્રવણ કોણે કરવું?
૧૩. નિસ્સાધનતા.
૧૪. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદવિવરણ (સં.)
૧૫. વસન્તપ્રપઞ્ચ.
૧૬. શ્રીમત્પ્રભુપ્રાકટ્યહેતુનિર્ણય.
૧૭. શ્રુતિગીતાતાત્પર્યપરિચય.

૫. જયકૃષ્ણદાસગ્રન્થમાલા.

૧.	ન્યાસાદેશ.	૦—૨—૦
૨	સિદ્ધાન્તરહસ્યપરિચાયક.	૦—૨—૬
3.	An Examination of S'ankara's refutation of the Samkhya system.	2–0–0
૪.	વેદસ્તુતિ.	૦-૧૦-૦
૫.	શ્રીહરિરાયજીનો અને શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ.	૦—૪—૦
૬.	શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ.	૦—૨—૦

ગ્રન્થપ્રાપ્તિસ્થલ—મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી, ભૂતનાથ ફલિયા, ભરુચ.

૧. દૈનિકસામાયિકોમાં પ્રસિદ્ધ લેખોનો નિવેશ આ નામાવલિમાં નથી.